# ગંગા—

## એક ગુર્જર વાર્તા

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ

પ્રકાશક
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,
સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक: १४४०९ ग्रंथांक:

पुस्तकनुं नाम: ગંગા

निशान: 7 - : 2

# GANGA
## A GURJAR TALE

BY
ITCHARAM SURYARAM DESAI
Editor of the "Gujarati"
Author of "Hind and Britania", "Chandrakant" etc. etc.

FOURTH EDITION

Printed and Published by Natverlal Itcharam Desai at
THE "GUJARATI" PRINTING PRESS
Sassoon Building, Elphinstone Circle, Fort, Bombay 1

1928

A good wife is Heaven's last best gift to man—his angel and minister of graces innumerable—his gem of many virtues—his casket of jewels—her voice, his sweet music,—her smiles, his brightest day—her kiss, the guardian of his innocence—her arms, the pale of his safety, the balm of his health, the balsam of his life—her industry, his surest wealth—her economy, his safest steward—her lips, his faithful counsellors—her bosom, the softest pillow of his cares—and her prayers, the ablest advocates of Heaven's blessing on his head."

*Jeremy Taylor.*

*(All Rights Reserved by the Publishers)*

# ગંગા

## એક ગુર્જર વાર્તા

રચનાર

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ,

"ગુજરાતી"નો અધિપતિ;

"ચન્દ્રકાન્ત"નો, "હિન્દ અને બ્રિટાનિયા" વગેરેનો કર્તા.

સુધારેલી આવૃત્તિ ચોથી.

મુંબઈ:

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં નટવરલાલ ઇચ્છારામ દેશાઈએ છાપ્યું.

ઇ. સ. ૧૯૨૮ વિ. સં. ૧૯૮૪

☞ પુસ્તક મળવાનું ઠેકાણું:—

## "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,

### સાસુન બિલ્ડીંગ,

એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબાઈ નં. ૧.

૧૪૪૦૯

(સર્વે હક્ક પ્રકાશકોએ સ્વાધીન રાખ્યા.)

(બીજા પાના ઉપર આપેલા અંગ્રેજી ઉતારાનો ભાવાર્થ)

**અર્થ**—એક સુશીલ પત્ની પોતાના પતિને સૌથી છેલ્લી શ્રેષ્ઠ ઈશ્વરી બક્ષિસ છે-તે તેનો પાર્ષદ છે તથા તેની તરફની અસંખ્ય દયાની દાતા છે-અસંખ્ય સદ્ગુણોથી ભરેલું તેનું મણિ છે-તેના અલંકારોનો ખજાનો છે;-તેનો સ્વર, એક મધુર ગાયન જેવો છે;-તેનું મધુ મધુ હાસ્ય, તેનો ચકચકિત દિવસ છે-તેનું ચુંબન, તેના નિર્દોષપણાનો રક્ષક છે-તેના હસ્તકમળ, તેના નિર્ભયપણાનો કોટ છે, તેના આરોગ્યનું અમી છે તથા તેના જીવિતનો અમૃતરસ છે-તેનો ઉદ્યોગ, એ તેની શાશ્વત સંપત્તિ છે-તેની કરકસર, એ તેનો અત્યંત પ્રમાણિક કારભારી છે-તેના અધરોષ્ઠ, તેના વિશ્વાસુ સલ્લાહકારો છે-તેનું ઉર, તેની જંજાળોનું કુમળું ઓસીકું છે-અને તેની પ્રાર્થના, એ તેના ઉપર પ્રભુના આશીર્વાદ વરસાવનારો શક્તિમાન્ પ્રતિપાળક છે.

**જેરીમી ટેલર.**

# અર્પણ પત્ર

## સુરતની નાગરવણિક કોમ

કે જેમાં, અમારા સ્વ. તીર્થરૂપ પૂજ્ય પિતાશ્રીએ સ્વરચિત કાલ્પનિક
નવલકથાની ઉત્કૃષ્ટ નાયિકા ગંગા જેવું સ્ત્રીરત્ન પાકયું હતું, અને
જે નવલકથામાં એક આદર્શ પતિવ્રતા ગૂર્જર રમણી
કેવી હોઇ શકે તેનું સુમનોરમ ચિત્ર આળેખેલું છે, તે
નવલકથાની આ ચતુર્થાવૃત્તિ પ્રકાશકો તરફથી
ઉક્ત જ્ઞાતિને દૃષ્ટાંતરૂપ થઈ પડવા માટે
સપ્રેમ અર્પણ કરવામાં આવે છે.

पतिप्रियहिते युक्ता सदाचारा यतेन्द्रिया ।
इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥
सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥

**અર્થ**—જે પત્ની પતિના પ્રિય અને હિત કાર્યમાં મચેલી રહે છે, સદાચારવાળી અને ઇન્દ્રિયોને નિયમમાં રાખનારી થાય છે, તેને આ લોકમાં (ઉજ્વલ) કીર્તિ અને પરલોકમાં અનુપમ સુખ પ્રાપ્ત થાય છે. જે કુળમાં પતિ પત્નીથી પત્ની પોતથી નિત્ય સંતોષિત રહે છે, તે કુળમાં નિત્ય કલ્યાણનો વાસ છે.

# નેપથ્ય

આ નવલકથાનું હાર્દ નિહાળી, તેની જે જાતની ગુંથણી ગુંથવામાં આવી છે તે ભાળી, ચોમેરથી ઉદ્વિગ્ન મનનો નિઃશ્વાસ નિકળતો, ગ્રન્થકર્તા નેપથ્યની બાજુમાંથી જોય છે. આર્યગૃહરાજ્યનાં અનેક પ્રકારનાં ચિત્રો રંગભૂમિપર દર્શાવવામાં આવ્યાં છે, અને તેમાં આર્યભુવન (Home) માં બનતા નૂતન નૂતન બનાવો એવી તો જૂદી જૂદી રીતે દર્શાવ્યા છે કે, તેમાંના ઘણાખરા એક સ્થળે નહિ તો ઘણે સ્થળેથી પણ સહજમાં ભેગા થએલા જોવામાં આવે છે. પાત્રની કળામાં જે અર્થગાંભીર્ય રહ્યું છે, તે જોતાં આ નવલકથા લોકમાં અતિ પ્રિય થાય ને તે પ્રત્યેક જન નિર્મળ મનથી જોવાને તત્પર થાય, એમાં કંઈ આશ્ચર્ય નથી. આર્યગૃહરાજ્યનું આ એક નાટક છે, એની રંગભૂમિમાં સર્વ વસ્તુ જોવાય છે: દામ્પત્યસ્નેહ, ગૃહાચાર, પ્રેમનીતિ, સાસુવહુનો સંબંધ, સસરાવહુનો પ્રસંગ, સસરાનું સુવર્તન અને ઘરરખુ પુત્રવધૂ; અને પછી 'વધારે શું જોઇયે છે ?' એમ રંગભૂમિનો નાયક પૂછે છે.

નવલકથામાં જે હાર્દ સમાયલું છે, તે હાર્દ ઘણાકોને પસંદ પડ્યું છે. અહિંયાં ને ત્યાં મર્મજ્ઞ વાક્યોથી નાટ્યકળા શોભતી જોવાથી સ્ત્રી અને પુરુષો એપર તુષ્ટમાન થયેલા જોવામાં આવ્યાં છે; શાળા ને પાઠશાળામાંથી એની માંગણી થઈ છે, અને જો કે ગ્રન્થની સર્વ કૃતિ રંગભૂમિના સૂત્રધારની નથી, તથાપિ તેને આશ્રય આપવાને અતિ ઉત્કંઠા બતાવવામાં આવી છે. સામાન્ય રીતે કથાનો પ્રારંભ અને અંત હૃદયને ઘણું નિરાશ કરનાર છે. તે આનંદ ઉત્પન્ન કરે તે કરતાં ઉદાસીનતા વધારી મનની શાંતિમાં ભંગ પાડે છે, વિચારમાં વિલીન કરે છે. જ્યારે તમે ઘેર આવો ત્યારે ક્ષણભર જમીન ઉપર બેસી, તદ્દન સ્થિરચિત્તે,

મનને દોષમુક્ત કરી, ગ્રન્થ માટે કે તમારાં ગૃહકાર્ય માટે વિચાર કરશો, ત્યારે આ નાટ્યકથાનું યોગ્યાયોગ્યપણું સારી રીતે દેખાશે.

ઘણાકોનો વિચાર નવલકથાની વિરુદ્ધ હોય છે. તેઓ કહે છે, કે વાર્ત્તાઓ વિષયવાસના વધારનારી છે. એ વિષયમાં ના પડાય તેમ નથી. તથાપિ આ નાટચકથાપ્રસંગ તદ્દન જ નિરાળો છે. એમાં વસ્તુ સંકલનાની જે જાતની ગુંથણી ગુંથવામાં આવી છે, તેમાંથી ગ્રન્થકર્ત્તા પોતે જ પોતાની મીણબત્તિના અજવાળાથી સારી રીતે જોય છે, કે પડદાનો રંગ, પોષાકનો લખલખાટ, ને પાત્રો એકેક પછી એકેક યોગ્ય રીતે રંગભૂમપર પ્રવેશ કરી, પોતપોતાનું કાર્ય કેમ કરે છે; અને તેમાંથી કોઇને પણ અલાભ પ્રાપ્ત થાય કે દોષ દર્શાવાય તેવું થોડું જ જણાય છે. પ્રયોજકને વધારે શું કહેવાનું છે? પ્રત્યેક કાર્યમાં ભૂલ હોય, દોષ હોય, તે સઘળા ઉપર લક્ષ આપવા કરતાં માત્ર તેમાંથી હૃદયપર આબાદ છાપ પાડે, તેવું ગ્રહણ કરવાને તે વિનતિ કરે છે. જૂદા જૂદા પ્રસંગ પરત્વે આ નવલકથા લખાઈ છે. એમાં ઘણા દોષો છે, તથાપિ જે સુજ્ઞ છે તે લક્ષ આપતા નથીઃ તે સૂત્રધારનો દોષ જોવા કરતાં તેની કૃતિ, અભિનય કળા, સુબોધ વસ્તુની માર્મિકતાને વધારે બારીકીથી તપાસે છે. અને આટલું કહ્યા પછી પ્રયોજક, દર્શનગૃહમાં વિરાજિત થયેલા શ્રોતૃવર્ગને વિનવે છે કે, અભિનયની જવનિકા ઉઘડે છે, તે તરફ દૃષ્ટિ કરવી.

સંવત્ ૧૯૪૪. ઇ. સૂ. દેશાઈ

## ત્રીજી આવૃત્તિ વિષે બે બોલ

ગૂજરાતી ભાષાના સો સર્વોત્તમ ગ્રન્થમાં આ ગ્રન્થની ગણુતી થઈ છે. આ ત્રીજી આવૃત્તિમાં ઘણો સુધારો ને વધારો કીધો છે. ઉર્દુ ભાગ પણ ખાસ સુધાર્યો છે.

સંવત ૧૯૬૮ ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ

# ચતુર્થાવૃત્તિ વિષે પ્રકાશકનું નિવેદન

અમારા પૂજ્ય તીર્થરૂપ સ્વ. પિતાશ્રીની રચેલી આ એક સામાજિક નવલકથા છે; તેની ત્રણ આવૃત્તિઓ ગ્રન્થકર્તાના પોતાના જીવનકાળમાં પ્રસિદ્ધ થઈ ગઈ હતી. આ ચતુર્થાવૃત્તિ અમારે હાથે કાઢવાનો પ્રસંગ આવ્યો છે, અને એ રીતે સ્વર્ગસ્થના આત્માને એક નિવાપાંજલી આપી પિતૃઋણ ફેટાડવાની સુંદર તક મળી છે, તે માટે સર્વાન્તર્યામિ પ્રભુનો ઉપકાર માનીએ છીએ. મીઠી ગુજરાતી ભાષામાં સ્વતંત્ર કલ્પનાવાળી અને સમાજનાં વિવિધ અંગો તાદૃશ્ય ચીતરતી નવલકથાઓ બહુ થોડી છે, અને તેવી બહુ થોડીઓમાંની આ એક છે, એમ આજે નિઃશંકપણે કહી શકાય. આ નવલકથાની પણ એક કથા છે, તે જો અત્ર કહેવામાં આવે તો વાંચનાર તે માટે ક્ષમા કરશે; કારણ કે નવલકથાનું સાહિત્ય જ્યારે ભવિષ્યમાં કોઈ નિષ્પક્ષપાત લેખક તરફથી લખાશે ત્યારે તેને આ હકીકત ઉપયોગી થઈ પડશે એવું અમારૂં માનવું છે. આ નવલકથામાં સુરતની વણિક જ્ઞાતિઓમાંની એક જ્ઞાતિનું જે સામાજિક ચિત્ર આલેખાયલું છે, તેનો સમય ઇ. સ. ૧૮૮૦ થી ૧૮૮૬ સુધીનો કલ્પી શકાય છે. કથાભાગ તો કેટલાક જીવનપ્રસંગોપરથી પ્રત્યક્ષ લેવાયલો છે. આ નવલકથા પ્રથમ "આર્ય જ્ઞાનવર્ધક" નામનું એક ચોપાનિયું જે અમારા પૂજ્ય પિતાશ્રી કાઢતા હતા તેમાં કટકે કટકે છપાતી હતી. તે પછી તેની માંગણી થવાથી તેની પુસ્તકરૂપે પ્રથમાવૃત્તિ ઇ. સ. ૧૮૮૮ માં તેમણે કાઢી હતી. તે પછી આ પુસ્તકની બે આવૃત્તિઓ તેમને જ હાથે થઈ હતી, અને તે સમયે લોકોમાં સારી રીતે વંચાઈ હતી. ઘણો વખત થયા આ ગ્રન્થ દુર્મિલ થઈ ગયો હતો, તેથી તેની આ નવી ચતુર્થાવૃત્તિ અમે બહાર

પાડી છે. તેમાં મૂળ યોજનામાં કેટલોક ફેરફાર સુગમતાની ખાતર કર્યો છે તે આ પ્રમાણે. મૂળ ગંગાની વાર્તા બહુ લાંબી નહિ હોવાથી તેમાં સુરતના ઇતિહાસમાં બનેલા એક પ્રસંગનું રસમય ચિત્ર પણ ગ્રંથકર્તાએ દાખલ કર્યું હતું. આખી વાર્તાને ત્રણ ખંડમાં વહેંચી નાંખી હતી. પ્રથમ ખંડ જેનું નામ "સદ્‌ગુણ" હતું તેમાં વાર્તાનાં પ્રથમ ત્રણ પ્રકરણો જ માત્ર હતાં. બીજા ખંડમાં "શિવાજીની સુરતપર ચઢાઇ" એ નામની ઐતિહાસિક આડ કથાનાં ૨૫ પ્રકરણો હતાં. તે પછી ત્રીજા ખંડમાં પહેલા ખંડની સાથે સબંધ રાખનારાં ૩૦ પ્રકરણો હતાં. આ ખંડનું નામ "સંસારની રેંટમાળ" રાખેલું હતું. અમે આ નવી આવૃત્તિમાં આખો બીજો ખંડ કાઢી નાંખી તેનું જુદું પુસ્તક છાપ્યું છે; અને પહેલા તથા ત્રીજા ખંડને જોડી દઇ એક જ ખંડ કરી દીધો છે એટલે કુલ્લે પ્રકરણો ૩૩ રાખ્યાં છે. વચલો ખંડ કાઢી નાંખવાથી મૂળ સામાજિક નવલકથાના રસને કંઇ ક્ષતિ પોંહચે તેમ નથી. આગલી આવૃત્તિઓમાં ગ્રંથકર્તાએ પણ વચ્ચે આડ કથારૂપ ઇતિહાસ દાખલ કરવા માટે નીચે પ્રમાણે "ક્ષમા યાચના" કરી છે, એટલે અમે જે યોજનાએ આ ગ્રંથ બે ભાગોમાં બહાર પાડ્યો છે તે અવાસ્તવિક નહિ લેખાય એવી આશા છે.

## ગ્રન્થકર્તાની "ક્ષમા યાચના"

"સૂત્રધાર મૂળ મુદ્દાની બહાર ગયો છે, અને વાર્ત્તાના મુખ્ય
"પ્રસંગને તદ્દન છોડી દીધો છે તે માટે વાચકવર્ગની
"ક્ષમા યાચે છે. સુરતના ઉત્તમ કુળના શાહ આત્મારામ
"ભૂખણના વંશનો ઇતિહાસ સંક્ષેપે ભજવી બતાવવાનો
"હેતુ છતાં ગ્રંથનો અડધો ભાગ એમાં રોકાઇ ગયો છે.
"તથાપિ તે નીરસ અથવા અપ્રાસંગિક છે એમ છેક જ
"કહેવામાં આવશે નહિ. મૂળ વાર્ત્તા વાંચવાની જ

 ૧૪૪૦૫૮ 

"જેમની ઇચ્છા હોય તેમણે ચોથા પ્રકરણથી અહીં સુધીનો
"ભાગ વાંચવો છોડી દેવો. વાર્તાના પ્રસંગમાં આ જાતનું
"એકાદું ઉપાખ્યાન કહેવું એ કદાચિત્ દોષ હોય તોપણ
"એવી ઉપકથાઓ જેમાં દાખલ થયેલી છે એવા ગ્રન્થો
"ઘણા છે; તેથી સૂત્રધાર જે ક્ષમાયાચના કરે છે તે
"વિફળ જશે નહિ. સૂત્રધારને આ અભિનય સંબંધે વિશેષ
"શું કહેવાનું હોય?—અભિનયની જવનિકા ઉઘડે છે તે
"તરફ લક્ષ કરો એ જ યાચના છે.

પ્રસ્તુત નવલકથા એ ગુજરાતી ભાષામાં લખાયલી સ્વતંત્ર અને મૌલિક ( original ) સામાજિક નવલકથાઓમાંની એક છે, અને તેમાં બીજા સામાજિક પ્રશ્નોનાં દર્શન ઉપરાંત કંઇક વધારે અંશે બાળવિધવાના પ્રશ્નની ઉકેલ કરવાનો પ્રયત્ન માત્ર કરાયો છે; તે વિષયને અંગે જે વિચારો ગ્રન્થકર્તાના હતા તે જ વિચારો તેઓએ જીવનભર પાળ્યા છે, અને જ્યાં બન્યું ત્યાં તેનો જ ઉપદેશ કર્યો છે. ગ્રન્થકર્તા, પોતાના જીવનકાળના આરંભમાં બાળવિધવાનાં ફરી લગ્ન કરાવવાના વિચારની તરફેણ કરનારા હતા, પણ તેમણે તેનો પ્રસાર કર્યો નથી. પણ પોતે કેવા પ્રકારે સામાજિક સુધારો કરવાની ઇચ્છા રાખતા હતા તેની દિશા, આ નવલકથાના એક મુખ્ય પાત્ર—નાયક કીશોરલાલ અને ગૌણ પાત્ર મોતીલાલની વાતચિત અને વર્તનમાં દર્શાવી છે. એ સિવાય બીજાં સાંસારિક દર્શનો, બનાવો આબેહુબ રોજ આપણે જોતા આવ્યા છીએ તે બતાવ્યાં છે. તેનો સમાપ્તિનો ભાગ કરૂણરસથી ભરેલો છે અને વાંચનારના મન ઉપર સ્વાભાવિક વૈરાગ્યની છાયા નાંખે છે. આ ઉપરાંત શુદ્ધ ગુજરાતી ભાષા માટે પણ આ ગ્રન્થ વખણાયો છે. આ ગ્રન્થનાં વખાણ અમે જ કરીએ તેના કરતાં અભેદ માર્ગ પ્રવાસી સદ્ગત સાક્ષર શિરોમણિ, અને નવલરામ પછી ગુજરાતી ભાષાના ગ્રન્થોના

એક ઉત્તમ અવલોકનકાર તરીકે પ્રસિદ્ધિ મેળવનાર શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનો જ અભિપ્રાય અમે તેમના જ શબ્દોમાં આપીશું, એટલે અમારે કહેવાનું કશું નહિ રહે.

## ગંગા

અમે આ વાર્તાની કલ્પના તથા વસ્તુસ્ફોટન જોઈ બહુ સંતોષ સાથે એ વાતને હિંદુ ઘરસંસારના ઉત્તમ ચિત્રરૂપે ગણીશું. ગંગા એ એક પ્રતિષ્ઠિત કુટુંબના કનિષ્ઠ પુત્રની ગૃહિણી જ છે, કેમકે તેના જેવાં કુલીનતા, પ્રૌઢતા, પ્રેમ, ભક્તિ, આજકાલની બધી જ વહુઓમાં જોવામાં ભાગ્યે જ આવે છે. રા. ઇચ્છારામે આ વાર્ત્તાની વસ્તુને ખીલવતાં વચમાં ગંગાના કુટુંબનો ઇતિહાસ આપવા આડ કથા દાખલ કરી છે. પણ તેથી રસમાં જરાપણ ભંગ થતો નથી, ઉલટું ગંગાનું શાન્ત પણ મધુર અને અલૌકિક પ્રેમશૌર્ય, જેના બલે તે પોતાની કપરી સાસુને પણ વશ કરી શકી છે, ને છેવટ પોતાના પ્રાણનાથના પ્રાણ સાથે જ પ્રાણ તજી ગઈ છે, તે અદ્દભુત દેશભક્તિરૂપ પ્રૌઢ પ્રેમની જ છાયા હતું એમ જાણવાથી, આપણા મનને કોઈ જુદી જ દિવ્ય અસર થઈ માનભાવ પેદા થાય છે. આ કથામાં રા. ઇચ્છારામે પુનર્લગ્નના ચાલતા ઘોટાળાને ઠીક ઉત્તર આપ્યો છે. એમણે આખર સુધી એ જ સિદ્ધાન્તે વાત લીધી છે કે "આર્યધર્મનું જે બંધન છે તે જોતાં સ્ત્રીનું લગ્ન ફરીથી થાય જ નહિ, પણ જો સ્ત્રી રજસ્વલા થઈ નહિ હોય ને પતિ ગત થયો હોય, વૈધવ્ય પાળવે તે બાઇ અશક્ત હોય, તો એક દયા ખાતર તેનાં લગ્ન થાય તો ઠીક, જોકે રૂડાંતો નહિ જ."

વિધવા નણંદને ગંગા તથા તેના ભાઇએ કેવા માનમરતબા-માં પોતાની સાથે રાખી છે, તથા તે વિધવાને માબાપે પણ કેવી લાલન પાલનમાં મહાલાવી છે તે સારી રીતે ચીતરાયલું છે; છતાં કથા તે સિદ્ધાન્તને વળગી, ગંગાની વિધવા નણંદ તથા મોતીલાલનાં પુનર્લગ્ન ગ્રંથકારે કરાવ્યાં નથી, તેમ તેમને પ્રેમમાં રમવા દેતાં છતાં તેમની પાસે એક પણ અયોગ્ય શબ્દ ઉચરાવ્યો નથી. બલ્કે પ્રેમમાં જ પોતપોતાને હાથે જ તેમનો અંત આણાવ્યો છે. ગંગા પોતાને પણ પોતાના પતિ સાથે જ એક ઉત્તમ સતીની પેઠે મરણ પમાડી છે, આમ કરવામાં રા. ઇચ્છારામે પ્રેમનો જે પવિત્ર મહિમા આર્ય કુટુંબો પૂજે છે, તેનો સારો બહાર પાડ્યો છે, તથા વિધવાઓને, ઘરમાં બીજાં દુઃખ દે છે એ કલ્પિત ગપાટો જે આજકાલ ચાલી રહ્યો છે તેને પણ ઠીક ખોટો પાડવા પ્રયત્ન કર્યો છે. આમ હિંદુ સંસારના એક ચિત્ર તરીકે આ કથા બહુ સારી છે, ને સર્વ સ્ત્રીપુરુષને વાંચતાં આનંદ સાથે સદ્ધર્મયુક્ત બોધ આપે તેવી છે. ભાષા પણ ઠીક શુદ્ધ રાખવા ગ્રંથકારે સારો પ્રયાસ લીધો છે.

પ્રસ્તુત ગંગાની નવલકથા તેની સાદી છતાં આકર્ષક, આડંબર વગરની શૈલી માટે વખણાઇ છે. સામાન્ય નિયમ એવો છે કે પ્રત્યેક લખાણ કેવળ સાક્ષરોને જ નહિ પણ સાધારણ સમજ શકિતવાળા અને થોડું પણ શુદ્ધ ભણેલા માણસો જેનો ભાવાર્થ વિનાકષ્ટે સહજ સમજી હ્રદય-માં ઉતારી શકે તેવું હોવું જોઇએ. વિચારનું ગાંભીર્ય ન છુટવું જોઇએ તેમ ભાષાની સરળતા પણ ન છુટવા સાથે શૈલીનો પ્રવાહ ગુંજન કરતો ઉછળતો સરળપણે વહેવો જોઇએ. તેમાં પણ એક નવલકથામાં કલ્પિત વિષયો સત્ય જેવા દર્શાવવા, અથવા તો કલ્પિત અને સત્ય ઘટનાઓનું

પરસ્પર એવું તો યોગ્ય મિશ્રણ થવું જોઈએ કે વાંચનારના મુખમાંથી સ્વાભાવિક ધન્યવાદ નીકળી પડે. નવલકથામાં કાળ, સ્થળ, પાત્રો; આબેહુબ સામાજિક ચિત્ર; ઐતિહાસિક અવિરોધ; જનસમાજના આચાર વિચાર, રહેણી કરણી; સ્ત્રી પુરુષોનો પરસ્પરનો શુદ્ધ વ્યવહાર એ વગેરેનું બોધદાયક અને ફાયદાકારક ચિત્ર વાંચનારની દૃષ્ટિ સન્મુખ સાદી સરળ રસિક અને મનોરંજક શૈલીમાં એવી તો ખુબીથી રજુ થવું જોઈએ કે, જેથી અસંભવિતપણાનો યત્કિંચિત પણ ખ્યાલ વાંચનારને ન આવે તથા તેનું મન આદિથી અંત સુધી આકર્ષાયલું રહે. નવલકથામાં ગુંથાયલી વાર્તા કોઈ પણ રીતે વિષય વાસના વધારનારી હોવી જોઈએ નહિ. એક સારી નવલકથાનાં આ સામાન્ય લક્ષણો છે, અને તે, વાંચનારને "ગંગા" એક ગૂર્જર વાર્તામાં જણાયા વગર રહેશે નહિ. આ નવલકથા આજથી લગભગ ૪૦ વર્ષ પૂર્વે જેવી લોકોમાં પ્રિય થઈ પડી હતી તેવી જ આ નવા અવતારમાં પણ થઈ પડશે એવી પ્રકાશકની આશા છે.

આ વાર્તાનું અર્પણપત્ર બદલ્યું છે તે સકારણ છે, એટલું વાંચનાર જોઈ શકશે. તે માટે કંઈ ખુલાસાની જરૂર નથી.

જો એક વાર્તા તે જે ભાષામાં રચાયલી છે તે ઉપરાંત પરભાષામાં પણ તેનો આદર થાય અને રૂપાંતરોને પામે તો તેને એક ઉત્તમ નવલકથા કહી શકાયઃ એવો જો કસોટીગુણ સ્વીકારવામાં આવતો હોય તો તે કસોટીએ આ નવલકથાને કસી શકાય છે. આ વાર્તા ઉપરથી મરાઠીમાં ઘણાં વર્ષો ઉપર એક "દેવલીલા" નામની વાર્તા યોજાયલી હતી, અને તે પ્રમાણે તેનું હિન્દીમાં પણ અનુકરણ થયેલું છે. આટલી વિશેષ નોંધ કરવામાં વાંચકો ક્ષમા આપશે એવી આશાએ વિરમું છું.

મુંબઈ
અધિક શ્રાવણ શુદ ૩.
સં. ૧૯૮૪

નટવરલાલ ઈચ્છારામ દેશાઈ

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ. | પ્રકરણ. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| .૧ સુખી તે હું જ છું | ૧ | ૧૯ મું. અવ્યવસ્થા ... ... | ૧૨૪ |
| ૨ માતા ભવાની... | ૭ | ૨૦ મું. ગર્ભવતી ગંગા... ... | ૧૨૯ |
| કમળાની મૂર્છા ... | ૧૦ | ૨૧ મું. આનંદભુવન!... ... | ૧૩૩ |
| થું. કમળાના ઉભરા. ... | ૧૪ | ૨૨ મું. સુખનાં તો સ્વપ્નાં જ. | ૧૪૧ |
| ૫ મું. "ઉમરાવજાદાની દીકરી" | ૨૪ | ૨૩ મું. બીજી વિપત્તિ. ... | ૧૪૫ |
| ૬ ઠું. વઢકણાં સાસુજી ... | ૩૩ | ૨૪ મું. વિપત્તિ પર વિપત્તિ. | ૧૫૧ |
| ૭ મું. ગંગાની પતિપ્રત્યેની રીતભાત ... ... | ૪૩ | ૨૫ મું. સાસુસેવા. ... ... | ૧૫૬ |
| ૮ મું. લગ્નસરા ... ... | ૫૧ | ૨૬ મું. લલિતાનું મૃત્યુ. ... | ૧૬૧ |
| ૯ મું. અજાણ્યો પરોણો ... | ૫૬ | ૨૭ મું. એ શું થયું?... ... | ૧૬૫ |
| ૧૦ મું. કમળીના વિચાર ... | ૬૪ | ૨૮ મું. બે પત્રો! ... ... | ૧૭૦ |
| ૧૧ મું. એલ્ફીન્સ્ટન કૉલેજ ... | ૭૨ | ૨૯ મું. તારી. ... ... ... | ૧૭૬ |
| ૧૨ મું. ઘરમાં તો જેમનું તેમ જ | ૭૯ | ૩૦ મું. ગંગા ... ... ... | ૧૮૧ |
| ૧૩ મું. પ્રેમપરીક્ષા ... ... | ૮૫ | ૩૧ મું. કરમાયલું કુસુમ. ... | ૧૮૮ |
| ૧૪ મું. સસરો ને વહુ ... | ૯૩ | ૩૨ મું. વિપત્તિનું સાક્ષાત્ સ્વરૂપ ... ... | ૧૯૩ |
| ૧૫ મું. ધણિયાણી ... ... | ૧૦૦ | ૩૩ મું. શોકસદન ... ... | ૨૦૦ |
| ૧૬ મું. પિતા અને પુત્ર ... | ૧૦૭ | પરિશિષ્ટ— | |
| ૧૭ મું. ખરી કસોટી ... ... | ૧૧૪ | મોહનચન્દ્રના કુળનો ઇતિહાસ | ૨૧૪ |
| ૧૮ મું. મોતનું બીછાનું ... | ૧૨૦ | | |

# ગંગા:

## એક ગુર્જર વાર્તા

### પ્રકરણ ૧ લું
### ખરેખરી સુખી તે હું જ છું!

"ગંગા ભાભી! ઓ ગંગા ભાભી! તમે શું કરો છો?"

"મોટી બહેન! મને બોલાવો છો? જરાક વાંચવા બેઠી છું."

"સાયંકાળ થવા આવી છે, જો તમારી ઇચ્છા હોય તો દેવ-મંદિરે આવવાની પિતાજીએ આજ્ઞા આપી છે ત્યાં જઇએ;" કમળા, જે ગંગાના પતિની બહેન હતી, તેણે જવાબ આપ્યો.

"ચાલો ત્યારે હું તૈયાર છું;" બીજા ઓરડામાંથી, દિવાનખાનામાં પોતાની નણંદ બેઠી હતી, ત્યાં આવતાં ગંગાએ કહ્યું અને તુરત દિવાન-ખાનામાં વધારે અંધારું હતું ત્યાં દીવાસળી ઘસીને દીવો કીધો; અને પોતાના હાથમાંનું પુસ્તક કબાટમાં મૂકીને મનમોહક હાવભાવથી લૂગડાં બદલવા તે પોતાના ઓરડામાં ગઇ. તે સમયનું તેનું સૌંદર્ય અદ્ભુત લાગતું હતું. ત્યારે તો એનું યથાર્થ વર્ણન અત્રે કરવું જરૂરનું છે.

પરાપૂર્વથી જ જણાયું છે કે, સૂર્યપુરની સ્ત્રીઓ ઘણી સુકુમાર અને કોમળ હોય છે. તેમાં નાગર વાણિયાની સ્ત્રીઓ વધારે મોહ પમાડે તેવી હોય છે; પણ યથાર્થ રીતે જો હું બોલું તો એ જ ખરું છે કે આ વાર્તાની નાયિકા ગંગાના જેવી ખૂબસૂરત એક પણ સ્ત્રી આખા સુરત શહેરમાં ન હતી. તેણી કંઇ જન્મથી સુરતની નહતી. તેના પિતાનું ઘર તો વડોદરામાં હતું. નાનપણથી જ તે ચંચળ, સુંદર અને ફુટડી હતી.

જ્યારે તે બાળક હતી ત્યારે બજારમાંથી તેને જતી જોઇ, દરેક જણ તેના સામા મિઠ્ઠી નજર નાંખતું હતું. ગાયકવાડીમાં એના બાપનો દરજ્જો ઘણો મોટો હતો. વડોદરામાં ખંડેરાવ જીવતો હતો ત્યારે તે ન્યાયાધીશનું કામ કરતો હતો. તેના આવા મોટા ઓદ્ધાને લીધે તેના ઘરમાં હજારો માણસોની રોજ આવ જા થતી, પણ જેટલા લોકો એના પિતાને મળવા આતુર હોય, તે કરતાં એની કોમળ નાની બાળાનો ચહેરો જોવાને ઘણા આતુર હતા. નાની ગંગાનું કાલું કાલું બોલવું સાંભળીને તેઓ એટલા તો રંજિત થતાં કે, ઘેર ગયા પછી પણ ગંગાને વિસરી જતા ન હતા. પોતાનાં ઘરનાં છોકરાંઓને વારંવાર ગંગાની મનશક્તિ ને તનશક્તિનો, વિવેક ને ચાતુર્યનો દાખલો આપી, તેના જેવાં થવાને શિખામણ આપી ઉત્સાહ પ્રેરતા હતા.

પાંચ વર્ષની હતી ત્યારથી ગંગા એના પિતાને સેવા સામગ્રી તૈયાર કરી આપતી હતી. પિતાની કોઈ પણ આજ્ઞા બોલ્યા પહેલાં બજાવવાને તે તત્પર રહેતી. તેની આવી રીતભાતથી તેના પિતાનો તેનાપર અગાધ પ્યાર હતો. બિહારીલાલને માત્ર આ એક જ દીકરી હતી, તેટલું છતાં તેને ખોટા લાડમાં ઉછેરી ન હતી.

સાત વર્ષની થઇ કે, સાધારણ કન્યાશાળામાં ગંગાને ભણવા મૂકી. વડોદરાના રેસીડંટને ત્યાં મીસ ફાઉલર નામની એક યુરોપીયન સ્ત્રી હતી. તેને ગંગાની 'ગવર્નેસ' નીમી હતી. આ બાઇ લગભગ વીશ વર્ષ લગણુ ગુજરાતમાં રહી હતી, તેથી ગુજરાતી સ્ત્રીઓની રીતભાતથી જાણીતી હોવાને લીધે, જે જે અગત્યનું શિખવવાનું હતું, તે સર્વ ગંગાને શિખવ્યું તથા યુરોપિયન વિચારમાંના કેટલાક ઉત્તમ અને લેવા જોગ છે તેની છાપ તેના મનમાં બરાબર પાડી. મીસ ફાઉલરને અંગ્રેજ સ્ત્રીઓના કેટલાક રિવાજ—લગ્ન રીતિ, પતરાજી, તુંડાઇ, વિવેક, મર્યાદા તથા પતિપત્નીપ્રત્યેના ધર્મ, તેમ જ પ્યાર સંબંધી ઘણો સારો વિચાર નહતો; પણ ઉલટું તે ગુજરાતી સ્ત્રીઓની કેટલીક રીતભાત પસંદ કરતી.

તેથી ગંગાને એવી સરસ કેળવણી આપી કે, જેથી તે ડાહી, ગંભીર, ગર્વરહિત, મીઠા બોલી, સામાને રીઝવનારી, ઘરરખુ અને મળતાવડી થઈ હતી. માત્ર હાલના ચાલુ રિવાજમાં ઘટતો ફેરફાર થાય તો ગુજરાતી કરતાં પારસંસારની બાબતમાં કોઇ વધારે સુખી થાય નહિ, એમ તે ધારતી હતી.

આવા ઉત્તમ વિચારવાળી 'ગવર્નેસ'ના હાથ નીચે ગંગા એવી તો હોશિયાર થઈ કે, તેને માટે આખા વડોદરામાં વાતો ચાલ્યા કરતી. અગિયાર વર્ષની ગંગા થઈ ત્યારે તે કોઈપણ અંગ્રેજ સ્ત્રીપુરુષ સાથે અંગ્રેજીમાં વાતચિત કરવાને પૂરેપૂરી શક્તિમાન્ હતી. તેની બોલવા ચાલવાની છટાથી કર્નલ ફ્રેરની સ્ત્રીએ વારંવાર તેને કેટલીક બક્ષિસો આપી હતી. સંગીત, 'પ્યાનાફોર્ટ,' 'હારમોનિયમ,' ને 'કોનસરટીના' તે સારી રીતે બજાવી શકતી હતી. કેનવાસ ઉપરનું ભરત કામ એવું તો સરસ કહાડતી કે, તેને માટે બે ચાંદ તેણીને બક્ષિસ મળ્યાં હતાં.

એની કાંતિ માટે તમને કંઇ ભાસ થાય છે વારુ? તે શું મુંબઈવાળી મઁદુડી, જુવાનીમાં દીવાની જેવી, જરા ચાલતાં પગ લચકાઈ જાય તેવી હતી? પતરાજીમાં, તડાકા મારવામાં, ફુલણજી ફુલફોર બનવામાં, મુંબઇની નાજુકડી સ્ત્રીઓ પ્રથમપદે હોય છે. તેવી તે નહતી. મુંબઇની પારસણો કે ગુજરાતણોના જેવો પોશાક કે ઠસારો ને લજ્જા રહિત હાવભાવ તેનામાં હતા જ નહિ. પણ તેના કરતાં વિશેષ સરસ—નહિ કે માત્ર કહેવાના, પણ ખરેખરા ઉત્તમ ગુણો તેનામાં હતા. શરીરનો બાંધો ઘાટીલો હતો. બાળપણનો તેનો પોશાક ને કાંતિનું વર્ણન કરવું આ સ્થળે વ્યર્થ છે, તેથી તે કરતાં પહેલાં એટલું જ કહીશું કે, મીસ ફાઉલર વિકટોરિયાના હાથ નીચે અચ્છી રીતે શીખ્યા પછી, તેર વર્ષની વયે તેનાં લગ્ન સૂર્યપુરમાં થયાં હતાં. હમણાં તેનું વય સત્તર વર્ષનું છે અને તે પોતાના પતિને ઘેર આવીને રહી છે.

ગંગા પોતાના ઓરડામાં જઇને સ્વચ્છ પોશાક સજીને જલદી તૈયાર થઈ દિવાનખાનામાં આવી. આ વખતની તેની છબી ઘણી દિવ્ય

દેખાતી હતી. સોળ સત્તર વર્ષની તરુણીઓ, જેવી દેખાય તેના કરતાં વિશેષ સૌંદર્યવાન્ તે દેખાતી હતી. તેની મુખ કાંતિ તેજસ્વી, મુખાકૃતિ કંઈ લંબગોળ હતી. મોંપર જે ગુલાબી ઝાંઈ છવાઈ રહી હતી, તે ગુલાબી ઝાંઇથી તેની ખૂબસૂરતી ઓર વિશેષ દીલખુશ લાગતી હતી. સ્નેહથી લદબદ ચહેરો, આર્યની જે ખરેખરી ખૂબીઓ તેથી ભરપૂર અપ્સરા જેવો હતો. તે જો કે મોજશોખમાં ઉછરેલી હતી, છતાં તેના અવયવો ચપળ ને તીવ્ર-અયોધ્યાની સ્ત્રી જેવા મજબૂત હતા. મીઠાસથી ભરેલી કાળી ભમ્મર આંખ, હમણાં વળી આનંદથી ભરપૂર ને ઉમંગી, ભવાં ભરાઉ ને કાળાં તેજસ્વી, વિશાળ પણ નીચું કપાળ, જાણે આપણને પોતાની નમ્રતા બતાવતું હોય તેવું, નાનું પણ તીણું ઘાટીલું સીધું નાક, જેમાં બે હજાર રુપિયાના મોતીની વાળી પહેરેલી તેથી લચી ગયલું, લાલ લોહીવર્ણા પારા અને સફેદ મોતી જેવા દાંત અને રતાશ પડતા હોઠ જોઇને તમને જહાંગીરના જનાનાની અતિ ખૂબસૂરત હુરમ યાદ આવ્યા વગર રહેશે નહિ. માથામાં સોહાગ ઘાલીને ઓળેલો ચોટલો અને વાંકો લીધેલો અંબોડો, ને તેમાં ઘાલેલી નાગફેણનો મરોડ જોઇને આપણે આશ્ચર્ય પામ્યા વગર રહીએ નહિ. કાનની નીચેની લાલીપર એરીંગ ને ઉપલી લાલીપર આબદાર ત્રણ મોતીની નખલી, સુઘડ રીતે ડાબા કાનમાં શોભતાં હતાં. તેથી તેનો ચહેરો કોઇને પણ વિશેષ મોહ પમાડે તેવો દીપતો હતો. ગાલ ભરાઉ તથા વચમાં કાળો ઝીણો તલ હોવાથી શોભીતા લાગતા. તેની ચામડી છેક બરફ જેવી નહિ, પણ ઘઉંના વર્ણ કરતાં વિશેષ ઉજળી-જાણે ઘણા દૂધમાં ઉકાળેલી ચહા હોય તેવી, પણ વળી કંઇક ગુલાબી, જે દરેક દેશીઓ સ્વરૂપ સૌંદર્યમાં વખાણે છે, તેવી હતી.

તેનો પોશાક કંઈ ખાસ નહતો. તેનો પતિ જો કે એ સમયે ઘેર નહતો, તોપણ પિતાતુલ્ય સસરાની આજ્ઞા માથે ચઢાવીને, એ દિવસે તે સુંદર સાદો પોશાક પહેરી તૈયાર થઈ હતી. રૂપેરી પટાનો ફૂલ ગુલાબી સાળુ પહેર્યો હતો. નાજુકડી તેથી બહારનો ઉઠાવ ભારે નહતો, તોપણ

સોળ સત્તર વર્ષની સ્ત્રીને યોગ્ય હતો. તેમાં લીલી કાચી કેરી જેવી સફેદ ફુલબુટ્ટાની ચોળી પહેરી હતી, જેથી મુખ આગળની આકૃતિનો બહાર લગાર વિશેષ ઠસ્સાવાળો લાગતો હતો ને પીઠપરથી ફુલબુટ્ટા, સાળુમાંથી જરેજર દેખાતા હતા—અંગ હાલે ત્યારે તે જાણે પદડામાં રહેલો નાગ ડોલતો હોયની, તેવો ભાસ કરાવતા હતા. ગળામાં ઉંચા પ્રકારનાં મોતીનો ત્રણ સેરનો છડો ઘાલ્યો હતો, અને હાથમાં ઝીણા દ્રાક્ષના વેલામાં મોતી ગોઠવેલી તાસેલી બંગડી ને રૂઇફુલ પહેર્યાં હતાં, તે સ્હોડમાં હાથ છતાં ઝરમરિયા સાળુમાંથી સ્પષ્ટ દેખાતાં હતાં. ઉપર ચોળીને છેડે જરકસી ચળક મારતું મોળિયું બાંધ્યું હતું. ડાબા હાથની છેલ્લી આંગળીએ એક હીરાની વીંટી પહેરી હતી. પગમાં નાજુક પણ ઘણી ઘુઘરીથી ભરેલાં લંગર પહેર્યાં હતાં; કપાળમાં ઝીણો સિંદુરનો ચાંદલો હતો ને જ્યારે તે સ્મિત હાસ્ય કરતી ત્યારે ગાલમાં સહજ ખાડા પડતા હતા—તેના ઉપર આવેલા તલવડે તે સમયના હાસ્યથી મુખ કંઈ ઓરજ રીતની છબી બતાવતું હતું. કુલીન સ્ત્રીને છાજતા નમ્ર વેણથી મધુરું મધુરું બોલતી, તેમ પગલાં ઉપાડતી તે ઘણાં ધીમાં ધીમાં ઉપાડતી હતી. તેનો હસતો ચહેરો આજ કરતાં ક્વચિત્ જ વધારે સુંદર દેખાયો હશે.

છતાં નાયિકા ગંગા કંઈ આજે જ આટલી બધી ખૂબસૂરત દેખાય છે એમ નથી. તેનો દેખાવ હમેશનો જ એવો છે. પણ કોઇની આજ્ઞાથી કંઈ પણ કામ કરે છે, ત્યારે વળી રોજ કરતાં વધારે મગ્ન રહે છે. આજની એની આંખ, એનો ચહેરો, એનો હાવભાવ, એના બોલવાની ઢબછબ-પરથી આટલું તો સિદ્ધ થાય છે કે, તે હંમેશ કરતાં પણ આજે વધારે ખુશ છે. પણ એ વળી વધારે ગંભીર અને ધીરી છે તથા કામગરી—કહ્યાગરી—આજ્ઞાપાળક છે. સુરતમાં, ખરેખર એના જેવી સુરત કોઇની ન હતી.

"મોટી બહેન! હવે તમારી વારેવાર, હું તો તૈયાર થઈ છું." ગંગા દિવાનખાનામાં આવીને હસતે મુખે બોલી. "ભાભીજી આજ આવવાનાં છે કે નહિ? સસરાજી તો સૌને આવવાનું કહી ગયા છે."

"વધારે બોલશો નહિ, જો સુખે જવું હોય તો;" લગાર ખિન્નવદને કમળા બોલી. "આજે માજી અને મોટી ભાભીને કંઇ ચડભડાટ થયો છે અને તેથી રીસાઇને તે તો પોતાના ઓરડામાં ક્યારનાંયે સૂઈ ગયાં છે. તમે જઇને મોટી ભાભી પાસેથી મદનને લઇ આવશો ?"

"હા, અને તમે અહમદને બોલાવો કે, તે આપણી સાથે આવવા તૈયાર થાય." બીજા ઓરડામાં, જ્યાં તુલજા સૂતી હતી ત્યાં ગંગા ગઇ અને તેના છોકરા મદનને પોતાની સાથે લઇ જવાને તૈયાર કીધો. મદન પોતાની કાકી સાથે એટલો હળી ગયો હતો કે, તેનો કેડો છોડતો ન હતો, તેમ ગંગાને મદન વગર કળ પડતી નહિ.

ગંગા, તુલજાના ઓરડામાં ગઇ, ત્યારે તે ડુસ્કે ડુસ્કે રડતી હતી. આ તો જાણીતી વાત છે કે, ગુસ્સાના આવેશમાં આવેલા માણસને જેમ ખામોશી રાખવાને કહીએ તેમ તે વધારે જોરપર આવે છે. ઘરના ટંટાથી ગંગા ઘણી ઉદાસ રહેતી હતી, તોપણ કોઇ દિવસે તે એક પણ વેણ ઉંચે સ્વરે કે પડઘારૂપે બોલી નથી. તે તુલજાને શાંત રાખવાને ઇચ્છતી હતી, પણ તેમાં વખત ચાલ્યો જાય, તેથી કંઇ પણ બોલ્યા વગર, મદનને પોલકું, ટોપી ને પાટલૂન પહેરાવી, હાથપર ઉંચકીને બહાર ચાલી આવી.

"અહમદ, બા, જરા મદનને ઉંચકી લે તો!" કમળાએ ઝીણે સાદે અહમદને કહ્યું.

"બહેન બાસાહેબ! મદનલાલકું કીધર લે જાનેકા હે? તુમ દૂર રહોગે તો એ બડા કીલકીલાટ કરેગા." અહમદે પોતાના હાથમાં મદનને લીધા પછી સવાલ પૂછ્યો.

"અમ્બા માતાના દેવળમાં, શેઠ ગયા છે ત્યાં જવું છે. તમે અમને ત્યાં પહોંચાડી આવશો ?"

"બહોત અચ્છા!" અહમદ બોલ્યો. "પનાહે આલમ, વો અમીર કી નોકરીમેં અમેરી જાનફેસાની કરડાલનેમે કુચ કસુર કરના યહ બડા

હરામ હૈ. લેકીન, માબાપ, અમકુ મુદ્દકેઓ ઝમાન કુચ બોલા નહિ હૈ, ઉસ સબબસે કુછબી ઠપકા મિલેગા ઓ આપકે શીર રહેગા.”

“બરાબર છે;” ગંગાએ પ્રત્યુત્તર વાળ્યો. “પણ તું ફીકર ન કર, શેઠ તને કંઇ કહેશે નહિ. જ્યારે શેઠ અત્રેથી ગયા ત્યારે તને જોડે લઇ આવવાનું કહી ગયા હતા. તું અગાડી જઇ દરવાજાપર ઉભો રહે.’

“જેસા બાઇસાબકા હુકુમ!” નમ્રતાથી અહમદ બોલ્યો અને મદનને લઇને બારણા આગળ જઇ ઉભો રહ્યો.

તુરત ગંગા અને કમળા બંને આવી પહોંચી. તેઓ, અહમદ ને મદન સાથે આગળ ચાલ્યાં કે, તુરત સૌથી નાના છોકરાની વહૂ વેણીગવરી તેને પિયરથી આવતી હતી તે સામી મળી. તેને સાથે તેડીને સૌ ચાલતાં થયાં.

---

## પ્રકરણ ૨ જું

## જય માતા ભવાની

આજે મોહનચંદ્રે અંબાભવાનીના દેવળમાં મોટી પૂજા કરાવી છે, તે તો સવારના જ ત્યાં જઇને બેઠો હતો. સૂર્યપુરમાં માતાને પણ માનનારા કેટલા છે અને અગરજો માતાના ભક્ત કવચિત્ મદ્ય પણ લે છે, તોપણ મોહનચન્દ્રે પોતાની આખી જીંદગીમાં તેનો સ્પર્શ પણ કીધો નથી. આખા દિવસમાં માતાને કેમ શણગાર સજાવવા ને કેવાં વસ્ત્ર પહેરાવવાં, તે માટેની સઘળી ગોઠવણ તે ત્યાં કરતો હતો. મોહનચન્દ્ર એ દિવસે ઘણો ઉમંગી હતો.

માતાનું મંદિર સાધારણ રીતે ઘણું ઊંચું નથી. તે જમીનથી આસરે ૨૧ ફૂટ ઊંચું બાંધેલું છે. પગથા ચઢી એક ચોગાનમાં થઇને માતાના રંગમંડપમાં જવાય છે. રંગમંડપમાં ભાગ્યે એકે સામટાં સો માણસ સમાઇ શકે. માતાની પ્રતિમા પાંચ ફીટથી મોટી નથી અને સલાટે તેને ઘડવામાં પોતાની કારીગરી સારી વાપરી છે. સ્થાનકપર,

જ્યારે પૂજારાઓ ઠાઠમાઠથી શણગારે છે ત્યારે તેનું સ્વરૂપ સુંદર અને શાંત જણાય છે.

ગંગાને માતાપર ઝાઝો ભક્તિભાવ નહતો. તે તો માત્ર એક જગત્ નિયંતાને ભજનારી હતી. પણ વડીલની આજ્ઞાનુસાર વર્તવામાં હંમેશ તે તત્પર રહેતી હતી. સવારના ઘેરથી જતી વેળાએ મોહનચન્દ્રે ઘરનાં સઘળાં છોકરાં છૈયાંને ત્યાં આવવાની આજ્ઞા કીધી હતી. પણ મોહનચન્દ્રની ભાર્યાનો વિચાર સૌથી ન્યારો હતો. જે કહેવામાં આવે તેથી ઉલટું કરવું, ઘરમાં સૌને રંજાડવાં અને સુખે ખાવું નહિ ને ખાવા દેવું નહિ, એવો તેનો સ્થાપિત નિયમ હતો. સપરમો દહાડો તો એ શેઠાણીને મન કંકાસનો સૂર્યોદય હતો. તેથી આવે રુડે દિવસે તે કવચિત્ જ શાંત રહેતી હતી અને રહે ત્યારે એમ જ જાણવું કે, 'આફ્તાબ અગરેબથી મગરેબ' ગયો છે. આ કારણથી સવારથી જ તેણે કલેશ માંડ્યો હતો; અને પોતે જવું નહિ, અને કોઇને જવા દેવાં નહિ; એ જ વિચાર તેણે દૃઢ કીધો હતો. કુટુંબની વ્યવસ્થા સંબંધી વાત અગાડી આવશે, પણ આ સ્થળે એટલું જ કહેવાનું કે માત્ર ગંગા, કમળા, મદન ને વેણીગવરી શિવાય કોઈ પણ આ સમારંભમાં દાખલ થયું નહિ.

રાત્રિના આઠ વાગ્યા હતા. માતાના દેહરામાં "જય કાળી," "જય ભવાની," "જય દુર્ગા" "અંબે માતકી જે"ના અવાજો થતા હતા. મોહનચન્દ્રે ત્રણ વખત બહાર નીકળી ગંગા અને કમળાની રાહ જોઇ, પણ જ્યારે તે ન દેખાયાં ત્યારે નિરાશ થઇને મંદિરમાં પાછો ફરયો હતો. પણ ચોથી વેળાએ જેવો તે બહાર નિકળ્યો કે ગંગાને જોઇને તેને અત્યંત હર્ષ થયો, તે એકદમ બોલ્યો; "કેમ તમે સૌ આવ્યાં ? આવો, બહુવાર લાગી હો '

"હા પિતાજી, લગાર વિલંબ થયો છે, પણ મદને વાર લગાડી, બાકી તો સવેળા આવત." કમળાએ વિનયથી ઉત્તર આપ્યો.

"ચાલો, હવે દેહરામાં જઇને દર્શન કરીએ, માતાજીને ખોટી કરવાં એ ઠીક નહિ."

આટલું બોલીને સૌ દેવાલયમાં આવ્યાં. સસરાના પ્રેમથી ગંગાની છાતી હર્ષથી ફૂલાઇ ગઇ અને હાથ ને ખભા ઉંચકાયા, પણ તે હર્ષથી લગાર ધ્રુજી.

મંદિરમાં શક્તિને રીઝવવાને સંગીત થતું હતું. તેમાં સૌ તુરત સામેલ થઇ ગયાં. મોહનચંદ્રની આસપાસ ભિક્ષુક બ્રાહ્મણો વીંટલાઇ વળ્યા હતા; તેમ જ ગંગા અને કમળાની આસપાસ પણ બ્રાહ્મણો ફરી વળેલા હતા. અહમદના હાથમાંથી મદનને લઇને ગંગા દેહરામાં આવી, ત્યારે મદન તો એવો ખુશખુશ થઇ ગયો કે, જ્યારે સૌ જણાં ગાયન કરતાં, ત્યારે તે હાથથી જાણે તાલ આપતો હોય તેમ, હાથ સાથ હાથને અફાળતો હતો.

પણ આ દેખાવ જોઇને કમળા જડ જેવી, વિભ્રાંતિ જેવી બની ગઈ. જ્યારે સૌ માતાની પૂજાની ધૂનમાં ચઢયાં હતાં, ત્યારે તે એકદમ વેણી-ગવરીની બાજુમાંથી ખસી બેભાન થઇને મૂર્છા ખાઇ ધબ દઇને ભોંય-પર પડી ગઇ; પણ ઘોંઘાટમાં કોઇએ તેના પડવાનો અવાજ સાંભળ્યો નહિ, તોપણ પડતાં પડતાં તેણીએ "જય માતા! જય માતા!"નો પોકાર કીધો.

આ પોકાર જેવો ગંગાએ સાંભળ્યો, તેવી જ તે હાંફળી ફાંફળી થઇ ગઈ અને મદનને ભોંયપર એકદમ મૂકી દઈ કમળા ભણી દોડી.

"બહેન! બહેન!" તેણે એકદમ કમળાને હાથમાં લઇ લીધી ને પછી બોલી. "તમને શું થયું? અરે આ શું થયું છે તે કોઇ જુઓ, જુઓ!! કમળા બહેન! ઉઠો, ઉઠો, કેમ કંઈ બોલતાં નથી? અરે આ શું થઇ ગયું?" નિશ્વાસ મૂકીને, જો કે ધીરી છતાં ગંગા દિલગીર થતાં આટલું બોલી શકી.

"ચૂપ! ચૂપ! આ શી ગડબડ!" મંદિરના પૂજારીએ બૂમ મારી ગુસ્સાથી કહ્યું: કેમકે જો કંઇ વિશેષ ગડબડ થાય અને લોકો વેરણખેરણ થઇ જાય તો તેની દક્ષણા તે ચૂકી જાય. "એ શું છે? એને કોઇ છેડે નહિ, એ સૌ પોતાની મેળે ઉઠશે."

"શાંતિ! શાંતિ" પિતાએ કહ્યું-કંઈ ઉતાવળ ને ગભરાટથી. "એને, ગંગા બા, તું હાલ કંઇ વધારે કરશે તો ભયની મારી એ મરણ પામશે. કંઇ ઘણી મજબૂત નથી, જગદંબા એનું રક્ષણ કરશે! આપણે તો અશક્ત છીએ! એ કમળી, કમળી, બેટા, તને શું થયું?"

"અરે પિતાજી, તમે શું અહિયાં છો?" કમળા એટલું બોલી ક્ષણભર ચૂપ રહ્યા પછી પાછી બોલી; "માતા, મારી રક્ષા કરો. માતાએ મને ભયમાં નાંખી છે. પવિત્ર મા! હું હવે તારું સ્મરણ કરીશ, ને તને સદા સ્મરીશ." વહેમથી તેણીને એમ લાગ્યું કે, માતા જ મારા શરીરમાં છે અને તુરત જ બ્રાહ્મણોએ, "જય જય કાળીમા!" "જય જય તુલજાભવાની"ની બૂમ પાડી દેવાલયને ગજાવી મૂકયું.

ત્યારે એ શું છે? શું દુર્ગાદેવી તેના શરીરમાં આવી છે? નહિ, દુર્ગા અને કાલકા જો આવી રીતે બીજાના શરીરમાં પ્રવેશ કરી અપવિત્ર બનતી હોય તો તે પૂજ્ય પવિત્ર ગણાય નહિ અને એમ જ ગંગા પણ માનતી હતી. પણ ત્યારે એ શું થયું હતું?

વેણીગવરી આ જોઇને રડવા લાગી; મદન પણ કોલાહલ કરી રહ્યો. સઘળા બ્રાહ્મણો તો "જય જય ભવાની" કરવા મંડી પડ્યા. ગંગા જોકે ઘણી ગભરાઇ ગઈ હતી, તોપણ ધીરજ ધરી કમળાની પાસે બેઠી અને તેના મ્હોપર પાણી છાંટી સાવધ કરવાના યત્ન કરવા લાગી.

## પ્રકરણ ૩ જું

## કમળાની મૂર્ચ્છા

કમળાના બેભાન થવાથી મોહનચંદ્રને ઘણો ગભરાટ થયો. દેવમંદિરમાં આ પ્રમાણે થવાથી તેને ઘણી શંકા ઉત્પન્ન થઈ કે, જો મંદિરમાં જ કમળી મરણ પામશે તો મંદિરની શુદ્ધિ માટે મોટો ખર્ચ કરવો પડશે. તેની મરજી એવી હતી કે, જેમ બને તેમ જલદી, અહીંથી એને ઉંચકીને ઘેર લઇ જવી.

પણ બ્રાહ્મણોની ઈચ્છા એમ નહતી. તેઓને દક્ષણાનો અતિશય લોભ, તેથી કોઇને પણ જવા દેવાને નારાજ હતા. તેઓએ મોટો કોલાહલ કરી મૂકયો, કમળાની આસપાસ તેઓ વીંટાઇ વળ્યા. કોઇ તેને પાણી છાંટતા ને કોઇએ કોલનવોટર લાવીને ઠંડક કીધી. ગંગા ને વેણી, કમળાની બાજુએ બેસીને ઘણી આતુરતાથી આસનાવાસના કરતાં હતાં. કમળા તો એવી મૂર્ચ્છિત અવસ્થામાં પડી હતી કે, તેનું તેને જરાએ ભાન નહતું. આશરે પા કલાક પછી કમળાએ શરીર હલાવ્યું, આંખ ઉઘાડી.

"બહેન, બહેન, તમને શુ થયું છે? જરા તો બોલો." ડચકિયાં ખાતાં ખાતાં ને ધ્રુજતાં ધ્રુજતાં ગંગાએ પૂછયું. "બોલો, છે શું? તમને જે કંઇ થયું હોય તે મને કહેો. તમે ગભરાઓ છો શા વાસ્તે? જરા તો બોલો, મોટી બહેન?"

"પાણી! પાણી! મને જરા પાણી પાઓ, મારું ગળું સોષાઇ જાય છે. મારાથી જરા પણ બોલાતું નથી. ઓ માતા! માતા! પિતાજી તમે છો કે?"

"શું છે બહેન કમળી? અરે કોઇ પાણી લાવો." તુરત પાણી લાવીને પાવામાં આવ્યું. બેઠી થઇને કમળાએ પાણી પીધું. તેના નેત્ર રાતાં હિંગળોક જેવાં થઇ ગયાં હતાં. બ્રાહ્મણો માંહોમાંહે બોલવા લાગ્યા કે, એના શરીરમાં ખચીત માતાએ પ્રવેશ કીધો છે.

"કમળી, તને કંઇ વિચીત્ર દેખાયું હતું?" એક બ્રાહ્મણે પૂછ્યું.

"ના, મને કંઇ થયું નથી ને કંઇ દેખાયુંએ નથી." કમળાએ જવાબ દીધો. જો કે જવાબ લગાર તોછડો હતો, તથાપિ તે ગુસ્સાનો ન હતો. "પિતાજી! મારું શરીર ઘણું સાલે છે, હવે મને જવા દો, નહિ તો અંબામા ઘણી ગુસ્સે થશે!"

"બેટા! જરા પણ તું ડર ના. અંબા સદા રક્ષણ કરશે." મોહનચન્દ્રે કહ્યું. "અંબાને ગુસ્સે થવા જેવું તેં શું કીધું છે? તને શું અંબાનાં દર્શન થયાં? તેની મૂર્તિ કેવી મનમોહક હતી?"

"હા, મને તેનાં ગુસ્સાભરેલાં દર્શન થયાં. પણ પછી તે હસીને ચાલ્યાં ગયાં." કમળા એટલું બોલીને અંબા તરફ નમ્ર વિનતિ કરવાને પાછી ફરી. તેના પગ થરથર ધ્રુજતા હતા, તેનામાં બોલવાની શક્તિ ઘણી થોડી હતી. છતાં તે બોલી: "ઓ પૂજ્ય પવિત્ર શક્તિ! તારા ચરણમાં મારું મસ્તક છે અને માત્ર તું જ એક સર્વ સિદ્ધિદાતા છે. તારી ઇચ્છામાં આવે તેમ કર. આ રંક કિકરીને સતાવ ના, પણ તારો આશીર્વાદ આપ. તારી ઇચ્છા પ્રમાણે વર્તવાને હું બંધાઇ છું!" ઘુંટણપર પડી, એ પ્રમાણે પ્રાર્થના કરીને તે જોર ભેર ઉઠી ઉભી થઇ અને મોહનચંદ્રને કહ્યું; "પિતાજી, ચાલો; સ્વસ્થ રહો. હું શાંત છું."

દેવાલયના પૂજારીએ કહ્યું; "એને કંઇ પૂછવાની જરૂર નથી. માતાની આજ્ઞા પ્રમાણે એ વર્તશે. બહેન, તારી ઇચ્છામાં આવે તેમ કરજે!" તુરત માતાના શરીરપરથી ફૂલના હાર કહાડી તેના ગળામાં નાંખ્યા; અને નાળિયેર વધેરી તેનું પાણી માતા આગળ ધરીને પાયું. તે વખતે સઘળા બ્રાહ્મણ અને ભકતોએ "અંબે માતકી જે!" "જય મહાકાળી!" "જયદેવી ભવાની"નો ઘોષ કીધો.

"મને લઇ જાઓ! મને ઉઠાવો! મને જવા દો! પિતાજી જલદી મને લઇ જાઓ, હું મોઇ!" આમ બોલી તે પાછી જમીનપર તૂટી પડી.

"હવે જલદી એને ઘેર લઇ ચાલો. ગંગા, તું એની જોડે રહેજે ને એને સમાલજે. કોઇ જલદી પાલખીવાળાને બોલાવો તો. જલદી કરો, કોઇ દોડો. અરે! કોણ જાણે એને શું થયું છે!!"

ગંગા આ બધું શું થાય છે તે સમજી શકી નહિ; પણ તેણે કમળાનું મન ભ્રમિત થયેલું ધાર્યું. તેણે માત્ર એટલું જ ઇચ્છયું કે, હવે જેમ જલદી ઘેર જવાય તેમ સારું. તે પાછી કમળાની પાસે બેઠી. એટલામાં પાલખી આવી ને તેમાં કમળાને સૂવાડી. સૌ ધીમે ધીમે એક સરઘસના આકારમાં મોન ધારણ કરી પાલખી સાથે ચાલતાં થયાં. બ્રાહ્મણો, પોતાને દક્ષણા ન મળી, તેથી ઘણા ઉદાસ થઇ ગયા.

ગંગા, કમળાની સાથે જ પાલખીની જોડે ચાલતી હતી. વેણી પણ પછાડી ધીમે ધીમે ચાલતી હતી. મદન ઉંઘી ગયો હતો ને તે અહમદના હાથમાં હતો.

રાત્રીના દશ વાગ્યા હતા. સુરત જેવા શહેરમાં એ વખતે તદ્દન અંધકાર જેવું હોય છે, તોપણ આ પ્રમાણેનો દેખાવ જોઇને ઘણા જણ બારીએ જોવાને આવ્યા ને આશ્ચર્ય પામતા, 'શું છે? શું છે? એમ પૂછવા લાગ્યા. ઘેર આગળ આવતા સુધીમાં "એ શું છે?" એ ત્રણ અક્ષર ત્રણસેં તરફથી પૂછાયા હતા. ઘેર આવી પહોંચ્યા તો સઘળાં જાગતાં હોવાથી ને શેઠાણી પણ જાગતાં હોવાથી, "આ વળી શું છે?" એમ જાણી બારી આગળ આવી જોવા ઉભાં. પણ જ્યારે સૌ આવીને તેના જ બારણા આગળ ઉભાં, ત્યારે તો તે બહુ ગભરાઇ. તે નીચે ઉતરીને જોવા આવી.

"સાસુજી! કમળા બહેનને કંઇ અણુચિતવ્યું દેવાલયમાં જ થઇ આવ્યું છે અને તેઓ બોલતાં નથી;" ગંગાએ બારણા આગળ એકદમ જઇને ટુંકામાં જણાવ્યું..

"હાય હાય રે મારી દીકરીને શું થયું? અરે બહેન! તને શું થયું? તું કેમ બોલતી નથી?" એમ બોલતાં કમળાની પાલખી પાસે શેઠાણી આવ્યાં અને અંદર જોવાને માથું ખોસ્યું; પણ ભોગચોઘડીએ પાલખીના બારણા સાથે માથું અફળાયું, કે તે તો રાતી પીળી થઇ ગઇ.

"તમને કોણે કહ્યું હતું કે, તમે સૌને તેડી જાઓ?" ઘરધણિયાણી ગુસ્સાના આવેશમાં તોછડાઇથી મોહનચન્દ્ર સામું જોઇ બોલી. "મારું તો કોઇ માને જ નહિ. ભોગ છે મારા કે મારે નસીબે દુઃખ જ સરજેલું છે. કોણ જાણે આ દિકરીનું હવે શું થશે. એને શું થયું છે, એ કોઇ કહી મરશે?"

કોઇએ જવાબ દીધો નહિ. ગંગા તો સાસુજીનો ગુસ્સો જોઇને ખુણામાં ભરાઇને ઉભી; અને વેણીગવરી ઘરમાં ભરાઇ ગઇ. ક્ષણ પછી ગંગાએ આવીને પાલખીમાંથી કમળાને ઉઠાવી ને પોતાની જેઠાણી તુલજા તુરત નીચે આવી હતી, તેની સાથે ઉંચકીને માળપર લઇ જવા યત્ન

કીધો. પણ સૌંદર્ય સકુમાર એવી ગંગાથી તે કેટલો બોજો ઉચકાય તેટલામાં મોહનચન્દ્રે આવીને કમળાને ઉંચકી લીધી. તે અને બી માણુસો સાથે મળી તેને માળપર લઇ ગયા. શેઠાણી તો બડબડતી રહી ને તે પાછળ આવે, તેટલામાં તો ગંગાના શયનગૃહમાં કમળ લઇ જઇને એક કોચ ઉપર સૂવાડી. ગંગાના ઓરડામાં માત્ર તે બ કમળા શિવાય બીજું કોઇ હતું નહિ. દિવાનખાનામાં મોહનચન્દ્ર હત તેમનાં ધણિયાણી આવ્યાં કે, તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. આ પ્રમા પોતાને થતા અપમાનથી શેઠાણી તો ઘણા ક્રોધમાં આવી ગયાં.

આ ખરું છે કે, જ્યાં સુધી ગુસ્સે થયલા માણુસ સામા કોઇ હો નહિ ત્યાં સુધી તેનો ગુસ્સો પ્રકટ થતો નથી. પણ જેમ વધારે વખત ગુસ્સો રહે છે, તેમ તે વધારે ધુંધવાય છે, ને અંતે બહાર નીકળીને ધ શોરબકોર કરે છે. વડી શેઠાણીના સંબંધમાં પણ એમ જ બન્યું

## પ્રકરણ ૪ થું

### કમળાના ઉભરા

આ પ્રમાણે મોહનચન્દ્રના કુળનો ઇતિહાસ છે, કે જેમના વડવા ઓનાં નામ ઠેઠ દિલ્લી દરબાર સુધી નોંધાયાં છે. શાહના કુટુંબીઓએ એ પછીથી મોટો વેપાર કીધો ને રાજ્યનો પણ પૂરતો વિશ્વાસ હોવા તેઓ પોતાના વેપારમાં ઘણા વધ્યા. અંગ્રેજ સરકારમાં સારી આ પડી ને સૌ પ્રકારના વિશ્વાસપાત્ર હોવાથી પૈસો પણ પુષ્કળ થ હતો. તેમની ૧૫ મી પેઢીએ હાલના મોહનચંદ્રનો જન્મ થયો છે. ડોસાને ત્રણ દીકરા ને બે દીકરી, જેમાંની એક વિધવા છે. ડોસો, બા દાદા જે થોડું ઘણું મેલી ગયા છે, તેમાંથી પોતાનો ગુજારો કરે છે પોતે આબરુ તો સારી મેળવેલી, પણ ઘરમાં ભાર્યા કલાંઠ હોવાથ ઘરની આબરુના કાંકરા થયા હતા. તે ધણીને દમવામાં ને ઘરની આબરુ કાઢવામાં સૌ વાણિયાની ન્યાતમાં પંકાયલી બૈરી હતી. પણ

તેમના ત્રણે દીકરા કુળદીપક હતા. મોટો દીકરો કેશવલાલ સરવે ખાતામાં પચાસની નોકરીએ હતો. વચલો આપણી નાયિકા ગંગાનો પતિ કિશોરલાલ કૉલેજમાં શીખતો હતો. સૌથી નાનો જે વેણીલાલ હતો, તે હજી સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. ત્રણેનાં લગ્ન થયાં હતાં. કમળા પણ ભણેલી ગણેલી તથા મર્યાદામાં એક્કો હતી. બાળપણમાં જ રંડાપો આવ્યો હતો, પણ માની કુખ લજવાય, તેવું એક પણ કુલક્ષણ તેનામાં ન હતું. તેની ઇચ્છા તો એવી ખરી કે, ફરી લગ્ન થાય તો ઠીક, પણ વડિલની આજ્ઞાની બહાર કંઇ પણ કર્મ કરવું એ તેને યોગ્ય લાગતું નહોતું. હૈયું ખોલી કોઇને વાત પણ કહેવાતી નહિ, ને કલાંઠ મા આગળ તો કંઇ બોલવા જાય તો કરડી ખાય; માટે સુખે દુઃખે દહાડા કાઢતી હતી. તે સંપૂર્ણ કેળવાયલી હતી તથા ઉત્તમ પ્રતિના હિંદુ સ્ત્રીના ધર્મ જાણતી હતી, એટલે સાહસ કરવાનો તો વિચાર જ શાનો કરે? ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે, નસીબને ફેરવવા કોઇ સમર્થ નથી. કાળ પોતાનું કામ કરશે, એમ બોલી તે મનને શાંત પાડતી હતી; તો પણ સૌ તરુણીઓનાં સુખો જોઇને તે રોજ રોજ નીસાસા નાંખતી હતી.

અંબા ભવાનીના દેવળમાં તેને જે મૂર્છા આવી હતી, તેનું ખરેખરું કારણ આપરથી વાંચનાર શોધી શકશે, કે જુવાનીના જુસ્સા શિવાય બીજું કંઇ કારણ નહતું. તરુણ સ્ત્રીઓને વિધવાવસ્થા પ્રાપ્ત થાય છે, એટલે તેઓ માણસમાંથી નીકળી જાય છે. પણ કુદરતની લાગણીઓ કંઇ તેમને ઓછી હોતી નથી. તેમાં તેઓ જ્યારે એકાંતવાસ—જોગણ જેવી અવસ્થામાં હોય છે, ત્યારે તે દુઃખ વધારે લાગે છે. જેમ જેમ તેઓ પોતાનો સ્વભાવ દાબવાને યત્ન કરે છે, તેમ તેમ તે વધારે બહાર નીકળે છે ને તેમાં વખતે મૂર્છા, વખતે સનેપાત, વખતે ગાંડાપણું ને વખતે ભૂત પણ વળગે છે! કમળાને મૂર્છા આવી, તે તેના જુસ્સાનું એકદમ ચઢી આવવુંજ હતું.

વાંચનારે આ પ્રકરણ શરુ કર્યો પહેલાં ત્રીજા પ્રકરણ તરફ નજર કરવી જોઇયે. મોહનચંદ્રની દીકરી કમળા મૂર્છાવસ્થામાં પડેલી છે અને તેમનું દીવાનખાનું મધરાત થઇ હતી, તથાપિ ગાજી રહ્યું હતું. મોહનચંદ્રની સ્ત્રી લલિતા આ વેળાએ પૂરતા ગુસ્સામાં ગંગાના શયનગૃહમાં જઇને ઉભી રહી હતી ને આ ગેબની ગોળી કેમ આવી, તે માટે બડબડાટ ને ફડફડાટ કરતી, જાણે કૂદતી હોય તેમ ધમપછાડો મારતી હતી. કોઇયે તેના સામું સરખુંએ જોયું નહિ ને કમળાની આસનાવાસના કરવાને કોઇ પાસે ઉભું રહ્યું નહિ. એ ધીમે ધીમે કમળાની સોડમાં જઇને બેઠી. તેના માથાપર હાથ ફેરવ્યો તો કપાળ ધીકી જતું હતું, મોંમાંથી શ્વાસ પુષ્કળ નીકળતો હતો અને છાતી અતિશય ધબકતી હતી.

જરાવાર પાસે બેસીને મોંઢે માથે હાથ ફેરવ્યા પછી શેઠાણી બોલી ઉઠ્યાં: "બહેન કમળી, દીકરા જરા બોલની! તને શું થયું છે?" ઉં ઉં શિવાય બીજો કંઇ પ્રતિઉત્તર મળ્યો નહિ. બે ત્રણવાર બોલાવ્યા છતાં તે જરાપણ બોલી નહિ અને શેઠાણી પાસે બીજું કોઇ આવ્યું નહિ, તેથી ઘણા ગુસ્સામાં તે બૂમ મારી ઉઠી: "ગંગા, વેણીગવરી, અરે કોઇ મુવું છે કે નહિ? કોઇ રાંડ જવાબ જ દેતી નથી. આ તે શે જુલમ!" તુરત ગંગા ને તેની પછાડી વેણીગવરી ધ્રુજતાં ધ્રુજતાં આ૦

"સાસુજી, શું કહો છો?" ગંગાએ ઘણી નમ્રતાથી પૂછ્યું. આને સીધો ઉત્તર દેવાને બદલે સાસુજી તો આડાં ફાટયાં.

"તમારું સત્યાનાશ જાય, રાંડ વંત્રીઓ! તમે કોઇ કંઇ કહેશો કે, આ મારી દીકરીને શું થયું છે?" સાસુજીએ એકદમ પોતાનો ગરમ સ્વભાવ બતાવતાં કહ્યું; અને જરાક વાર અબોલા લીધા પછી બોલ્યાં; "આ દીકરી નક્કી મરી જવાની, મારી સંપૂર્ણ ખાત્રી છે. એને દાનપુણ્ય કરાવવું હોય તો કરાવો. જા તારા સસરાને કહે કે કંઇ હોય તે લાવે."

જુના ઘેલા વિચારને આધીન રહેનારી ડોસીએ ગરીબડી દીકરીને મોતને કાંઠે આવેલી ધારી. હિંદુઓના રિવાજ પ્રમાણે દાનપુણ્ય અપા-

વવાની ગોઠવણો કરવાના વેશ માંડ્યા. મોહનચન્દ્ર તરત દીવાનખાનામાંથી ઓરડામાં આવ્યા ને કહ્યું કે "ડાકતરને બોલાવ્યો છે તે હમણાં આવશે. કમળીને કંઇ થયું નથી, માત્ર વાઇ થઇ આવી છે." એમ જ્યાં ડોસા બોલ્યા કે, હવે આ કર્કશાએ પોતાનો ઉભરો ખૂબ ગુસ્સાથી કાઢ્યોઃ—

"તમારી તો હવે દહાડે દહાડે અક્કલ ગઇ છે. તમને કંઇ ભાન બળ્યું છે કે, આ દીકરીને શું થયું છે? વાઇ ને બાઇ કેવી? આ સાસ તો ધોકારે ચાલ્યો જાય છે, ને પાંસળીઓ ઉચકાય છે, એ તે વાઈ કે? પણ તમને કહ્યું કોણે હતું કે, તમારી માતાએ મારી સાત લાડની દીકરીને લઇ જજો? તમને કોણે ડાહ્યલા કીધા હતા? મારી દીકરીને કંઈ પણ થયું તો પેલી રાંડનો ટોટો પીસી નાંખીશ. આજ સવારની મારી સાથ લડી છે, તેમાં કંઈ કંઈ ગાળો દીધી છે. આ બે કૃતાંતકાળ જેવી આવીને ઉભી છે, પણ કોઇ જરા સંભાળ પણ લે છે? અને તમને તો હું અકારી ઝેર જેવી લાગું છું ને વહુઓનો ચાટલો જોવો ગમે છે. આતોમાં તમારો ફિટકારો થાય છે. મારાથી મોં કાઢીને બોલાતું યે નથી. મુઈ હું, જુવાનજોધ વહુઓ સાથે વાત કરતાં જરા લજવાતાએ નથી. ઘરડા થાઓ છો, તેમ અક્કલ પણ જાય છે કે શું?" આ સઘળાં મહેણાંતોણાં તેણે એવાં તો કઠોર અવાજે માર્યાં કે, તુળજાગવરી, જેની સાથે આગલે દિવસે લડાલડી થઇ હતી, તે સાસુજીની સામા લડવાને નહિ, પણ પોતાપર જૂઠા જૂઠા આરોપ મૂકાયા હતા, તેનો બચાવ કરવાને વેહેલી વેહેલી દોડી આવી. મોહનચંદ્ર ઘણા ગભરાયા તો હતા, કેમકે તે પોતાની ધણીઆણીના પાજી સ્વભાવથી સારી રીતે વાકેફ હતા અને તેઓ સારી રીતે જાણતા હતા કે, આ પાજી સ્વભાવની બૈરાંથી તેના ઘરની આબરુના કાંકરા થાય છે, પણ જો તેઓ વધારે બોલવા જાય તો એક પાસથી લડાઇ બંધ પડવાની આશા હતી, તે બિલકુલ મટી જાય.

તુળજાગવરી જોસભેર બારણા લગણ આવી, એટલે ગંગાએ તેને અટકાવી ને અંદર પેસવા દીધી નહિ; પણ તે તેનું મોં બંધ કરી શકી

નહિ. બારણા નજીકથી જ તે બોલી ઉઠી કે, "જો તમે મારું નામ લીધું તો તમારી વાત તમે જાણી. મેં શું તમારી દીકરીનું અહિત ઇચ્છયું ? આ તમારી મેળે તમે મારાં પાપ ધુવો છો, તેનો પરમેશ્વરને ત્યાં તમારે જવાબ દેવો પડશે."

ગંગાએ તેનું મોં પકડીને તેને બોલતી અટકાવી, અને લલિતા સાસુજી પોતાનો રહેલો સહેલો સપારો હમણાં બતાવતે, પણ એટલામાં ડાકતર હાહેબ પધાર્યા; ને આ મોટા ઝગડાનો અંત ક્ષણમાં આવી ગયો.

ડાકતરે આવતાં સાથ કમળાની નાડ તપાસી તો મગજપર લોહીના ચઢવા શિવાય બીજું કંઇ માલમ પડયું નહિ, તુરત ઔષધ આપ્યું ને કમળાની તબીયતમાં તુરતાતુરત ફેર જણાયો. અડધો કલાક બેસીને ડાકતર પાછા ગયા. પા પા કલાકે પીવાનું ઔષધ આપવાનું હતું તે આપ્યું, જેથી એક કલાકમાં કમળાને શુદ્ધિ આવી. તે પાસું બદલીને આંખ ઉઘાડીને જોવા લાગી ને દૂરથી ગંગાને ઉભેલી જોઇ, એટલે તેને બોલાવી.

"ગંગા ભાભી, પાસે આવો."

"દીકરા શું કહે છે, હું તારી પાસે બેઠી છું." કમળાની માએ કહ્યું.

"માજી તમારું મને કામ નથી. ભાભી આવે ને જરા માથે ધુપેલ ઘસે તો માથું દુખતું મટે. આજે માથું ઘણું ભારે થયું છે." કમળાએ ઝીણે સાદે કહ્યું.

"ભાભીનું એમાં શું કામ છે, લાવની હમણાં તારું માથું ઉતારી નાંખું." એમ કહેતી ઓરડા બહાર ધુપેલ લેવા જવાને ઉઠી.

"ના ના માજી, તમારે શું કામ મહેનત કરવી જોઇએ ? ભાભી મને ધીમે ધીમે ધુપેલ ઘસશે એટલે બસ થશે; તમે હવે જઇને સુઇ જાઓ. મને સારું છે. મને શું થયું હતું, તે પણ ભાભી કહેશે. બાપાજી હજી તમે પણ શું કામ જાગો છો ? મા, તું પણ જા હવે."

આ શબ્દો વજ્રબાણ જેવા લલિતાને લાગ્યા. તેણે મનમાં પોતાની દીકરીને હજારો ગાળો દીધી, પણ તે હમણાંજ સારી થઇ છે, તેથી કંઇપણ

બોલ્યા ચાલ્યા વગર પોતાના સુવાના ઓરડામાં ગઇ. મોહનચંદ્ર પણ પોતાના શયનગૃહમાં જઇને પોઢી ગયા. ગંગાના ઓરડામાં ગંગા ને કમળા જ માત્ર રહ્યાં. તુળજાગવરી ને વેણીગવરી જરાક કમળાની મૂર્છા વળી ત્યારનાં જ બીજા ઓરડામાં ગયાં હતાં.

કમળાને માથે ગંગાએ ધુપેલ ઘસ્યું ને તેથી માથું ઘણે દરજ્જે ઉતરી ગયું. તેને નીરાંત વળી, પણ ઉંઘ આવી નહિ. ગંગાને પણ ઊંઘ આવી નહિ. કડીંગ કડીંગ કરતા ત્રણ વાગ્યા ને ગંગાને વિચાર થઈ આવ્યો. આજે એપ્રીલની વીસમી તારીખ હતી ને મુંબઇની એલ્ફીન્સ્ટન્ કોલેજમાં રજા પડવાથી તેનો પતિ કિશોરલાલ ઘેર આવવાનો હતો. આ વેળાએ તે ઘણી હર્ષાતુર હતી, કેમ કે ત્રણ ત્રણ વાર રજા પડી, પણ કિશોરલાલ આવી શકયો નહોતો. સુરતના સ્ટેશનપર પાંચ કલાકે ગાડી આવતી હતી. હવે માત્ર બે કલાક બાકી હતા. પણ પ્રિયતમ પ્રિયાને મળવાને માટે આ લાંબો વખત હતો. ગંગા હર્ષાતુર હતી, પણ ઘેલી થઇ નહોતી. પહેલાં પોતાની નણંદ કમળાની આગતાસ્વાગતા કરવામાં તે સારી રીતે રોકાઈ. કમળાને નીરાંત વળ્યા પછી તેણે ઉંઘવાને કહ્યું, પણ બેભાન અવસ્થાને લીધે તેને ઉંઘ આવી નહિ.

"ગંગા ભાભી, મને શું થયું હતું વારુ?"

"મોટી બહેન, સાસુજીએ તો તમારી આશા પણ છોડાવી હતી. મને લાગે છે કે, વાઇ થઇ આવી હશે. પણ ડાકતર હમણાં આવી ગયા તે કહેતા હતા કે લોહીનો ઉભરો હતો. પણ મોટી બહેન, તમને શું થાય છે તે મને જણાવશો? આજ કેટલા દિવસ થયા હું તમને એકાંતમાં કલાકના કલાક સુધી વિચારમાં ને વિચારમાં ગુંથાયલાં જોઉં છું. વખતે તમને પૂછીએ કંઇ ને ઉત્તર કંઇ દો છો. તમારી સાહેલીઓ સાથે પણ તમે મન મૂકીને વાત કરતાં નથી, ને મને પણ તમારા મનમાં શું છે, તે જણાવતાં નથી. જણાવ્યા વિના દુઃખ ઓછું કેમ થાય?"

"ભાભી! મારી ભાભી, મને ઘણું દુઃખ છે!" એકદમ પથા-

રીમાંથી ઉઠી ગંગાને ગળે વળગી પડી. ડુસકાં ખાતાં ખાતાં કમળાએ કહ્યું, "તમે જાણો છો, તમને ખબર છે, મારું દુઃખ કોઇ પણ રીતે ઓછું થાય તેમ નથી, એટલે કહીને શું કરું? મારો અવતાર બળ્યો! મારું જીવતર બળ્યું! હું જીવતી જ મુઈ છું! હવે તમે મને શું કહો છો ને શું પૂછો છો?"

આ સાંભળતાં ગંગા દંગ થઈ ગઈ. કમળાએ જોસભેર ડસકાં ખાવા માંડ્યાં ને ગંગા ઘણી ગભરાઇ ગઇ. આટલા બધા શબ્દોમાંથી એક પણ શબ્દ તે સમજી શકી નહિ.

"મોટી બહેન," ગંગાએ ફરીથી પૂછ્યું; "તમારું દુઃખ પારખવાની મારામાં જરા પણ શક્તિ હોત તો હું તમને પૂછત પણ ખરી? તમે ખુલાસાથી મને જણાવો. આજે તમારા ભાઇ આવનાર છે, તેમને સઘળી હકીકત કહીશ ને જો બનશે તો તેઓ તમને મદદ કરશે."

"હવે એ વાત જ જવા દો," કમળાએ ગભરાતાં ગભરાતાં તૂટક તૂટક શબ્દોમાં કહ્યું. "એ વાતમાં માલ બળ્યો નથી. તમારાથી તો શું, પણ તમારા દેવથી પણ મારું દુઃખ દૂર થનાર નથી, તો પછી બીજાની તો વાત જ શી? આ મારા જેવીનો અવતાર કશાએ કામનો નથી. તેમાં વળી મા એવી મળી છે કે, જાણે મારા પૂર્વ જન્મની વેરણ! મને વિધવિધનાં વેણ કહે છે તે જો આ વાત સાંભળે તો ખરેખર મને જીવતી જવા દે કે?"

ગંગા હવે બધું સમજી ગઈ. કમળા વિધવાવસ્થામાં હતી, ને તે જ તેને મોટું દુઃખ હતું. હમણાં તેની પૂરતી જુવાની હતી, ને "જુવાની તે દીવાની" એ સંબંધમાં જોતાં કમળાને ઘણું દુઃખ લાગે, તેમાં આશ્ચર્ય જેવું થોડું જ હતું. થોડીવાર પડી રહ્યા પછી કમળાએ કહ્યું:—

"ભાભી, આ વાત કોઇને જણાવતાં નહિ. મેં મારું શિયળ સાચવવામાં કંઇપણ ઉણું નહિ પાડવું, એવો નિશ્ચય કીધો છે. જ્યાં આપણો ઇલાજ નહિ ને દૂર ન થાય તેવું દુઃખ હોય તેના સામા પોકાર ઉઠાવ-

વાથી શું ફળ થનાર છે? મારી માની જિદ્દને વળગીને બાપાજીએ મારાં સાતમે વર્ષે લગ્ન કીધાં; અને હજી તો સપ્તપદી પણ થઇ નહોતી; તેટલામાં મારો પતિ દેવલોક થયો. પિતાજીને સૌએ ઘણાએ સમજાવ્યા કે, આ અડધું લગ્ન ફરીથી થઇ શકે તેમ છે, પણ પોતાની આબરુના રક્ષણ માટે, પોતાની લાડકવાઇ દીકરીને ભોગમાં આપી છે. હશે, જેવી ઇશ્વરેચ્છા! પણ એનો ઇલાજ નહિ થાય શું? પણ એ દુઃખ કરતાં મને માજી જે ભાંડે છે, તેથી મારો છૂટકો કરે તો ઘણું સારું. તમારાપર પણ માજી ક્યાં ઓછું રાખે છે!"

"હશે બહેન," ગંગાએ વાત અટકાવવા માટે વચોવચથી કહ્યું; "સાસુજીનો સ્વભાવ પડ્યો. હોય, તે વડીલ છે. તે ચાહે તે બોલે. એ કહે છે ને હું સાંભળું છું. એ તો ઘરડાંના એવા સ્વભાવ હોય, તેમાં આપણાથી શું થાય? તમારે આવી બાબતમાં ઝાઝી કાળજી રાખવી નહિ ને ઇશ્વરભજન કરી, જેમ ઇશ્વરેચ્છા હોય તેમ વર્તવું."

"પણ ભાભી, એ તમારાથી સહન થાય, મારાથી તો નહિ થાય. ગઇ કાલે તુળજાભાભી સાથે લડ્યાં, તેનું કંઇ કારણ હતું વારુ? મદન રડતો હતો, ને ભાભી કામમાં હતાં, તેમાં ગાળે ગાળે ધોઇ નાંખ્યાં. એ તે કુલીન ઘરની રીત? જ્યારે માજી ગુસ્સે થાય છે ત્યારે આખો મોહલ્લો જાણે છે, પણ સારે નસીબે આપણા ઘરમાં ત્રણે વહુઓ છે તે સારાં કુળની છે ને તેથી ઘરની આબરુ રહે છે અને તેમાં તમે—"

"ચાલો હવે સવાર થવા આવી, તમે ઉંઘી જાઓ. હું હેઠળ જઇને પ્રાતઃકાળનું કામ કરી લઉં. હમણાં તમારા ભાઇ આવી પહોંચશે."

પોતાની સ્તુતિ નહિ સાંભળવા અને ઘરનો ધંધો આટોપી લેવાને માટે ગંગાએ વચોવચથી વાત અટકાવી. તે ઓરડામાંથી તરત ચાલી ગઇ. કમળાને ગંગાની આ અતિ ઉત્તમ રીતિ જોઇને તેનાપર બહુ વાહલ ઉપજ્યું. તે પોતાની માતાને ઓછી ચાહતી નહોતી, પણ તેના અવગુણ તે સારી રીતે જાણતી હતી. મા તરફ દીકરીનું વાહલ

હમેશાં વધારે હોય છે ને દીકરી તરફ માનું વાહલ પણ વધારે હોય છે. ગમે તેવા અવગુણ માબાપના હોય, તે ભૂલી જવામાં આવે છે; પરંતુ લલિતા શેઠાણી દુનિયાની ઉતાર હતી. તે દીકરી ને વહુ સૌને એકી લાકડીએ હાંકતી હતી, તેનો મૂળનો સ્વભાવ જ બળિયલ હતો. તે કોઇનું સારું તો જોઇ શકતી જ નહિ. મોહનચંદ્રના ઘરમાં ત્રણ વહુ, બે દીકરી તથા ત્રણ દીકરાઓ ને મોહનચંદ્ર એ સૌને સારો બનાવ હતો, પણ એકલાં શેઠાણી જ સૌથી ન્યારા પંથનાં હતાં. ઘણીવાર તો તેમને કોઇ કોઠું જ આપતું નહિ. તેટલું છતાં પણ શેઠાણી મહિનામાં ત્રણ દિવસ રીસાઇને એકાદશી શિવાય બીજા ત્રણ ચાર નકોરડા ખેંચી કાઢતાં હતાં. ત્રણ ચાર વાર જૂદે ચૂલે રાંધી જમતાં ને ઘંટી ટંકારો તો ઘરમાં રોજનો જારી જ હતો.

સારે નસીબે એ શેઠાણી શિવાય ઘરનાં સૌ સભ્ય, ગૃહસ્થ કુટુંબને યોગ્ય હતાં. ત્રણે વહુવારુઓ ભણેલા ગણેલી હતી; પણ મોટી વહુમાં આળસ વિશેષ હતું. નાની વહુ હજી બાળવયમાં હતી, એટલે થોડા દિવસ સાસરે રહેતી હતી. ગંગા અતિ કુલીન માબાપની એકની એક લાડકવાઇ, પણ સર્વ ગુણથી સંપૂર્ણ હતી. તે ઘરસંસાર કેમ ચલાવવો વડીલોનાં મન કેમ હરણ કરવાં, એ સારી રીતે જાણતી હતી. પોતાના ભણતર ગણતર સાથે તે પોતાના કામમાં સર્વ રીતે કુશળ રહેતી, નવરાં બેસી વાતોના તડાકા મારવા તેને પસંદ નહિ હતા. યુરોપિયન બાઇના હાથ નીચે કેળવાયલી છતાં છાલકાઇ કે મદનો જરાપણ અંશ હતો નહિ. હમેશાં જ નાનપણથી તે ધીમે સ્વરે બોલતી; વડીલોની મર્યાદા સંપૂર્ણ રાખતી; અવકાશ મળ્યો કે અભ્યાસપર મંડતી ને નવીન નવીન અંગ્રેજી પુસ્તકો વાંચી કમળા, તુળજા, વેણીગવરી વગેરેને સંભળાવી રંજિત કરતી; તે સાથે તેમને થોડું થોડું શીખવતી. તે ઘણી સ્વચ્છ રહેતી. ઘરના એક ભાગમાં એનો ખાનગી ઓરડો હતો, ને તેમાં જો કે ભભકાવાળો સામાન થોડો જ હતો, તથાપિ તે

કોઇને પણ જોવાથી સંતોષ ઉત્પન્ન કરે તેવો હતો. તેના પહેરવાના અલંકાર ઘણા સાદા હતા. તેનું બિછાનું સાદું છતાં નિર્મળ હતું. બિછાનું, ચાદર, મચ્છરદાની એ વગેરે ઓરડામાંનો સઘળો સામાન સ્વચ્છ ને ઝગઝગતો સાફ રહેતો હતો. જલપાત્ર, ટેબલ, ખુરસી, કબાટ, પુસ્તકો, આરસો, કાંસકી ને ધુપેલનો પ્યાલો પણ એવો સાફ રહેતો કે, ઓરડામાં જતાં એક વાર ઘણો આનંદ થતો હતો.

પણ ગંગાની કેળવણીના આ ગુણો, તે બિચારીની નિંદાના કારણરૂપ થઇ પડ્યા હતા, ને પેલાં સદા વકરાયલાં સાસુજી એ જ માટે એને "મઢમ સાહેબ" "જંગલી" વગેરે ઉપનામે બોલાવી ભાંડતાં હતાં. તેમાં વળી વધારે કારણ જેવું એ હતું કે, તે સારા પૈસાદાર માબાપની દીકરી હતી. પૈસાદારની દીકરી પોતાના દીકરાવેરે લાવવાની દરેક હિંદુ માબાપને હોંસ હોય છે, પણ તે લાવ્યા પછી બિચારી રાંકડી વહુને બહુ પજવવામાં આવે છે. "અમે કંઇ તારા માબાપનાં ઓશિયાળાં છીએ ?" "તે કંઇ અમારે ઘેર અનાજ પાણી નંખાવે છે ?" "લખાપતિની દીકરી આવી છે તે સાહેબી કરશે," "બેગમ સાહેબ છે, તે રાજ ચલાવશે,' "ઉમરાવજાદી" ને "ધનપાળશાહ ગોડીની દીકરી" એવાં વાક્યો હરકે ને ટરકે કહીને શ્રીમંત ઘરની દીકરીને સાસુઓ પજવે છે. ભણેલી ગણેલી વહુ હોય છે તો સાસુ કહેશે કે "એ તો જંગલણ થશે," "એ તો નોકરી કરવા જશે," વગેરે મેહેણાં ટોંણાથી અડોસીપડોસીમાં નિંદા કરશે એટલું જ નહિ, પણ પોતાના વહાલામાં વહાલા–વખતે એકના એક દીકરાને પણ ન ઘટે તેવા શબ્દોથી વધાવી લેશે ! આ હિંદુ ઘરમાં બનતા સાધારણ બનાવ છે. ગંગાની સાસુ આવી જગદ્વિખ્યાત વાતથી ગંગાને હરકે ટરકે ભાંડે નહિ તો પછી થઇ જ ચૂકયું. વાતમાં ને વાતમાં તેના પૈસાને, તેના ભણ્યાગણ્યાને ને તેની સ્વચ્છતાને તે વગોવતી હતી.

ગંગા એ માટે એક પણ શબ્દ ઉંચે કે નીચે સ્વરે કદી બોલી નથી. બોલવાની કદી ઇચ્છાએ કરી નથી. તેણે નથી એ વાત

કદી પોતાના પતિને પત્રથી લખી કે જાતે કહી. તેના બાપની દોલતનો કેટલોક ભાગ તેને જ મળનાર હતો, પણ તે પૈસાના મદે કરી છલકાઇ નથી. તે આખા ઘરમાં તો શું, પણ આખા સુરતમાં એક અમોલ નમૂનો હતી. તેના ઘરની, તેના જ્ઞાનની ને તેની સ્વચ્છતાની વાત આખી નાગર વાણિયાની ન્યાતમાં ચાલી રહી હતી. આડોસીપાડોસીઓ તેનાં વખાણ કરતાં એટલું જ નહિ, પણ તેનાથી ઘણું શીખતાં હતાં. ગંગા નાજુક છતાં પણ કોઇનુંએ કામ કરવાને ના પાડતા નહિ.

પ્રાતઃકાળમાં તે હંમેશાં પાંચ વાગતાં ઉઠતી, પણ આજે તે સૂતી જ નહોતી, તેથી વહેલી ઉઠી ને ઘરનો સઘળો ધંધો આટોપી લીધો હતો. એટલામાં કિશોરલાલ આવી પહોંચ્યો. અન્યોન્ય દંપતીએ એકેક તરફ બારણામાં પેસતાં જ પ્રીતિનું નેણ ફેંકી પ્રેમભાવ બતાવ્યો. ઘરમાં પેસતાં જ કમળા બહેનની તબીયત બગડવાના સમચાર જાણી તે જ્યાં સૂતી હતી ત્યાં કિશોરલાલ ગયો.

## પ્રકરણ ૫ મું

### ઉમરાવજાદાની દીકરી

વૈશાખ મહિનાની રાત્રિ ઘણી ટુંકી હોય છે. પરોઢિયાના પાંચ વાગતાંમાં જોઇયે તેટલું અજવાળુ થાય છે. કિશોર, કમળા જ્યાં સૂતી હતી, તે ઓરડામાં ગયો ત્યારે પરોઢિયું થઇ ચૂકયું હતું. ઓરડામાં જતાં તેને માલમ પડયું કે, બહેન તદ્દન નિદ્રાવશ છે, તેથી તે બીજી બાજુએ ખુરસી લઇને બેઠા. પાંચેક મિનિટ થઇ નહિ તેટલામાં શેઠાણી ઓરડામાં આવ્યાં ને કિશોરને એકલો વિચારમાં બેઠેલો જોયો, એટલે તેમનું પાકી આવ્યું. પોતાના ખાનગી ઓરડામાં એક દીકરાને બેઠેલો જોવાને એક હિંદુ માતા રાજી થઇ નહિ. તે તેના મનથી ઘણું અમર્યાદિત લાગ્યું. હિંદુ માતાઓ પોતાના દીકરાને પરણાવતી વખતે જે

ઉમંગથી દીકરા વહુ તરફ પ્રીતિ બતાવે છે, તે ઉમંગ ને પ્રીતિ પછાડીથી રહેતી નથી. દીકરો ને વહુ એકેક તરફ સારા પ્રેમથી વર્તે તો સાસુજીના પેટમાં કોયલી પડે. મા કરતાં વહુનો એક શબ્દ વધારે સાંભળે ને અજાણતાં મા તરફ વિવેકથી બોલાયું નહિ તો દીકરાની છાબડી, વહુ સાથે કલ્પી નાંખવાને મા ચૂકે નહિ. દીકરો વહુ પોતાના ઓરડામાં બેસી એકાંતમાં વાતો કરે તો "વહુને મુવો વશ થયો," "રાંડે કંઇ મારા લાડવાયા દીકરાને કરી મૂક્યું," એવા અપવાદને પામે. ભાગ ચોઘડીયે કંઇ સારા વસ્ત્રાલંકાર તે પોતાની પત્ની માટે લાવ્યો તો પછી ઘરમાં રણસંગ્રામ નહિ મચે તો ખરે તે હિંદુ કુટુંબ જ નહિ કહેવાય!! દરેક હિંદુ સ્ત્રી સાસુ તરીકે સિક્કો બેસાડવાને એટલી બધી તો આતુર હોય છે કે, વહુના હાથથી જમવાને નારાજ હોય છે; એટલું જ નહિ પણ વહુને રાંધવાના કામમાં જ્યાં સૂધી પોતાના હાથ પગ ચાલે ત્યાં સૂધી મદદ પણ કરવા દેશે નહિ. તે સાફ નિર્લજ્જપણે કહેશે કે "વહુને ફૂલો દેખાડિયે, ચૂલો ના દેખાડિયે." આવા જ્યાં રંગ હોય ત્યાં પછી સાસુની વહુ તરફ કે વહુની સાસુ તરફ અગાધ પ્રીતિ કેમ બંધાય? ને સાથે દમ્પતીમાં પ્રેમ કેમ વહે? અને સાંગોપાંગ ઘરસંસાર કેમ ચાલે?

મોહનચંદ્રનાં ધણીયાણી, દીકરાવહુ વચ્ચે પ્રીતિ થાય, તેવું જોવાને કદી રાજી હોય, એ માનવા યોગ્ય નથી. જો કે તે પોતાની દીકરીને ધણીપર સિક્કો બજાવતાં શીખવવામાં પક્કાં ઉસ્તાદ છે. તેમની દીકરી ને દીકરામાટેની તાલીમ જૂદી જ છે. પણ સારાં ભાગ્યે તેમના જેવા ગૃહસ્થાઇથી વિરુદ્ધ તેમનાં દીકરી ને દીકરાના વિચાર હતા નહિ. તેઓ મોઢે હા કહ્યાં કરે, પણ કામ તો પોતાને મનમાન્યું જ કરતાં. કિશોર તેના ઓરડામાં એકલો બેઠેલો ને તે પણ વળી વિચારમાં, શેઠાણીએ જોયો એટલે તેણે જાણ્યું કે તે ગંગાને અહિયાં મળવાને બેઠો છે. ત્રણ વરસે આજે કિશોર ઘેર આવ્યો છે, ત્યારે કદી તે ગુણવંતી ગંગાને મળવાને આતુર હોય તો તેને તક આપવી જોઇયે, પરંતુ હમણાં કિશો-

રના મનમાં કે ગંગાના મનમાં એવો વિચાર હતો જ નહિ. કિશોર માત્ર એટલો જ વિચાર કરતો હતો કે, કમળીની હવે પૂર જુવાની છે ને આ હાલની તેની દુઃખદ અવસ્થા માત્ર વિધવાપણાથી જ છે, માટે તેનો શો ઉપાય કરવો. પણ શેઠાણીએ તો તરેહવાર વિચાર કીધા. તેના મનમાં એવો વિચાર આવ્યો કે, 'જોઉં, મુવો એ રાંડને કેમ મળે છે.' ખરેખર જો શેઠાણીનું ચાલે તો હજી બીજાં ત્રણ વર્ષ કિશોરને ગંગાનો વિયોગ રહે તેમ કરવાને ચૂકે નહિ: કેમકે ગંગા સદ્‌ગુણી, કહ્યાગરી, હોશિયાર અને આખી ન્યાતમાં સારું માન પામેલી હતી. પણ સૌથી વધારે મોટું કારણ એ હતું કે, તે પૈસાદાર માબાપની દીકરી હતી ને તેથી જ સાસુજી તેને દુઃખ દેવાને રાજી હતાં.

પા, અડધો ને પોણો કલાક વીતી ગયો, પણ કિશોરે પોતાની વૃત્તિમાંથી મોઢું ફેરવ્યું નહિ ને શેઠાણી હાલ્યા ચાલ્યા વગર જ્યાંનાં ત્યાં ઉભાં રહ્યાં. અંતે શેઠાણી થાક્યાં, કેમકે છૂપાઇને એની જે જોવાની ધારણા હતી કે હમણાં ગંગા આવશે, ને બન્ને વાતચિતે વળગશે તે ખોટી પડી, તેથી કંટાળીને તે બોલી:—

"અલ્યા કિશોર, હવે ઓરડામાં જ ધલામ રહેવાનો કે?" ઘણી કઠોર કડવાસ ભરેલી વાણીએ તે બોલી, "વહુ વહુ ઝંખી રહ્યો છે, પણ માબાપને મળવાનું કંઈ ભાન છે? મને બોલાવી સરખી પણ નથી, ને પેલી નવાબ સાહેબની દીકરીને મળવા માટે—બહેનની ખબર લેવાને બહાને આવીને ભરાયો છે. પણ તે રાંડની પછાડી એટલો ઘેલો નહિ થા, તે તો નીકળી જવાની છે!! એ ઉમરાવજાદાની દીકરી માટે જે વાત ચાલે છે, તે મારાથી સંભળાતી નથી. તે થનથન નાચી રહી છે, તે કોઇ મુઆ જંગલા બાંગલા સાથે નીકળી જશે ત્યારે તું સમજશે. તું તો વહુ વહુ કરી રહ્યો છે, પણ તે તને જરાય પત પણ કરવાની છે કે? વાટ જોઇને બેઠો છે તે માટીનો ચાટલો જોવાને આવી કે! મુઆ બળિયેલ, વિચારમાં ગોથાં ખાજે. તે તો તારા માથાની છે. નથી

માને મળ્યો, નથી બાપને મળ્યો ને કલાકના કલાક થયા તારી સગલીને અહીં મળવા આવીને ભરાયો છે. તે આવી કે ?" આમ થોડા શબ્દોમાં પોતાનો ઉભરો સમાવી સારી પેઠે પ્રાતઃકાળની પુષ્પાંજલિ ત્રણ વરસે ઘેર આવેલા દીકરાપર શેઠાણીએ કીધી।

"માજી, બાપાજી ઉઠયા ?" જાણે પોતાની મા કંઇ બોલી જ નથી, તેવે ઠંડે સાદે કિશોરે સવાલ કીધો. "મેં ધાર્યું કે, પહેલાં કમળા બહેનને મળીને પછી પિતાજીને મળું. તમને તો હું કહીને આવ્યો છું. પિતાજી જાગ્યા હશે, ચાલો માજી દીવાનખાનામાં, હજી બહેનને જાગતાં વાર લાગશે."

"તારા બાપ તો ઉઠશે જ તો, હવે બાપને મળવાને તૈયાર થયો છે, આટલી વાર તે યાદ સરખા પણ નથી આવ્યા. અમારા જીવ કેટલા તલ્પી રહ્યા હતા, પણ અમે તે કંઇ હિસાબમાં છીએ ? હવે તો મરીએ તો જ છૂટકો થાય. આ દુઃખ તો નહિ ખમાય. વહુઓએ તો અમારા કહાર પાડી મૂકયા છે, પણ આ દીકરાઓ પણ તેવા થયા છે, એટલે પછી અમારા નસીબનો વાંક ! નથી મને કોઇ પૂછતું, નથી કોઈ ગાછતું. અમારા મૂઆ જીવતાંની પણ ખબર કોણ લે છે ? આટલી-બધી વાર કેઇ રાંડની મોકાણુ માંડવા બેઠો હતો ?" હજી પણ આપણા મોહનચંદ્રનાં ધણીયાણીનો ગુસ્સો નરમ પડ્યો ન હતો.

"માજી ! બહુ કૃપા થઇ, મેં શું ગુન્હો કીધો છે કે તમે સવારના પહોરમાં મને આમ કહો છો ?" ઘણી નમ્રતાથી, જાણ્યું કે હમણાં વધારે બોલવાથી પાછું વધારે સળગશે, એમ ધારી ધીમે સાદે કિશોરે જવાબ દીધો, "તમારા તરફ મારાથી કંઇ અઘટિત થયું હોય તો–"

"ચૂપ રહે મૂવા ભાંડ–" જો લાંબાં લાંબાં ભાષણો કરીને મને મુઓ સમજાવવા આવ્યો છે ! કરપા મુઆ તારી મને નથી જોઇતી ને તારાથી મારે પેટ પથ્થર પડ્યો હોત તો ભલો, પણ આ તારી પેલી બેગમ સાહેબ મને આટલાં આટલાં વાનાં કહે ને વિધવિધનાં મહેણાં મારે, તે

મારે સાંભળવાં! એ વહુએ મારું નામ ડૂબાવ્યું. એ ગવંડરની દીકરી છે તો એને ઘેર રહી, મારે ત્યાં નહિ પાલવે. મારા અવતારના થઈ ગયા છે. ન્યાત જાતમાં મારાથી મોં કાઢીને બોલાતું નથી, તે છતાં એ રાંડને એક શબ્દ કહેતો નથી ને મુઓ ગુન્હા ને બુન્હાની વાતો પૂછે છે!!! પૂછને તારી રાંડને, કે આજ બબ્બે મહિના થયા તે બંનેએ મારી સામા સંપ કરીને ઝગરણુ શા માટે માંડ્યાં છે? ને આ રાંડને (પોતાની દીકરીને) પણ શીખવીને મારી સામા કીધી છે. હવે તે હું કીયે મોઢે બોલું? જ્યાં પેટ પાક્યું ત્યાં પાટો ક્યાં બંધાય? અમે તો મરીએ તોએ ભલાં. આજકાલની રાંડો નહિ ઘટે તેવા શબ્દોથી સામા તડાતડ ઉત્તર આપે છે. હવે મારો તે અવતાર છે? બળ્યા અમારા અવતાર! રાંડ સદમ થઈને નીકળી જશે ને મુઆ તું પછી જોયા કરજે! જજે તેની પાછળ ઝખ મારતો! હત્ તારું સત્યાનાશ જાય મૂવા નિર્લજ્જ!" આટલું બોલતામાં તો શેઠાણીએ છેડો વાળવા માંડ્યો.

એ સઘળું એક નવું તૂત જ ઉભું કીધું હતું. ગંગાએ તો સાસરાના ઘરમાં પગ મૂક્યો, તે દહાડાથી ઊંચે કે નાચે સ્વરે એક શબ્દ પણ મોં બહાર કાઢ્યો નથી, તો પછી લડવાની તો વાત જ શી? પણ આમ ઉશ્કેરીને પોતાની વહુ સાથે દીકરાને લડાવવા, એક સાસુ જેટલા પ્રપંચ ને ઢોંગ કરે તેટલા ઢોંગ લલિતા શેઠાણીએ કરી ઘર ગાજવી મૂક્યું.

કમળા જાગી ઉઠી. તુળજા, વેણીગવરી ને છોકરાં પણ જાગી ઉઠ્યાં. મોહનચંદ્ર પડશાળમાં દાતણ કરતા હતા તે ચમકી ઉઠ્યા; ને જ્યાં શેઠાણીએ ઢોંગ મચાવ્યો હતો ત્યાં ઘરના ચાકર નફરો સાથે સૌ દોડી આવ્યાં. ગંગા પણ દોડી આવી. સૌને એમ લાગ્યું કે, કમળા બહેનને કાંઈ થઈ આવ્યું હશે. પણ ઓરડામાં પેસતાં જ કમળાને કોચપર તંદુરસ્ત હાલતમાં બેઠેલી જોઈ કે, આ શું છે, તે કોઈને પૂછવાનું કારણ રહ્યું નહિ. સૌ સમજી ગયાં કે, શેઠાણીએ કંઈ નવો ઢોંગ કીધો

છે. ગંગા સૌથી વધારે ગભરાઇ. તે કંઇ પોતાથી ગુન્હો થયો છે તેથી નહિ, તેનાથી કંઇ અણુઘટતું થયું છે તેથી નહિ, કંઇ ભૂલ કે અવિવેક માટે નહિ, પણ પોતાનો પ્રિયતમ હજુ હમણાં આવ્યો છે, રાતનો ઉજાગરો થયો છે, તેમાં પ્રારંભમાં જ આ ગડમથલ ચાલી, તેથી રખેને પ્રિય પતિને તેને માટે, તેની વર્તણુક કે મર્યાદા માટે શંકા આવે; રખેને તે એમ ધારે કે, તેનાં માતપિતાની મારાથી કંઇ અવગણના થઇ છે–તેથી તે ગભરાઇ.

મોહનચંદ્ર ઘણા ગુસ્સામાં દોડી આવ્યા. તેમનો મિજાજ રાતનો જ ગયો હતો, તેમાં સવારના પહોરમાં આ નવો મામલો જોઇને તે ઘણા ખીજવાઇ ગયા.

"વળી શી મોકાણ મંડાઇ છે કે સવારમાં આ રડારોળ કરી મૂકી છે;" ઘણા ખીજવાટ સાથે તેઓ બોલ્યા. "સવાર, સાંઝ, વખત કવખત આ ઘરમાં તકરાર ને લડાઇ! ઓ પરેસાન! તારું મોઢું બાળ, કે સૌને સુખ થાય. હજી તો હમણાં હું ઉઠયો છું, તેટલામાં આ તારા દાદાના નામની પોક મૂકતાં તને શરમ નથી લાગતી? જરા મોઢું ઢાંક, ને શરમા! રોજ રોજ સંતાપવુ હોય તો તારું કાળું કર, કે સૌને નીરાંત થાય." આ બધા શબ્દો મોહનચંદ્ર એટલા તો ગુસ્સામાં ઝડપથી કહ્યા કે સૌ સાથે શેઠાણી પણ ક્ષણભર સડક જ થઇ ગયાં. પણ તે કાંઇ એમ ગાંજ્યાં જાય તેવાં નહોતાં. ભલા ધનેત્તરને પૂરાં પડે તો પછી એમના શા ભાર?

"આ બધા દુશ્મનો સાથે તમે પણ મારો જીવ લેવાને તૈયાર થયા છો કે?" તેમણે દાંત કચકચાવીને કહ્યું. "શું હવે મારું કોઇ નથી જ કે? ગઇ રાતના જ તમે તાનમાં આવ્યા છો અને આ બધી કર્કશાઓને છકાવી દીધી છે, પણ એમ નહિ ચાલે, નહિ ચાલે. હું તમારું કે તમારાં વહુ દીકરાનું નહિ સાંભળું."

"ચુપ કમજાત! અભાગણી!" એકદમ તેને બોલતી અટકાવીને

મોહનચંદ્રે ડોળા ફેરવ્યા ને આ વખતે તેમનો ગુસ્સો એવો તો સખ્ત હતો કે, લલિતા શેઠાણીનો વાંસો, પાસે પડેલી લાકડી હાથમાં લેતા હતા તેથી એવડો કરત. પણ તરત કિશોરે ઉઠીને મોહનચંદ્રને શાંત કીધા ને બીજા ઓરડામાં તેમને તેડી ગયો. હવે શેઠાણી ખૂબ ઉછળ્યાં, ને ગાળો દેવામાં કશી કચાસ રાખી નહિ. પાછાં સૌ ઓરડામાં વિખરાઈ ગયાં; ને લગભગ અડધો કલાક સુધી તે એકલી બખારી, પછી થોડીવારે ઉઠીને દીવાનખાનામાં ગઇ.

મોહનચંદ્ર ઘણો દિલગીર થયો, પણ પોતાનો સુપુત્ર પાસે હતો તેથી તે કંઇક શાંત થયો. પડશાળમાં જઇને બંને જણાએ દાતણપાણી કીધાં. પાછા બન્ને કમળા પાસે આવ્યા, ને તે વેળા કમળાની આંખ તદ્દન ભીંજાઇ ગયેલી હતી. તે ડુસ્કે ડુસ્કે રડતી હતી. કિશોરે ઘણા આગ્રહથી તેને પૂછ્યું, પણ કેટલોક વખત તે કંઇ બોલી નહિ, પણ જ્યારે ઘણા સમ ખાધા ને આગ્રહ ધર્યો ત્યારે, કહીશ, એમ જણાવ્યું.

વેણીલાલ, કિશોર ને મોહનચંદ્ર એ જ ઓરડામાં તે પછી વાતો કરવા લાગ્યા. બીજાં સૌ પણ કમળા બહેનની ખબર લેવાને નિમિત્તે ત્યાં આવી બેઠાં હતાં. ત્યાં જ ચાહ લાવવાનું કહેવાથી ગંગાએ તૈયાર કીધી હતી તે લાવી. પ્યાલાં ને રકાબી મૂકયાં ને સાસુજીને બોલાવી લાવવા ગઇ. રોષ ઘણોએ હતો, પણ આગલે દિવસે રાતના વાળુ કીધું નહતું એટલે પેટમાં કકડીને લાગી હતી, તેથી ઉઠીને તેઓ આવ્યા. ઓરડામાં આવીને એક બાજુએ બેઠાં. તેમના ડોળા ખૂબ ઘુરકતા હતા. સઘળાં ચાહ પી રહ્યાં ને ગંગાએ પ્યાલા રકાબી ઉઠાવ્યાં, તેવામાં એક રકાબી હાથમાંથી છટકીને ભાંગી ગઇ!!

કજીયાદલાલ કર્કશા સાસુજીનું હવે પૂરતું ચઢી વાગ્યું ને લડવાને માટે જે બારી શોધતાં હતાં તે હાથ લાગી. તેઓ ખૂબ જોરમાં બોલી ઉઠયાં;

"આ તે કેમ ખમાય? રોજ એકેક બબે પ્યાલા રકાબી ભાંગે ને વાસણો જાય તે કેમ ખમાય?"

"સાસુજી! રોજ ક્યારે પ્યાલા રકાબી ભાંગ્યાં છે?" કંઇ કમબખ્તીએ ઘેરી હશે તેથી ગંગા બોલી. "મારા જાણવા પ્રમાણે તો હમણાં કંઇ નુકસાન થયું નથી ને ચાકરો પણ વાસણકુસણની બરાબર સંભાળ રાખે છે."

"ત્યારે હું જૂઠી? હું બોલી તે જૂઠું, ને તું લૂંડી બોલી તે સાચું!! વાસણ ગયાં નહિ ત્યારે હું આપી આવી? હાય હાય રે બાપ! વહુઓ તો મારે માથે આળ ચઢાવે છે, હવે એ કેમ ખમાય? હું રાંડ ચોર, આજે મને ચોર કરી તો કાલે તો કોણ જાણે મારે માથે કેવાંએ આળ મૂકશે. હવે આ ઘરમાં મારાથી નહિ રહેવાય, મને તો મારી નાંખવાનો ત્રણે વહુઓએ સંપ કીધો છે. તે મને જીવતી જવા નહિ દે; મારો જીવ લેશે જીવ, ત્યારે જંપીને બેસશે! આ તો મને ઘરમાંથી કહાડી મૂકવાનો ઘાટ ઘડ્યો છે."

"સાસુજી, તમે આમ ન બોલો. વારુ મેં આપને એવું તે શું કહ્યું કે, આપ આટલાં બધાં મને ભાંડવા તૈયાર થયાં છો?" ઘણી નમ્રતાથી ગંગાએ કહ્યું.

"જો ઉમરાવજાદાની દીકરી બોલી!" શેઠાણીએ નાકનું ટીચકું ચઢાવી હુંગરાટ કીધો. "પૈસાદારની દીકરી છે, તેમાં તું મને સતાવે છે? પણ તારા બાપના કંઇ અમે ઓશિયાળાં છીએ કે તું ધનપાળશાહ ગોડીની દીકરી છે તે મને ખબર છે. નાચણવેડા થોડા કર, અત્યારમાં ફાટી શાની જાય છે? અહંકાર તો કોઇના રહ્યા નથી ને રહેવાનાએ નથી. રાજા રાવણ સરખા રોળાઇ ગયા તો તારો બાપ તે શા હિસાબમાં? મુઓ તારો બાપ કંઇ અમને કામનો છે? તારા બાપની શેઠાઇ તેને ઘેર રહી. તે મોટો છે તો તેને ઘેર રહ્યો. અમારે શું તેને તાપીમાતામાં ચઢાવવો છે? છોકટી જેવીઓ તડતડ જવાબ દે છે ને આ મુવા ભડવાઓ જોયા કરે છે; પણ એ રાંડો નીકળી નહિ જાય તો મને દશ ખાસડાં મારજો. અત્યારથી તો રામજણીના વેશ કરે છે, તેમ ચોટલો ને ચાંદલો તો સવારના પહોરમાં જ કરવો જોઇએ. લૂગડાં

ઘરેણાં પણ પહેરવાં જોઇએ! પણ એક રાંડનો તો બાપ પૈસાદાર છે તે જેમ કરશે તેમ તેને પાલવશે, પણ આ રાંડ ભીખારડાની દીકરી પણ તેનું જોઇને શીખી છે. તે પણ હવે ગાટપીટ સાટપીટ શીખવા બેસે છે. કઇ દોલતપર ફાટી જાય છે તે તો જાણતી નથી. ભીખારીની દીકરીને બરો કેટલો છે?"

"તમારો બાપ ભીખારી હતો તે તમને યાદ આવતો હશે;" તુળજાગવરી બોલી ઉઠી, કેમ કે શેઠાણીએ છેલ્લા શબ્દો તેને માટે કહ્યા હતા. "ખબરદાર, મારા બાપનું નામ દીધું તો, તમારી વાત તમે જાણી. તે કંઇ તમારે બારણે ખાવાબાવા આવે છે? તે તો તમારે બારણે અ—એ નહિ આવે! જાણ્યું?"

"ધનપાળશાહની દીકરી! તને જાણું છું. ભાગોળે બેસીને તારો બાપ ભીખ માગતો હતો, તે આજે વેપારી થઇ પડ્યો છે તેથી છકી ગઇ છે. મારા બાપ સુધી ગઇ, પણ તારી ઓલાદ તો સારું ગામ જાણે છે. અંગ્રેજી શીખીને પેલા જાંગલાઓને ત્યાં ભઠીયારું કરવા જા. મારા બાપને કહેતાં તને લાજ નથી આવતી કુભારજા!"

"જેટલી તમને તેટલી મને—" પણ તુળજાને તરત વધારે બોલતાં કિશોરે અટકાવી.

"મોટી ભાભી, બહુ રુડું કરો છો! ઠીક ઠીક." આટલું તે બોલી નહિ રહ્યો, તેટલામાં તો સલજ્જ થઈ તુળજા, ગંગાની પછાડી ચાલી ગઇ. થોડો વખત મનમાં ને મનમાં ધુંગરાઇને લલિતા સાસુએ ખૂબ ગાળો દીધી, પણ અંતે થાકીને બળિયલ ચેહેરે હેઠળ ગઈ. દાદરેથી ઉતરતાં ઉતરતાં પણ તેનાથી બોલ્યા વગર રહેવાયું નહિ કે, "માટીઓની હુંફપર ફાટી ગઇ છે, પણ હું ખરી કે એમનો બરો ભાંગું!!" ગંગાએ આ સાંભળ્યું ને તે ઘણી દિલગીર થઇ.

## પ્રકરણ ૬ ઠું

### વઢકણાં સાસુજી

વાદળ હજુ ઉતરી ગયું નહોતું. લલિતા શેઠાણીનો ગુસ્સો નરમ પડ્યો નહોતો. જેમ ધુંધવાતું છાણું ભડકો થયા પહેલાં ધુમાડો કાઢીને સૌને હેરાન કરે છે, તેમ આપણી શેઠાણીનો દાથરો ચઢ્યો હતો. ગંગા, તુળજા અને વેણીગવરી બધાં ધ્રૂજ્યા કરતાં હતાં. જરા પણ ઉણું ન પડે અને અગ્નિ પાછો સળગી ઉઠે નહિ, તેની બધાં તપાસ રાખતાં હતાં.

સવારના પહેલા પહોરમાં સૌ પોતપોતાના કામમાં રોકાઇ ગયાં હતાં. આજે રવિવાર હતો, તે રીત પ્રમાણે સૌને માટે સારાં સારાં ભોજન તૈયાર હતાં. બપોરના સઘળી રસોઇ તૈયાર થઇ. સઘળા પુરુષો જમવાને બેઠા અને બાપદીકરાઓએ ઘણી મીઠાસથી જમી લીધું. જમ્યા પછી લલિતા લડકણી સાસુને બોલાવ્યાં, પણ તેઓ જમવાને આવ્યાં નહિ, થોડીકવાર સૌ થોભ્યાં કે હમણાં આવશે. લડકણી શેઠાણી પોતાની દીકરી પાસે ગયાં હતાં. ત્યાં થોડીવાર અબોલા ગ્રહણ કીધા, પણ કમળીએ બોલાવ્યાથી તેમની સાથે મીઠી મીઠી વાતે વળગ્યાં. માનો રોષ ઉતારવા માટે કમળીએ પહેલે કેટલીક ઠાવકી અને કજીયો વિસરી જવાની વાતો કીધી, અને પછી આવા ટંટાથી ન્યાતજાતમાં આબરુ રહેતી નથી તેમાં મન ખેંચ્યું, અને જે શેઠાણીને રુચતું નહોતું તેવું કહેવામાં આવ્યું. આપણા ઘરની વહુવારુઓ ઘણી શાણી ને ડાહીઓ છે, તેમની સાથે માન અને વિવેકથી વર્તવું જોઇયે એમ દીકરીએ માને કહ્યું. વઢકણાં બાઇને આ કંઇ રુચ્યું નહિ. તેમના મોં આગળ તે પથ્થરપર પાણી જેવું થયું. શેઠાણીના મનમાં લડવાનો ઝડાકો બતાવી દેવાનું તો ઘણુંએ થયું, પણ કરે શું? દીકરી સાથે લડવાથી કંઇ ફળ નહિ, તેથી મન મારીને બેસી રહ્યાં, પણ ઝડાકો લેવાને મન તલપી રહ્યું ખરું. થોડીવાર કમળાએ આડી તેડી વાતોમાં મન ગુંથ્યા પછી પૂછ્યું, "માજી! કિશોર ભાઇને મળ્યાં? ભાઇ ઘણો સુકાઇ ગયો છે જો મા. એને અભ્યાસ

કરતાં બહુ મહેનત પડતી હશે. વારુ, હવે બે ત્રણ મહિના હમણું અહીંયાં રહેશે ને પરીક્ષા વખતે જશે તો ભાઇ શરીરે વળી જશે. પણ એ માજી, તારા હાથમાં છે." કમળાએ માર્મિક વચન કહ્યું.

"હા ડાહી ડમરી! તું બહુ શાણી તે મને શિખામણ આપતી હશે! આવ મારી ઘરડી મા, મારી દાદી થઇને હવે તું બેઠી છે તે તારે જોઇયે તે કહે!! તું મને કહે છે કે, ભાઇને રાખવો, કે નહિ રાખવો, તે મારા હાથમાં છે એટલે? આજકાલની છોકરીઓ, અમારામાં તો કંઇ અક્કલ જ ન હોય તેમ અમને શીખવવા આવી છે. પણ રાંડો અમને જેટલાં વરસ થયાં છે, તેટલા તમને દહાડા પણ થયા નથી, તો શિખામણ શી આપવાની હતી? હું તારા ભાઇની વેરણ છું ખરી કેની, તે તારા ભાઇને રાખવાની ના કહીશ. પણ પેલી રાંડ વંત્રીને રાખવો હશે તો એ મુવો રહેશે, નહિ તો એની મેળે ચાલ્યો જશે. મારાં કોણ કહ્યાં માને છે? તું કેટલું માને છે કે તે માનવાનો હતો?" શેઠાણીએ પોતાનો જાતિસ્વભાવ જારી કીધો.

"મેં આજ્ઞાનો શો ભંગ કીધો કે તમે મને આટલો બધો દોષ દો છો? પણ તમારો સ્વભાવ પડ્યો છે તે તમે પવનની સાથે પણ લડી પડો છો, તેમ મને ગરીબડીને નહિ પજવો." કમળીને પેટમાં બળતું હતું, તેથી પોતાનો ઉભરો કાઢ્યો.

"ત્યારે તું શું મને પજવશે કે રાંડ?"

"મેં કયારે કહ્યું છે માજી? મેં કયારે પજવ્યાં?"

"ત્યારે તું શું કરે છે? આ તારા પજવવાના ઢંગ નહિ ને માને હલકી પાડવાના ઢંગ નહિ તો બીજું શું છે?"

"એવા ખોટા ખોટા આરોપ તમે મારા ઉપર નહિ મૂકો. મારી કોઇ પણ જાતની કસૂર નહિ છતાં તમે જેમ સૌને પજવો છો તેમ મને પણ સંતાપો છો. તમારી દીકરીને ન મૂકો તો વહુપર કેમ કરુણા કરશો?" કમળીએ સારી રીતે પોતાની માને થથરાવી. શેઠાણી તો આ

બોલવું સાંભળતાં બોલતાં જ અટકી ગયાં. એટલામાં ગંગા, સાસુજીને તથા કમળીને જમવા તેડવાને ઓરડામાં આવી. સાસુજીનો રોષ જબરો તેણે જોયો, થોડીક પળ તે ઉભી રહી, પછી ઘણી નમ્ર વાણીથી કહ્યું: "સાસુજી, હેઠળ પાટલા માંડી ભાણાં પીરસેલાં છે." પછી ફરી કમળીને પણ કહ્યું. "મોટી બહેન, તમે પણ ઊઠો."

"મારે નથી જમવું, તમે તમારાં હોજરાં ભરો." સાસુજી બોલ્યાં.

"તમારા આવ્યા પહેલાં કોઇ જમશે નહિ." ગંગાએ ઉત્તર દીધો.

"ગમે તે થાય, હવે આ ઘરમાં હું નહિ જમીશ !" પાછાં રોષમાં લડકણાંબાઇ બોલ્યાં.

"તેનું કારણ કંઇ કહેશો માજી ?" કમળીએ પૂછ્યું.

"તેની તારે શી જરૂર છે ? હું મારી પોતાની માલીક છું તે ચાહે તેમ કરીશ. તને રાંડને કોણ ડાહીચતરી કરે છે કે છાકીછાકી આટલું આટલું બોલે છે ! ઘણું બોલીને સૌનાં નામ તો બોળ્યાં. જરા પણ ભાન બળ્યું છે ? જીભે આવ્યું તે ભરડી જતાં જ શીખી છે, બીજું શું ? પેલા ડોસાએ નિશાળે પડાપડ ભણવા મોકલી ત્યારે તો કહેતા હતા જે ભણી ગણીને ડાહી તથા શાણી વિવેકી થશે, તે આ જ કે ? રાંડ શાણી થવાવાળી એ જ કે, માને લડકણી, ખોટ્ટા બોલી, જુઠ્ઠી, સાચ્ચા એવી અનેક વાતો કહે છે. બળ્યું રાંડનું ભણતર, ને મુઆં એ ભણતાં ને ભણાવતાં ! ભણીગણીને માબાપની આમન્યા રાખવાને બદલે તડતડ સામા ઉત્તર દેતાં તો શીખી છે, એ શિવાય શું શીખી આવી છે ?" લડકણાં લલિતાગવરીએ પોતાનો સઘળો રોષ ગરીબ વિધવા દીકરીપર કાઢ્યો, અને એ બોલતાં અનેક જાતના ચાળા ચસકા કીધા.

"માજી ! તમારે ગમે તે કહો, હું અનાથ થઇ ત્યારે જે તમે કહો તે મારે સાંભળવું જ." આંખમાં આંસુ લાવતાં કમળી તૂટક તૂટક શબ્દથી બોલી.

"સાંભળશે નહિ તો જશે કયાં ચૂલામાં ? અત્યારમાં આટલી

ફાટી ગઇ છે તો અગાડી જતાં માબાપનું કાળું કરાવશે; પણ કામ મારા હાથ નીચે લેવું છે. તે જરા ચસકવા દઉં કે ? આ વંઝાઓ જેમ શીખવે છે તેમ માને પજવે છે; પજવ, પજવ, જેમ પજવાય તેમ પજવ; પણ અગાડી તમને સૌને બતાવું છું."

લડકણાં બાઇ આટલું બોલી રહ્યાં કે, તુળજાગવરીએ ઓરડામાં આવીને તોફાન થતું હતું તે જોયું; આંખના અણુસારામાં ગંગાએ તેને તરત સમજાવ્યું. મિનિટ બે મિનિટ થઇ કોઇ કાંઇ બોલ્યું નહિ, એટલે પછી ગુણવંતી ગંગા બોલી, "સાસુજી ચાલશો ? ઘણીવાર થઇ ને ભાણાં ઠંડાં પડી જાય છે."

"મેં કયારે ના પાડી કે તું નહિ જમ ?" કડવા કટાણા મોંથી લકડણાં લલિતા સાસુજી બોલ્યાં.

"તમારા આવ્યા વિના અમારાથી કેમ જમાય ?" ગંગાએ નમ્રતાથી કહ્યું.

"તો ઓ ઓ, મારા વગર તમે જમતાં નહિ હો તો ! તમે તમારે નાચતાઇએ જઇને જમો, હું મારું લાગ્યું ભોગવી લઇશ."

"જેમ સાસુજીની મરજી," તુળજાગવરીથી નહિ રહેવાયું, એટલે તે વચ્ચે બોલી. "અત્યારે સાસુજીના જીવને કંઇ સારું નહિ હશે તેથી નહિ જમતાં હશે; તેમાં ગંગા જિદ્દ શી કરે છે ? ભૂખ લાગશે ત્યારે સૌ મેળે જમશે, તેમાં શી પોતાને હરકત છે ? ચાલો આપણે સૌ જમી લઇએ, ને એમને માટે ઢાંકી મૂકીયે."

જ્યાં આવાં કટાક્ષનાં વેણ તુળજાએ કહ્યાં, ત્યાં હવે લલિતા લડકણી બાઇની જીભલી હાથમાં ઝાલી કેમ રહે ? વાત જ શી કરો છો ? તેઓ બળી જળી તો રહ્યાં હતાં તેમાં આ વાકયો તો તેમને તીવ્ર બાણુ જેવાં લાગ્યાં.

"હા, જા જા તારો ભરતો ભર ! દકાળવાની દીકરી, રાંડ ભીખારણ, તને ખાવાને મળતું નહોતું તે મકરખુધીપર આવી છે તો જા ખા, તારું પેટ ભર." શેઠાણીએ ઝડાકો લીધો.

"જે જેવું હોય તે તેવું જાણે! મેં કંઇ તમને બોલાવ્યાં નથી કે તમે વચ્ચે માથું મારો છો. તમને મેં બોલાવ્યાં હતાં કે વચ્ચોવચ્ચ બોલ્યાં? વગર બોલાવ્યું બોલે તે તરણાને તોલે." તુળજા પણ મસેમસે બોલવાથી હઠે તેવી નહોતી. એ થોડું બોલીને થાંભલો કોરે તેવી હતી.

"તું લખાપતિની દીકરી, તેની વચ્ચે બોલાય કેમ? પણ તું બોલી કોને માટે? ભીખારણ, કોના જીવને સારું નથી? તારો બાપ મરવા પડ્યો હોય તો કોણ જાણે! જા તેનો ચોકો કરવા જા. આ ઘરમાં આવીને છાકી ગઇ છે, અને પેલો મૂઓ તારો ચાટલો જોઈ રહ્યો છે, તેમાં બહુ લાંબું બોલતાં શીખી હશે, પણ હજી તો હું સાત વાઘ ખાઉ તેવી છું! મારા જીવને સારું ને નરસું કહેનારી તું કોણ? તારી મા મરે ને તારો બાપ મરે, મારી વાત તું શાને કરે છે? હવે મારો પીછો છોડ, હું તો મરી રહી છું ને મારાથી બોલાતું સરખુંએ નથી. તમે રાંડોએ તો મારો કેડો લીધો છે તે મને પીંખી નાખશો કે શું? હું મરી તો રહી છું તેમાં વધારે કયાં મારો છો?" સાસુજી બોલ્યાં.

"તમને આટલું બધું બોલાવે છે કોણ? મારો બાપ ને નહિ બાપ કરતાં જરા શરમાઓ. તમે જમવાની ના કહી ત્યારે મેં તો માત્ર ગંગાને જમવાને કહ્યું; તેમાં તમે શાનાં સુગાઈ ઉઠ્યાં? તમારું તો હું જરાએ નામ દઉં તેવી નથી, ને મારો બાપ તો તમને નાહતાંએ સંભારવાનો નથી. બધું ગામ જાણે છે કે તમારી ઓલાદ કેવી છે. તમારો બાપ કોણ હતો તે તો તમે જાણો છો જ! તમારી મા રેંટિયો કાંતી સુતર આપતી ને તમારો બાપ વેચી આવતો તે જ કેની! પોતાના પગ તળે બળે છે તે તો તપાસો. તમારો બાપ તે કયો લક્ષાધિપતિ હતો? આત્મારામ ભૂખણને ત્યાં આવ્યાં છો તેમાં જ તો આટલો બધો તુમાખ આવ્યો છે તો, બાકી તો નાગર વાણિયાની ન્યાતમાં કયાંએ ઠેકાણું લાગત નહિ! હુ તમને સાફ કહું છું કે, તમારે મને બોલાવવી નહિ."

"તને બોલાવાય કેમ? નવાબ સાહેબની બેગમને તે બોલાવાય!

તારી ઓલાદ ને સાત પેઢીની વાત સારું શહેર જાણે છે. હવે તું કહે છે શું? મારે ખાવું હશે તો ખાઇશ. નહિ તો નહિ ખાઉં, પણ તું મને કહેનારી કોણ?"

"તમને ભૂખ લાગે તો ખાઓ, નહિતર નહિ ખાઓની; મારી કયી બલાને, ભૂખ લાગશે ત્યારે એની મેળે ચૂલા પાસે જશો, કંઇ ચૂલો તમારી પાસે નથી આવવાનો. નહિ ખાશો તો તમારા હાથ પગ અટકશે. પણ છપ્પનવાર ના કહીને પછી જખ મારીને ખાવાને ગયાં તો હતાં." વહુએ વહુવારુપણું બતાવ્યું.

"હું શાને માટે નહિ ખાઉં? મારા ધણીનું છે તે ખાઇશ. લે હું તો ખાવા ચાલી; પણ જા તારા માટીનું જ તું ખાજે. મારા ઘરમાં ખાવા આવે તો તને તારા બાપના સમ છે." શેઠાણી તો આમ બોલતાં જ કે ઉઠીને હેઠળ રસોડામાં ગયાં. ગંગા તેની પછાડી ગઇ, ને જતી વેળા તુળજા ભાભીનો હાથ ખેંચ્યો, પણ તેઓ છોડવીને પોતાના ઓરડામાં ચાલી ગયાં. ગંગાએ જાણ્યું કે, એમને સમજાવી શકાશે, પણ પેલા લડાઇના ગોધા સાસુજીને સમજાવવાં દોહેલાં છે; એટલે તરત ને તે તેની પછાડી ગઇ. કમળી પણ જમવાને ગઇ. ગંગા તથા કમળીને તુળજાગવરી જમવા નહિ આવી, તેથી ખાવું ભાવ્યું નહિ; તેથી સેજ-સાજ ખાધું ન ખાધું કરી ઉઠી ગયાં. લલિતાગવરીએ પેટ પૂર જમી લીધું ને બે દહાડાનો બરાબર ખંગ વાળ્યો.

ઘરકામ આટોપી લીધું, ને કમળા તથા ગંગાએ તુળજાગવરીને ઘણું સમજાવ્યું, પણ તેમણે નીચેથી ઉંચે જોયું નહિ. ઓસીકાપર માથું નાખીને તેઓ નવધાર આંસુએ રડ્યા કરતાં હતાં. એક પણ શબ્દ તેમણે સાંભળ્યો નહિ, ને ગંગા કમળાએ વિચાર્યું કે હમણાં બોલાવવાં એ વ્યર્થ છે, એમ જાણીને તે બન્ને છૂટી પડી. થોડા વખત સુધી લલિતા શેઠા-ણીએ ગંગાને પોતાની હજુર ને હજુર રોકી રાખી, એટલા માટે કે તે પોતાના પતિને મળવાને દોડી જાય નહિ. પણ અકસ્માત્ તેઓ કોઇ બીજા કામમાં ગુંથાયાથી ગંગા છૂટી પડીને પોતાના ઓરડામાં ગઇ.

ખરેખરા ઉમંગમાં આવીને ગંગાએ પોતાના ઓરડામાં પ્રવેશ કીધો. સંધ્યાકાળ થઇ હતી ને ઓરડામાં દીવાની ઘણી જરૂર જોઇ, પણ દીવો લેવા જતાં વળી પાછી સાસુજીના સપાટામાં સપડાય, તે બીતિએ ત્યાં ને ત્યાંથી જ મીણબત્તી સળગાવી. કિશોર ઇઝીચેરપર પડ્યો હતો. દૂર લજ્જાવંત રીતે ગુણવંતી ગંગા ઉભી રહી. તેના નેત્રમાં પ્રેમ ઝળકી રહ્યો હતો, ને પોતાના પતિના દર્શનથી સીતાને જેમ આનંદ વ્યાપ્યો હતો, તેમ ગંગાની રગેરગમાં આનંદ પ્રસરી રહ્યો. કિશોર ને ગંગાનાં નેત્ર મળતાં જ પ્રેમભાવથી બંને હસ્યાં; સહજ લજ્જા પામ્યાં, ને હસતાં હસતાં ગંગાએ પોતાનું પ્રેમી વદન પાછું ફેરવ્યું. પ્રિયા પ્રિયતમ મળે તે વેળાએ આદરાતિથ્ય હોય નહિ, પણ આવી જ વિવેકી સંજ્ઞાઓ થાય છે. હર્ષિત વદને ઉભયનાં નેત્ર, એકમેકને અંતઃકરણથી ભેટયાં, અને તે ખરાં અંતઃકરણની ઉર્મીઓનું વર્ણન કાળિદાસ સરખા કવિ વગર કોણ કરી શકે વારુ?

ઘણા પ્રેમથી સ્મિત હાસ્યવદન કરયા પછી કિશોરે પોતાની પ્રાણ-પ્રિયાને, આજ ત્રણ વરસે જે પ્રેમ વછૂટે તે પ્રેમના આવેશમાં હાથ પકડી પાસે તેડી બીજી ખુરસીપર બેસાડી, અને પ્રેમના ઠપકામાં પોતાને જે લાગી આવ્યું, તે જણાવવા બોલ્યો, "ત્રણ વર્ષે જ્યારે તારાં નિર્મળ પ્રેમ દર્શન કરવાને માટે હું આવ્યો ત્યારે તને તો ઘણો વિલંબ થયો! પ્રિયે! ઠીક, આજે આપણે બહુ લાંબે સમયે મળ્યાં છીએ, પણ જલદી તારાથી નહિ અવાયું?"

"વલ્લભ! કારણ આપથી કયાં અજાણ્યું છે? આપનાં માતુશ્રી હોય ને પછી તમારી પાસે આવવું, એ તરવારની ધારપર ચાલવા જેવું નથી?" ગંગાએ પ્રેમથી ગળગળી જતાં કહ્યું. "સવારે આપને સહજ કારણસર કેટલું કરી મૂકયું હતું?"

"હશે, એ તો એમનો સ્વભાવ છે. સવારનો બનાવ તો હવે શાંત પડ્યો ના? અને શું તે માટે તેઓ તમને અટકાવતાં હતાં?" કિશોરે પૂછ્યું.

"છેક એમ તો નહતું; પરંતુ પાછાં ભાભીજી જોડે માજી લડ્યાં, ને તે ટંટામાં પણ ઘણો વખત વીતી ગયો. ભાભીજી ખાવાને ઉઠતાં નથી અને ચોધાર આંસુએ રડે છે. ઘણા કાલાવાલા કીધા, પણ તેઓ સમજતાં નથી. સાસુજીનો સ્વભાવ છે, તેમ ભાભીજી પણ વખત વિચારી જતાં નથી. બંને જણાં સામસામાં થઇ પડ્યાં ને તેનું પરિણામ એ આવ્યું છે કે, હવે ઘરમાં ઝાઝો સમય શાંતિ રહેવાની નથી. ભાઇજી પણ ઘણા કંટાળી ગયા છે, અને તેમની મરજી પણ ઘર છોડવાની છે. જેવી ઇશ્વરેચ્છા." ગંગાએ ઘણે દયામણે મુખે કહ્યું.

"ખરેખર ઘરના ઉઠયા વનમાં ગયા તો વનમાં લાગી લાહ્ય; તેમ જ્યારે આગબોટ સળગી ઉઠી ત્યારે તેમાંથી બચવા માટે દરિયામાં કૂદી પડ્યો, તો તેમાં પણ ડૂબી મરવાનો સમય આવ્યો. કોલેજમાં આ ત્રણ વરસમાં હું ઘણો કંટાળી ગયો છું, ત્યારે થોડો વખત નીરાંત લેવાને ઘેર આવ્યો, તો ત્યાં કજીઓ, કંકાસ ને લડાલડી શિવાય બીજું કંઇ જ નથી. ઘણીવાર મેં માતાજીને આવી ખરાબ રીતને માટે કહ્યું છે, મોટા ભાઇએ મોટી ભાભીને ઠપકો દેવા કંઇ પણ કચાસ રાખી નથી, પણ એ બંને એવાં છે કે, એમાં કોણ વધારે નઠોર છે તે હું કહી શકતો નથી. હવે તો બંને જણ સમજે તો જ ઘરની આબરુ જળવાશે, નહિ તો વાત ઘણી વધી પડી છે. તમારી સાથે તો હું ધારું છું કે, માતાજી સારી રીતે વર્તતાં હશે. આજે પ્રિયે, તમને ઘણો શ્રમ પડ્યો હશે?"

"મારા શ્રમની વાર્તા નહિ કરો! હું તે શી ગણતીમાં? સાસુજી કૃપાદૃષ્ટિ રાખે તો બસ. ઘરનાં સૌ તોબાતોબા કરી રહ્યાં છે. ચાકર નફર અને બીજા સઘળા સાથે વઢવાડ જ મંડાઇ છે. એક દિવસ પણ લઢાઇ વગર જતો નથી." ગંગા બોલી, પછી થોડીવાર ચૂપ રહી કહ્યું, "મોટી બહેન ને ભાભીજી, એ બંનો સાથે રોજનાં છોડાં ફાડવામાં આવે છે, તે આપણા ગૃહસ્થ ઘરને છાજતું નથી. ગૃહિણીના

ધર્મ તો સાસુજી વિસરી જ ગયાં છે, સસરાજી પણ ઘણા કંટાળ્યા છે. કહેતાં લજ્જા ઉપજે છે, પણ ગૃહસ્થાઇને ન છાજે એવા અપશબ્દો આપણા કુટુંબને લજાવે છે."

"હશે, હવે એ વાત પડતી નાંખો. તમે શરીરે તો આરોગ્ય છોની?" કિશોરે પ્રેમથી પૂછ્યું.

"આપ સ્વામીનાં દર્શન થયા પછી આરોગ્યતા કયમ નહિ હોય! પણ આ વેળાએ તમે ઘણા લેવાઇ ગયા છો. પરીક્ષાનું કામ ઘણું મહેનતનું છે, તેને લીધે આ વેળાએ તમારા મોપરથી નૂર ઉડી ગયું છે. સાચે, તમે અથાગ શ્રમ લીધો છે, અને ઈશ્વરેચ્છા હશે તો તેનો સારો બદલો મળશે. તમારી નાજુક પ્રકૃતિને લીધે તો તમે છેક જ સુકાઇ ગયા છો. હમણાં કેમ છો વારુ?" શરમાતાં શરમાતાં ગંગા ગુણવતીએ પ્રશ્ન પૂછ્યો.

"હમણાં?" કિશોરે આશ્ચર્ય પમાડવા પાછો પ્રશ્ન કીધો. "જો આ ક્ષણને માટે મને પૂછવામાં આવતું હોય તો હું એમ કહું છું કે, ઈંદ્રનું નંદનવન પણ કુછ બિસાતમાં નથી. તારું પ્રેમાળ મુખડું નિરખતાં કોણ પોતાનું દુઃખ વિસરી નહિ જાય? ખરેખર નેત્રમણિ ગંગા, તારા પત્રોથી જ મારાં ત્રણ વરસ બહુ સુખશાંતિમાં ગુજરી ગયાં. જે દિવસે તારો પત્ર મળતો, તે દિવસે જે ઉમંગથી અભ્યાસમાં રોકાતો, તેવો કવચિત જ રોકાતો હતો.."

"મારા પિતાજી આપને મળ્યા હતા? હમણાં પૂનેથી તેઓ મુંબઇ આવ્યા હતા." ગંગાએ પોતાના બાપની ખબર પૂછી. એટલામાં દરવાજા નજીક કોઇનાં પગલાં સંભળાયાં, ને ગંગા ઘણી ચમકી તે બારણા બહાર ગઇ, પણ કોઇ જણાયું નહિ. મદન તુળજાના ઓરડામાં જાગ્યો હતો, ત્યાંથી તેને લઇ પાછી ફરી. એટલામાં નીચે વાળુની વેળા થઇ હતી, તેની બૂમ પડી. કિશોરે કહ્યું કે, "મોટી ભાભી હમણાં તબીયતે નાજુક છે તે ભૂખ્યાં રહેવાથી ઘણાં હેરાન થશે, માટે તેમને

તેડતાં જવું જોઇએ.” પછી બંને દંપતી તેના ઓરડામાં ગયાં, પણ તેનું રડવું રહ્યું નહોતું. સાસુજીએ જે કેટલાક શબ્દો કહ્યા હતા, તે ઘણા વજ્રબાણ જેવા લાગ્યા હતા, જો કે તેણે પણ કંઇ ઓછું કહ્યું નહોતું.

કિશોરે મદનને પોતાના હાથમાં લીધો, પણ તે પોતાની કાકીના હાથપર પડવાને ઝીંપલાવતો હતો. ગંગાએ જઇને તુળજાના મોંપરથી લૂગડું ખસેડયું, પણ તેણે આંખ ઉઘાડી નહિ. કિશોરે એક જ વાકય કહ્યું કે, “આમ જુઓ ભાભી સાહેબ! દિયેરજીની પરોણાગત આ પ્રમાણે કરશો કે? ભલે, જેમ ઘટિત લાગે તેમ કરો, પણ હું આવ્યો ને તમો રુસણાં લઇને બેસો તો પછી મારે જલદી ઘરથી પાછા ફરવું પડશે.”

તુળજા ઘણી શરમાઇ ગઇ.

તે ઉઠીને ઉભી થાત, પણ શરમાઇ તેથી ઉઠાયું નહિ.

તે ઉંચે જોઇ શકી નહિ, પણ ગંગાએ કહ્યું, “જરા આંખ ઉઘાડીને જુવો કે કોણ છે? નાના દિયરજીનો આવો સત્કાર કે?”

તુળજાએ આંખ ઉઘાડીને જોયું કે બન્ને–કિશોર ને ગંગા ખડખડાટ હસી પડ્યાં.

“ચાલો, ચાલો, વાળુનો વખત થઇ ગયો ને વળી તમારાં સાસુજી તમને અને અમને બંનેને વખાણશે!!” કિશોરે કહ્યું.

મદન, કિશોર, ગંગા ને તુળજા ચારે જણ રસોડામાં ગયાં.

સૌ જમી રહ્યાં હતાં, ને માત્ર એ ચાર જ જમવાનાં હતાં: તુળજાગવરી સાથે સૌ બેસી ગયાં. વેણીગવરીની ગેરહાજરીમાં ગંગાએ જાતે પીરસી લીધું.

જમી રહ્યા પછી સૌ પોતપોતાના શયનગૃહમાં ગયાં.

આપણાં નાયિકા ને નાયક આનંદભેર પોતાના શયનગૃહમાં ગયાં. પ્રેમવીણાનો તાર અપાર હતો.

---

## પ્રકરણ ૭ મું

### ગંગાની પતિપ્રત્યેની રીતભાત

આજે દિવસે પ્રાતઃકાળમાં સૌ પોતપોતાના કામકાજમાં સજ્જ થયાં હતાં. કિશોરલાલે જલદી ઉઠીને દાતણ કરી લીધું, ને સુરત હાઇસ્કૂલના હેડમાસ્તરને તે મળવા જવાનો હતો, માટે જલદીથી નહાવાનું પાણી તૈયાર રાખવા ગંગાને કહ્યું. ગંગા વહેલી ઉઠી આજ્ઞા પ્રમાણે પાણી કાઢી કિશોરને દીવાનખાનામાં કહેવા આવી. ત્યાં ગૃહિણી તથા મોહનચંદ્ર વગેરે વાતે વળગ્યાં હતાં. દીવાનખાનામાં આવી ગંગાએ નેત્રની સાનમાં પોતાના પ્રિયને સ્નાન સારુ આવવાને કહ્યું. હિંદુઓના ઘણા કઢંગા રિવાજ છે, તેમાં પતિને પત્ની કે પત્નીને પતિ, સસરાસાસુ દેખતાં બોલાવી શકતાં નથી. ઘણાં ઘરોમાં તો અતિ ત્રાસ હોય છે. માથે મોટો ઘૂમટો તાણીને લાજ કહાડવામાં આવે છે. સુરતના લોકો આવી બાબતમાં ઘણે દરજ્જે સુધરેલા છે, ને તેઓ લજામણો ઘૂમટો તાણતા નથી. તોપણ પોતાના ધણી કે ધણીયાણીને નામ દઇ બોલાવવાનો તો રિવાજ છે જ નહિ. જો બોલાવવામાં આવે તો તેને માટે એમ કહેવામાં આવે કે તેઓ 'વહી ગયાં છે' 'કોઇની આમન્યા રાખતાં નથી,' 'જરાએ લાજ–શરમ નથી,' એવાં વિવિધ જાતનાં દૂષણો આપવામાં આવે છે. એથી વિશેષ વળી કોઇ સ્ત્રી જો પોતાના પતિનું નામ દે તો તેનું આવરદા ટુંકું થાય, એ વહેમથી પણ સ્ત્રીઓ તેમ કરતી અટકે છે. પ્રથમથી જ આ રિવાજ ચાલુ હોવાથી મોટાથી ઘરડા થાય છે ત્યાંસુધી 'અલી,' 'એકુ,' 'સાંભળોછ કે,' અથવા ઘરમાં કોઇ નાનું બાળક હોય તો તેનું નામ દઇ બોલાવે છે.

ગંગા કિશોરને આ રીત ગમતી તો નહિ, પણ વિવેકચતુર હોવાથી એવી બાબતમાં ઘણાં સાવધ રહેતાં હતાં. ગંગાએ સાન કીધી તે જોઇને કિશોરે ઉઠવાની તૈયારી કરી. પેલાં કંકાશિયાં લડકણાં લલિતા સાસુજીએ પણ તે સાન જોઇ અને તેમના મનમાં ઘણો બળાપો થયો,

મનમાં ને મનમાં બબડ્યાં કે, "આ કાળની વીશનખીઓ જે નહિં કરે તે ઓછું! આંખનાં ચણીયારાં નચાવી, મુઆઓને ગડદાપેચ કરી નાંખે છે!"

કિશોર સ્નાન માટે ગયો. ગંગા પતિસેવા કરવે જ ઉજમાળી હતી એમ નહિ, પણ તે આખા કુટુંબમાંજ એક રત્ન હતી. ગુણવંતી ગંગા, એ તેનું નામ યથાર્થ હતું. સાસુસસરાની સેવા બજાવવાને માટે પણ તે તત્પર રહેતી હતી. કામ ધંધામાં ચપળતા—ચંચળતા સાથે કામનો ઉકેલ પણ સારો હતો. તે જ્યારે ત્યારે નવરી જણાતી, છતાં કદી ઘરનું કામ બાકી રહેતું નહિ. એની જેઠાણી કરતાં એ બમણું ત્રમણું કામ કરતી હતી. લલિતાગવરી આવાં લડકણાં અને કજીયાખોર હતાં, તોપણ તેમને ભાગે એક પણ કામ કદીપણ આવવા દેતી નહિ. જ્યારે તેઓ કજીયો કરીને કામ કરે ત્યારે ગુણવંતી ગંગા નિરુપાય થતી હતી.

સ્નાન કરવામાં જરૂરના સાબુ વગેરે માર્જનના પદાર્થો પતિ માટે મૂકયા હતા, ને ઉનું ટાઢું પાણી આપવા માટે તે પતિપાસે ઉભી રહી હતી. જેવો કિશોર દીવાનખાનામાંથી સ્નાન કરવા ઉઠ્યો કે, પછાડી લલિતા પણ ઉઠી. તે નહાવાની ઓરડીથી નજીક દૂરથી શી શી વાત થાય છે તે સાંભળવા ગઇ. કિશોરને સ્નાન કરવાની ઉત્તમ પ્રતિની ગોઠવણ જોઇ તે મનમાં બળી ઉઠી. પણ આવી બાબતમાં બોલવાથી કશો લાભ નથી, એમ જાણીને તે ચૂપ રહી. સુગંધી પદાર્થ તથા સાબુ જોઇને તેના મનમાં થયું કે, 'આ સઘળો રોપ ગંગાના બાપના ત્યાંનો પૈસો છે માટે જ કેની! આપણા ઘરમાં એ સઘળું નહિ જોઇએ!' એવા વિચારથી, પોતાના ધણીને સમજાવવાનો વિચાર કીધો; ને તે પાછી ફરી. પછી કિશોરના ખાનગી ઓરડાથી થોડે દૂર જઇ તે બેઠી. કિશોર સ્નાન કરીને પોતાના ઓરડામાં આવ્યો. તરત પછાડી ગંગા પણ આવી. કિશોરે શરીર લૂછી સાફ કીધું, તેટલામાં ગંગાએ નાની ટેબલપર માથામાં ઘાલવાને હેરફુશ તથા આરસી કાંસકી તૈયાર કરી મૂકયાં. નવાં લૂગડાં કાઢવાનાં હતાં તે પણ તૈયાર રાખ્યાં, ને વાળ સાફ કરીને કિશોર તૈયાર થયો

કે તેના હાથમાં ખમીસ, પાટલુન, જેકેટ, કોટ, પાઘડી, રુમાલ એમ એક પછી એક આપ્યાં. રુમાલપર સાધારણ સુગંધી પદાર્થ પણ છાંટયો હતો. મોજાં અને સાફ કરેલા બૂટ ખુરશી નજીક લાવી મૂકયાં. કિશોરે પોતાનો પોશાક ક્ષણવારમાં પહેરી લીધો. આ પહેરયા પછી એક ચીઠ્ઠી લખવાને તે ટેબલપર બેઠો, કે હેઠળ ચાહ તૈયાર થઇ હતી તે ગંગા જઇને ઉતાવળી ઉતાવળી લઇ આવી; કિશોર ચાહ પી, પાન ખાઇ પોતાના ઓરડા બહાર નીકળ્યો, કે ગંગાએ તડકા છત્રી આપી. તે લઇ પોતાને કામે ગયો. જતાં જતાં બંનેએ એકેક પ્રત્યે હાસ્યનું નેત્ર ફેંકયું. તરત ગંગા હેઠળ કામકાજ કરવાને ઉતરી પડી.

આ સઘળું એક અડધા કલાકમાં બન્યું હતું. લલિતા—કજીયાખોર સાસુજી એક ખૂણામાં ભરાઇ. બિલાડી પેઠે છૂપાઇને આ સઘળું જોતાં હતાં, ને મનમાં હજારો ગાળો દઇ બડબડાટ ને ફડફડાટ કરતાં હતાં. જો તેમનું ચાલે તો આ માટે આંખ ચીરી વહુને મારી નાંખે, પણ તેમનો ઉપાય નહોતો. કિશોર ને ગંગા ગયા પછી ગૃહિણી હેઠળ ઉતર્યાં. તેઓ સ્નાન કરવા ગયાં કે ગંગા તેમને પાણી આપવા ગઇ, ને જેવો પાણીનો લોટો લીધો કે, તરત આપણાં સર્પણી સ્વભાવનાં સાસુજીએ સહજ પણ અસંતોષના કારણ વગર, એકદમ પોતાનો ક્રોધ ભરેલો ચેહેરો બતાવ્યો ને કહ્યું; “શંખણી, મારે પાણી નથી જોઇતું, મારા હાથ પગ સલામત છે. તું આપશે તો જ શું હું નાહીશ, નહિતો નહિ ન્હાઉં કે ? જા તારા માટીની ચાકરી કર.”

ગુપચુપ ગંગા લોટો મૂકીને ચાલી ગઇ અને સાસુજી પોતાની ધારણામાં નિષ્ફળ થયાં, તેઓ વધુ ચીઢવાયાં. આડાઅવળા બે ચાર લોટા ઢોળીને મૂષળ સ્નાન કરી લીધું, ને પાછાં લડવાને તૈયાર થયાં. ખરેખર આજનો દહાડો ગંગાને માથે તો ભારે હતો. તે બાપડીનો વાંક શો ? એટલો જ કે તે પોતાના પતિને અત્યંત ચાહતી હતી, તેની સેવામાં સદા તત્પરની તત્પર રહેતી હતી. તેનો પતિ પણ પોતાની

અર્ધાંગનાને પૂરા પ્રેમથી ચાહતો હતો. ગંગા સ્વામીની સેવામાં ચતુર હતી, ને આજકાલની, અધૂરા જ્ઞાનની છોકરીઓ અને સ્ત્રીઓ ધણી પાસે છુટાપણું તથા બીજા ઉછાંછળા હક્કો માગે છે, તથા ઘરસંસાર ચલાવવાનાં, અન્યોન્ય પ્રેમ વધે તેવાં સાધનોથી કમનસીબ હોય છે ત્યારે ગંગા જ્ઞાન સાથે પ્રેમ, સ્વતંત્રતા સાથે સુખ આપવામાં બહુ વિવેકચતુર હતી. તે ધણી સાથે સાસુ સસરાને પણ પૂર્ણ પ્રેમથી ચાહતી, અને પોતાની મનોવૃત્તિને ધણી સ્વાધીન રાખતી હતી. એ બધા દોષ હોય તો અમારી નાયિકા ગંગા પ્રત્યેની તેની સાસુની વર્તણુકનો યત્કિંચિત્ પણ બચાવ થાય; પણ હિંદુ સાસુ, સોમાં પોણોસો સર્પણીનું કામ કરે છે.

દશ વાગ્યા ને જમવાને વાર તો જરાએ નહોતી, પણ સાસુજીએ સિક્કો બજાવવા બૂમ મારી કે, "હજી કેટલી વાર થશે ? બાપરે ! હવે તો ખાવાને માટે મોડું થવાનું, ને ભૂખે મરવાનો વખત આવ્યો છે. એ તે કેમ ખમાય ?"

"કંઇ જ વાર નથી સાસુજી," ગંગાએ જણાવ્યું. "તમે ચાલશો ?"

"હજી સૌએ તો ખાધું નથી, તે મને ક્યાં ઓરવાને કહાડે છે. ભાતનાં ક્યાં ઠેકાણાં છે ? શાક પણ ક્યાં થયું છે ? શું મને દકાળની ધારી જેવું તેવું નાંખવાની છે કે ?"

"સાસુજી સઘળું થયું છે. હવે ખોટી કંઇ જ નથી." ગંગાએ જણાવ્યું.

"ખોટી કોઇની નથી તો મારી ક્યાં ખોટી છે ? તમારા સસરાજી ને વેણીઓ જમ્યા ?"

"સસરાજી જમ્યા છે," ગંગાએ અતિ નમ્રતાથી કહ્યું. "તેઓ તો જમીને ક્યારના ગયા છે, ને દિયરજી પણ જમીને ગયા છે."

"બહુ સારું ?" કરડાકીમાં લલિતા ગૃહિણી બોલ્યાં, "પણ હજી કિશોર ક્યાં જમ્યો છે ? તેને કેમ યાદ નથી કરતી ? તેને માળેથી બોલાવ." પેચમાં સાસુજીએ કહ્યું.

"સવારના પહોરના તેઓ ચાહ પીતાકને પોતાને કામે ગયા છે, ને બપોરના બે વાગતાં સુધી આવવાના નથી, માટે તમે સૌ જમી લેજો એમ મને કહ્યું હતું." ગંગાએ ખુલાસો કીધો.

લલિતાગવરીને હવે બહુ વસમું લાગ્યું. પોતાનો દીકરો પોતાને આ સંબંધી કંઇ કહી ગયો નહિ, ને આ આજકાલની આણેલીઓને સઘળી વાતો કહે, તેથી તેઓ ખોજવાયાં. બીજો બોલવાને માટે ઉપાય નહોતો, તેથી ગંગા પ્રત્યે તેઓ બોલ્યાં: "ત્યારે ચાલ આપણે સૌ બેસી જઇયે."

ગંગાએ કહ્યું, "તેઓના આવ્યા પછી જમીશ."

હવે સાસુજીને પૂરતી ચીડ ચઢી.

"એટલે ? અમે ગાંડાં ને તું ડાહી; તું તારો માટી આવ્યા પછી જમશે, ને અમે પહેલાં ખાઇયે ? કિશોર તો પોતાને કામે ગયો છે તે ગમે ત્યારે આવશે, ત્યાં સુધી સૌ ભૂખ્યાં બેસી રહેશે કે ? આજ કાલ તો માટી આવ્યો છે, માટે તેના પૂડે ખાવા શીખી છે; પણ અમારાથી તને મૂકીને કયમ ખવાય ? માટે ચાલ સૌ સાથે જમિયે." સાસુજીએ સઘળું મરડાટમાં કહ્યું.

"સાસુજી, તમે તમારે બેસી જાઓની; મારે માટે ખોટી થવાની તમારે શી જરૂર છે ? મારાં પહેલાં તમે કયાં નથી જમતાં કે આજે મારી સાથે જમવાની હઠ લો છો ? મોટી બહેનના ભાઇ આવ્યા પછી હું જમીશ; હમણાં હું જમનારી નથી." ગંગાએ ઉત્તર દીધો.

"તું શું મારી ઉપરી કે, ને મારું કહ્યું નહિ માને કે ? વાહરે વાહ ! આજકાલની ટેચકીઓ તો સ્વામીનાથોના પગ ધોઇને પીતાં શીખી છે. પણ એ બધા બહારના ઢોંગ જવા દે. તારો માટી ખરો ને અમારો દીકરો નહિ ? એટલે તું ભૂખી રહે ને હું ખાઉં તો પછી મારા ભાંડણ ડુંપણ કરવામાં તું શું કામ કમીના રાખે ? તારા ઢોંગ હું બધા જાણું છું, અને માટીજીને બતાવવા માગે છે કે, તમારા વગર

હું ખાતી પણ નથી, પણ પેલી નાચણના જેવા વેશ તારે શા કરવા? સીધી સીધી જમી લે, ને ચાળાચસ્કા મૂકી દે." પણ સાસુજીનું કહેણ ગંગાને કંઇ ગમ્યું નહિ ને ગમે તેવું પણ નહોતું. આટલું કહ્યા છતાં પણ પોતાનો આ અનાદર થયો જાણી હવે લડકણુંબાઇ ખૂબ ઉછળ્યાં. "કેમ બહેરી બહેરી થઇ ગઇ કે શું? આ હું તો જાણે ભસી જતી હોઉં તેમ કાન પર જ ધરતી નથી. હવે તમારા માટીઓ સારી રીતે જાણે છે કે, તમે તેમનાપર ફિદા ફિદા છો! હવે મને વધારે બોલાવો નહિ. રાંડોરે! હું જાણું છું કે તમારા ધણીજીપર તમારું કેટલું હેત છે તે. આજકાલની સુધારાવાળીઓ રાંડો બહારનો દેખાવ કરતાં બહુ શીખી છે. ધણીને મોઢે જાણે તે ને તેજ, પણ બહાર રાંડોના કાળાં ધોળાં કંઇ ઓછાં નથી હોતાં. રાંડો, જ્યાંથી ત્યાં ને ત્યાંથી જ્યાં ભટકયા કરે છે, ને જીભડીનો સ્વાદ ચાખવામાં જરા પણ વિચારતી નથી, ને આજે સ્વામીજીને નહવડાવવા, સાબુ ચોળવા ને માથે ધુપેલ તેલ ઘાલી 'સેકન' કરતાં શીખી છે. આટલા દિવસ તારો માટી નહોતો ત્યારે કેમ ભૂખી રહી નહિ? આજે ભૂખ્યા રહેવાનું કયાંથી સૂઝયું? પણ આ ગરીબડી સાસુએ કહ્યું તે મનાય કેમ? ને જમી લે તો માટીઓ જાણે કેમ, કે અમારી બૈરી અમારાપર આટલો બધો પ્રેમ રાખે છે! પણ રાંડોરે! એવા ઢોંગ થોડા કરો, એ બધા ચાળા ને ચશ્કા આ આત્મારામ ભૂખણના ઘરમાં ચાલશે, પણ બીજે ઠેકાણે ચાલવાના નથી. પેલી તુળજા વીરા લખણીને એ સૂઝે, તને નહિ પાલવે. ચાલ, તે તો નીકળી જશે, તારે પણ જવું છે?"

"સાસુજી, કૃપા કરી માફ કરો, હું હમણાં નથી જમવાની." કજીયો ન થાય તે માટે નમ્રપણે ગંગાએ કહ્યું.

"એટલે તું તારા મનમાં શું સમજે છે? ચાલ જમવું પડશે." સાસુજીએ સિક્કો બેસાડ્યો.

એટલામાં તુળજાગવરી પણ આવી પહોંચ્યાં. તેને જોઇને સાસુજીને વધારે શૂર છુટયું. પોતાના મનમાં બડબડવા માંડયું કે જો ગંગાએ

માન્યું નહિ તો પછી આ પત કરશે જ નહિ. એથી બીજવાઇને કહ્યું કે, "પરેશાન ઊઠે છે કે નહિ? ન ઉઠે તો તારા બાપનું મડદું દેખે. માટી માટી શું ઝંખી રહી છે, એ માટી તો તારો ભાવ પણ નહિ પૂછે, મઢમ! તને પણ આ રંડાપેટે છાક આવ્યો છે કે શું?" એમ બોલી ગંગા જ્યાં બેઠી હતી ત્યાં જઇ એક લાત મારીને તેને પાડી નાખી.

ગંગા મોઢે એક શબ્દ સરખો પણ બોલી નહિ, પણ આંખે તો શ્રાવણ ને ભાદરવો છોડી મૂકયો. પરંતુ તુળજાગવરીથી આ સઘળું સહન થયું નહિ. તે ભણેલી હતી પણ ગણેલી ન હતી, તેથી ઘણી વાર ઝડાકો લઇ ઉઠતી હતી.

"તમારે ત્યાં શી મોકાણ મંડાઈ છે કે વળી પાછી ગાળો દેવા માંડી?" તુળજાએ જોઇએ તેનાથી વધારે ઉત્તર દીધો.

"તારા માટીની મોકાણ મંડાઇ છે, અહીં કોને કહે છે, કરકશા?" સાસુજીએ વિચાર વગર જવાબ આપ્યો.

એ શબ્દને અંતે મોહનચંદ્ર ઘરમાં આવ્યા. સૌ ચૂપ થઇ ગયાં ને શેઠાણી લડવાને આતુર હતાં તે પણ આજે તો દબી ગયાં. ગંગાએ ઝટ દેતાં કે આંસુ લૂછી નાખ્યાં, અને તુળજા લજવાઇ; પણ તે સૌ મોહનચંદ્ર પામી ગયા. દીવાનખાનાની પડોસના ઓરડામાં, જ્યાં આ સઘળી ટપાટપી ચાલતી હતી, તેમાંના એક કોચપર જઇને ગંગા બેઠી, ને બિછાનાપર પોતાની દિલગીરી કાઢવા માંડી. પણ મોહનચંદ્રથી બોલ્યા વગર રેહેવાયું નહિ, તેથી શાંતિ છતાં પણ તે બોલ્યાઃ—

"આ કંઇ ઠીક થતું નથી," જેવી તુળજા ઓરડો છોડીને બહાર નીકળી કે તરત બોલ્યા. "ગમે તેવા યત્ન* છતાં પણ કજીયાદલાલ પોતાનું કાંઇ કરતી નથી. જ્યારે ને ત્યારે મારામારી થયા જ કરવાની કે શું? કોઇએ પણ ડહાપણ શીખવું જોઇયે, પણ બંને સરખાં થાય છે એ માટે બંનેને ધિક્કાર છે. હવે ધારું છું કે સૌ પોતાના સ્વભાવને અંકુશમાં રાખતાં શીખશે, ને તું ઘરડા છે તે જરા શરમાશે;

આ વહુવારુ તરફ તારે માતાભાવથી જોવું જોઇયે, તેને બદલે તારે તેમને અણઘટતા શબ્દો કહેવા એ તને શું શરમાવાનું કારણ નથી? તુળજાની ગમે તેટલી ભૂલો છતાં તું વધારે કમજાત છે! તો હવે ગમે તે કોઇપણ ઇલાજ નક્કી થવો જોઇયે! પણ તે નક્કી થતાં સૂધી ભલાં થાઓ તો ઠીક."

વેરથી ધુંધવાતી ચિહિડીયણ શેઠાણી ઉછળી; "તારે શું હું મરું? તમને સુખ થશે?"

"ખચીત, શક શો?"

"આ રાંડોની સાથે સૌ ભેગાં થઇ મને મારી નાખો!"

"ભેગાં થઇને અમે સૌ એમ પ્રચ્છિયે છિયે કે તું હવે મુક્તિને પામે."

"અને ત્યારે પછી તમે આનંદ પામશો?"

"બેશક, તું જ્યારે બીજાઓનો આનંદ જોઇ શકતી નથી ત્યારે બીજું શું?"

"પૈસાદારની દીકરીનો પક્ષ કરી મને દબાવતા હશો કેમ? પણ હું દબનાર નથી. એ મારા ઘરમાં નવાબોની દીકરીનું ચલણ નહિ ચાલે. તમે પણ પૈસાદારની દીકરીનો પક્ષ ખેંચો, પણ તમને રાતી દમડી ગુમડે ચોપડવા ખપ નથી લાગવાની. હું ગરીબ માબાપની દીકરીનો પક્ષ કેમ કરો? વહુઓ તો તમારું પૂરું કરશે!" ધણિયાણી બોલ્યાં.

"જેનાં જેવાં લક્ષણ તેવું તેને માન મળે."

ચીડવાયલી લલિતા તોબરો ચઢાવીને બહાર નીકળી ગઇ. ગંગા ઘણું રડી ને તેના નિર્દોષ પિતાને જે શબ્દો કહેવામાં આવ્યા તેથી તેને ઘણું લાગી આવ્યું. કિશોર આવતાં સૂધી તે ભૂખી રહી, ને સાંઝના પાંચ વાગે કિશોર આવ્યો ત્યારે દિવસની ખટપટનો કશો અણસારો પણ કીધો નહિ, ને પોતે જમી છે કે નહિ તે પણ જણાવ્યું નહિ. કિશોરે જમી લીધું, ને રાતના સઘળું વાદળ સાંગોપાંગ ઉતરી ગયું.

# પ્રકરણ ૮ મું

## લગ્નસરા

વૈશાખ મહિનો લગ્નસરાનો હતો. મોહનચંદ્રના એક નજીકના સગામાં લગ્ન હતાં, ને ત્યાં જવાને માટે સઘળાં તૈયાર થયાં. આજનો દિવસ સૌને આનંદનો હતો, તેથી સવારના પહોરમાં સૌ કામ કરી રહ્યાં ને પોતાના સગાને ત્યાં જવાને તૈયાર થયાં. લગ્નસરાનો બહાર ઘણું કરીને સુરત શેહેરમાં જેવો હોય છે તેવો બીજે ઠેકાણે ભાગ્યે જ જોવામાં આવે છે. નાગર, બ્રાહ્મણ, વાણિયા, કાયસ્થ ને બીજી હિંદુની જ્ઞાતિમાં એ વેળાનો ભભકો પુષ્કળ હોય છે. ઐરાંઓ ભાતભાતના વસ્ત્રાલંકાર સજીને નીકળે છે. ઉનાળો હોય તો સાળુઓની શોભા ખૂબ દીપી નીકળે છે. શિયાળામાં સાડીઓ વધારે પેહેરવામાં આવે છે. આ ઉનાળાનો સમય હતો તેથી જ્યાં ને ત્યાં પોપટિયા, ગુલાબી અને બીજા રંગરંગના સાળુઓ પહેરીને સ્ત્રીઓનાં ટોળેટોળાં ફરતાં જોવામાં આવતાં હતાં. ચોળી ને કંચુકી પણ ભાતભાતની હતી, ને અલંકારો પણ નવીન નવીન જાતના પેહેરેલા જણાતા હતા. કોઈ સહજસાજ ઘરેણાં પહેરે છે તો કોઇ ખીચોખીચ ખડકીને પેહેરે છે. કોઇની ડોકમાં માત્ર છેડો જ હોય છે, તો કોઇ મોહનમાળા જ પેહેરે છે. હાથમાં ઘણું કરીને રાજાવરકની બંગડીઓનો શોખ ઘણો હોય છે, ને તેની વચ્ચે સોનાની કે મોતીની બંગડી ને રાયપુલ હોય છે. સાધારણ રિવાજ પ્રમાણે બે કાચની બંગડી ને બે સોનાની કે મોતીની બંગડી પેહેરે છે. અગાડીના ભાગમાં મોતીનું ઘરેણું હોય તો મોતીનાં કલ્લાં, ને સોનાનું ઘરેણું હોય છે તો સોનાનાં કલ્લાં, સિંધિયાસાહી સાંકળાં કે ગજરા પેહેરવામાં આવે છે. આંગળાંપર એકાદ હીરાની વીંટી પેહેરે છે, ને જો જરા વિચારવંત સ્ત્રી હોય તો વાંકબાંક પેહેરતી નથી, પણ ચોળીની નીચે ઘુઘરી કે માત્ર જરદોસી મોહોળિયું જ પેહેરી દે છે. કુલીન સ્ત્રી કંચુકી પહેરતી નથી, પણ ઘણું કરીને ચોળી પેહેરે છે. ચોટલો ચાંદલો

તો અવશ્ય હોય, પણ હવે નાકમાંની વાળી ભાગ્યે જ પેહેરવામાં આવે છે, ને પગના તોડા તો છેક જ જતા રહ્યા છે અને તેનું સ્થાન નાજુક લંગરે (નૂપુરે) લીધું છે. તેનો ઝંણકારો કર્ણપ્રિય લાગે છે. આવા પોષાક પેહેરેલી સ્ત્રીઓનાં જ્યાં ને ત્યાં ટોળેટોળાં જોવામાં આવે છે. ખરેખર લગ્નસરા એ સ્ત્રીઓનાં પ્રદર્શનનાં ઠેકાણાં છે.

પોતાના સગાને ત્યાં જવાને, કામથી પરવારી મોહનચંદ્રનાં કુટું-બનાં સૌ પોષાક સજવા બેઠાં. ગંગાએ પોતાનો ચોટલો ઓળી લીધો હતો, ને કમળાનો ઓળવાને બેઠી હતી. કમળા બાળવિધવા હતી, પણ વેશ રાખેલો હોવાથી સાધારણ ઘરેણાં તેને માટે કહાડી આપ્યાં હતાં, તે ગંગાએ એને પેહેરાવ્યાં. એટલામાં શેઠાણીએ બુમ મારી. કમળી ઉઠીને ગઈ. ગંગાએ ચોટલો ચાંદલો કીધો હતો તેથી તે ખીજ-વાઈ ગઈ. પણ બીજું કંઇ કહેવાને બદલે માત્ર એટલું જ કહ્યું કે "એવા ચાળા ચસ્કા મૂકી જલદી ઘરેણું લૂગડું પેહેરી લે."

સૌ ઘરેણાં લૂગડાં પેહેરીને તૈયાર થયાં. શેઠાણીને વાર તો હતી નહિ, પણ કંઇ મસે બોલવું તેથી કહ્યું કે, "આટલી તે શી ધાડ પડી છે કે ઉતાવળ કીધી." કોઇએ પણ તેના લાંબા મોઢાને જવાબ આપ્યો નહિ. સૌ ઘેરથી નીકળીને સગાને ત્યાં ગયાં, રસ્તામાં અગાડી શેઠાણી, તેની પુઠે કમળી ને નાની બેહેન તથા તેમની પુઠે તુળજાગવરી ને ગંગા, પછાડી વેણીગવરી ને ચાકર, ને ચાકરના હાથમાં મદન હતો. સૌના પોષાક જૂદા જૂદા પ્રકારના હતા. ગંગાનો પોષાક ઘણો સાદો હતો, પણ આટલા બધામાંથી માત્ર તે જ એક તેજવંતી ને ગુણવંતી જણાતી હતી. કમળીનું ચાલવું જોકે કાંઇક છોકરવાદી જેવું હતું, તથાપિ તે બહુ મર્યાદામાં રહેતી હતી. તુળજાગવરીનો પોષાક વધારે ભભકાપર હતો, ને તેણે નવી ને જુની ફેશનનું અનુકરણ કીધું હતું. બીજીઓનો પોષાક સામાન્ય હતો.

સગાને ત્યાં પહોંચ્યા પછી બીજાં ઘણાં બૈરાંઓ વહેવાઇને ત્યાં જવાને તૈયાર હતાં, તેમની સાથે સૌ ઉઠ્યાં. આ લગ્ન જેને ત્યાં હતાં

તેનું નામ મોતીભાઇ હતું. તેમની ધણીઆણીએ સૌનો સારો આદર-સત્કાર કીધો, ને જમી આવ્યાં છો કે ભૂખ્યાં, તે માટે સવાલ પૂછ્યો. સૌ જમી આવ્યાં જાણી દિલગીર થઇ બે ચાર ઠપકાના શબ્દો કહી વસંત આપવા માટે ગયાં. વસંત આપવા જતી વેળાએ મેહેણાં ટોણાંનાં ગીતો બંને વેહેવાઇઓ તરફથી ગવાય છે. ઘણાં બૈરાંઓ તેમાં હોંસથી ભાગ લે છે. વેહેવાઇને ત્યાં જઇને બેઠા પછી ફલાણી વહુને આમ ને ધીકણી બાઇને તેમ, એમ પરસ્પર એક બીજાનાં સગાંઓની ટોળ મશ્કરી થાય છે. આ વસંતમાં કંઇ તેવું થોડું નહોતું. કન્યાને વસંત ચઢાવ્યા પછી અરસપરસ અબીલ, ગુલાલ ઘાલવામાં આવે છે, તેમાં વહુવારુને માથે પિસ્તાલ પાડવામાં આવે છે. મોતીલાલના ઘરની વહુ-વારુને રંગ ઘાલવા પછી તુળજાને માથે ગુલાલ ઘાલવાને વેહેવાઇને ત્યાંની એક વહુવારુ આવી; તેને શોક હોવાથી ના પાડી. ગંગાને માથે એકદમ છાનામાના જઇને ગુલાલ ઘાલવાનો વિચાર કીધો, પણ ગંગાએ એક બે વિનયના એવા તો સરસ શબ્દ કહ્યા કે મજાક કર-નારી આ વહુવારુ શરમાઇ ગઈ. આ બાઇ શીખેલી હતી, ને તેને સારું ભણતાં આવડતું હતું; પણ ગણેલી નહોતી. વિવેક મર્યાદા જરા પણ નહિ. તેના ભણવાનું તેણે જરા પણ સાર્થકય કીધું નહોતું. પણ ઉલટું કઢંગી રીતભાતથી તેનું ભણવું વગોવાતું હતું. સાસુ સસરા સાથે ઘડી અને પળે લડી પડતી હતી ને ઘરેણાં ગાંઠાં માટે ધણીને દમતી હતી. જેવી તે ગુલાલ નાખવા આવી કે ગંગાએ એટલું જ કહ્યું કે, "તમને એ ઘટે નહિ, ભણ્યાનું સાર્થકય એ જ કે જંગલી જેવાં ગાંડાં થવું?" પેલી શરમાઇને પાછી ચાલી ગઇ.

ગંગાની તે વેળાની બોલવાની રીતભાત જોઇ, તથા જે રીતે ગુલાલ નાખવા આવનારી મણીવહુને શરમાવી નાખી તે જોઇને ન્યા-તનાં બૈરાંઓ છક થઇ ગયાં. સૌ ગંગાની રીતભાત તથા વિવેક મર્યા-દાની જ વાતો કરવા લાગ્યાં ને ઘણો મોટો ભાગ તેની વર્તણુકના

વખાણ કરતાં હતાં. ગંગાને મોઢે જ તેનાં વખાણની વાતો કેટલીક ઓઓ કરતી ને તેની કલાંઠ સાસુને ગાળો દેતી. પણ વખાણ કે નિંદા સાંભળવાને માટે તેના કાન ન હોતા, તેથી જ્યારે એવી વાતો નીકળતી કે તે ગમે તેમ વાતનું સ્વરૂપ ફેરવી નાખતી. વાતો કરતાં સૌ ઘેર આવ્યાં. એ સગાને ત્યાં આજે જમવાનું હતું. સઘળાં સગાં-વહાલાં ઘરધણિયાણીને મદદ કરવાને બદલે વાતોના તડાકા મારતાં, પણ એક સળી ભાંગીને કટકો કરતાં નહિ. ઘરધણિયાણીએ આવીને લલિતા શેઠાણીને કહ્યું, "બ્હેન, આ તગારો તે ક્યાંસુધી ખેંચાશે ? જોની મારી ત્રણ વહુઓ તો શેઠાણી થઇ બેઠી છે ને કામ જાણ્યા છતાં ઓરડે ભરાઇ બેઠી છે. તમારી વહુઓ જરા મદદ કરે તો રસોઇ જલદી તૈયાર થઇ જાય. સઘળું તો તૈયાર થયું છે, પણ માત્ર શીરો કરવાનો છે તે સારુ બે માણસ જોઇયે." લલિતાએ કહ્યું, "હારે બ્હેન ! નઠારાં માણસ મળે તો તોબા પરમેશ્વર ! મારીએ ક્યાં ઓછી છે, તારી વહુઓના મોંમાં થુંકે તેવી છે. મોટી વહુ તો હરામનું ખાનારી છે, ને નાનીમાં તો કશી આવડત જ નથી. પેલાં અમારાં ગંગા શેઠાણીની તો વાત જ ન બોલશો. તે તો બેગમ સાહેબ છે એટલે કામ જ શેનાં કરે ! હું કહું તો મને કાચીને કાચી કરડી ખાય."

નંદગવરી ઘણી શાણી હતી, પણ ઘરડા માણસમાં જે ટેવ હોય છે, તેવી ટેવથી તે કમનસીબ ન હોતી. તેથી, "હા બા, એ આજ-કાલની વહુઓ એવી જ કમજાત હોય છે," એમ ટાપસી પૂરી. તોપણ જેમ લલિતાએ વગોણું કીધું તેમ માન્યું નહિ, પણ ઉલટું શેઠાણીની કઢંગી રીત, અવિવેકી ચાલ તથા કુટુંબ સાથે વર્તવાની રીત માટે વાંધા કહાડ્યો; ને તેમ માનવાને તરત જ કારણ મળ્યું. નંદગવરીના મોંપર જે ચિંતા ફરી વળી હતી તે ગંગા તરત પામી ગઇ; તેથી પોતાની જગ્યાએથી ઉઠી ને તરત નંદગવરી પાસે ગઇ અને તેમને કારણ પૂછ્યું; ને જેવું ચિન્તાનું કારણ જણાયું કે લૂગડું બદલી કામે વળગી ગઇ.

નંદગવરી ઘણી રાજી થઇ ને ગંગાનાં ઘણાં વખાણ કરવા લાગી. ગંગા આત્મારામશાહના કુટુંબમાં એક રત્ન જ છે એમ તેને લાગ્યું. શું કરવાનું હતું તે સમજાતાં બંને કામે વળગી ગયાં. નંદગવરીના ઘરની વહુવારુઓ પણ શરમાઇને કામ કરવા મંડી પડી. એક કલાકમાં બાકી સાકીની રસોઇ કરીને સૌને જમવા બેસાડી દીધાં, ને વાડામાં "શીરા શીરા" ને "પાણી પાણી"ની બૂમ પડી રહી.

સૌ જમી રહ્યા પછી ગંગાને જમવાને માટે કહ્યું. તુળજાગવરી જમી નહેતી, તેથી તેને મૂકીને તે જમવાને તૈયાર થઈ નહિ. મદન જાગ્યો તેને ગંગા તેડી લાવી ને પછી તુળજાને ઉઠાડી, કેમકે તેની તબીયત જરાક બગડી હતી. કમળા તથા સાસુજી તો પંગતમાં જમી ગયાં હતાં. ગંગા રસોડામાંથી નીકળી ને સાસુજીને જોવા ગઇ, ત્યારે તેને આ પ્રમાણે ઘેર ગયેલાં જાણી તે દિલગીર થઇ. હવે જો ગંગા જમ્યા વગર જાય તો નંદગવરી નારાજ થાય, ને જમીને જાય, ને સાસુજી જમ્યા વગર ગયાં હોય તો ઘેર જવા પછી માથે ગજબ ગુજરે. આખરે જે થાય તે ખરું એમ વિચારી પાંચ સાત બૈરાં સાથે તે જમવા બેઠી. ગંગાની રસોઈનાં પણ વખાણ થયાં ને સૌએ તેને ઘણી વખાણી.

આજનો સગાવહાલાંનો સમાજ ઘણો સંતોષકારક થયો હતો. નંદગવરીએ ગંગાને કિમ્મત નહિ અંકાય તેવી જોઇ અને પોતાના કિશોરને ખરેખરો સુખી ગણ્યો; તેમ જ લલિતાગવરીને ખરેખરી રાક્ષસી સાસુ પીછાણી. તે ઘર ચલાવવાને જ નાલાયક છે એમ બડબડી. ગંગા ને કિશોરનું જોડું ઘણું રુડું હતું; કિશોર ઘણો ખૂબસૂરત નહોતો, તથાપિ તે નાગર ન્યાતમાં એ રત્નરૂપ હતો. મજાક કરતાં નંદગવરીએ ગંગાને પૂછ્યું કે, "કિશોર કેમ જમવાને આવ્યો નથી?" બીજાં બૈરાં પેઠે ગંગાએ નીચે મોઢું સંતાડયું નહિ, પણ ધીમેથી કહ્યું કે, "મને ખબર નથી."

"અને હવે ગંગા!" નંદગવરીએ ઘેર જતી વેળાએ કહ્યું, "તમારી

સાસુએ તો તમારાં ઘણાં વખાણુ કીધાં હતાં! પણુ મને સંપૂર્ણ ખાત્રી થાય છે કે જેવી તું ખૂબસૂરત, સારા સ્વભાવવાળી, અને માયાળુ છે તેવી કામ કરવે પણુ ચપળ ને હોશિયાર તથા મમતાળી પણુ છે. આજે મારા ઘરની, ત્રણુ ત્રણુ વહુઓ છતાં રાતના બાર વાગતે પણુ જમવાનો સમય આવતે નહિ પણુ આઠ વાગતાંમાં આપણે પરવારી ગયાં તે બેહેન તારે લીધે."

ગંગાએ નમ્રપણે આ વિનય વચન માટે ઉપકાર માન્યો.

"હું તારાં ખોટાં વખાણુ કરતી નથી, પરંતુ હાલની વહુવારુમાં જે દુર્ગુણુ આવેલા હોય છે તેથી તું દૂર છે. મેં સાંભળ્યું હતું કે તું રત્ન નીવડી છે, ને પણિયતનું ખરું સુખ ભોગવવે ભાગ્યશાળી થઇ છે, તે સદ્દગુણ તારામાં જોઇને તને મારો આશીર્વાદ છે!" નંદગવરીએ કહ્યું.

"કાકીજી, કામ કરવે મને જરા પણુ શરમ નથી, ને મારા હાથ ઘસાઇ જવાના નથી. મેં શું કીધું છે? કંઇ જ નહિ. તમારી વહુ-વારુઓ પણુ મારા જેવી જ કામગરી છે." ગંગાએ આ બોલવા સાથે વહુવારુઓને શરમાવી નાખી, ને તેઓ ઝટપટ પાછી કામે વળગી ગઇ.

ગંગા ને તુળજાગવરી, નંદગવરીના ચાકર સાથે પોતાને ઘેર આવ્યાં. ગંગાએ રાંધ્યું તે સાસુજીને ગમ્યું નહિ ને તેથી રોષે ભરાયાં હતાં. ઘેર આવીને તેઓ સુઇ ગયાં હતાં એટલે શાંતિ હતી. પોતાના શયનગૃહમાં ગંગા કમળી સાથે ગઇ તો ત્યાં કોઇ અજાણ્યો પરોણો બેઠો હતો. તરતનો જ તે રેલવેપરથી આવેલો હતો.

## પ્રકરણ ૯ મું

### અજાણ્યો પરોણો

એ અજાણ્યો પુરુષ કોણુ છે એમ ઘરમા ગુસપુસ વાતચીત થવા લાગી. કમળી આ અજાણ્યા પરોણા તરફ ટીકી ટીકીને જોવા મંડી ને ઘણા ઉલટપાલટના પ્રશ્નો પોતાની ભાભીને પૂછ્યા. જો કે તે ભણેલી

ગણેલી ડાહી છોકરી હતી, તથાપિ આ વેળાએ આ અજાણ્યા પરોણાને જોઇને તે ઘણા પ્રકારના વિચાર કરવા લાગી. કિશોરલાલના ઓરડામાં આ અજાણ્યો પરોણો પોતાની કૉલેજ સંબંધી વાતચીત કર્યો જતો હતો. તેણે હાલમાં ચાલતા સુધારાવિષે પણ કેટલીક વાતચીત ચલાવી, ને તેમાં બાળવિધવાનાં દુઃખો સંબંધી કેટલીક વાત કીધી. જુવાન માણસો આવી વાતચીતમાં બહુ શૂરા હોય છે. પણ તેમને ખબર હોતી નથી કે તેનાં પરિણામો કેવાં થાય છે. કિશોરલાલે આ વાતચીત પર પૂરતું લક્ષ આપ્યું; તથાપિ પોતાનો વિચાર પ્રત્યક્ષ રીતે બતાવ્યો નહિ.

કિશોરલાલનો આ તરુણ મિત્ર વયે હજી વીસ વર્ષનો ખૂબસૂરત અને કાવલા ઘાટનો હતો. તેના મોંનો ચહેરો મન આકર્ષે તેવો હતો. હજી સૂધી તેણે લગ્ન કીધું ન હતું, ને તેનો લગ્ન કરવાનો ઇરાદો પણ ન હોતો, અથવા હશે તોપણ તે કોઇના જાણવામાં ન હોતો. તે કુલીન માબાપનો તથા વાણિયાની ઉત્તમ ન્યાતનો હતો. તેના વિચાર સ્ત્રીઓ માટે ઘણા વિલક્ષણ હતા, ને તે પરણવામાં સુખ નથી, પણ દુઃખ છે એમ માનતો હતો. ઘણી વેળાએ તેનાં માબાપ તથા ભાઇ ભાંડુઓએ ઘણો ટોકયો હતો પણ કશી દરકાર રાખી નહોતી.

બંને મિત્રો એકેક પ્રત્યે પ્રેમભાવથી વાતચીત કરતા હતા, તેટલામાં કમળીએ ભાઇને માટે ચાહ લાવીને મૂકી. બે પ્યાલા મૂકયા તેમાંથી એક કિશોરે લઇને બીજો આ અજાણ્યા પરોણાને આપ્યો. કમળીને જોતાં આ મિત્રને કંઇ અજાયબ રીતની કરુણા છૂટી. તેને મનમાં આ બાપડીની દયા લાગી આવી ને વિચાર્યું કે આવી કુમળી વયમાં વિધવાપણું વેઠવું એ ઘણું સંકટકારક છે.

કમળીને જોતાં આ અજાણ્યા પરોણાને જે દયા છૂટી, ને મોંપર પ્રસ્વેદનાં ટીપાં બંધાયાં તે કિશોરે જોયાં. એક બીજાએ એ બાબત કંઇ પણ દરકાર રાખી નહિ. આ પરોણાનું નામ મોતીલાલ હતું, ને તે કેટલાક દિવસ આ ઘરમાં મુકામ કરનાર હતો. તેના મનમાં પહેલે

એવો વિચાર ઉઠયો કે કિશોર તથા તેના ભાંડુઓ વિચારવંત છે, તેથી કદાપિ આ બાપડી કમળીને દુઃખદ અવસ્થામાંથી છૂટી કરીશ; ને તેને માટે કદાપિ ચાર દહાડા વિશેષ રહેવું પડશે તો ચિન્તા નહિ.

પ્રેમ પહેલે પગથિએ બંધાય છે ત્યારે જો સામું માણસ દુઃખી હોય તો દયા છૂટે છે; નિર્ધન હોય છે તો ધનથી મદદ કરવામાં આવે છે; આપત્તિમાં હોય છે તો તેમાંથી મુક્ત કરવાના ઉપાય યોજાય છે અર્થાત્ તે જે રીતે સુખી થાય તેવા ઉપાય લેવામાં બાકી રાખવામાં આવતું નથી. પેહેલે આ બધા વિચારો કંઇપણ હેતુ વગર બહાર પડે છે, પછી ધીમે ધીમે પ્રેમની ઘટના થાય છે, ને ત્યારે જ તે સંબંધી કંઇ પણ સમજણ પડે છે.

નિર્દોષ કમળી તરફ હમણાં જે પ્રેમ મોતીલાલને છૂટયો હતો તે પ્રથમ રૂપમાં હતો. પોતાની બેહેન સમાન ગણીને મોતીલાલે કમળીનાં દુઃખો તરફ હમણા તો નિગાહ કીધી હતી. બીજે દિવસે સવારના કિશોરના ઓરડામાં મોતીલાલ એકલો બેઠા હતો ત્યારે કમળી ચાહ આપવા આવી. તે વેળાએ માત્ર મોતીલાલે એટલું જ કહ્યું કે, "બેહેન, કિશોરલાલ હેઠળ ગયા છે તેમને ઉપર મોકલજો." કિશોર આવ્યા પછી વાતચીત કરતાં મોતીલાલે પૂછ્યું કે, "તમારી બેહેનની આવી દુઃખી અવસ્થા કયાં સુધી જોયા કરશો ?"

"એ વાતમાં આપણો ઉપાય નથી, ને આપણું કંઇ ચાલે પણ નહિ. તેમાં મારી માતા એવી તો વિલક્ષણ સ્વભાવની છે કે તેને કંઇ પણ કહેવામાં આવે તો તરત કુવો–તાપી કરવા તૈયાર થાય. તથાપિ મારી તથા મોટા ભાઇની એવી ઇચ્છા ખરી કે કંઇક રીતે એ બાપડી દુઃખમાંથી છૂટે તો ઘણું સારું."

"એ સૌ તમારા હાથમાં છે. તમે ન્યાત જાતમાં મોટેરા છો, તે અગાડી પડીને કંઇ પણ કામ કરો તો તેથી બીજા ઘણાને દુઃખમાંથી છોડવવાનો આશીર્વાદ લેશો."

"એ સૌ ખરું, તથાપિ ન્યાત તરફની આશા ફોકટ છે. પણ જો કમળીની ઇચ્છા હોય તો મારા વિચાર પ્રમાણે તેને હું સઘળી મદદ કરી શકું. પછી સુખ મળો કે દુઃખ, તેની મને કશી દરકાર નથી. પરંતુ કમળી બેહેનની જ કોઇ પણ પ્રકારની ઇચ્છા નથી એમ મારા જાણવામાં છે."

"પણ તે બાપડીના મનમાં શું છે તે તમારા જાણવામાં શી રીતે આવે? તે કંઇ બોલી શકતી નથી."

"એ તમારું કહેવું ખરું છે, પણ મેં તપાસ કરવામાં બાકી રાખી નથી. કેમકે એના વરનું મૃત્યુ થયું તે પહેલાં એનું પૂરેપૂરું લગ્ન થયેલું નથી. શાસ્ત્રવિધિ પ્રમાણે મંગળ ફેરા ફર્યા નહિ હોય તો તે લગ્ન જ નથી, તેથી ફરી લગ્નની વાત એક વેળાએ પિતાજીએ કરી હતી; પણ કમળીએ કહ્યું કે એક ભવમાં બે ભવ નહિ કરું."

વાત એટલેથી જ બંધ પડી, પણ મોતીલાલને હવે વધારે ઉમંગ આવ્યો. કેમકે તેણે પોતાના મિત્રના સઘળા વિચાર આટલાથી જાણી લીધા. હવે કમળીની શી ઇચ્છા છે તે જાણવાને માટે મેહેનત કરવા ધાર્યું. હિંદુ લોકોના દરેકે દરેક ઘરમાં સ્ત્રીઓ સાથે વાતચીત કરવાની છૂટ હોતી નથી. સામાન્ય રીતે વહુવારુપર તો ઘણો જ અંકુશ રાખવામાં આવે છે. પણ દીકરીઓ સાથે ભાઇ બેહેન તરીકે વાતચીત થઇ શકે છે. તથાપિ તે છૂટનો લાભ બરાબર રીતે તરત ને તરત લઇ શકાતો નથી. કમળીના વિચાર આવી બાબતમાં શા છે તે જાણવાને માટે મોતીલાલે પત્ર વ્યવહાર ચલાવવો પેહેલે ધાર્યો, પણ તે જોખમ ભરેલા કામથી એણે હાથ ઉઠાવતાં મોઢામોઢ વાતચીત કરવી, એને વધારે દુરુસ્ત લાગી. ચાર પાંચ દિવસમાં ઘરમાં રહીને પળોટાયાથી મોતીલાલની ભીડ ભાંગી ગઇ ને તે જેવો એક કુટુંબનો માણુસ હોય તેમ ભેળાઇ ગયો. સૌ તેની સાથે મન મૂકીને વાત કરતાં હતાં.

જેઠ માસની એક સંધ્યાકાળે પોતાના ઘરની પાછલી બારીએ કમળી બેસીને કંઇ ઉંડો નિઃશ્વાસ મૂકતી હતી. તેના પગ નીચે રસાળ ને ફૂલફળાદિથી ખીલી રહેલી વાડી આવી રહી હતી, ને જો કે ઉનાળાનો સખ્ત તાપ હતો, તેટલું છતાં આ બગીચાનાં ઝાડો સારી રીતે મનને આનંદ આપતાં હતાં. ચંદ્રનાં કિરણ સાદાં પીળચટાં પ્રસરી રહ્યાં હતાં; ને ચંદ્ર આ વિધવાનું મુખડું વધારે સારી રીતે ઝળકાવવાને તેના મોંપર જ પોતાનાં શીતળ કિરણો ફેંકતો હોયની એમ જણાતું હતું. આ વેળાનું તેનું સ્વરૂપ જ ઓર તરેહનું દેખાતું હતું. ચોપાસે શાંત હતું, ને ઘરનાં સઘળાં એક મિત્રને ત્યાં મળવા ગયાં હતાં. પોતાની ખુશીથી જ કમળી ઘરમાં એકલી રહી હતી. દૂર વિશાળ ચોગાન હતું, ને ત્યાંથી દૂર અંબાભવાનીના દેવાલયનાં શિખરોના કળશ ઝળકાટ મારતા હતા. બીજી બાજૂએ બાલાજીના દેવળના કળશો સામા કિરણો ફેંકતા હતા. આ ચિત્ર વિચિત્ર અને અતિ મનોહર દેખાવ, જોનાર માણસની છાતીમાં આનંદનો પ્રવાહ ચલાવતો હતો. પણ બિચારી કમળીના મનમાં તેથી વિશેષ બળાપો થતો હતો. તે સુકોમળ, સફેદ ચામડીવાળી, સીધી પાતળી કમરની, નિતંબ પણ જરાક ભારે અને દેખાવડી હતી; નેત્રો હરણ જેવાં ચળકતાં હતાં; છાતી ભરાઉ ને કેશ છૂટા મસ્તકપર વિખરાયલા હતા. આ વેળાએ પોતાના દુઃખ માટે કમળી મનમાં કંઇક સહજ બબડી. આ દુનિયામાં કોઇ નથી એમ તેના મનમાં આવ્યું ને તે અકસ્માત્ બોલી ઉઠી કે, "જેનો સ્વામી દેવલોક સિધાર્યો તેના કરતાં તે જાતે જ યમલોક પ્રત્યે ગઈ હોય તો કેવું સારું? હાય! હાય! મારા પ્રિયતમ પ્રાણનાથ, તમે માત્ર હાથ ઝાલીને મારો અવતાર બાળી નાખ્યો, ને આ ખરી યુવાવસ્થામાં મુજ સમાન રાંકડીને બળી મરવાનો સમય આવ્યો છે. રે સતી—પતિવ્રતા ને સતી થવાના દિન ક્યાં ગયા?" આટલું તેના મનમાંથી બહાર નીકળ્યું તે જાણે કોઇએ સાંભળ્યુ હોય તેમ તેને લાગ્યું અને તે જ ક્ષણે એ ઓરડામાં મોતીલાલ

આવ્યો—જો કે તેણે આમાંનું કંઇ જ સાંભળ્યું નહતું. તેનાં પગલાં સાંભળીને ગભરાયલે ચહેરે સલજ્જ, સભય કમળી ખુરશીપરથી પગ ખસેડી, બારીમાંથી ડોકું ખેંચી લઈ, માથે લૂગડું ઓઢતી ફરીને ઉભી થઇ.

"બેહેન," મોતીલાલે અતિ ઘણા નિર્દોષ પ્રેમથી કહ્યું. "આજે તમારી તબીયત સારી નથી શું?" જો કે, કમળી સલજ્જ, સભય ને સકંપ થઇ હતી, તથાપિ આ વેળાએ તેના મનમાં વિચાર આવ્યો કે પોતાના દુઃખની વાત કોઇએ સાંભળી હશે; ને તેથી ઘણી ગભરાટમાં પડી હતી. મોતીલાલ સાથે ઘણો બોલવાનો પ્રસંગ આ પંદર દિવસમાં પડી ગયો હતો; ને તેણે પોતે ઘણી વેળાએ તેને પોતાના ભાઇ સાથે કેટલીક વાતચીત કરતો સાંભળ્યો હતો, કે જે વાતચીત તેના પોતાના જ લાભની હતી. વળી એ કુલીન તથા આબરૂદાર ખાનદાનનો અતિ ઘણો વિવેકી તથા શાણો હતો, એમ તેની ખાત્રી થઇ હતી. તો પણ પોતાની વાત કંઇ પણ એ જાણે તો ઠીક નહિ, એમ એને પોતાના મનમાં લાગ્યું. બંને ઉભાં રહ્યાં, તેમાં મોતીલાલને વધારે ભારે થઇ પડ્યું. પણ પછી ધાડી છાતીથી ફરીથી પૂછ્યું: "બેહેન, જો તમને અડચણ ન હોય તો હું કેટલીક વાત પૂછવા માગું છું. થોડી મિનિટ થોભશો?"

"શા માટે નહિ, તમો આગળ થોભવામાં શી અડચણ છે ભાઇ?"

"હું તમારો વિચાર જાણવા ઇચ્છું છું. તમારો અભિપ્રાય માગું છું."

"મારો વિચાર!" તે બોલી ઉઠી. "હું તે કોણ કે તમે મારો વિચાર ને સલાહ લેવાનો ઇરાદો રાખો છો?"

"અલબતાં તમારો વિચાર ને સલાહ લેવાની મને જરૂર છે. હું નથી ધારતો કે એ બાબતમાં તમારા કરતાં કોઇ બીજાની સલાહ વધારે જરૂરની હોય. આજ કેટલા દિવસ થયાં તમારી કરુણાજનક કહાણી મેં જાણી છે. વારુ તમે, તમારા પિતા ને ભાઈ ભાંડુની આજ્ઞા પ્રમાણે વર્તી ને સુખી થાઓ તેવી રીતે વર્તવાને તૈયાર છો કે નહિ બેહેન?"

કમળીએ કંઇ પણ જવાબ દીધો નહિ.

"જો તમારી સંપૂર્ણ મરજી હોય તો કિશોર ને હું તમને સારી રીતે મદદ કરી શકીશું. પણ જો તમારી ઇચ્છા ન હોય તો તે પ્રમાણે સ્પષ્ટપણે જણાવશો, ને પછી ઇશ્વિરભજનમાં કાળ ગાળો એટલે કશી હરકત નથી. પણ રોજ રોજ શરીરપર તવાઈ લાવવી ને હમણાં જેમ તમારી આંખોમાંથી નવધાર આંસુ વેહેતાં હતાં તેમ શું રોજ રોજ એક તમારો પ્રિય ભાઇ જોઇ શકે?"

"નહિ જ!" કમળીએ ધીમેથી ઉત્તર દીધો.

"ત્યારે ઉપાય શું? કોઇપણ સારો માર્ગ લેવાવો જોઇએ, કે જેથી તમારી તરફથી સૌ નિશ્ચિત થાય."

"એ સૌ ખરું ભાઇ, પણ એમાં કોઇનું ચલણ નથી. ઉપાય એમાં છે જ ક્યાં? કિશોરભાઈ કયાં અજાણ્યો છે?" નીચી નજરે કમળીએ આંસુ વર્ષાવતાં કહ્યું.

"એ બાબતમાં એક ઉપાય છે. મને તથા કિશોરને વિચાર કરતાં એમ જણાય છે કે તે શિવાય બીજો ઉપાય નથી."

કમળી ચુપ જ રહી.

"મારા કહેવાથી કંઇ અંદેશો આણશો નહિ." તેણે પોતાનું બોલવું જારી રાખ્યું. "આ ઘણા અવનવા બનાવની વાત સાંભળતાં જ કોઇ પણ માણસ ચમકી જાય, પણ શાસ્ત્રાજ્ઞા તથા બીજા સંબંધો જાણ્યા પછી ઘણા આપ્તજનો પણ એવી બાબતો પસંદ કરશે. પેહેલાં તમારી મરજી જાણવાની જરૂર છે, પછી ઉપાયની યોજના ઘડીએ. તમને કંઇ હરકત છે બેહેન?"

"હા!" ઘણી ધીમેથી કમળી બોલી, "તત્કાળ ઉતાવળે કંઇપણ સાહસ કરવું ઠીક નહિ, પણ—"

"પણ શું? હજી તમે નક્કી વિચારપર આવ્યાં નથી? ક્ષણભર ફરી વિચાર કરો. જેટલું તમારે માટે અમે જોઇયે છિયે તેટલું તમે

નહિ જોતાં હો તેમ નથી, પણ વિચાર શક્તિની ખામી છે. તમારા માટે તમારા પ્યારા ભાઇ તથા બાપને કેટલું દુઃખ લાગે છે તે તમે જાણો છો ? ગઇ કાલે રાત્રિના તમારા ભાઇની આંખમાંથી જે આંસુ વહ્યાં હતાં તેનાં જો તમે સાક્ષી હોત તો આ પ્રમાણે 'ના' કેહેત નહિ. તેમને પોતાની આબરૂ, કુટુંબનું ગૌરવ તથા દરજ્જો સાચવવાનાં છે, એટલે તમારાથી વધારે ફિકર તેમને છે, પણ જ્યારે તમે ના કેહેશો ત્યારે તેઓ નાચાર થશે. તેમની દિલગીરી ને લાગણીને માટે તમને કાળજી નથી ? કમળી બેહેન ! તમે વિચાર કરો. હજી તમે ના પાડો છો ?" એટલામાં મોતીલાલની આંખમાંથી ડબક ડબક આંસુ વહ્યાં.

"ભાઇ, હું ઘણી દિલગીર છું કે તમે મારા માટે આટલી બધી કાળજી રાખો છો ! મેં મારા નસીબપર જ વિશ્વાસ રાખ્યો છે, તેની ઇચ્છામાં આવે તે કરે. હજી મેં તમો કહો છો તેપર કશો વિચાર જ કીધો નથી, પણ શાસ્ત્રાજ્ઞા શી છે તે તપાસી, મારો ધર્મ અવશ્ય સચવાવો જોઇયે."

"કમળી બેહેન તે માટે બેફિકર રહેજો."

"પણ હજી મેં વિચાર નથા કીધો, તેથી હમણાં તો એ વિચાર બંધ રાખો."

"જેમ તમારી મરજી, પણ અમે હવે બે ચાર દિવસમાં મુંબઇ જઇશું, માટે આ સઘળી વાત સંબંધી શો વિચાર છે તે તમે નક્કી કરી મને પત્ર લખી જણાવજો. પણ ખૂબ વિચાર કરજો."

તરત મોતીલાલ કિશોરની પાસે ગયો, કે જે આ વાતનો શો નિવેડો લાવે છે તે જાણવાને આતુર હતો. સઘળી હકીકત તેને જણાવવામાં આવી ને તેના મનમાં આશાનો કાંઇક ઉદય થયો.

# પ્રકરણ ૧૦ મું

## કમળીના વિચાર

પા કલાક-વીશ મિનિટ સહજમાં ચાલી ગઈ, ને કમળી પોતાના મન સાથે મોતીલાલ, ગંગા ભાભી અને પોતાનો વિચાર કરતી ગુમ થઇને બેઠી હતી. કોઇએ પણ આ શાંતિમાં ભંગાણ પાડયું નહિ. મોતીલાલ સાથે જે વાતચીત થઈ તેથી તે ઘણી વિસ્મય પામી ને રખેને આ વાતની અંદર કંઈ ભેદ હોય એમ વિમાસણ કરવા લાગી. ઘડી ઘડીમાં તેના કાનને ભણકારા વાગતા કે રખે કોઇએ એ વાત સાંભળી હોય ને તે દબાવાને આવતું હોય! કાન ધરીને કોઇના આવવાનો અવાજ તે સાંભળતી હતી, પગલાં સંભળાતાં હતાં, પણ વળી તે હવામાં ઉડી જતાં હતાં. પણ તેટલામાં કોઈ નજીક આવી પહોંચ્યું. અંધારું હતું તેથી થોડીવાર તો કોણ છે તે જણાયું નહિ, પણ જ્યારે તે નજીક આવ્યું ત્યારે કમળી ખુશી થઈ. આ વેળાએ તેની વહાલામાં વહાલી ગંગા ભાભી તેની નજીક આવીને ઉભી રહી.

"મોટી બેહેન, કેમ એકલાં બેઠાં છો?" આવતાંને વાર એકદમ ગંગાએ સવાલ કીધો. કમળી કંઈ પણ તે ક્ષણે બોલી શકી નહિ. તરત ગંગાએ તેના મોં તરફ નજર કરી તો માલમ પડયું કે તેની આંખમાંથી ડબક ડબક આંસુનો ધોધવો વહી જતો હતો. "શું છે મોટી બેહેન? કાં એમ રડો છો? કોઇએ તમને કંઇ કડવો સુકન કહ્યો કે શું? તમારી સઘળી હકીકત મને જણાવો, હું તેનો ઇલાજ કરીશ. એમ રડવે ક્યાંસૂધી પાલવશે?"

પછી બન્ને હેઠળ ઉતરી વાડીમાં ગઇ. વાડીમાં એક બાંક હતો. તેનાપર બન્નો બેઠી. ડુસકાં ખાતાં ખાતાં કમળીએ પોતાની હકીકત કહી. મોતીલાલ રખેને પેચ રમીને ગયો હોય એમ પોતાનો વિચાર બતાવ્યો. મોતીલાલના વિચાર તથા તેની કમળી તરફની મમતા સ્વચ્છ હતાં, ને તે વેળાએ એણે જે જે વિચાર બતાવ્યા તે માત્ર કમળીના

કલ્યાણ માટે જ હતા એમ જ્યારે ગંગાએ જાણ્યું ત્યારે તે ઘણી રાજી થઇ. ઘણો વખત બન્ને વચ્ચે વાતચીત થયા પછી ગંગાએ માત્ર એટલુંજ જણાવ્યું કે "આ બાબત કંઈ જેવી તેવી નથી. એ બાબત પર ઘણી સારી રીતે વિચાર થવો જોઇએ. આ બાબત કોઇના જાણવામાં આવે તોપણ ઘણું વિપરીત પરિણામ થાય." તરતને માટે કંઇપણ બોલ્યા વગર બન્નેએ પોતપોતાના વિચાર મનમાંજ સમાવ્યા.

"જો આ વિચાર સાસુજી જાણશે તો ખચીત તમને ને સાથે મને જીવતી રહેવા દેશે નહિ, માટે મોટી બેહેન, મોં બહાર શબ્દ પણ કહાડતાં નહિ. 'ઓઠ બહાર તે કોટ બહાર' તેમ તે થાય તોપણ હાલમાં મૌનવ્રત લેવું જ સારું છે." ગંગાએ જણાવ્યું.

"એ તો તમે કહો છો તે ખરું છે, કે મારે એ વાત નહિ જ બોલવી જોઇએ. પણ આપણે અત્યારે રાતના દશ કે અગિયાર કલાકે વાડીમાં જઇને શું કરતાં હતાં તે માજી પૂછ્યા વિના રહેશે નહિ, તેને શો જવાબ દેવો?" ઊઠવાની તૈયારી કરતાં કમળીએ પૂછ્યું.

"એ તો ખરું છે મોટી બેહેન! પણ તમે ગભરાતાં નહિ. માજી ઘણું કરીને હમણાં સુઇ ગયાં હશે, ને જાગતાં હોય તો એમ જ કહેજો કે હું ને ભાભી વાર્તાઓ કરતાં હતાં." ગંગાએ સલાહ આપી. પછી બન્ને ઘર તરફ ચાલી.

"હજી હું સંસારની વાતમાં કંઇ જ સમજતી નથી, તોપણ મોટી ભાભી, તમે જો નહિ હોવ તો રડીરડીને જ મરી જાઉં. ઘરમાં તો તમે જાણો છો તેમ સઘળે બીઆબારું ને ખડા ખાસડું થઇ રહ્યું છે. જાણવા પ્રમાણે મોટા ભાઇ હવે જૂદા પડશે, ને ત્યારે મારે તો આશ્રય જ નથી!" કમળી બોલી.

"મોટી બહેન, તમે જાણતાં હશો કે હું ઘણું સમજતી હઇશ, પણ તેમ નથી. મને પણ હજી વીસ પૂરાં થયાં નથી તો પછી મારામાં તે શી અક્કલ હોશિયારી હોય? પણ જે વાત તમે કાઢી છે તેમાં

તમારા મોટા ભાઇનો શો વિચાર છે તે મને જાણવાની તક મળશે તો ઘણું સારું થશે. તમારા મોટા ભાઇ એ બાબતમાં ઘણા સમજુ છે, ને મોતીલાલે કંઇ પણ વાત કરેલી તેમાં તેની સંતલસ હશે, પણ કંઇ આગળ પડીને કરવા ચાહે છે કે બેઠા બેઠા કરવાનો વિચાર રાખે છે તે જાણવું વધારે જરૂરનું છે. તમારી બાબતમાં મારા વિચાર કંઇક જૂદા છે!" ગંગાએ જણાવ્યું.

"અને તે શું?" કમળીએ પૂછ્યું.

"બીજે પ્રસંગે જણાવીશ." ગંગાએ ઉત્તર દીધો. કેમકે તેમણે ઘરના ઉમરાપર પગ મૂક્યો હતો, ને બન્નેને એમ લાગ્યું કે લલિતા શેઠાણી જાગે છે.

બન્ને છૂટી પડી ધીમે ધીમે કંઇ પણ અવાજ કર્યા વગર પોત-પોતાના શયનગૃહમાં ગઇ. લલિતા શેઠાણી જાગતાં હતાં, પણ સારે નસીબે કંઈ પણ કચાટ કીધી નહિ, ને તે રાત શાંતિથી વીતી ગઇ. બીજે દિવસે રાત્રિના કિશોર ને મોતીલાલ મુંબઈ જવાના હતા. ગંગાએ પોતાના પતિ માટેનાં સઘળાં વસ્ત્ર ને પેટીઓ તથા પુસ્તકો તૈયાર કીધાં. રાત્રિના કિશોર પોતાના એક મિત્રને ત્યાં મળવા ગયો હતો, ને ત્યાંથી આવતાં ઘણી રાત વીતી જવાથી ઘેર આવતાં વેંત જ પોતાના શયનગૃહમાં સૂવા ગયો.

હજી સૂધી ગંગા જાગતી હતી. દીવા પાસે "મુક્તામાળા"નું પુસ્તક પડયું હતું. એ પુસ્તકનાં ત્રણેક પ્રકરણ વાંચ્યા પછી કંટાળો આવ્યો, ને તેને પડતું મૂક્યું અને કિશોરના પગની સપાટ ભરવા માંડી. આ સપાટ કિશોર મુંબઇ લઇ જનાર હતો, માટે બીજી સાંઝ સૂધીમાં તૈયાર કરવાની હતી. ભરત ભરવામાં ગંગા ઘણી ચપળ હતી, ને તે વળી સૌથી વધારે સફાઇ સાથે ભરી શકતી હતી. તેના જેવું સરસ ભરત ઘણી થોડીજ પારસી સ્ત્રીઓ પણ ભરી શકતી ને સૂરતની નિશાળમાં તેના ભરતના નમુના હજી પણ ઇનામના મેળાવડા વખતે મૂકવામાં આવતા હતા;

જે જોઇને યૂરોપિયન અને દેશી સૌ ઘણાં વખાણ કરતાં હતાં. ગરીબોના પોષણ માટે તેથી એણે એક સારો માર્ગ લીધો હતો. જે ભરતો એ ભરતી હતી તે ઘણી વેળાએ યૂરોપિયન મડમોને પણ પસંદ પડવાથી, તેને તેઓ ખરીદ કરતી હતી. લાગત ખરચ મજરે લઇને બાકીના પૈસા ધર્માદામાં, નિરાશ્રિત સ્ત્રીઓ તથા અનાથ બાળકોના ઉપયોગમાં તે ખરચતી હતી. આ વાત જ્યારથી યૂરોપિયનોમાં પ્રસિદ્ધ થઇ, ત્યારથી મેલાવડા વખતે ઉપરાચાપરી એના ભરત કામની ઘણી માગણી થતી હતી; અને કોઇ કોઇ વેળાએ એના નમૂના સો ને સવાસોની કિંમત સુધી વેચાયા હતા.

સાધારણ નિયમે હિન્દુ કન્યા, માતા ને બેહેનોને હાલ ઘણી બુરી ટેવ પડી છે. તેઓ આખો દિવસ વાતોના તડાકા મારવામાં કે કુથળીઓ કરવામાં વખત કહાડે છે. ઘણું કરે તો બે ચારનાં ઘર માંડશે ને બે ચારનાં ભાંગશે; ને નહિ તો પાડા પેઠે ખાઇને એદી માફક ઊંઘ્યા કરશે. મહારાજનાં મંદિરો તેમનાં વિલાસનાં સ્થળો છે, ને ત્યાં જ પૈ પૈસો આપવો તે ધર્મદાન સમજે છે. આજ કાલ મુંબઇ શેહેરમાં જો જોઇશું તો "ફૅશનેબલ" સ્ત્રીઓ ઘણી થઈ પડી છે. સુરતમાં સ્ત્રી વિધવા થઇ એટલે કાં તો ઇશ્વરભજન કરીને કાળ નિર્ગમન કરે છે, ને ગરીબ હોય તો દાળ વીણશે, ચાબકીઓ ગુંથશે, દળશે, ચીકણનું ભરત ભરશે, ને ટોપી ચોળી શીવશે; પણ મુંબઇની વિધવા તો પોતાનો સ્ત્રીધર્મ મૂકી દઇને, તરુણ હશે તો છટેલ થશે ને મધ્ય વયની હશે તો અનીતિએ વર્તશે. સ્ત્રીધર્મના નામપર તો પાણી જ ફરી વળ્યું છે. તે બાપડીઓના પોષણ માટે પણ કોણ દરકાર કરે છે? અનાથ બાળકો, પોતાની માતાની કેડ ઉપર ભૂખ્યાં ટળવળે છે તેને પૈ પૈસો આપવાનું મન કોઇ કરતું નથી. અંગ્રેજ સ્ત્રીઓ ઘણી વેળાએ "ફેન્સી બઝારો" ભરે છે, તે પોતાની જાતવાળાઓને મદદ કરવાનો એક સરસમાં સરસ માર્ગ છે, પણ દેશી બાઇઓ નિંદા, મહારાજના

ચરણસ્પર્શ ને આળસમાંથી પરવારે ત્યારે આવા સારા કામના વિચાર કરે કેની?

ગંગા મધ્યરાતના પણ પોતાના કામથી પરવારી નહોતી. આજે વધુ મોડું થવાનું કારણ એ હતું કે તે બહાર ગઇ હતી, ને ત્યાંથી આવતાં ઘરની તકરાર, કમળીનું સમાધાન, એ સઘળામાં તેનો ઘણો વખત ગયો હતો; ને તેને લીધે પોતાનું ખરું કામ ચૂકી ગઈ હતી. પણ આજનું કામ કાલપર નહિ રાખવું એ નિયમ ધારીને જરા પણ આળસુ રહી નહિ. સપાટ પૂરી કરીને તેણે આ વેળાએ એક સુંદર કોલર ઇનામના મેળાવડામાં મૂકવાને ભરવા માંડ્યો હતો તે પૂરો કરવાનો હતો, ને તે માટે તે ઘણી મેહેનત લેતી હતી.

કિશોરલાલને પોતાના શયનગૃહમાં પગ મૂકતાં, પોતાની પ્રિય પત્નીને ઉદ્યોગમાં ચકચૂર જોવાથી ઘણો અચંબો પ્રાપ્ત થયો. તેણે ધાર્યું હતું કે હવે ગંગા ઊંઘી ગઇ હશે, પણ તે ધારણામાં એણે ચૂક કીધી હતી. તેમાં વળી પોતાનું પગલું ઓરડામાં પડ્યા છતાં, કામની ઉતાવળને લીધે ગંગાએ નજર પણ નહિ કીધી, ત્યારે કિશોર ઘણો આનંદ મગ્ન થયો. તેને મનમાં એમ જ લાગ્યું કે આવી સુલક્ષણી સ્ત્રી જેને મળે તેનું પૂર્ણ ભાગ્ય જ સમજવું.

થોડીવાર ગંગાની પૂઠ નજીક આવીને ઉભા રહ્યા પછી એકદમ તે સામો આવ્યો, તે પડછાયાના ચમકાટની સાથે ગંગા બોલી ઊઠી, "કોણ એ?"

"પ્રિયે! હજુ સૂધી તું સુતી નથી?" કિશોરે અતિ આનંદ અને પ્રેમ સાથે પૂછ્યું.

"ના પ્રાણનાથ! આપને એમ કેમ પુછવું પડ્યું? હજી આપ તો હમણાં જ પધારો છો, ને તે પેહેલાં મારે સુવું એ શું મારો ધર્મ છે કે?" ગંગાએ ઊઠીને આદરસત્કાર કરતાં કહ્યું.

"બાર વાગી ગયા છે ને આમ તમે હંમેશાં ઉજાગરો કરશો તો તમારી તબીયત બગડશે, માટે મેં તો સહજ પૂછ્યું છે."

"મારા તરફની આપ લેશમાત્ર પણ ચિંતા કરશો નહિ, પ્રિય! પણ આપના મિત્ર નથી આવ્યા? આપ તો તેમની પાસે સૂશોની?" ગંગાએ પૂછ્યું.

"મોતીલાલ કોઇને મળવા ગયો છે, ને હવે આવે તેમ સંભવતું પણ નથી. મૃગાક્ષીના પ્રેમદર્શનને લોભે—"

"મારે આપની સાથે કેટલીક ઘણી અગત્યની વાત કરવાની છે, તમો પધાર્યાં તો ભલે પધાર્યાં?" એકદમ પોતાની સ્તુતિ થતી અટકાવીને વચ્ચે ગંગા બોલી ઊઠી. "હમણાં આપ શયન કરો, હું ઝટ આ કોલર પૂરો કરું છું ને પછી આપને પૂછી જોઇશ."

"મારા ખાતર તમને આટલો બધો શ્રમ કરવા દઇશ નહિ." હવે તમે પણ સુઇ જાઓ તો ઠીક. તમે મને શું પૂછવાનો વિચાર રાખો છે તે હું જાણું છું, પણ હમણાં તે વાતવિષે ચર્ચા ચલાવતાં જ નહિ. એનો ઉત્તર તો તમને મુંબઇ ગયા પછી લખીશ. પણ મારી એક સલાહ છે કે કમળી બેહેનને તમે હંમેશાં ધીરજ આપજો. તે ગભરાય નહિ."

ગંગા અબોલ રહી. કિશોરલાલ પણ ચૂપ રહ્યો. બંને પોતપોતાના મનમાં સમજી રહ્યાં. કિશોરને પોતાની પ્રિયપત્ની તરફ હવે અગાધ પ્રેમ છૂટયો. અર્ધો કલાક સુધી બંને એક બીજાનું મનોહર મુખડું નિહાળ્યા કરતાં હતાં; પણ બેમાંથી એકે મધુર પ્રેમરસના પાનથી તૃપ્ત થયાં નહિ. ભરપૂર પ્રેમામૃતના વહેતા ઝરામાંથી પાન કરતાં કોણ મનુષ્યપ્રાણી તૃપ્ત થાય વારુ? સરખું જોડું હતું, ને સરખાં પ્રેમમસ્ત હતાં, તેથી કોણ કોને વિશેષ ચહાતું હતું તે કહેવાને કોણ શક્તિમંત થશે? કિશોર ઘણીવારે થાકી પોતાની શય્યાપર ગયો ને મનમાં જ બોલવા લાગ્યો કે—"કેવી સુલક્ષણી છે!

પોતાની સ્તુતિ સાંભળવાને પણ ના પાડે છે. મારી તરફ જ નહિ, પણ આખા મારા કુટુંબ પછાડી એ પોતાનો પ્રાણ આપવાને તૈયાર છે. રે ગંગા! ગંગા! તારા જેવી સલુણી સ્ત્રી જેને મળે તે પોતાને કેમ ભાગ્યશાળી ન ગણે? જો મારી માતા વિવેકે વર્તે તો તો પછી મારા કુટુંબ જેવું એક પણ કુટુંબ સુખી ગણાશે નહિ." આવો વિચાર કરે છે તેટલામાં ઘણે દરજ્જે સપાટ તૈયાર કરીને ગંગા પતિ પાસે આવી, ને આ બંને પરસ્પરનાં નેત્રમણી, દંપતીએ આનંદ સાથે શયન કીધું.

* * * * *

એલ્ફીન્સ્ટન કૉલેજમાં રજા પૂરી થઇ હતી. કિશોરલાલ ને મોતીલાલ મુંબાઇ રવાના થયા હતા. કૉલેજમાં પોતપોતાના અભ્યાસમાં બંને જણ સારી રીતે ગુંથાયા; ને તેમાં ઘણાં દિવસ સુધી કિશોરને પોતાની પ્રિયતમ મૂર્તિને પત્ર લખવો સૂઝ્યો નહિ. કિશોરપર ગંગાના પત્રો આવતા હતા, તેમાં કમળી બેહેનને માટેનો ખુલાસો વારંવાર પૂછવામાં આવતો હતો, પણ શો ખુલાસો કરવો, તે તેને ઘણે વિચારે પણ સૂઝ્યો નહિ. મોતીલાલની મરજી કમળીને પોતાનો વિચાર બતાવવાની ને તેનો જાણવાની ઘણી હતી, પણ પેહેલ કરવી તે ઠીક કે નહિ એવા વિચારથી તે પણ લખતો અટકી ગયો. કૉલેજમાં જેમ જેમ પરીક્ષા પાસે આવતી ગઇ, તેમ તેમ વધારે શ્રમમાં વિદ્યાર્થી મચ્યા હતા. દોઢ માસ થયાં કિશોર અભ્યાસપર ખૂબ મચ્યો હતો. તેની તો આ જ એક છેલ્લી આશા હતી; જો તે એમાં નિષ્ફળ થાય તો પછી એની ચઢતીનો સૂર્ય અસ્ત થયો એમ જ એ માનતો હતો. મોહનચંદ્રના પિતા ગમે તેટલા પૈસાવાળા હતા, તથાપિ હમણાં તેમની આવક ને ધંધો બંધ પડી ગયાં હતાં. કિશોરને ભણાવવાની મરજી તો ખરી, પરંતુ ઘણી વેળાએ પૈસાની તાણ પડતી હતી. તેમાં જ્યારે જ્યારે કૉલેજમાં ફી ભરવાને માટે નાણું માંગવામાં આવે ત્યારે ત્યારે ઘરમાં શેઠાણી રમખાણ કરી મૂકતાં હતાં. તેમને એક સાળુ કે સાડી લેવી જ વધારે કીમતી હતી, પણ પોતાના દીકરાના કલ્યાણ પછાડી

જરાપણ દરકાર નહોતી. પણ આ બધા દુઃખમાં દિલાસા જોગ તો એ જ હતું કે ગંગા જ્યારે ને ત્યારે સૌની ચિંતા દૂર કરતી. છેલ્લી ફી ઘરમાંથી આપવામાં નહિ આવી, ત્યારે કિશોર ઘણો ચિંતામાં પડ્યો. પરંતુ તે ચિન્તા ગંગાએ ક્ષણમાં દૂર કીધી. ગંગાનો પિતા હંમેશાં દર માસે પોતાની પુત્રીને વાપરવાને પચીશ ત્રીશ રૂપિયા મોકલતો હતો. આ બધા પૈસા કંઇ લૂગડાં કે ઘરેણાં કે ખોટા ઠાઠમાઠમાં ગંગાએ વાપરી નહોતા નાખ્યા, પણ એકઠા કીધા હતા. જ્યારે કિશોરની ફી માટે ચિંતા પડી ત્યારે પોતાની પાસે આશરે બે હજાર રૂપિયા એકઠા થયા હતા; તે સઘળાની સેવિંગ બૅંકની ચોપડી કિશોરને મોકલી આપી ને જણાવ્યું કે, એ પૈસા તમારા જ છે, મારા છે એમ જાણજો માં. કિશોરની છાતી, આ પ્રેમ-ભાવથી ફૂલી ગઇ. પણ આમ તે ક્યાં સુધી ચાલશે એમ મનમાં વિચાર્યું. ઘણા પત્ર આવ્યા પછી પોતાને જોઇતા હતા તેટલા પૈસા કિશોરે લીધા; તથાપિ મનમાં વિચાર સીધો કે હવે એ પૈસામાંથી એક પૈ પણ નહિ વપરાય તો બહુ સારું. જો કે ગંગાનો કિશોર તરફ લેશ પણ પ્રેમ ઓછો નહોતો, તથાપિ કિશોરને આવી રીતના પૈસા લેવા ગમતા નહિ, ને તેથી ગમે તે થાય તોપણ આ વેળાની પરીક્ષામા ફત્તેહ મળે તો ઠીક, એમ ધારીને તેણે એટલો બધો શ્રમ કીધો કે તેને પરીક્ષાના પાછલા દહાડામાં જરાક દમની અસર માલમ પડી.

પરીક્ષાના દિવસ નજીક આવ્યા તોપણ જરાએ તેણે વીસામો લીધો નહિ, તેણે પોતાની સ્થિતિની કે આરોગ્યતાની કંઇ પણ દરકાર કીધી નહિ. જેમ જેમ પરીક્ષાના દિવસો પાસે આવતા ગયા તેમ તેમ વધારે ઉજાગરા ને વધારે શ્રમ કીધો. પરીક્ષાના દિવસ આવ્યા. એ દિવસોમાં તે ઘણો ફીકા ચેહેરાથી પરીક્ષા આપવાને યુનીવર્સિટીમાં ગયો હતો. જો કે પાસ થવાની સઘળી આશા તેણે છોડી દીધી હતી, પરંતુ ઇશ્વરે એની સામા જોયું; ને ઘણા આનંદ સાથે બી. એ. માં પ્રથમ વર્ગમાં ઉંચે નંબરે પસાર થયો.

પરીક્ષાની હાયશોષમાં તેણે પોતાની પ્રાણપ્યારીને પણ વિસારી મૂકી હતી. એક પણ પત્ર તેણે બે મહિના સુધીમાં લખ્યો નહોતો, પણ જ્યારે પરીક્ષા પૂરી થઇ ત્યારે એણે એક પ્રેમનો પત્ર લખવાનો વિચાર કીધો. પણ તેટલામાં એના હાથમાં ગંગાનો પ્રેમપત્ર આવ્યો ! જે ઘણા જ આનંદ સાથે હાથમાં લઇને એણે ઉકેલ્યો. એ જ દિવસે મોતીલાલના હાથમાં પણ એક પત્ર આવ્યો હતો.

## પ્રકરણ ૧૧ મું
## એલ્ફીન્સ્ટન કૉલેજ

વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ વિશેષ સાનુકૂળ કરવા માટે, એલ્ફીન્સ્ટન કૉલેજમાં જોઇતી સગવડ છે; અને ચાર કે પાંચ વિદ્યાર્થીઓ એકઠા રહીને પોતપોતાનો બંદોબસ્ત કરી લે છે. રહેવાને માટે કૉલેજના મકાનમાં છેક ઉપર કેટલાક ઓરડા છે. એકેક ઓરડામાં બે બે વિદ્યાર્થીઓ રહે છે. આ કૉલેજમાં શીખવાને માટે ભોંયતળિયે કેટલાક ક્લાસો છે. તેમ જ કૉલેજના મકાનની આસપાસ કેટલીક ફાલતુ ઓરડીઓ છે, પરન્તુ તેમાં હિંદુ લોકોને અનુકૂળ રહેવાની સોઇ નથી.

બરાબર સવારના નવ વાગ્યા હતા. કિશોરલાલની પરીક્ષાનું પરિણામ આગલે જ દિવસે માલમ પડ્યું હતું. તે જો કે પરીક્ષાની મહેનતથી થાકીને કંટાળી ગયો હતો, તથાપિ તેનું પરિણામ પોતાના લાભમાં ઉતર્યું તેથી ઘણા આનંદમાં હતો. ઉઠીને સ્નાન કીધા પછી પોતાની પ્રિયાને તથા પિતાને પત્ર લખવાનો વિચાર કરતો કૉલેજના કમ્પાઉન્ડમાં ફરતો હતો. પણ તેટલામાં ટપાલવાળાએ આવીને પૂછ્યું કે, "કિશોરલાલ મોહનચન્દ્ર કોણ છે ?" એકદમ કિશોરે સિપાઇના હાથમાંથી કાગળ લઇ તેનો જાણે ઉપકાર માનતો હોય તેમ જણાવી કાગળ ફોડ્યો, ને પોતાની પ્રિયાની પ્રેમપત્રિકા જોઇને તે ઘણો આનંદ પામ્યો.

ગંગાએ ઘણા દિવસ સૂધી કાગળ માટે રાહ જોઇ, પણ જ્યારે પત્ર નહિ આવ્યો ત્યારે બે ત્રણ વાર પત્ર લખવાનો વિચાર કીધો, પરન્તુ

ઘરકામમાં તે એટલી બધી ગુંથાઇ ગઇ હતી કે જ્યારે લખવાનો વિચાર કરે ત્યારે લીટી બે લીટી લખી કે તરત વિક્ષેપ આવતો હતો. તથાપિ જ્યારે એના જાણવામાં એમ આવ્યું કે પરીક્ષાની ફિકરથી તેનો પ્રાણ-પ્રિય પતિ મોકળો થયો છે ત્યારે રાતના બાર વાગતા સુધી બેસીને આ પત્ર તેણે ચિત્રી કહાડ્યો હતો !!

કિશોરે પત્ર ફોડતાં ફોડતાં ઘણી ઉતાવળ કીધી. એક ઘણો પ્રેમાતુર પતિ પોતાની પ્રિયા સંબંધી સમાચાર જાણવાને જેટલો ઉત્સુક થાય તેનાથી વધુ આતુરતાથી તેણે તે પત્ર ફોડ્યો ને વાંચવો શરુ કીધોઃ—

"પરમપ્રિય નેત્રમણી પ્રાણનાથ,

તુકડો કાગળ લખવાની હમણાં પ્રિયને ફુરસદ હશે નહિ. પરંતુ જરા આપે રંક દાસીને લક્ષમાં લીધી હોત તો જે આનંદ પ્રાપ્ત થાત તે અવર્ણનીય થઇ પડત. મારી સ્થિતિ માટે કોણ જાણણહાર છે કે જે બરાબર રીતે જાણી શકે? હું ત્રિવિધ તાપે સિઝાઉં છું, ને આ મનને આપની જ લગની લાગી છે. તેથી મને કંઈ પણ સૂઝતું નથી. જ્યાં ને ત્યાં હવે તો તમારું જ દર્શન થાય છે. ક્ષણિક બુદ્ધિવાળી દાસીને આ લખવા માટે ક્ષમા કરશો. ઘરના રંગ ઘણા બદલાઈ ગયા છે. ઘરમાં મીઠાસ નથી; ને બારે પહોર ને બત્રીસ ઘડી મોટી બેહેન, ભાભીજી વગેરેનો ઝઘડો ચાલુ જ છે. નકામાં તુત વારંવાર ઉભાં થાય છે. સૌને ઘણો સંતાપ છે, તેથી તમે આવીને નિવેડો લાવો. મને ઝાઝી ફિકર માત્ર આપની છે. હું શરીરે સર્વ પ્રકારે આરોગ્ય છું. તમને હવે શરીર સંબંધી સુખ થયું હશે. મોટી બેહેન માટે શો વિચાર કીધો છે? અજાયબ જેવું એ છે કે તે સંબંધી તમે તથા તમારા મિત્ર મોતીલાલે કંઈ પણ કરવા અતિશય આગ્રહ બતાવ્યો હતો, ને કંઈ પણ કરવા કહ્યું હતું, પરંતુ હજી સુધી કંઇપણ થયું નથી. પ્રિય કરવામાં તમે તત્પર છો, ને તમને ઘણું લાગે છે, તો હવે શો ઉપાય કરવો? યથાયોગ્ય યત્ન આપે કમળી બેહેનના કલ્યાણ માટે કરવો જોઇયે! એ પ્રમાણે આપે કરવું છે કે નહિ તે જાણવાને માટે મોટી બેહેન ઘણાં આતુર છે, ને તેઓ ક્ષણે ક્ષણે વિવેકથી તમારી તરફના પત્રની રાહ જુએ છે. મારા માટેની આપ જરા પણ ફિકર ચિંતા કરતા નહિ. હું સર્વ રીતે આરોગ્ય છું.

તમારાં દર્શનથી વિશેષ ખુશાલી જેવું શું છે? આપ પ્રાણનાથથી મને પ્રિય અને આપની ચરણસેવાથી વધુ શું જોઈએ છે? પ્રિયના કુશળ સમાચાર જાણવાને ચાતકપેરે આતુર છે, આપની ચરણરજ દાસી,

ગંગા."

કાગળ વાંચી રહ્યા પછી કિશોરને આનન્દ ને ખેદ બન્ને સાથે પ્રાપ્ત થયાં. ઘરની હાલત છેક જ કથળી ગઇ હતી, તેથી હવે ઘરમાં મઝીયારો બરાબર સચવાય તેવું એને ભાસ્યું નહિ. તેમાં કોઇની કશી કસુર નહોતી, પણ પોતાની માતાની જ કસુર હતી. પણ ઉપાય શું? તે નિરુપાય હતો. એનાથી એક પણ શબ્દ બોલાય તેમ નહોતું. એને અતિ ઘણો સંતોષ પોતાની પ્રિયાના સંબંધમાં હતો. તે હંમેશાં જ એના સુખમાં આનન્દ માનતી હતી, ને તેથી આટલું પણ એણે લખ્યું તે ન છૂટકે લખ્યું હશે એમ કિશોરે સારી રીતે જાણ્યું.

યુનીવર્સિટીની ડીગ્રી (પદવી) લીધા પછી એનો સુરત જવાનો વિચાર હતો પણ તેટલામાં મુંબઇમાં નોકરી મળે તો તે મેળવવાની ને હવે મુંબઇમાં જ રેહેવાની એની વધુ મરજી હતી. પ્રિયાના પત્રનો પ્રત્યુત્તર લખવાનો વિચાર સ્થાયી થયા પછી હતો. શો વિચાર નક્કી કરવો તેટલા માટે મોતીલાલની પાસે તે ગયો. ત્યારે તે પણ પત્ર વાંચતો હતો. તરત જ આ પત્ર મોતીલાલે કિશોરના હાથમાં આપ્યો, જેમાં બીજું કંઇ નહોતું, પણ મોતીલાલે જે જે કહ્યું હતું તે બાબતમાં શા વિચાર હતા તે જાણવાને કમળીએ મરજી બતાવી હતી. કમળીના શબ્દ ઘણા નમ્ર વિનયવંત ને આર્જવવાળા હતા. તેમાં એવી તો નિરાશાની સાથે વિનતિ કરવામાં આવી હતી, કે જો સૃષ્ટિનું અવલોકન કરનાર પ્રાણી તેના ઉંડાણમાં ઊતરીને જોય તો તેને એ પત્રમાંથી ઘણો ચમત્કારિક ભાગ માલમ પડ્યા વગર રહે નહિ. ઘણી ઊંડી નિરાશાનાં દુઃખોથી આ પત્ર લખાયો હતો. તેમાં પ્રેમવાણીનો એક પણ શબ્દ નહોતો, તેમ પોતાના હૃદયની લાગણી શું છે તે પણ બતાવવામાં

ી નહોતી, પરંતુ સ્ત્રીના યોગ્ય ધર્મે રહીને અને પૂર્ણ પ્રૌઢ વિચારથી પત્ર લખાયો હતો, ને વાંચતાં વાંચતાં ત્રણવાર મોતીલાલનાં નેત્ર સુથી ભીંજાયાં હતાં.

મોતીલાલ ઘણા કોમળ હૃદયનો હતો, તેમાં તે જ્યારે સ્ત્રી કે ાકનાં દુઃખ સાંભળે કે જોય ત્યારે તો પીગળીને નરમ ઘેંશ થઈ ા હતો. કમળીને નિરાશા ને તેના અંતઃકરણની ઉમેદનું ભાંગી પડવું વેદના સંબંધી યાદ કરતો હતો, ત્યારે આ સુશીલ પુરુષને મૂર્છા આવી ા હતી. એ પોતે ખરી લાગણીથી નિઃશ્વાસ મૂકતો હતો, ને વખતે ાના દરજ્જાને વિસરી જઇને ઘણી વેળા એ અમાનુષિક વૃત્તિથી ાનો અબળા જાતિ પ્રત્યે આ અવિનય જોઇ તિરસ્કાર કરતો હતો.

કવચિત્ કવચિત્ કમળીને ફરિશ્તા કે દેવી તરીકે જોઈ હતી, ાને કિશોર પણ ટેકો આપતો હતો. બાળપણથી તો નહિ પણ લગ- બે ત્રણ વર્ષ થયાં એ કમળીને જોતો હતો, ને તેના ચરિત્રનું ોકન કરી જતાં એને એટલી બધી તો તે મનોહર, મીઠી, નિર્દોષ, વેધક, સાદી, શહાણી, નાજુક ને વિનયવાળી, અને ઉપલી ટાપ- કરતાં આભ્યંતર સદ્ગુણથી ભરેલી જોઇ કે એના મોઢા સમક્ષ મૂર્ત્તિ રમવા માંડી. જે મૂર્ત્તિનું એને હમણાં લક્ષ લાગ્યું હતું; તે એ પોતાના સમુદાયમાંનાં હજારો સંસાર કુટુંબ એણે જોયાં, પરંતુ પણ કુટુંબમાં કમળી જેવી સુંદરી એના જોવામાં આવી નહિ. ને માટે વિચાર કરતાં તેને ઘણો સંતાપ થયો કે, એક પૂજ્ય પવિત્ર તરફ એ ઘણો બેદરકાર થયો, તે એટલે સુધી કે પોતાની ના કલ્યાણ માટે જેટલી કાળજી એણે પહેલાં રાખી હતી તે સઘળી ભૂલી ગયો ને પોતાની એક પવિત્ર ફરજ અદા કરવામાં એ પાછળ પણ ઈશ્વર સન્માર્ગે વર્તવાનો સદોદિત ઉપદેશ આપે છે, ને તેમ જ સંબંધમાં બન્યું છે, એથી આ વેળાએ બંને મિત્રો પોતાની ભવિષ્યની ા સંબંધી ભૂલી ગયા ને આજ અગત્યની વાતપર મંડી પડ્યા.

"હમણાં તેની કેવી દુઃખદ અવસ્થા હશે ?" મોતીલાલે કિશોર પૂછ્યું. "આપણા સંસારપર પૂળો મૂકવો જોઇયે, કે બાપડી નાજુ કળીઓને આમ સહજમાં સૂકવી નાખવામાં આવે છે. માબાપો પોતા બચ્ચાંનું સુખ કે દુઃખ કંઇ જોતાં નથી ને એકદમ રુઢીબંધનને વળ ગીને ઝંપલાવે છે, ને તેનું પરિણામ પોતાનાં વહાલામાં વહાલાં બચ્ચાંન જિંદગીના ઘણા ઝુરાપામાં આવે છે."

"ખરેખર, એ સઘળું ગમે તે હોય, તથાપિ આપણે તેનો નિકાલ કરી શકવાના નથી." મોતીલાલના મનમાં જે જે થતું હતું તે સઘળું જાણીને તેના વેગને અટકાવવા કિશોર બોલ્યો. "તમે જાણો છો ? આપણાં બંધનો ઘણાં જૂનાં છે, ને તે સહજ તોડવાં મુશ્કેલ છે પરંતુ આ બંધનો ધીમે ધીમે તૂટી જાય તેવા ઉપાયો આપણે યોજ વાની ઘણી જરૂર છે ?"

મોતીલાલને જો કે આ રુચ્યું નહિ, તોપણ લોકસ્થિતિ કેવી છે અને વેહેમી બંધનો કેટલાં જડ ઘાલીને બેઠાં છે, તેનો જ્યારે ખ્યાલ કીધો ત્યારે કિશોરના બોલવાની જોઇતી અસર થઇ. તેણે તરત જ પોતાના વધુ વિચાર બતાવવા બંધ પાડ્યા. ટેબલપર માથું નીચું નાખીને મોતીલાલ ઘણેક દરજ્જે નિઃશ્વાસ મુકતો બેઠો. આ વેળાની તેની મનસ્થિતિ સ્થિર નહોતી. તેને કંઇ પણ ગમતું નહોતું. તેને પોતાની દૃષ્ટિ સમીપ કમળીની મૂર્ત્તિ કોતરાઇને રમણ કરતી જણાઇ.

સૂક્ષ્મદૃષ્ટિથી વાંચનારને માલમ પડશે કે કમળીની તરફ આજ વેળાથી મોતીલાલના પ્રેમની જડ છૂપી રીતે રોપાઇ—જો કે તે બાબ તથી મોતીલાલ પોતે જાતે પણ અણવાકેફ હતો. પહેલે તો તેને લાગ્યું કે આવી સદ્ગુણી સ્ત્રીપર જે વિડંબના પડે છે તે નહિ ખમાય તેવી છે. પરંતુ આ દયાની લાગણીમાં પ્રેમભાવ સહજ સહજ રસળ્યા કરતો હતો, તેનું એને ભાન હતું નહિ. કમળીના મનમાં પત્ર લખ્યો ત્યાં સુધી મોતીલાલ સંબંધી કંઇ વિચાર જ નહોતો. પ્યારની વલણ કદાપિ

પુરુષ તરફથી લેવામાં આવે છે ને કદાપિ સ્ત્રી તરફથી પણ લેવામાં આવે છે. પ્રથમ સ્વચ્છ અંતરમાં પ્યારનો રોપો જાણી બુઝીને રોપવામાં આવતો નથી. પણ કુદરતી જ તે ફુટી નીકળે છે. આ બંનેના મનમાં એકદમ જ એકી વખતે પ્યારે ઘર કીધું હતું, જે તે બંનેને જરા પણ માલમ નહોતું.

કિશોરલાલ સાથે વાતચીત કર્યા પછી મોતીલાલ ઘણો દિલગીર થઇ ગયો. શું કરવું તે એને સુઝયું નહિ, ને તેજ ક્ષણે એના મનમાં એમ પણ આવ્યું કે આવી બાબતમાં કેવો પ્રતિઉત્તર લખવો તે પોતાની મરજી-પર જ રાખવું. તેથી કિશોરની સલાહ લીધી નહિં. કિશોર થોડી વાતચીત થયા પછી ઉઠી ગયો, ને બપોરના મોતીલાલે તથા કિશોરે પત્ર લખ્યા. મોતીલાલે જો કે સ્વચ્છ અંતરથી પત્ર લખ્યો હતો, તથાપિ તેમાં જ્યાં ત્યાં છુપો પ્રેમ રસળતો જણાતો હતો; પત્ર વ્યવહાર ઘણા વખત સુધી ચાલુ રહ્યો, ને તેમાં ધીમે ધીમે એકમેકનો પ્રેમ વધતો ગયો. બન્ને જણનાં દિલમાં આવ્યું કે જો આપણું જોડું બંધાય તો સુખમાં કંઇ ન્યૂનતા નહિ રેહે, તથાપિ બન્ને જણ એમ પણ માનતાં હતાં કે ગમે તમ થશે તો પણ કદીએ આપણી ઇચ્છા પાર પડવાની નથી, આટલું છતાં બન્ને જણાંએ બને તેટલો યત્ન કરવાનો ઠરાવ પોતપોતાના મન સાથે કીધો, જો કે પત્રમાં એકેએ એ સંબંધી એક પણ શબ્દ દર્શાવવાની હિંમત પણ કીધી નહિ. કમળી આવી બાબતનો વિચાર જણાવતાં બીધી કે રખેને મોતી-લાલ મને બહેન પ્રમાણે ગણીને સલાહ આપતો હોય ને તેમાં જો આવી રીતે મારા તરફથી અવિવેક બતાવવામાં આવે તો તેનો મારી તરફ ઘણો તિરસ્કાર છૂટે ! એટલું જ નહિ પણ મને મદદ આપતો પણ અટકી પડે. ઘડીકમાં તે વિચાર કરતી કે 'એક ભવમાં બે ભવ શા માટે કરવા ? મારે તો સંન્યસ્ત લેવો ને હું તો જોગણ થઇને મારી જીન્દગી ગાળીશ ! સદગુણી સ્ત્રીએ પોતાનું શિયળ સાચવવું જોઇયે. પરણીને શું વિશેષ સુખ ભોગવીશ ? નસીબમાં જે લખ્યું હોય છે તે કોઇ મિથ્યા કરી શકતું નથી.' તે મનની સાથે વખતે બોલતી કે, 'નહિ નહિ ! મારા

મનમાંથી વળી લગ્નનો ખ્યાલ જ કાઢી નાખવો જોઇયે. હું એક ભવમાં એ ભવ કરવાની નથી! સાધુડી થઇશ! જોગણુ વેશે ફરીશ! પણ મારા તરફ લોક આંગળી કરે તેમ નહિ થવા દઉં! રે દુર્દૈવ! તેં આ ઘેલો વિચાર મારા નિર્દોષ મનમાં કેમ આવવા દીધો છે? શિયળવ્રત! પતિવ્રતાપણું! બસ તેને જ વશ થઇશ. મારે સધળી સ્ત્રી પ્રમાણે વર્તવું જોઇએ, ને મારાં માબાપના કુળને લેશ પણ હીણું લાગે તેવું આચરણ કદી પણ કરવું નહિ. જે નિર્માણકર્ત્તાએ નક્કી કીધું છે, તેને વશ વર્તવામાં જ શોભા છે. ઘણી સ્ત્રીઓના પતિ મરણ પામે છે ને તે પોતાનું આયુષ્ય ગાળે છે કેની? હું કેમ નહિ ગાળું? પુનર્લગ્ન મારાથી કેમ થાય? કરું તો મારા પિતાનું કાળું ન કહેવાય કે? મારી મા ગમે તેવી છે તોપણ તે ઝેર પીને મરે! છટ! છટ! હું એવા વિચારને કાઢી નાંખું છું, ગંગા ભાભી કેહેતી હતી કે સુખ આવે ત્યારે સુખ ને દુઃખ આવે ત્યારે દુઃખ ભોગવવું. ભાવિને વશ વર્તવામાં મઝા છે તે મારું દુઃખ જોઇને બળે છે, પણ મારા આ વિચારને પૂરતો ટેકો આપતી નથી! તે કેમ ટેકો આપે? અપાય જ કેમ? રે ઇશ્વર! મુજ રંકના સામું જો ને મને દુષ્ટ વાસનાથી ને પાપથી અટકાવ! રે કિયે અભાગિયે ટાંકણે મને પુનર્લગ્નનો વિચાર આવ્યો? હું તે કરું તે પેહેલાં મરણ કેમ નહિ પામું.' આમ વિચાર કરતાં વખતે ઉલટા વિચારપર પણ ઉતરી પડતી હતી. તરુણાવસ્થામાં વિકારવશ શરીરમાં અવનવા વિચારો આવે તેમાં આશ્ચર્ય નથી! તેમાં ભલભલા સપડાય છે તો કમળી કોણ માત્ર? મોતીલાલના મનમાં પણ તેવા જ પ્રકારના વિચાર આવતા હતા. છતાં ગુપ્તાર્થમાં પોતપોતાની વાણીનું ચાતુર્ય દર્શાવ્યા કરતાં હતાં, તોપણ ખુલ્લા શબ્દમાં જણાય તેવી જરા પણ ભાવના દર્શાવી નહિ. તથાપિ એક પત્ર મોતીલાલે લખ્યો ને તેનો પ્રતિઉત્તર આવતાં તેણે નિયમ લીધો કે જો લગ્ન કરું તો એની જ સાથે, નહિ તો આખી જિંદગી કુંવારાપણામાં ગુજારવી. જે પુરુષે એક વરસપર

પોતાના ભાઈ તથા માબાપને જિન્દગીમાં પણ લગ્ન કરવાને માટે ના પાડેલી તેણે પોતાનો વિચાર આ વેળાએ ફેરવ્યો.

## પ્રકરણ ૧૨ મું
## ઘરમાં તો જેમનું તેમ જ

કિશોરની તથા કમળાની સ્થિતિમાં આ વેળાએ થોડો ઘણો ફેરફાર થયો હતો. બે મહિનામાં મોતીલાલે લગભગ ૫૦ પત્રો કમળાપર લખ્યા હતા ને તેથી તેનું ચિત્ત ફરી ગયું હતું, તથાપિ પોતાની શિયળવૃત્તિમાં જરા પણ ખામી પડવા જેવું આચરણ કીધું નહોતું. કિશોરે વધારે અભ્યાસ કરવાનો વિચાર મૂકી દીધો હતો, ને કુટુંબને કંઈ પણ આશ્રય મળે તેટલા માટે કોઈ સારી નોકરી મળે તેની શોધમાં લાગ્યો હતો. લડકણાં લલિતા શેઠાણીને પિયેરથી તેમના ભાઈનો કાગળ આવવાથી તેઓ પિયેર સીધાર્યાં હતાં. સાથે કોઈ પણ ગયું ન હોતું. ખંભાતમાં તેમનું પિયેર હતું. ત્યાં તેઓ બે મહિના રહ્યાં તેટલામાં સઘળાં જણ કંટાળી ગયાં હતાં, ને ક્યારે જાય તેવી ઈચ્છા બતાવ્યા કરતાં હતાં. તુળજાગવરીનો પતિ પોતાની નોકરીપર હતો, તે આ વર્ષે સાહેબની સ્વારી છેક પંચમહાલમાં જવાની હોવાથી તેનાથી તરતા તરત પાછા અવાય તેમ નહોતું, પણ ઘરની સઘળી હકીકતથી તે વાકેફ હતો.

કિશોરે પોતાની ડીગ્રી લીધા પછી પોતાના કુટુંબને મુંબઈ બોલાવવા વિચાર કીધો, પણ નોકરીનું હજી અસ્થિર હતું તેથી વિચાર માંડી વાળ્યો. ગંગાએ પોતાનો વિચાર બતાવ્યો કે જો તમે એમ કરશો તો ઘરમાંથી સાસુ તથા સસરાજીને ઘણું ખોટું લાગશે, ને તેથી પ્રેમાળ દંપતી છતાં પણ વડીલોની ઈચ્છાએ વર્ત્તવાને વધુ આતુર હતાં. એકવાર કિશોર સૂરત આવી સૌને મળી ગયો. ઘરના ઢંગ તો પ્રથમ હતા તેનાથી વધારે ખરાબ તેના જોવામાં આવ્યા. મોટી ભાભીનો વિચાર

જૂદાં રેહેવાનો ઘણોખરો નક્કી થઇ રહ્યો હતો. વેણીલાલ પણ ઘણો દિલગીર હતો. તેના અભ્યાસ માટે રોજની પંચાતી પડતી હતી. તેમાં વેણીગવરી માંદી પડી ત્યારે સંસારી વ્યવસ્થાને લીધે તેનાથી જરાપણ મર્યાદા મેલાતી નહિ, ને મુકે તો પીસ્તાળ પડતી હતી. ગંગા પોતે જ આ સઘળું સમજીને તેમને ઘણીક રીતે મદદ કરતી હતી, તેમ કોઇ કોઇ વેળાએ વેણીલાલને પૈસા સંબંધી અડચણ પડતી ત્યારે "તમારા ભાઇએ પૈસા મોકલ્યા છે," એમ સમજાવીને ખાનગી ખરચ માટે આપતી હતી. આ તેની વિવેકી મર્યાદા ખરેખર સ્તુતિપાત્ર હતી. આજે કેટલી વધૂઓ પોતાના સંસારને આવી રીતે સંભાળવાને તૈયાર થશે ?

ફાગણ મહિનામાં સઘળાં કુટુંબી પાછા આવ્યાં. પેહેલવેહેલાં તો ઘરમાં સૌ આનંદ પામ્યાં, પણ બેચાર દિવસ ગયા કે 'એ ભગવાન એના એ' તેમ પાછા ભઠવેડા જારી થયા. કેશવલાલ પણ આવ્યો હતો. એક જ દિવસ તેને બતાવવામાટે લલિતા શેઠાણી ચૂપ રહ્યાં; પણ તેમનો સ્વભાવ ગમે તેટલું છતાં પણ દબાય તેવો ન હતો. બીજે દિવસે રાતના, અગાઉ હતા તેવા વેશ માંડ્યા. એક ઓરડામાં નાની દીકરી, ચાકરડી તથા શેઠાણી સૂતાં હતાં. શેઠાણીની પાસે કમળી નહિ આવે તે તેમને ઘણું માઠું લાગવા જેવું લાગ્યું તેથી રોષમાં ઉપરાચાપરી બૂમ મારી કે, "કમળી કમળી ! એકદમ અહિયા આવ."

"માજી, બૂમ શામાટે મારો છો ?" એમ કમળીએ પ્રત્યુત્તર દીધો. પણ ગઇ નહિ. આથી શેઠાણી ઘણાં ગુસ્સે થયાં, ને મનમાં પોતાની જ દીકરીને ખૂબ ગાળો દીધી.

"અરે રાંડ આમ મરની ! કયારની બૂમ મારી રહી છું, પણ આ છોકરી તો સાંભળતી જ નથીને, કોઇને ગણકારશે પણ નહિ. રાંડ છાકી ગઇ છે ! હં હં ! પેલી રંડાઓનાં બધાં કર્મ છે, જે મારી સાત લાડની દીકરીને પણ છકાવી મૂકી છે, ને મારી સામા કીધી છે !" આમ લલિતાબાઇ બબડી ગયાં.

"મોઢું સંભાળીને બોલજો, મેં તમારી દીકરીને રોકીએ નથી, ને હું તેને બેસાડતીએ નથી. શી એવડી ધાડ પડી છે કે એકદમ બૂમાબૂમ કરી મૂકી છે! કંઈ ધાડબાડ આવી છે કે આટલો બધો ઘોંઘાટ કરી મૂકયો?" તુળજાએ સામો તતડીને ઉત્તર દીધો.

હવે લલિતાબાઇએ ગાળોની વૃષ્ટિ કરવા માંડી, ગંગાને પણ પુષ્કળ ગાળો દીધી ને તુળજાને પણ તેટલી જ દીધી. ગંગાએ એક શબ્દ પણ સાસુજી સામા કહાડ્યો નહિ, ઉલટી તુળજાને ઘણીએ વારી, પણ તે થોભી નહિ. જ્યારે ને ત્યારે ગંગા તેનું મોં પકડી રાખે; તેથી બે ચાર શબ્દ બોલે ને પછી પાછી બંધ પડે. ગંગાએ ધીમેથી કહ્યું, "ભાભીજી, બસ, માફ કરો, સાસુજીનો સ્વભાવ છે તે ગમે તેમ બોલે, પણ તમે ડાહ્યાં થઇને ગાંડાં કાં થાઓ છો? એમનો ગુસ્સો નરમ પડશે એટલે આપોઆપ બંધ પડશે." થોડીવાર તુળજા અબોલ બેસી રહી, પણ સાસુજીને જેમ જેમ કોઠું નહિ આપ્યું તેમ તેમ વધારે ઉપજ્યાં, તેથી આખરે એકદમ હાથ છટકાવીને તુળજાએ સાસુજી સામા જઇને કહ્યું:- "તોબા છે તમારાથી! તમારા જેવી સાસુ કોઇને નહિ મળશે!! આ સારું સૂરત શેહેર છે પણ તમારા જેવી સાસુ તો કોઇને નથી. શામાટે આટલી બધી ગાળો દો છો? અમે કંઇ તમારું બગાડ્યું? તમને કંઇ કહ્યું કે તમારું વેણુ ઉથાપ્યું? જરા લાજો! મોટાનાં ઘરને આ શોભતું નથી." તુળજાએ જરાક વિવેકવાણી વાપરી કહ્યું.

"કમજાતની જણી, તારા જેવી વહુ કોઇને મળશે નહિ. નીચ તુખમની છે તેમાં બહુ બકયા કરે છે કે?" સાસુજીએ કહ્યું.

"જરા તપાસીને બોલજો. તમારું ખાનદાન કોને માલમ નથી?" વહુએ પણ તેટલાજ રોફમાં જવાબ દીધો.

"જા રે જા ખાનદાનવાળી! પીંજારડાની દીકરી, શું પતરાજ કરે છે કાબા? આ પેલી ગંગલી ઘાંચણનાં કારસ્તાન છે! તેણે તને

ચઢાવી આપી છે, એ તે બેગમજાદીને પરવડશે, પણ સુતર કાંતનારીની દીકરીને પરવડવાનું નથી. હરામજાદી, મને બોલાવીને ક્યાં જશે?"

"જુઓ વળી વધુ બોલ્યાં! સંભાળો, નહિ તો હમણાં ખાનાજંગી થશે. ગંગાએ મને શું કહ્યું ને તમને શું કહ્યું? તે બિચારી ઘરમાં આવી ત્યારની એક શબ્દ પણ બોલતી નથી, તેને નકામી શા માટે વગોવો છો? નકામું તેનું પાપ ધુવો છો તો નરકમાં પડશો!" તુળજાએ ખૂબ ખાર કહાડ્યો.

"તારી સાત પેઢી નરકમાં પડેની! તેની હીમાયતણ આવી છે! વહાલામુઇ! ઠીક છે હમણાં કેશવાને આવવા દે, પછી તારી વલે કરાવું છું."

"વલે શી કરવાના હતા? મારી નાખશે, બીજું કંઇ? મારો છૂટકો થશે. આવી જુલ્મગાર સાસુના તાબામાંથી નીકળતાં હું ઘણી સુખી થઇશ: પણ તમારા દીકરા તમારા જેવા નથી તો! તે સારી રીતે જાણે છે કે આપણી મા સાત ગામની ઉતાર છે!" તુળજાએ ખૂબ જુસ્સામાં જવાબ દીધો.

ગંગાએ જોયું કે લડાઇ ઘણી વધી પડશે, ને તેનું પરિણામ ઘણું ખોટું આવશે તેથી એકદમ પોતાથી બનતા યત્ને તુળજાને બીજા ઓરડામાં વસડી ગઇ ને બારણાં બંધ કીધાં, ને પછી ખૂબ ઠપકો આપ્યો. ગંગાના ખૂબ હસમુખા ને વિવેકી સ્વભાવને લીધે તુળજા પોતાની બહેન કરતાં પણ ગંગાને વધુ ચાહતી હતી, એટલે તેના બોલવા સામે ગુસ્સો કીધો નહિ.

સંધું શાંત થયા પછી, "આજે તમે તો સાસુજીને ખૂબ ઉધડાં લીધાં ભાભીજી?" કરડાકીમાં ગંગાએ કહ્યું. "વારુ તમે પણ સાસુજીને પહોંચી વળો તેવાં છો એટલે અમારાં જેવાંને સુખ છે. અમારૂં વેર વાળવાને તમે શક્તિવાન ખરાં, પણ ભાભીજી, થોડું બોલો તો ન ચાલે?"

તુળજાએ કશો જવાબ દીધો નહિ, પણ બારણે સાસુજી પોતાના ગુસ્સામાં ગાળોનો વરસાદ વરસાવ્યા જતાં હતાં, એટલામાં કેશવલાલ આવ્યો. લલિતાએ ખૂબ ગાળો દઇને તેને ચઢાવ્યો. "તારી બૈરી માને

ગાંભો દે, ને નીચ કુટુંબની કેહે તે મુવા ઢૌવા, તું જોયા કર. મારે પેટ એનાથી તું પથ્થર પજ્યો હોત તોએ ઘણું સારું." આ શબ્દ કેશવલાલને વજ્રબાણ જેવા લાગ્યા. તે એકદમ ધસ્યો ધસ્યો પોતાના ઓરડામાં ગયો. ઓરડામાં ગંગા ને તુળજા વાતો કરતાં હતાં, તેટલામાં જોરથી કેશવે બારણાને લાત મારી. ગંગાએ તરત બારણું ઉઘાડયું, પણ બારણાં વચ્ચે ગંગા આડી ઉભી રહી. "ગંગા, મને જવા દે, હું તારું કંઇ નથી સાંભળવાનો." ઘણા ગુસ્સાથી કેશવે જવાના આગ્રહ સાથે કહ્યું.

"અને તેનું કંઇ કારણ ભાઇજી?" ઘણી નમ્રતા સાથે અતિશય આર્જવથી ગંગાએ કેશવને શાંત પાડવાને કહ્યું. "મારું સાંભળો, પછી તમારી ઇચ્છા પ્રમાણે વર્તજો."

"નહિ, એમ નહિ. ભાભી, તું પણ એના જેવી બની કે? બસ, એ લડાઇના કાલભૂતને શિક્ષા કર્યા વિના મને જંપ વળવાનો નથી. રોજ રોજ લડાઇ ને ટંટો? એ કેમ ખમાય? ઘરમાં આવ્યા કે તમારો જ સંતાપ, ઘડીકનો જંપ જ નહિ. ખસ, બાજુએ ખસ ને એ કમજાતની દીકરીની મને સેવા કરવા દે ગંગા!!" કેશવે પોતાનો ગુસ્સો કહાડ્યો.

"ખબરદાર, મને કમજાતની દીકરી કહી તો! માના શીખવ્યાપરથી મારી સામા થવા આવ્યા છો, પણ ખબર કહાડજો કે કોની કસૂર છે, પછી બોલજો." તુળજાગવરીએ પોતાનું બાકીનું બોલવાનું પૂરું કીધું, "મને કમજાતની દીકરી ફરીથી કહેતા નહિ."

"હું દશ વાર કેહેવાની સત્તા ધરાવું છું. તારા મગજમાં ઘણો ધૂમાડો છે તે ઘડીના છઠ્ઠા ભાગમાં કાહાડી નાખીશ." કેશવે કહ્યું.

"બહુ સારું! આબરૂ તમારી વધશે. 'નબળો માટી બૈયરપર શૂરો' એ કેહેવત તમને લાગૂ પડશે."

કેશવને વધારે ગુસ્સો ચઢ્યો ને એકદમ ગંગાને હડસેલો મારીને તુળજા સામે ધસ્યો. તુળજા પોતાના ધણી સામા થવાને તૈયાર જ ઉભી હતી. કેશવે હાથમાંની લાકડીનો સપાટો લગાવ્યો, પણ એકદમ

ગંગાનો હાથ વચ્ચે આવ્યાથી તેનાપર પડ્યો, ને ગંગાને ઘણી કળ ચઢી. સુલક્ષણી ગંગા એના માબાપને ત્યાં અતિશય લાડકી હતી, ને કદી એના બાપે કે માએ, તેમ કિશોરે પણ એક શબ્દ કહ્યો ન હતો, તેના સુકોમળ હાથપર આ ફટકો પડ્યો એ ઘણો લાગ્યો, તો પણ ઘણી ધીરજથી તે સહન કરીને કેશવને દૂર ખસેડ્યો. કેશવ હંમેશાં પોતાના નાના ભાઇની ધણિયાણીને-તેના સદ્‌ગુણને માટે જ નહિ, પણ ઘર કુટુંબમાં તે એક રત્ન છે એમ જાણીને અતિશય માનથી જોતો હતો, પણ આજે ક્રોધાંધ થવાથી જ અપમાન આપ્યું હતું. ગંગાએ દૂર ખસેડ્યાથી કેશવલાલ શરમાયો. ગંગાના હાથપર લાકડીનો સપાટો પડ્યો હતો તેથી ગંગાની આંખમાંથી આંસુ વળ્યાં, પણ તે તેણે પોતાના પાલવથી લૂછી નાખ્યાં, જે કેશવે જોયાં.

"ગંગા ભાભી, તમને મારાથી અપમાન થયું છે, પણ મનમાં નહિ લાવતાં." કેશવે ઘણા પ્રેમથી કહ્યું.

"તમારે માટે મારે શું ધારવું? આજે કેમ ખામોશી નહિ પકડી? આ પ્રમાણે સંસાર ચલાવશો કે? હજી ઘણા દહાડા લેવાના છે તેથી એમ નભશે નહિ."

"ગંગા, કદી માજીની ભૂલ હતી, તો પણ એણે જે રીતિ ચલાવી તે ઠીક હતી વારુ?"

"મારે જવાબ દેવાની જરૂર નથી. તમે જાણો છો કે ઘડપણને લીધે તેમનો સ્વભાવ બગડી ગયો છે, પણ તમે જરાપણ લાયકી બતાવી નથી, ને ઉલટો કજિયો વધાર્યો. વગર જાણે કોઇના કહેવાપરથી એકદમ ગુસ્સો ચડે એવો આકરો સ્વભાવ નહિ રાખવો જોઇએ. શું ભાઇજી, મારે તમને એમ કહેવું કે તમે અજ્ઞાન છો ને માવડીમુખા છો? મારાથી તેમ નહિ કહેવાય, પણ ભાભીજીને જે કંઇ તમે કહ્યું તે તદન અણઘટતું હતું. પણ હશે, હવે ચાલો વાળુ કરવા. મેં તમને જોયા કે તમે પણ યથાયોગ્ય છો!"

"ગંગા, મારી ભૂલ થઇ, મને મા"–

"વાહ ! મારા સમ એક પણ શબ્દ બોલતા નહિ !" ગંગાએ કહ્યું.

આટલું કહીને કેશવે વાળુ કીધું નહોતું, તેને વાળુ કરવા તથા શાંત પાડવા તે તેડી ગઈ. વાળુ કરતાં કરતાં સઘળી હકીકત કહી ને કેશવને પોતાના આકળા તથા ઉતાવળિયા સ્વભાવ માટે પસ્તાવો થયો.

ખરેખરી ઘર ચલાવનારી સદ્‌ગુણી સુંદરી તે ગંગા હતી.

## પ્રકરણ ૧૩ મું

## પ્રેમપરીક્ષા

ધીમે ધીમે મોતીલાલ અને કમળા વચ્ચે પત્રવ્યવહાર વધી પડ્યો. દરરોજના પત્રો ચાલૂ થયા ને તેમનો પ્રેમ એટલો બધો ઘાડો બંધાયો કે તે કદી પણ છૂટી શકવો અશકય થઈ પડ્યો. કમળા પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરી બેઠી હતી કે ફરી લગ્ન કરવામાં એ જ પતિ તરીકે યોગ્ય છે; ને આ વાત તેણે પોતાની ભાભીથી છુપાવી નહોતી. સ્પષ્ટ રીતે એ વાત જણાવી દીધી ને તેની સલાહ પ્રમાણે વર્તવાને કમળીએ નિશ્ચય કીધો. કમળી ને ગંગા આ બાબતમાં કેટલેક દરજ્જે ઘણા જૂદા વિચારનાં હતાં, તોપણુ કમળીએ પોતાની ભાભીને હસી કાઢી નહિ, તેમ ગંગાએ પોતાની નણંદને તત્કાળ વારી પણ નહિ. ધીમે ધીમે વિચાર ફેરવવા માંડ્યો. તકરાર વારંવાર કરતાં હતાં, વાતચીતમાં વારંવાર મતભેદ પડતો હતો, તથાપિ એક ઘડી પણ બંને એક બીજાથી જૂદાં પડતાં નહોતાં. કમળી મોતીલાલને હંમેશાં પત્ર લખતી હતી, ને તેમાં પ્રસંગે સઘળો ઘરસંસારી બનાવ પણ લખતી ઘણાક પ્રસંગો જાણ્યા પછી મોતીલાલને એમ ભાસ્યું કે ગંગ કમળીનાં ફરી લગ્ન થાય તે તરફ નથી, ને તેથી તે બેચેન મૌન ધારણ કરી સૂમની માફક બેસી રહેતો હતો. ઢિ

બધા નિકટ સંબંધની ઘણી થોડી ખબર હોવાથી આ બેચેનીનું કારણ જાણવા તે ઘણું મથન કરતો હતો, તથાપિ મોતીલાલ ઉડાવતો, અને જોકે તેના મનમાં વારંવાર પોતાના મિત્રને છેતરવાને દિલગીર થતો હતો, તોપણ નિરુપાયે તે આ પ્રમાણે કરતો હતો.

બંને મિત્રો એક દિવસે બાબુલનાથની ટેકરીપરના એક ઝાડની ઘટા નીચે બેઠા હતા, ને પશ્ચિમના દરિયા કિનારાથી ઘણો મંદ મંદ પવન આવતો હતો. બાબુલનાથની ટેકરી જેવી રમણીય તથા કુદરતના નમુનાની કોઇ પણ જગ્યા મુંબઇમાં ભાગ્યે જ હશે. એ ટેકરી ઘણી વિકટ તથા અટપટી છે, તોપણ ત્યાં આગળ સંધ્યાકાળે જઇને બે ઘડી વિશ્રાંતિ લીધી હોય તો મન નિર્મળ થઇ જાય છે. ઝાડોની ઘટા ચોપાસ છવાઈ રહી છે. કુદરતી પક્ષીઓ ઉનાળાના દિવસમાં ટહુકા કરીને આપણી વૃત્તિઓને શાંત મનથી પોતા તરફ ખેંચે છે. દરિયાની હવાથી મગજ તર થાય છે. દેવાલયમાંથી, શિવભકતો દર્શન માટે આવે, તેઓ ઘંટાનાદ કરે, તેના અવાજથી ઇશ્વરગુણાનુવાદપર લક્ષ ખેંચાય છે, ને ઝાડોની ઘટામાંથી જે ધું ધું કરતો પવન ફુંકાય છે, તેથી એક જાતનો આનંદ વ્યાપી રહે છે. સંધ્યાકાળે સૂર્ય ક્ષિતિજમાં ઉતરતો હતો, ને મન શાંતિથી તર થયું હતું, તેવી વેળાએ શિવના દેવાલયમાંથી દર્શન કરી આવી, ફરતી એક એકાંત જગ્યામાં જઇને બંને મિત્રો વિશ્રાંતિ લેતા સૃષ્ટિસૌન્દર્ય નિરખતા હતા. આ તેમની શાંતિમાં કોઈ પણ ભંગાણ પાડનારું હતું નહિ, ને મનુષ્યોનો પગરવ ત્યાંથી ઘણો દૂર હતો. મોતીલાલના મનમાંથી કવચિત્ કવચિત્ નિઃશ્વાસ નિકળતો હતો, ને તેની તંદુરસ્તી દિનપર દિન ઘણી નબળી જોવામાં આવતી હતી. આનું કારણ જાણવાને કિશોર આતુર હતો, પણ જ્યારે તેનો બરાબર ખુલાસો ન મળ્યો ત્યારે સવાલ પૂછવા, લગભગ એક મહિનો થયાં તેણે બંધ કીધા મોતીલાલ ઘણો ગભરાયો. તેણે પોતાના મનના ઉભરા ‑ કીધો. તે હવે લાગ ખોળતો હતો. આજે તે લાગ

મળ્યો. મોતીલાલે ઘણો ઉંડો વિચાર કરીને કિશોરને જાણે અજાયબીમાં નાંખવા ઇચ્છતો હોય તેમ પૂછ્યું.

"કિશોર, વારુ લગભગ દશ માસ થયા તને મારી પ્રકૃતિમાં કંઇ અસાધારણ ફેરફાર દેખાતો નથી ? હું ગાંડો તો થયો નથી? મને કંઈ ભૂત ભરાયું છે ?"

"એમ તો હું ધારતો નથી," કિશોરે જવાબ વાળ્યો. "તારી પ્રકૃતિમાં કંઇ અસાધારણ ફેરફાર થયો છે ખરો, પણ તે ફેરફાર શાથી થયો છે તે મને સમજાતો નથી, તારા શરીરમાં કંઇ વ્યાધિ નથી, પણ આધિના રોગથી તું પીડાય છે એમ જાણું છું, નહિ વારુ ?"

મોતીલાલ ચૂપ રહ્યો. તેણે બે પગવચ્ચે માથું નીચું નમાવ્યું.

"પણ તારું જે દુઃખ હોય તે દુઃખ તું મને શામાટે જણાવતો નથી ?" કિશોરે ફરીથી વાત ચલાવી. "તારા હિતમાં કયારે હું પાછો પડ્યો છું ?"

"મારું દુઃખ કોઇને કહેવાય તેમ નથી ?" અતિ મોટો નિઃશ્વાસ મૂકી મોતીલાલ બોલ્યો.

"કહેવાય તેમ નથી ? મને કહેવાને શી અડચણ છે ? હું તેનો કોઇપણ ઇલાજ કરવામાં પછાડી પડીશ નહિ. જોઇયે તો મારી જિંદગીની કીમતે પણ તારો પ્રાણ બચાવીશ, ને જેમાં માત્ર મારી આબરૂને લાંછન નહિ લાગે તેવું કૃત્ય કરવામાં કદીપણ વિલંબ કરીશ નહિ."

"પણ એ બધું કોઇપણ સંસારી બાબતને લગતું હોય તો ?" મોતીએ કહ્યું.

"હું સમજ્યો !" કિશોરે ક્ષણભર વિચારીને કહ્યું, "એમાં કશી વિસાત નથી. આટલો બધો સમય તેં જે મારાથી છુપાવ્યું તેમાં તારી મોટી ભૂલ છે, જો તારું ને મારી બહેનનું બંનેનું એક દિલ હોય તો હું કોઇપણ આફત માથે ભોગવીશ, ને તારું કામ પાર પાડીશ. પણ આટલું યાદ રાખજે કે જો કમળીની ઇચ્છા નહિ હોય તો તમારું સુખ સ્થાયી રહેશે નહિ. પહેલે તડાકે પ્રેમી માણસો એક બીજાને મળે છે, તેપરથી જ

પોતાના ભાવિ સુખ માટે મોટી આશા બાંધી બેસે છે, પરંતુ તમે જોશો કે ઘણી વેળાએ તેઓ તેમાં ભુલાવો ખાય છે. મનુષ્યજિંદગીના સંબંધમાં સુખના ઘણા વિભાગો છે, તેમાં લગ્ન એ સર્વથી વિશેષ અગત્ય ધરાવનારું સુખ છે. એકાએક ગમે તેવા પ્રસંગોથી સ્ત્રી પુરુષ બંને મળે છે, ને સેજસાજ બહારની ઉપર ટપકેની વાતચીતથી પરસ્પરનાં મન લોભાય છે; એક બીજા માટે ઘણો પ્રેમ બતાવે છે, તદ્દન જ સદ્ગુણોથી ભરેલાં એકેક જણાય છે; દૂર રેહેવાથી ઘણેક પ્રકારે તે જ મૂર્ત્તિનું લક્ષ લાગી રહે છે, જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે તે ને તે જ મૂર્ત્તિને તેઓ સર્વોપરી દેવાંશી ગણે છે, પત્રવ્યવહાર કે વાતચીતના પ્રસંગો મળે છે તેપરથી પણ સદ્ગુણની મૂર્ત્તિઓ પણ તે જ છે એમ માને છે ને તેપરથી પોતાના ભાવિ સુખનો ઘણો અચળ તથા અડગ પાયો નાખે છે; પણ જ્યારે ઘાડો સહવાસ થાય છે, એક બીજાં આઠે પહોર ને બત્રીસે ઘડી પાસેનાં પાસે રહે છે, ને નિરંતરનાં સુખોની મોટી મોટી બાંધેલી આશાઓના વમળમાં આવે છે, ત્યારે તેમને માલમ પડે છે કે જે ધારણા બાંધી હતી તે ધારણા ઘણેક દરજ્જે ખોટી પડી છે; ને તે વેળાએ પોતાના દૈવને દોષ દે છે, પણ ખરી રીતે તેમાં કોઇનો વાંક હોતો નથી. પોતાની જ ઉચ્છૃંખળ વૃત્તિનો વાંક છે, માટે તું જે ધારણા બાંધે છે ને તે માટે પીડિત થાય છે, તે પેહેલાં આટલું નક્કી કર કે જે સુખની આશા રાખે છે તે સુખ તને મળશે કે નહિ, ને બંનેના સ્વભાવ હળશે કે નહિ–સંસારનાં સંકટો સહન કરવા શક્તિમંત થશે કે નહિ ? આ નક્કી થયા પેહેલાં કોઈ પણ પગલું ભરવું એ ડહાપણવાળું ગણાશે નહિ." ઘણા જ ડહાપણના વિચારથી કિશોરે આ વિચાર બતાવ્યો.

"બરાબર છે." મોતીલાલે ઉત્તર દીધો. "હું હવે પાકી તપાસ કરીને મારા સુખના પાયા માટે નક્કી કરીશ." મોતીલાલના દિલમાં પ્રેમ દૃઢ થયો હતો, તથાપિ પછાડીથી ઘણાં દંપતીની વચ્ચે કલેશનું બી રોપાય છે તેમ રોપાય નહિ તેને માટે ઘણો આતુર હતો. તેમ

વળી ઘણો સમજુ હોવાથી અવિચારી પગલાં ભરવાથી ઘણો દૂર રેહેતો હતો. કમળીની સાથે પોતાનો સ્વભાવ હળશે એવી એની તો પક્કી ખાત્રી હતી, પણ સંસાર સંકટ રહેવાશે કે નહિ તે માટે દૃઢ નહોતો. તેમ જ એવી રીતનું સુખ સ્થાયી કેમ થાય તે પણ સમજતો નહોતો. છતાં બંને જણા ઉઠ્યા તે વેળાએ એ બોલ્યો કે "મારી ફતેહ થશે."

"ત્યારે હું સંપૂર્ણ આનંદ પામીશ." કિશોરલાલે જવાબ દીધો. "મારો જે હેતુ છે તે એ જ છે, ને તેમ થાય નહિ ત્યાં સૂધી તમે પણ સુખીયા થશો એમ માનતા નહિ હશો."

"ખચીત નહિ!"

"ત્યારે હવે તમારી ખાત્રી કરવાને માટે યોગ્ય ઉપાય યોજો."

બંને મિત્ર સાથે ઉતરીને દરિયા કીનારે આવ્યા, ને હવા લેતા લેતા કૉલેજમાં ગયા. પછી કૉલેજમાં મોતીલાલને ફેલોની જગ્યા મળી હતી, ને તેથી બંને ત્યાં જ રેહેતા હતા.

મોતીલાલ પોતાપ્રત્યે કમળાનો કેવો પ્રેમ છે તે જાણવાને સૂરત ગયો. મોતીલાલના પત્રો હંમેશાં આવતા હતા તે હમણાં એકદમ બંધ પડ્યા, ને કમળાને પણ પોતાના પ્રિયને માટે શંકા ઉત્પન્ન થવાને યોગ્ય કારણ મળ્યું. મોતીલાલે અગાડી સૂરત આવવા વિષે લખ્યું હતું, ને તે જ્યારે આવે ત્યારે પોતાની ખાત્રી કરી લેવાનો સંપૂર્ણ વિચાર કીધો.

સૂરતમાં આ વેળાએ કિશોરલાલના ઘરમાં તેમના પિતાજીની ગેરહાજરી હતી, ને દેવદર્શન કરવામાં તેમની માતા લલિતાબાઈ બારે પહોર રોકાતાં રહેતાં હતાં. ગંગાની તબીયત સારી નહિ હોવાથી વેણીગવરી તથા કમળાને માથે ઘરનો કારભાર પડ્યો હતો. તુળજાગવરી પોતાને પિયેર ગઈ હતી. બપોરના પરવાર્યા પછી ઘણીખરી વાર વેણીગવરી પોતાને પિયેર જતી હતી ને તેથી પાછલા પહોરની કમળા ઘણીવાર એકલી બાગમાં બેસતી કે પોતાના ભરવા ગુંથવાના કામમાં મંડતી હતી.

ફાગણુ માસ હંમેશાં સૂરતમાં તોફાની ગણાતો હતો, પણ એ માસના રળિયામણા દિવસો ઘણા આનંદમાં જતા હતા. એક સંધ્યા-વેળા, જે ખુબસુરતીમાં સર્વોપરી, ચિત્તાકર્ષક, રળિયામણી અને મનને આનંદ પમાડનારી હતી, તે પ્રસંગે મોતીલાલ ધડકતી છાતીએ કિશોરને ઘેર ગયો. ઘરમાં પેસતાં કોઇએ તેને રોકયો નહિ, તેમ કોઇયે જોયો પણ નહિ. તેથી પોતાની પ્રિયતમ મૂર્ત્તિને મળવાને પહેલાંની પેઠે જ તે પાછળ બાગમાં ધસ્યો, ને ત્યાં તેણે તે સર્વોપરી સુંદરીને એક કુંજમાં વિરાજમાન થયેલી જોઇ. તેનો ચેહેરો સહોરાઇ ગયેલો હતો, ને તેનું શરીર નખાઇ ગયું હતું. ઝીણો તાવ તેના શરીરમાં લાગૂ પડી ચૂકયો હતો, ને તેથી જાણે તે દિન પ્રતિદિન ગળાતી જતી હોય તેવી જણાઇ. જે દરવાજેથી મોતીલાલ આવ્યો તેની તરફ તેની પીઠ હતી એટલે બરાબર ચેહેરો જણાતો નહોતો, પણ પીઠપરથી જોતાં તે કૃશ થયેલી જણાતી હતી. તેના હાથમાં "શાકુન્તલ" હતું, તેમાંનો જે ભાગ કાલિદાસે પોતાની સ્વચ્છ કારીગીરીથી શણગારેલો હતો તે ભાગ એ વાંચતી હતી; ને તે શકુન્તલા સાથે પોતાની વેદનાનો મનમાં મુકાબલો કરતી હતી. એ જ વેળાએ પોતાના પ્રિયમિત્રને એકાએક પોતા સમીપ જોયો, ને બંને સાવજ માફક ઉભાં થઇ રહ્યાં! માત્ર બંનેના મોંથી એક વખતે એ જ શબ્દ નીકળ્યા કે "પ્રિય મોતી!" "પ્રિય કમળી" આ શિવાય તેઓ કેટલીકવાર સૂધી એક પણ શબ્દ બોલી શકયાં નહિ.

થોડોક વખત ગયા પછી, પાસેના નાનકડા ફુવારાની પડોસમાં એક બાંક પડેલો હતો તેપર જઇને કમળી બેઠી. મોતીલાલ વિવેકથી સામો ઉભો રહ્યો.

મોતીલાલે આસપાસ નજર કરીને જાણે પોતાને કંઇ બોલવાનું નથી એમ જાણી કહ્યું:—"તમારા પિતા તથા માતા બંને ઘરમાં નથી, એ ઘણું ઠીક થયું છે."

"ખરેખર, એમ તો ખરું; કેમકે આપણા હિંદુસંસારમાં કંઇ થોડું દુઃખ નથી, ને આવી રીતે મળવું એ પણ ઘણું અપવાદ ભરેલું કહેવાય."

"શા વાસ્તે?"

"આપણામાં રિવાજ નથી તેથી."

"તેની શી ફિકર છે?"

"ફિકર હોય કે નહિ; તોપણ ફિકર રાખવી જોઇયે. તમને કદાપિ ફિકર નહિ હોય, તથાપિ મુજ જેવી રંકને તો એ ઘણું વિપરીત ભાસે છે," સ્મિતહાસ્યથી કમળાએ કહ્યું. "ઘણી વેળાએ આવા પ્રસંગથી એમ બને છે કે ઈશ્વરનું જે સર્વોત્તમ બંધન મર્યાદા તેને વેગળી મૂકવામાં આવે છે."

"આવી મર્યાદાને આપણે કદી પણ વેગળી મૂકીશું નહિ!" મોતીલાલે કંઇક હાસ્યથી ને કંઇક ગંભીરતાથી જવાબ દીધો, ને પાછી કમળીના ચેહેરા તરફ નજર કીધી. "એ સઘળું તો આપણી ઇચ્છા ઉપર આધાર રાખે છે."

"બેશક, એ તો મને માલમ છે. મેં તો સહજ જ કહ્યું છે. તમે કંઇ પણ એથી ઉલટો વિચાર લેતા નહિ. ઘણું કરીને શું આપણામાં કે શું પારસી ને અંગ્રેજો, કે જેઓ આજે છૂટાપણાનો મોટો લાભ લે છે, તે સઘળાંમાં આવી જ રીતે પ્રથમ મુલાકાતો થાય છે, પણ વાસ્તવિક રીતે જોતાં મને તે પ્રતિષ્ઠિત દિસતી નથી. તેથી મારે મારી આબરુને ખાતર અહિંયાં ઉભાં રહેવું એ સલામત નથી," એમ બોલી તે જવાને માટે તૈયાર થઇ.

"એટલી બધી ઉતાવળ શી?" મોતીલાલે ક્ષણભર અટકાવીને કહ્યું. "હું આજ ઘણા અગત્યના કારણસર મુંબઇથી આવ્યો છું ને તમને ખાનગી મળવાને ત્રણ દિવસ થયા સમય શોધતો હતો. અને કમનસીબે તેમાં ફાવ્યો નહિ, પણ ઈશ્વરેચ્છાથી આજે આપણું એકાંત

મળવું થયું, તો જે ખુલાસો મેળવવો છે તેનો જવાબ દો, તો તમારો ઘણો ઉપકાર થશે."

"તમારે શું પૂછવું છે?"

"આપણું જોડું બંધાય તો તે સુખી થશે?"

"એ પ્રશ્ન તમે તમારી જાતને જ કરો, એટલે તેનો ઉત્તર મળશે."

"શી રીતે?"

"જાણો કે 'જેવું પિંડે તેવું બ્રહ્માંડે' છે!"

"તમને ઘર સંસારી ઘણી વિડંબનાઓ આવશે જો!"

"બેફિકર રહો, તેનો નિવેડો મારી શક્તિથી લાવીશ."

"આપણે એકબીજા માટે પસ્તાઇયે નહિ તે સંભાળવું જોઇયે."

"એ માટે તો તમે નિશ્ચિત રહેજો, પણ શું તમે ધારો છો ને માનો છો કે એ જ સુખ છે?"

"પ્રિય કમળી! તમારા આવા આશા ભંગ કરનારા શબ્દો માટે હું ઘણા ઘણા વિચારમાં ગુંચવાઉં છું. મારી તો તમારા વિષે પૂર્ણ ખાત્રી હતી, પણ વિશેષ નક્કી કરવાને મેં આ પગલું ભર્યું છે તેમાં તમે પાછળ હટાવો છો. તમે અંદેશો આણતાં નહિ; પણ ઉલટું ખાત્રીથી માનજો કે મેં તમારી પછાડી મારો પ્રાણ સમર્પણ કીધો છે, ને હું તમારા વગર બીજા કોઇને ચાહીશ નહિ ને ચાહતો પણ નથી. હવે હું તદન સલામત છું. તમારી ઇચ્છા નહિ હોય તો આપણે દૂર રહીશું ને ઇચ્છા હોય તો આધીન છું. એથી મને એક એવી પત્ની મળશે કે તેથી મારું ગૃહરાજ્ય યોગ્ય માર્ગે ચાલશે. મને પૂર્ણ વિશ્વાસ છે કે હવે તમારા પ્રત્યેનો મારો પ્રેમ કદી પણ ચળવિચળ થશે નહિ, ને જો કદી મરીશ તો તમારું જ ચિંતન કરતો રહીશ. પણ તમે તમારે ધર્મે રહેશો તો પણ હું સુખી થઇશ."

"હું ધર્મે નહિ રહીશ એમ ધારતા હો તો તમારી ગણત્રી ભૂલ ભરેલી છે!" કમળીએ તેને ઠપકો આપતાં કહ્યું.

"તે શી રીતે?"

"તમે જ શોધી કહાડજો ભાઇ!" એમ કહી તે એકદમ પોતાનાં ચપળ પગલાં ઉઠાવતી ઘરમાં જતી રહી, કેમકે તેના કાનપર પોતાની માતાના આવવાનો અવાજ આવ્યો હતો ને તે ખરો હતો.

મોતીલાલ તેની પૂંઠ નીહાળતો એકદમ બીજે રસ્તેથી નીકળી ચાલ્યો ને તે જ રાતના ચૂર્ણ હૃદયથી નિરાશ મુખડે-પણ વળી કંઇક ઉમંગમાં મુંબઇ આવ્યો. તેની પૂર્ણ ખાત્રી થઇ હતી કે બંનેના પ્રેમમાં કશી પણ ખામી નથી, તેમ સુખ માટે ખામી નહોતી.

## પ્રકરણ ૧૪ મું

## સસરો અને વહુ

ઉનાળો પૂરો થઇને ચોમાસું બેસી ચૂક્યું હતું. આ વખતે મોહનચંદ્રની તબીયત ઘણી નાદુરુસ્ત ચાલતી હતી. તેનામાં ઉઠવાની જરા જેટલી પણ ગતિ નહોતી, ને હમણાં છેક જ ખાટલાવશ થયો હતો. શ્રાવણ માસના ઘણા રમણીય દિવસોમાં આપણી નાયિકાનું ઘર શોકાતુર અવસ્થામાં આવી ગયું હતું.

મોહનચંદ્રને ઘણો સખ્ત તાવ આવતો હતો, છતાં તેની આવી માંદગીમાં લલિતાબાઇએ લઢવા વઢવાનો પોતાનો સ્વભાવ છોડી દીધો નહોતો. વૈદ્યરાજનું ઔષધ ચાલતું હતું, ને જેમ જેમ મોહનચંદ્રની પ્રકૃતિ વધારે બગડતી ગઈ તેમ તેમ ડોકટરની જરૂર ગંગાને ઘણી જણાઇ, પણ શેઠાણી તો વારંવાર પોતાની અશુભ વાણીમાં એટલુંજ બોલ્યા કરતાં કે "ડોસાને તો ધાડે ખાવાની નથી." ગંગા એથી તદન ઉલટુંજ જોતી હતી. તેની પૂર્ણ ખાત્રી થઇ હતી કે આ વેળાનો મંદવાડ ઘણો ભારી છે ને તેમાંથી બચવું ઘણું મુશ્કેલ છે. મોહનચંદ્રની તબીયત સંભાળવાને ગંગા ને કમળા બે તેમની પાસેનાં પાસે બેસી રહેતાં હતાં.

ઋતુ અતિઘણી રમણીય હતી. શ્રાવણ માસનો સરવરીઓ મેહુલો ધીમે ધીમે પડતો હતો ને આકાશ ઘેરાયલું જણાતું હતું, મંદ મંદ પવનની લહેર અને રૂપેરી સૂર્યનો સફેદ પ્રકાશનો બહાર દિલ લલચાવનાર હતો. આખો દહાડો વરસાદ પડવાને લીધે કોઇથી ઘરબહાર નીકળાતું નહિ, પણ જો નીકળાત તો પણ ગંગા કદી આવી ખરાબ અવસ્થામાં પોતાના પિતાતુલ્ય સસરાજીને મૂકીને બહાર નીકળત પણ નહિ. ડોસાનો મંદવાડ જબરો હોવાને લીધે તેણે આજ લગભગ દશ દિવસ થયા ઘરબહાર પગલું ભરચું નથી, એટલું જ નહિ, પણ તેમની પાસેની પાસે જ ખડી રહેતી. વૈદ્યરાજ પણ તેને ખસવાની મના કરી ગયા હતા.

દશ દિવસનો ઉજાગરો હોવાથી રાત્રિના દશ વાગી ગયા પછી બાજુએ એક કોચપર ગંગા જરા આડી થઈ. કમળાએ ડોસાને સાબુ-ચોખાની કાંજી કરીને પાઇ, ને તે ડોસાએ ધીમે સાંસ્તે પીધી. રાત્રિના વરસાદ રહી ગયો હતો, ને આકાશ નિર્મળ થયું હતું. કમળા બારીએ ઉભી ઉભી મન સાથે વિચાર કરતી હતી, ને ખરેખર આ દેખાવ જ મનોમોહક હતો. એ સમય તરુણ તરુણીને પ્રેમમાં નિમગ્ન કરે તેવો હતો, પણ જે ભૂખ્યું હોય તેનું કંઇ આવી ખૂબીઓ તરફ મન લાગે નહિ, ને જેને માથે ધગધગતો અગ્નિ તપતો હોય તેને શીતળ પવન સુખ આપે નહિ, તેમ જ કમળાને મનમાં થયું હતું. જે વેળાનું વર્ણન અમે લખીએ છીએ તે વેળા, ગમે તેવી કુદરતી લીલાનું વર્ણન કરવા યોગ્ય હતી, પણ કમળા ચિત્તભ્રમ થયેલી ઉભી હતી, ને તેવામાં ડોસાએ બૂમ મારી કે “કોઇ છે ?” કમળાએ તે સાંભળ્યું નહિ, ને તેથી તે ઉભીજ રહી. તેવામાં ડોસા પથારીમાંથી ઉઠવા ગયા ને એકદમ ચકરી આવી ને ભોંયપર પડ્યા. આના ધબાકા સાથે જ ગંગા એકદમ જાગી ઉઠી.

મીનારાના ઘડિયાળમાં રાત્રિના બરાબર બાર વાગ્યા. દીવો ધીમે ધીમે બળતો હતો, ને ઉપર મોગરો આવવાથી તે સહજ સહજ ઝાંખો થતો જતો હતો. આખા મોહલ્લામાં તદ્દન શાંતિનું રાજ્ય ચાલતું

હતું; ને આ શાંતિ ઉલટી ભય ઉત્પન્ન કરતી હતી. કંઇ પણ શબ્દ સંભળાતો નહોતો, ગગડાટ પણ નહોતો. કમળા ચિત્તભ્રમ હતી, ગંગા સૂતેલી હતી, શેઠાણી બીજા ઓરડામાં નાક ગંગડાવતાં પડેલાં હતાં, ઓરડો દૂર હોવાથી તેમના નાકના સુસવાટાનો અવાજ સંભળાતો નહોતો. તેમના જીવને ધીરજ હતી, કે ડોસાને કશુંએ થવાનું નથી. તેઓ તદ્દન નચિંત જીવે હતાં, એટલે ઓરડામાં શું થાય છે તેથી તદ્દન અજાણ્યાં હતાં.

"આવો! આવો!" એકદમ ડોસાએ પડતા સાથે બૂમ મારી.

"શું છે? શું છે? સસરાજી!" આંખ એકદમ ઉઘાડી ઉભી થઇ તરત જ પાસે આવતાં ગંગા બોલી, "કેમ તમને શું થયું? પડી ગયા?" તરત જ કોચ નજીક આવતાં તે બોલી ઉઠી, "કમળા બહેન કયાં ગયાં? મોટી બહેન મોટી બહેન?" એમ આસપાસ ઉંઘાકળી આંખે કમળાને ન જોઇ તેથી બૂમ મારી.

"ભાભી, કેમ, કેમ?" તરત જ સાવધ થઇને કમળા પાસે આવી.

"તમે નહિ સાંભળ્યું?"

"ના, મને ખબર નથી."

"ક્યાં ગયાં હતાં?"

"આ પાસે બારીએ ઉભી હતી."

"સસરાજી ઘણુંકરીને પડી ગયા!"

"નહિ હોય, મેં કંઇ સાંભળ્યું નથી, તમને ભ્રાંતિ થઇ હશે."

"નહિ, નહિ, ખરેખર પડી ગયા છે."

"બાપાજી, બાપાજી!" કમળાએ ત્રણવાર બૂમ મારી પણ કશો જવાબ મળ્યો નહિ.

બંને જણાં ઘણાં ગભરાયાં, ને પાસે મીણબત્તી પડી હતી, તે સળગાવી લાવીને ગંગાએ તેમના મોં આગળ ધરી, તો તેમનો ચેહેરો તદ્દન ફીકો અને કંઇ પણ હીલચાલ વગરનો જણાતો હતો, ને બિછા-

નાપર ચત્તાપાટ પડ્યા હતા. માત્ર નસકોરામાંથી શ્વાસ ધોકારાબંધ ચાલ્યો જતો હતો. તરત જ પાસેના ઘડિયાળમાં એક વાગ્યો. દવા આપવાનો સમય થયો હતો, તેથી પાસે જઇને ગંગાએ તેમનું માથું તપાસ્યું તો માથાપર શ્રમને લીધે ઝરી છૂટી હતી. છાતીએ ડૉકટરનું આપેલું તેલ ઘસ્યું ને થોડીવારે શ્વાસ ધીમો પડયો. "ઓ રે" કરીને બૂમ મારી જરાક પાસું ફેરવ્યું ને ત્યારે બંને જણાંને ધીરજ આવી.

થોડીકવાર ડોસા પડી રહ્યા. ગંગા ને કમળી પાસેનાં પાસે બેઠાં હતાં, અડધો કલાક વીત્યા પછી ધીમે સાદથી ડચકીયાં ખાતા ખાતા ડોસા બોલ્યા.

"ગંગા! મારી વહાલી દીકરી! તું નહિ હોત તો મારી શી અવસ્થા થાત? હાય હાય, કોઇ પણ મારી ચાકરી કરનાર નથી. તું જ એકલી મારી પાસેની પાસે બેસી રહે છે.એ તારો મારાપર થોડો ઉપકાર થાય છે કે?"

"સસરાજી! એ શું બોલો છો? મારો ધર્મ છે ને તે હું બજાવું છું, તેમાં વધારે શું કરું છું? તમારી તો જેટલી સેવા થાય તેટલી થોડી." ગંગાએ ખરેખરા આદરથી જવાબ દીધો.

"નહિ, નહિ, દીકરી! તું તો મારે ત્યાં રત્ન છે. મારા કિશોરનું ધન્યભાગ્ય છે! સાથે મારા આખા કુટુંબનું ભાગ્ય પણ તેટલું જ મોટું છે, કે તારા જેવું રત્ન મારે ત્યાં આવ્યું છે."

ગંગા આ વાત ઉડાવવા માટે બોલી ઉઠી.

"હવે વૈદરાજના ઔષધનો સમય થયો છે, માટે તે લેશો સસરાજી?"

"હા બેટા! પણ હવે વૈદ બૈદના નકામા પૈસા નહિ ખરચો, હવે તો ઇશ્વરસ્મરણ કરવાનો સમય છે. બેહેન કમળી, ગંગા, તમે મારી પછાડી જે મેહેનત લો છો, તેનો બદલો તો પ્રભુ વાળશે, પણ હવે ઔષધની વાત જવા દો, હવે તો અંબામાતાને સંભારો. આપણા દહાડા તો ભરાઈ ચૂકયા છે. વૈદરાજ ગમે તેટલી આશા આપે, પણ મને ખાત્રી છે કે હવે હું બચવાનો નથી," તૂટક તૂટક શબ્દમાં ઘણી વેળાએ મોહનચંદ્રે આ પ્રમાણે કહ્યું.

"સસરાજી, એવા વિચાર તમે મનમાંથી કાઢી નાખો."

"ના બેટા, હવે તે નીકળવાના નથી. મને સાક્ષાત્ માતાનાં દર્શન થાય છે। તે પોતાના અલૌકિક સ્વરૂપમાં મારી પાસેનાં પાસે ઉભાં છે, ને હવે તો હું તેમની સાથે જઇશ."

"તમે જરાક ઔષધ લો, એટલે તમને આરામ પણ થશે, ને જરાક કૌવત પણ આવશે. વૈદ્યરાજ કહેતા હતા કે તમારા શરીરમાં અશક્તિ છે, બીજું કશુંએ નથી."

"એ બધુંએ ખરૂં, પણ હવે કૌવત આવવાનું ઔષધ વૈદ્ય પાસે નથી. મને હવે મારી ફિકર નથી, પણ તમારી ફિકર છે. કમળા બેહેન, તારી મા ઘણાં સારાં માણસ છે, પણ તમે તેમને સંભાળી લેશો. વારંવાર લડવાનો તેમને શોખ છે, પણ તમે તેમને તપાસશો તો ઘરની આબરૂ રહેશે. હવે હું તમને કોઇ દહાડો શીખામણ આપવા આવનાર નથી, તેથી આટલું છેલ્લું કહી લઉં છું. તમારા પિતાજીનાં આ છેલ્લાં વચન છે તે છેલ્લાં દાન તરીકે માની લેશો. ગંગા, મને અટકાવીશ નહિ. આજે અહિયાં કોઇ નથી, તેથી તમને બંનેને શીખામણ આપવી જરૂરની છે, કેમકે તમો બંનેને લીધે ઘર ચાલે છે. જો બેહેન, યાદ રાખજે કે તારી મા કદી સુધરવાની નથી, તેથી ગમે ત્યારે તેને લડવાનો રસ્તો જડી આવશે, પણ તમારે બનેએ એકકે ઉત્તર તેને દેવો નહિ. ગંગાને તો મારે કંઇ જ કહેવાજોગ નથી. તારામાં શું ઓછું છે કે હું કહું, મારા કિશોરને સંભાળી લેજો. તે ઘણો નમ્ર, કુમળો ને માયાળુ છે."

"હવે આ ઘડીએ એવા વિચાર કશા કામના નથી, સસરાજી !" ગંગાએ તેમનો શ્વાસ ઘણો વધતો જતો જોવાથી કહ્યું; "તમે ઔષધ લો !"

"ઠીક છે, લાવો, જ્યારે તમારી મરજી છે ત્યારે લઇશ."

ગંગાએ ગ્લાસમાં ઔષધ આપ્યું, પણ પીતાં પીતાં બે તૃતીયાંશ ભાગ ઢોળાઇ ગયો, ને એક તૃતીયાંશ પીવામાં ગયો.

પીતાંની સાથે થાક ચઢવાથી પાછા ડોસા પડ્યા. ગંગા તેમના પડખામાં બેઠી હતી, તેણે પાસે જઇને બરાબર સૂવાડ્યા, અને વળી વધારે વાત કરશે, એવા ભયથી બંને જણ ત્યાંથી ખસી જવા તૈયાર થયાં.

"ક્યાં જશો ?"

"અમે અહિંયાં જ છીએ, સસરાજી !"

"ના, મારી પાસે બેસો."

"હવે તમે જરાક ઊંઘી જાઓ તો ઠીક."

"હવે ઉંઘ કેવી ?"

"તમો નિશ્ચિંત જીવે ઉંઘશો તો કશી હરકત નથી."

"બેહેન કમળી, બેટી ગંગા! હવે મને ઉંઘ આવે ? રામ રામ કરો ! આપણી ઉંઘ તો હવે ગઇ. પણ મારે તમને કહેવું છે તે સાંભળો."

"પિતાજી, સવારે નહિ સંભળાવાય ?"

"ના," જરાક તરડાઇને જવાબ દીધો. પણ રખેને ગંગાને ખોટું લાગે તેટલા માટે એકદમ પાછું બોલવું જારી કીધું. "ગંગા, હું ચીઢવાઇને જવાબ દઉં છું, તેથી તારા મનમાં ખોટું ન આણતી. હવે ઘરડાં ને ગાંડાં બરાબર છે."

"સસરાજી એવો વિચાર શું કામ આણો છો ? મારા પિતાના ચીઢવાથી ખેદ આણું તો તમારા બોલવાથી ખેદ આણું; પણ હવે તમો ઉંઘો તો ઠીક."

થોડીકવાર ડોસા પડી રહ્યા. અડધોક કલાક એમનો એમ વહી ગયો, ને કમળી ભોંયપર પડી ને ઉંઘી ગઇ. એકલી ગંગાજ જાગતી હતી. ગંગાએ પોતાની જે બરદાસ્ત ને ચાકરી કીધી હતી, તેથી ડોસાના મનમાં એટલો બધો પ્રેમનો ઉમળકો છૂટતો હતો કે તેનાથી પોતાના ઉભરા કાઢવા વિના રહેવાયું નહિ.

"અરે ગંગા!" એમ બોલી જરાક ચૂપ રહ્યા. "બેટા, હું હવે તને છેલ્લું જ કહીશ. તને હું મારા દીકરાની વહૂ ગણું તેના કરતાં પણ તું વધારે લાયક છે. આજ દશ દશ દિવસ થયા તું અખંડ ઉજાગરા કરે છે, એ જ તારું સુલક્ષણાપણું બતાવે છે. મારી દીકરીઓમાં પણ તું વડી છે. મારા કુટુંબમાં પણ તું વડી છે. તારા જેવી કુળવધૂ નાગરી ન્યાતમાં કોઇ નહિ હશે. તેં મારી સેવા કરવામાં કશી પણ કચાશ રાખી નથી. આ મારી માંદગીમાં મારી માતા પ્રમાણે તેં ચાકરી કીધી છે. શું તું પેલે ભવે મારી મા હતી? જેમ એક મા પોતાના બાળકની માવજત કરે તેમ તેં મારી માવજત કીધી છે. ઓ મારી મા, હવે તું કયારે મળશે? હવે હું મરીશ, પણ મને ઘણો સંતોષ છે કે મારા કુળમાં એક અનુપમ રત્ન છે, જેનાથી આખું કુળ તેજસ્વી જણાય છે. પણ ઓ મા, તું કયાં છે?" એમ કહીને ગંગાનો કોમળ હાથ પોતાના હાથે પકડી માથે ફેરવ્યો.

ગંગાની આંખમાંથી મોહનચંદ્રની કોમળ વાણી સાંભળી ઢળક ઢળક આંસુ પડવા લાગ્યાં. તે કંઇ પણ બોલી શકી નહિ.

"ખરેખર તું મારા ઘરની દેવી છે, તેનાથી પણ વધારે છે. સાક્ષાત્ તું જ અંબા છે, એક વહુમાં આવા સદ્‌ગુણ એ તો ખરે ઈશ્વરની જ બક્ષીસ છે."

"સસરાજી, હવે ઘણું નહિ બોલો, તમને વધુ દુઃખ થશે. જુવોની વારુ, તમારાથી હમણાં બોલાતુંએ નથી." ગંગાએ ઝીણે સ્વરે ધીમેથી કહ્યું.

"નહિ હું બોલીશ–મારાથી બોલાશે ત્યાં સુધી તારી ને તારી જ સાથે બોલીશ, ને મારાથી જોવાશે ત્યાં સુધી તારૂં મુખડું જોઇશ. હવે હું થોડા દહાડાનો છું. તારો ઉપકાર, તારી સેવા હું કદીપણ ભૂલીશ નહિ. હું કોઇ પણ જન્મમાં તને યાદ કરીશ. તું એક ચંદ્રમુખી દેવી મારા ઘરમાં વસી છે."

"તમને પંખો નાખું?"

"ના, હવે શી જરૂર છે?"

"તમારા પગ ચાંપું?"

"તેનીએ શી જરૂર છે? બેટા તેં બહુ માથું ચાંપ્યું ને પગ ચાંપ્યા છે, હવે તને શ્રમ આપું? હવે મને જે પરસેવો થાય આખરનો સમજવો. હવે તો માત્ર તારી સાથે બોલીશ. તારા ગાઇશ. જ્યારથી તું મારા ઘરમાં આવીને વસી છે, ત્યારથી મા આનંદ ને લીલાલેહેરમાં આવ્યું છે. હું તને આશિષ્ આપું છું સુખી થજે."

## પ્રકરણ ૧૫ મું

### ધણિયાણી

તરત એ ઓરડાનું બારણું ઉઘડ્યું, સવાર થઇ હતી, ને પો ધણીની તબીયતના સમાચાર પૂછવાને લલિતાબાઇ એકદમ ડામાં આવ્યાં; તેમનું મોં તો ચઢેલું જ હતું, ને તેવામાં પોતાના ધ કોચ પાસે ગંગાને બેઠેલી જોઇ કે પુષ્કળ ખીજવાયાં.

પ્રભાત થતાં જ શેઠાણીના મનમાં આવ્યું કે દર્શન કરી ને તેથી ઘરમાં આટલો બધો ભયંકર મંદવાડ છતાં પણ તેમનાં દર ખલેલ પડી નહિ. પણ જેવાં બારીયે ડોકું કરે છે કે તરત જ પડ્યું કે દર્શન તો થઇ રહ્યાં છે. મનમાં બહુ લાગી આવ્યું. તેથી ઉઠ્યાં તેવાં જ મોહનચંદ્રના ઓરડામાં આવ્યાં. માથાનાં લટિયાં આસ વીખરાયલાં હતાં, એક ગંદીલું મસોતું પેહેર્યું હતું, ને કાંચળી કે વગર ઉકાંચળાં જ તે ઓરડામાં પોતાના ડાકેણ જેવા વેશે આવ્ય

એક ક્ષણવાર મોહનચંદ્રે આંખ મીંચી હતી. તેવામાં બાઇએ ધબાક દેતું કે બારણું ઉઘાડ્યું ને પૂછ્યું:—

"ગંગી, કેમ છે?" તિરસ્કાર બતાવતા ચેહેરાથી લલિતાબાઇ એ

"આખી રાતના ઉજાગરા પછી હમણાં જ સૂતા છે."

"તો ઉઠાડની, હું આવી છું તે કહે."

"હજી હમણાં જ આંખ મીંચી છે. જરા પણ રાતના જંપ્યા નથી. ને સાસુજી, મને હવે એમની કશી પણ આશા નથી. રાતના વૈદરાજ આવ્યા હતા તેઓ પણ કહેતા હતા કે મંદવાડ કપરો છે."

"પણ તારું પારાયણ રેહેવા દેની, હમણાં ઉઠાડ કે હું તપાસ કરું" શેઠાણીએ ધસીને કોચ નજીક જવા માંડ્યું.

ગંગા ઉઠીને સામી થઇ. "સાસુજી," ઘણાં નમ્ર ને પ્રેમમય વચનથી નીચી વળી મર્યાદા પૂર્વક સાસુજીને કહ્યું," "હમણાં સૂવા દેશો તો ફિકર નથી."

"ચાલ, બેસ, હરકતવાળી આવી છે. એવો તો શો મોટો મંદવાડ આવી પડ્યો છે કે ઉઠાય નહિ. આખી રાત તો પાડાપેઠે ઘોર્યા કરે છે, ને હવે ઉઠતાં શી હરકત છે?"

"ખરેખર હરકત તો નથી, પણ હમણાં જ સૂતા છે. હજી તો ૭ વાગ્યા છે, તેથી અડધા કલાક પછી ઉઠાડજોની!"

"ને તારી એવી ખાત્રી છે કે માંદા માણસ ઊંઘે તે સારું?"

"તેની મને શી ખબર સાસુજી!" જરાક વિચાર કરીને ગંગાએ જવાબ દીધો, "પણ માંદા માણસોની તબીયત સાચવવાને માટે તેમને આરામ આપવો જોઇયે."

"બેસ, બેસ, ડાહેલી! તું આજકાલની ટીચકી તે આરામ ને વિરામની વાત મને સમજાવવા બેઠી છે! શું થયું છે કે આરામ જોઇયે? રાતના હું સૂવા ગઈ ત્યારે તો બે વાઘ ધરાય તેવા હતા, ને રાતમાં ને રાતમાં મરવા પડ્યા છે. 'ખોટું બોલાય નહિ ને ઘરડું મરે નહિ!' તું તો મારી સોક થઈ પડી છે તે મારું જ ભુંડું ઇચ્છે છે! એ મરે તો મને ભુંસાપો આવે તેમાં તું રાજી! ફટ તારા જીવતરપર, પણ એ મરે એવો દહાડો ક્યાંથી?"

ગંગા તો સડક જ થઇ ગઇ. શેઠાણીના બરાડાથી કમળી પણ જાગી ઊઠી, ને મોહનચંદ્ર પણ જાગી ઉઠયા.

"એ શું છે ગંગા ?"

"કંઇ નહિ, સસરાજી."

"ત્યારે આટલો બધો શોરબકોર શાનો થઇ રહ્યો છે ?"

ગંગા કંઈ પણ બોલી નહિ. તેની બોલવાની હિંમત પણ ચાલી નહિ. ડોસાએ ઉઠવાનો યત્ન કીધો, પણ તેટલામાં ગંગાએ કહ્યું:

"તમે તમારે સૂઇ રહોની, એ તો હું ને સાસુજી વાત કરીએ છીએ.''

"કોણ પેલી કર્કશા આવી છે કે ?"

"કેમ, મરવા સૂતા છો ત્યાં પણ એ જ વાત કે ?" શેઠાણી બોલ્યાં.

"ઓ પ્રભુ, અરે અંબા મારી મા ! તું મારી સંભાળ રાખજે ! આ તો મારો જીવ લેવાને દૈતણસરખી આવી છે. એના મોંમાં કંઇ કાંટા ભાગે છે, કંઇ બોલતાં શરમાય છે ?"

"હું શાની શરમાઉં ? તમને બોલતાં વિચાર નહિ આવ્યો ? તમે કોને કર્કશા કહી ?"

"અરે મને નહિ બોલાવ. ગંગા, ઓ કમળી ! એને અહિયાથી કાઢો, નહિ તો હું વગર મોતે મરી જઇશ."

"બાપાજી, તમે હવે કંઇ નહિ બોલો તો ઠીક થાય. માજીનો સ્વભાવ તો તમે જાણો છો જ–એમને બોલવા દો, બોલીને પસ્તાશે."

"આ રાંડો શું કરવા બેઠી છે ! જે તે મારાપર જ મંડેલું છે, ને મને જ ગાળો ભાંડે છે ! પણ તમારાં સત્યાનાશ જાય, તમો મારી પૂંઠ કેમ ખાઇ પીને મંડયાં છો ? મેં શું બગાડયું કે તમે મને હેરાન કરવાનો ધંધો લઇ બેઠાં છો ? મને મારી બારી નાખવા માંગો છો કે શું ?"

"ખરેખર તું મરે તો ગામનું પાપ જશે !!" ડોસાએ પથારીમાં એકદમ બેઠા થઇને કહ્યું. "કર્કશા ! ડાકણ ! વંત્રી ! સવારના પહોરમાં કાં તારું કાળું મોં બતાવવા આવી છે ? તને કોણે બોલાવી હતી ? રાતના

પાડાની પેઠે ઘોર્યાં કીધું, ત્યારે કંઇ પણ ખબર કાઢવા આવી'તી જે અત્યારે વેહેલી વેહેલી વંત્રીની પેઠે લડવા ઝગડવા આવી છે! નીકળ મારા ઓરડામાંથી, તારું મોં મને નહિ બતાવ! મારા ઘરમાં તારા જેવી કમજાત કૂતરી નહિ જોઇએ. આખા ઘરમાં નઠારી ને કજાતમાં કજાત તું છે. મારું સોના જેવું ઘર તેં કોડીની કીમતનું કરી મૂક્યું છે. ગંગા, કમળી, તુળજા, કોણ અહિયાં છે? અરે તમે ગમે તેમ પણ એને અહિયાંથી કાઢો, નહિ તો એ મારો જીવ લેશે. એને કાઢો, બસ કાઢો!"

ઘણા તૂટક તૂટક શબ્દોમાં ડોસાએ પોતાનો ઊભરો કાઢ્યો, પણ તેટલામાં શ્વાસ ધોકારાબંધ ચાલવા માંડ્યો, ને ઘણો શ્રમ થવાને લીધે પાછા પથારીમાં પડ્યા, ને મોંપર ફીણ આવી ગયાં. તે સાથે પુષ્કળ જબરો તાવ ભરાઈ આવ્યો.

આટલું બધું બોલવું થયું તોપણ લલિતાબાઇના મનમાં જરા પણ અરે કે હાય પેઠી નહિ. તેઓ તો જ્યાંનાં ત્યાં જેવાં ને તેવાં જ ઊભાં રહ્યાં. તેમના મનમાં હવે પૂરી ખાત્રી થઈ કે ડોસાએ માંદા પડવાનો સજ્જડ ઢોંગ ઊભો કીધો છે.

ડોસા પથારીમાં પાછા પડ્યા કે સાસુજી પાસે ઉભેલી ગંગા સસરાજી પાસે આવી. તાવ પુષ્કળ વધી ગયો. જોતજોતામાં એકસો ને પાંચ ડીગ્રી તાવ ચઢી આવ્યો, અને તરત જ ડાકટરને બોલાવવાની જરૂર જણાઇ. ડોસાથી જરા પણ બોલાતું નહોતું; તેમને બે ત્રણ વાર બોલાવ્યા, પણ જરા પણ જવાબ દીધો નહિ, ને તેટલું છતાં પણ લલિતાબાઇ જરા પણ પાસે આવ્યાં નહિ, પણ બડબડવા લાગ્યાં. "શું થયું છે? ધાડે નથી ખાતી. બોલવા બેસે છે ત્યારે તો અટકતા પણ નથી, ને માંદા પડ્યા છે. મને તો માંદગી જેવું કંઇએ જણાતું નથી." આવા આવા શબ્દો, વખતે ધીમે, ને વખતે મોટેથી બોલતી હતી. ગંગાએ જાણ્યું કે જો હવે સસરાજી પાછા ઊઠશે તો તબીયત ઘણી જ બગડી જશે.

"સાસુજી હમણાં તમે બહાર જશો ? સસરાજીની તબીયત ઘણી જ બગડી ગઈ છે. એ પાછા ઊઠશે તો વળી વધુ બગડશે." ગંગા અડોઅડ આવીને ઘણી જ ધીમેથી બોલી.

"નથી જતી; તું કોણ કેહેનારી ?"

"હું સસરાજીના સારા માટે કહું છું."

"ગમે તેમ થાયની, તેમાં મારે શું !"

"પણ તમે જોતાં નથી કે તમે બોલો છો તેથી સસરાજી ચીહડવાઈ ઉઠે છે !"

"એ તો એમને ટેવ પડી છે, તેમાં મારે શું ?"

"તમે વધુ બોલશો તો વધુ બગાડો થશે."

"છો થતો. મારે શું ?"

"ઓ દયાળુ પ્રભુ, હવે ઊઠાવી લે." મોહનચંદ્રે માથું ઉંચકી ને હાથ ઉંચા કરીને બૂમ મારી.

"જુઓ, તમારા બોલવાથી સસરાજી કેવા દુભાય છે ? આપણે થોડું બોલીએ તો ન ચાલે કે ?"

"જા જા, ચાંપલી ! રાંડ ડાકેણ ! મારા ઘરમાં તું નેહેસ પગલાંની જ્યારથી આવી છે ત્યારથી આ ઘરમાં કલેશ પેઠો છે ! તારે થોડું બોલવું હોય તો બોલજે, મારે શું છે કે હું થોડું બોલું ?"

"બા, તું નથી જાણતી કે હવે બાપાજી જીવવાના નથી ?" કમળી બોલી.

"ચૂપ, તું રાંડ વળી બોલી ?"

"શું છે, મને શું કામ એમ તરડાઇને જવાબ દે છે ? તારે લીધે બાપાને કેટલું દુઃખ થાય છે તે તું જોતી નથી ?

"જા રાંડ, તારું કાળું કર ! મને નહિ બોલાવ ! તારું મોં નથી જોવાની !"

"ઓછી પીડા !" પોતાની માનાં આવાં કઠોર વેણથી ખીજવાઇને કમળીએ તુચ્છકારથી જવાબ દીધો.

"અરે! અરે! મારાપર દયા કરો!" તે ઘરડા માણુસે પોતાની સ્ત્રીની તરફ નજર કરીને બૂમ મારી.

"ત્યારે હું જાઉં? તમે સઘળાં કાઢી મૂકવા માગો છો?" કર્કશાબાઇએ કહ્યું.

સાસુજી! તમે એમ ન બોલો, મેં કે સસરાજીએ તમને એમ કહ્યું નથી, પણ તમે હમણાં ખીજવાઇ ગયાં છો, તે જરાક દાતણુપાણી કરીને આવો તો ઠીક." ગંગાએ, રખેને તેમની સાથે લડલડી થાય તેટલા માટે ધીમેથી જવાબ દીધો.

"પણ ત્યારે હું એમની ધણિયાણી ખોટી? તમે બેઠાં બેઠાં ચાકરી કરો, ને હું દૂરની દૂર જોયા કરું?"

"હા, હા!" ડોસાએ પાછો જવાબ વાળ્યો. "જા બાપા, જા, તારાથી પરમેશ્વર પણ તોબા થયો છે. મારે તારી પાસે ચાકરી કરાવવી નથી. તેં મારી ઘણી ચાકરી કીધી છે, હવે શી કરવાની હતી? હમણાં તેં મારી કેવી ચાકરી કીધી છે ને હવે એ જ દુઃખે હું મરીશ, ને ત્યારે તારી પીડાથી છૂટીશ." ખૂબ ચીઢમાં ડોસાએ કહ્યું, "ને હું મરીશ ત્યારે તારા જીવને જંપ વળશે."

"તમે મને કાઢી મૂકો છો?"

"ના."

"ત્યારે હું ક્યાં જાઉં?"

"ઘરમાં બીજી જગ્યા બળી નથી?"

"પણ હું ત્યાં શું કામ જાઉં?"

"મને દુઃખથી મોકળો કરવા."

"મારું તો કોઇને મોંજ નથી ગમતું!"

"કોણ કહે છે કે નથી ગમતું?"

"તમે જ તો."

"જુઠી છે તું! તને કોઇનું મોં નથી ગમતું."

"જ્યારે મને કોઇનું મોં નથી ગમતું, ત્યારે બોલાવો છો શું કામ ?"

"કોણ તને બોલાવા આવ્યું હતું ?"

"લો ત્યારે હું જઇશ ! મારા જવાથી તમે સુખી થશો ?"

"બેશક !"

તરત ગુસ્સામાં ને ગુસ્સામાં શેઠાણી બાહાર નીકળી ગયાં. તેમના જવા પછી ગંગાને તરત નીરાંત વળી; કેમકે આટલી બધી વાતચીત થઇ તેથી ડોસાના મગજપર પુષ્કળ તાવ વધી ગયો હતો, ને એજ તાવ એમના મોતનું કારણ થઇ પડ્યો. ખરું પૂછાવો તો મોહનચંદ્રનું કાળસ્વરૂપ લલિતાબાઇ હતી.

મોહનચંદ્ર થોડીકવાર પડી રહ્યા, તેમને લાવીને કાંજી આપવા માંડી; સહજ સાજ લીધી, પણ ગળે ઉતરી નહિ. તરત જ ડાકટરને તેડવા માણસ મોકલ્યું હતું એટલે તેઓ આવી પહોંચ્યા. તબીયત તપાસ્યા પછી કંઇક ઔષધ આપવાનું કહીને તેઓ ચાલ્યા ગયા. ડાકટર ગંગાને જણાવતા ગયા કે હવે તબીયત હાથમાં નથી.

ડાકટરના ગયા પછી થોડીકવારે ડોસાએ પાછું બોલવા માંડ્યું. હવે તેમને બોલતા અટકાવવા એ નહિ બને તેવું હતું. જો કે હજી પૂરતી શુદ્ધિમાં ડોસા હતા.

"બેહેનો !" ઘણા ધાડા સ્વરે મોહનચંદ્રે કહ્યું. "આ બધી વાતો તમે અહિંયાં જ દાટી દેજો. જે ચાલ, ગંગા તારી સાસુએ, ને કમળી તારી માએ ચલાવી છે, તેથી મારા મુવા પછી તે બે કોડીની થશે. પણ હશે ! મારે શું હવે ? મારે ક્યાં દેખવું છે ? સાંભળ્યાનો સંતાપ ને દીઠાનું ઝેર ! પણ કેશવલાલ ક્યાં છે ?"

તરત જ ઓરડામાં કેશવલાલ જે પોતાના સાહેબની સ્વારીમાં હતો તે પોતાના બાપનો મંદવાડ સાંભળી આવ્યો હતો તે દાખલ થયો. તેની પછાડી તેની પત્ની તુળજાગવરી પણ હતી, ને તેના હાથમાં મદન પણ હતો.

"પિતાજી! શું કહો છો?"

"ઓ ભાઈ તું આવ્યો?"

"હા પિતાજી! મને તમારા મંદવાડનો કાગળ મળ્યો કે તરત જ નીકળી આવ્યો છું."

"ઘણું સારું થયું, બેસ, મારી પાસે બેસ!" એમ કહીને પોતાની જમણી બાજુએ બેસાડયો, ને તેના હાથપર એક ચુંબન કીધું. "તું જાણે છે કે મારો આ મંદવાડ ઘણો ભારે છે. હવે હું ઉઠવાનો નથી. મારી શીખામણ એટલી જ છે કે તારી મા તો મારા ઘરમાં કદી નહિ શોભે તેવી કમજાત માણસ છે, તમારે તેનું કંઈ પણ સાંભળવું નહિ. મારું એક જ વચન તમારે યાદ રાખવું કે આ તારી નાની ભાભી ગંગા, જે આપણા કુટુંબમાં એક સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે, સંપત્તિ દેવી ને સદ્ગુણની મૂર્તિ છે, આપણા કુટુંબનું ભૂષણ છે, તેની આજ્ઞા પ્રમાણે વર્તવું. એના જેવી વહુ જે કુટુંબમાં હોય તેનું પરમ ભાગ્ય હું માનું છું."

"પિતાજી તમે બેફિકર રહો. તેમના સદ્ગુણ માટે સૌ કોઈ માન આપશે. હું તેમની આજ્ઞા બેહેન પ્રમાણે માનીશ."

"એટલામાં તરત જ મોહનચંદ્રનો વહાલો દીકરો ઓરડામાં આવ્યો.

## પ્રકરણ ૧૬ મું

## પિતા અને પુત્ર

મોહનચંદ્ર મોતના બિછાનાપર સૂતા હતા, ને તેમનાં ધણિયાણી, આ ઘણા બારીક ટાંણે પણ પોતાનો કોકટ સ્વભાવ જણાવવામાં પાછાં હટયાં નહોતાં, તેવામાં એકદમ ઓરડામાં કિશોર ધસ્યો. ઓરડાનું અડધું બારણું બંધ હતું તે ધસારા સાથે ઉઘડી ગયું.

લલિતાના કઠોર અને પાજી સ્વભાવથી કંટાળી, બેઠા થયા પછી ડોસાએ એક હાય મારી નીચી આંખે પોતાનું માથું નમાવ્યું હતું; તેવો જ

કિશોર પોતાના પિતાને ગળે બાઝી પડ્યો, જે વેળાએ તે ડોસાના કાનમાં ચિત્તવેધક શબ્દોનો અવાજ થયો કે, "બાપાજી, વહાલા બાપાજી!" તે વેળાએ તરત મોહનચંદ્રથી જવાબ દેવાયો નહિ, પણ તેણે એકદમ એક ખુશીનો અવાજ કહાડ્યો; ને પોતાના પ્રિય પુત્રને જોઇને આનંદથી ઘેલો થયો.

તેની માંદગીમાં આ આનંદે વધારો કીધો, પણ ઘટાડો થયો નહિ. આ હર્ષથી તેને સનેપાત તરત જ લાગુ પડ્યો. જો કે આસપાસ બેઠેલાઓને તરત તો તેની કશી પણ અસર જણાઇ નહિ.

"બાપાજી! તમને શું થયું છે? તમે ઘણા માંદા થયા છો" ઘણા ભયથી કિશોરે પૂછ્યું, કેમકે તેને પોતાના પિતાનો ચહેરો તદ્દન બદલાયલો જણાયો.

"ના, ના! ભાઇ કિશોર! મારા લાડકા! મારા વહાલા દીકરા! તું મારી તરફની કશી પણ ફિકર કરતો નહિ. હું સહજ માંદો છું, પણ ફિકર કરવા જેવો નથી. પણ હું તને મળીશ એવી આશા રાખી નહોતી. તને જોવાથી મને જે આનંદ થયો છે તે કેમ કહી બતાવું? પણ ખરેખર હવે હું સારી રીતે સુખે મરીશ. મને સઘળું મળી ચૂક્યું."

"એમ નહિ બોલો, પિતાજી! બાપાજી, તમે એમ નહિ બોલો. હવે તમારી માંદગી એક ઘડી પણ રહેનારી નથી. હવે તમારી ચિંતા સઘળી દૂર કરો. હું તમારી ખરેખરી સેવા કરવાને વખતે આવ્યો છું. જો તમને કંઇ પણ થયું હોત, તો પ્યારા પિતાજી, હું જીવતે નહિ. તમારી સેવા કરવી મારા નસીબમાં લખેલી છે. હવે આપણે સર્વે સુખી થઇશું."

"બેશક દીકરા તેમ થશે! પણ મારો મંદવાડ જોઇ તું ગભરાતો નહિ." તે વૃદ્ધ માણસે ઘણા નમ્ર અવાજથી જણાવ્યું. "હવે આપણે સુખી થઇશું, પણ મારો મંદવાડ ઘણો કાળજગરો છે."

"પરમેશ્વર આપણ સઘળાનો સહાયક થશે. પિતાજી, જો મારા નસીબમાં સુખ હશે તો તમે પાછા આરોગ્ય થશો જ; ને હું હવે તમને કદી પણ છોડી જઇશ નહિ. મને મુંબાઇમાં સેક્રેટરિયટમાં ઘણી સારી

નોકરી મળી છે, ને આવતા માસથી ત્યાં દર માસે સોનો પગાર મળશે, પણ તમારી ખાતર હવે કયાંય પણ જઇશ નહિ."

"તારું નસીબ ચઢતું થાય!" તે ડોસાએ ગળામાંથી બોલીને પોતાના વહાલા દીકરાનું રૂડું ઇચ્છયું. "હું ધારું છું કે ત્યાં તું વધારે સારી પદવીપર ચઢીશ."

"તે માટે તમે બેફિકર રહો, આપણે સૌ હૈયાત હોઈશું તો સૌ મળશે." આટલું કિશોર બોલ્યો કે ડોસાએ વધારે નબળાઇ બતાવી ને એકદમ પાછો તે પથારીમાં પડ્યો.

"જલદી ઔાષધ લાવો," કિશોરે ગભરાટમાં બૂમ મારી; "એક ઔષધનું ટીપું પિતાજીની આરોગ્યતા સુધારશે."

"કશી જરૂર નથી, દીકરા,' હવે ઔષધ શું લાભ કરશે? મારે માટે તારે કશી પણ દરકાર કરવી નહિ." ડોસાએ ડચકિયાં ખાતાં ખાતાં જવાબ દીધો.

આસપાસ સૌએ ઔષધને માટે દોડાદોડ કરી મૂકી. ટેબલપરથી તરત જ ગંગાએ ડાકટરે આપેલી બે શીશી લાવીને મૂકી ને તેમાંથી ગ્લાસમાં જોઇયે તેટલું ઔષધ નાખ્યું.

"હવે ઔષધ કાંઇ ગુણ કરનાર નથી!" ઔષધ લેવાની ના પાડતાં મોહનચંદ્રે કહ્યું. "પૈસાની ખુવારી છે. ડાકટર મારી સ્થિતિ યથાર્થ રીતે જાણતો નથી, ને પૈસા ખાવાને માટે લંબાવ્યા કરે છે. ભાઇ, હવે આપણા ઘરમાં એક પઇ પણ નથી. આપણી આબરૂ શી રીતે રહેશે? બહાર જેટલો ભપકો છે તેમાંનું આપણી પાસે અડધું પણ નથી. કેટલું દેવું થઈ ગયું છે તેનો તને કંઇ ખ્યાલ છે? આ સઘળાં તો મારે ફૂટેલે નસીબે મને પિંખવા બેઠાં છે, પણ બાપુ! તે બધો તારા માથાપર ભાર છે. ન્યાત જાતમાં આપણી આબરૂ સારી કહેવાય છે, આત્મારામ ભૂખણનું ઘર કહેવાય છે, પણ ઘરમાં કોડી નથી. અરે કેમ આબરૂ સચવાશે? કેમ લોકોમાં માન રહેશે?" એટલું બોલતાં ડોસાની આંખમાંથી પુષ્કળ આંસુ એકદમ પડ્યાં.

"એમ કેમ પિતાજી? મેં ત્રણસો રૂપિયા તો હમણાં મોકલ્યા હતા; તે ક્યાં ગયા?"

"દેવામાં આપી દીધા."

"ત્યારે હવે ઘરમાં કંઇ નથી? લો આ એક હજાર રૂપિયા. પિતાજી, એ હું તમારા ઔષધને માટે લાવ્યો છું, ને તમારા આશીર્વાદથી હું વધુ કમાઇશ."

કિશોરના પ્રેમથી ડોસો ગગળી ગયો; ને તેણે ડચકીયાં ખાધાં. ઘરનાં સઘળાં ત્યાં હતાં તેઓ પણ દંગ થઇ ગયાં.

"પિતાજી તમે લેશ પણ ચિંતા કરો નહિ. પ્રભુ સરખો દાતાર છે, તે આપણી આબરૂનું રક્ષણ કરશે." આમ કહીને તેણે સો રૂપિયા રોકડા ને નવસેની નોટનો ચોડો પથારીપર મૂક્યો, "લો પિતાજી, તમારું દુઃખ વિસારી દો, ને જરા પણ સંતાપ હોય તે કહાડી નાખો. આ બધું તમારું જ છે, એમ જ સમજજો કે તમે મને જન્મ આપ્યો છે તેનો બદલો હું વાળી શકીશ નહિ."

"એ કોના પૈસા છે?" ડોસાએ જરાક અજાયબીથી પૂછ્યું.

"મારા! તમારા! રે આપણા સર્વેના એ પૈસા છે, એમાંથી તમને જોઇતી વસ્તુ મંગાવો. ડાકટર ને વૈદ્ય જે હોય તેને બોલાવો, ને બરાબર ઔષધ કરો."

"એમ નહિ બને." જરાક વિચાર કરીને મોહનચંદ્રે કહ્યું. "ભાઇ કિશોર, તું જ એક મારો સુપુત્ર છે ને તું જ મારી આબરૂનું રક્ષણ કરનાર છે. પણ સાંભળ, આ મારી એક છેલ્લી તને પ્રાર્થના છે, ને તું મને ખાત્રી છે કે તે કબૂલ રાખશે, આપણા પડોસીના વ્યાજ સુદ્ધાં નવસો રૂપિયા દેવા છે, ને એ ઋણમાં હું મરતી વખત રહેવા માંગતો નથી."

"જેવી તમારી ઇચ્છા," જરા પણ વિચાર કીધા વગર પોતાના પિતાની ઇચ્છાને આધીન થઇને કિશોરે પ્રત્યુત્તર વાળ્યો.

"ધન્ય ! ધન્ય !" ઘણા જ પ્રેમથી મોહનચંદ્ર બોલ્યો. "તારું કલ્યાણ થાઓ, ને સુપુત્ર તું આ જગતમાં એક જ છે. તારો પ્રેમ ને પિતૃભક્તિ એ અવર્ણનીય છે. તું એક જ સપૂત છે, ને હું ઇચ્છું છું કે તને યથાર્થ સુખ તે જગદંબા પૂરું પાડે. તારા સુભાગ્ય પ્રમાણે તને ખરે-ખરી ભાર્યા પણ મળી છે, ને આપણા ઘરમાં, આપણી ન્યાતમાં, આપણા શહેરમાં ગંગા જેવી એક પણ વધૂ હશે નહિ. ગંગા તે ગંગા જેવી જ પવિત્ર છે. મર્યાદા ને વધૂ ધર્મ એ એટલા તો સમજે છે કે તેની બરાબર બીજું કોઇ જ નથી. સદ્ગુણમાં તે પૂરી છે, ઘર રાખવામાં તે શ્યાણી છે, ને સૌની પ્રીતિ સંપાદન કરવામાં પૂરી છે. તે જેમ તારો પ્રેમ મારી તરફ બતાવ્યો છે, તેમ જ આ તારી સ્ત્રીએ મારી સેવા કરવામાં કશું પણ બાકી રાખ્યું નથી. એ નહિ હોત તો હું કયારનો સ્વર્ગે પહોંચી ગયો હોત. આ ઘરમાં એના શિવાય બીજું કોઇ નથી કે જે મારી બરદાસ્ત કરે. પ્રિય કિશોર! બેટા કિશોર! તને એક અમૂલ્ય રત્ન મળ્યું છે, તે કુળદીપક વધૂ તરીકે આજે આ ઘરમાં શોભે છે, મારી એવી ઇચ્છા છે કે તારે તારી પત્નીના કહેવા પ્રમાણે વર્તવું. ગંગામાં એટલા બધા સારા ગુણો ભરેલા છે કે કદી પણ તે તને માઠી સલાહ આપશે નહિ. મારી સંપૂર્ણ ખાત્રી છે કે આ મારા કહેવાને તમે સર્વ કોઇ અનુસરશો."

કિશોર, કમળી, વેણીલાલ, વેણીગવરી, તુળજા, કેશવલાલ વગેરે સર્વે ગળગળી ગયાં. કિશોરથી એક શબ્દ પણ તેના ઉત્તરમાં બોલાયો નહિ. ગંગાની આંખમાંથી ઢળક ઢળક આંસુ વહ્યાં.

એક પિતાતુલ્ય સસરાને મોઢેથી અને એક પિતાને મોઢેથી એક પુત્ર અને વધુને પોતાનાં જ વખાણ સાંભળવાનો સમય આવે એ શું થોડું આનંદ આપનારું છે? વળી તે વૃદ્ધવયે પહોંચેલા, પુખ્ત અનુભવ-વાળા પુરુષને મોઢેથી આવાં વચનો સાંભળવાથી કંઇ થોડું સુખ પ્રાપ્ત થાય છે વારુ? તેમ એક પતિએ પોતાની પત્નીની તારીફ પોતાના બંધુઓ

સમક્ષ સાંભળવી એ કંઇ તેના મનથી થોડો લાભ છે ? બાળાઓ, સ્ત્રીઓ, જેઓ વધૂ તરીકે પોતાના પતિના ઘરમાં રહેતી હોય તેમણે આ ગુણવંતી ગંગાના ગુણોનું અનુકરણ કરવું; એ કંઈ થોડી કીર્ત્તિ ઉત્પન્ન કરનાર થઈ પડશે નહિ.

શ્વસુરસદનમાં રહેતી આજની વહુવારૂઓ, પોતાને જે ઘર હમેશાનું જ પ્રિય થઈ પડવું જોઇએ, તે ઘરમાં પોતાના સસરા સાસુ સાથે કેમ વર્તવું તે જરા પણ સમજતી નથી. તેઓ જાણે એમ જ સમજે છે કે આપણે તો માત્ર ધણીને જ રીઝાવવાને માટે સર્જેયલાં છીએ, ને તેથી સાસુ કે સસરા તરફ જરા પણ માન કે વિવેક મર્યાદા બતાવતી નથી. વળી તેમાં આજકાલની બાળકીઓ એટલી બધી છાલકી થઈ જાય છે કે કોઇનો સહેજનો હુંકારો પણ સાંભળવાને માટે ના પાડે છે. તે તો "હું ને મારો હાંસિયો," તેમ પોતાના જ તાનમાં મસ્ત બની જાય છે, ને ટ ટ–પૂ પૂ ભણી એટલે તો કંઇ તેને નવી જ દુનિયા જણાય છે. ઘર કામમાં ઘરની વ્યવસ્થા ને સસરા સાસુ સાથેના સંબંધમાં તો તે પોતે એમ જ સમજે છે કે તેને કાંઇ લેવા દેવા જ નથી. પણ હે બાળાઓ! કુળદીપક વધૂઓ! યાદ રાખો કે જે સહજસાજ તમે ભણ્યાં છો તેનું સાર્થક્ય કરવાની આ રીત જ નથી. ગંગાએ જેમ પોતાના પિયેર કરતાં પોતાનું સાસરું એ પોતાનું સર્વોપરી સુખનું ધામ ગણ્યું છે, ને તે જેમ પોતાના દરેક ધર્મમાં યોગ્ય નીવડી છે, તેમ જ્યાં સુધી સઘળી પુત્રવધૂઓ નીકળશે નહિ ત્યાં સૂધી કદી–રે કદી પણ આપણો ગૃહસ્થાશ્રમ, સુખનું ધામ ને સ્વર્ગનું ભુવન થવાનો નથી.

તરત જ સૌ ઉઠી ગયાં ને પોતપોતાને કામે વળગ્યાં. મોહનચંદ્રની તબીયત તરતને માટે ઘણી સારી જણાઇ, પણ થોડા વખતમાં માલમ પડ્યું કે તેમને સનેપાતની અસર થઇ હતી. શક્તિ છેક જ નંખાઈ ગઇ, ને દિનપ્રતિદિન રોગે ઘણું સખ્ત ઘર કીધું; સૌએ હવે તો આશા મૂકી, અને તેમના મોં આગળ વારાફરતી સૌ બેસતાં હતાં; તો પણ

મોહનચંદ્રના મોં આગળ ગંગા એ જ તેને ખરેખરૂં સુખ આપનારી હતી. સઘળી સેવા કરવામાં તે જ્યારે ને ત્યારે તત્પર હતી. એક પળ પણ પોતાના પિતાતુલ્ય સસરાની પાસથી તે દૂર થતી નહિ. વારંવાર, ઘડીએ ને પળે બિછાનામાંથી મોહનચંદ્રને મુખે, "બેહેન!" "મા!" એ વેણો નીકળ્યા કરતાં હતાં, ને કદી કદી ડોસા એટલા તો વલોપાત કરતા કે તે જોઇ સાધારણ સ્ત્રીને તો કંટાળો પણ છૂટે; પણ ગંગા તો આ સેવામાં સુખ માનતી હતી. હું ધારૂં છું, અને કહેવાનાં ખાસ કારણો છે કે આવી કુળવધૂ એ કુટુંબનું ગૌરવ છે; પણ એવું ગૌરવ સંપાદન કરવા માટે કેટલી સ્ત્રીઓ તત્પર હશે? ઘણી જૂજ. પોતાનાં માતા પિતા અને સાસુ સસરાની સેવા કરવામાં તત્પર એવી થોડી સ્ત્રીઓ હશે. માતા પિતા વચ્ચે, સાસુ સસરા વચ્ચે વધૂ અને પુત્રને આટલો બધો પ્રેમ બંધાય એ બહુ આનંદજનક છે.

ડોસાની તબિયત નઠારી હોવાથી કિશોરે ડાકટરને બોલાવ્યો હતો, ને પૈસા સંબંધી સઘળી વ્યવસ્થા યથાર્થ કીધી હતી. એટલે કશી અડચણ પડતી નહોતી. તે સઘળા પુણ્યપ્રતાપ ગંગાના હતા. પોતાની પાસના સઘળા પૈસા તેણે કિશોરના સ્વાધીનમાં આપ્યા હતા. ડાકટર આવ્યો, ને તેણે બરાબર નાડી તપાસી કેટલીક સૂચનાઓ કિશોરને આપી, ને વિદાય થયો. કિશોરને ડાકટરના કહેવાથી ખુલ્લી સમજ પડી કે હવે ઘણી થોડી આશા છે. પણ તેણે પોતાથી બનતા ચાંપતા ઉપાય કરવામાં કંઇ પણ કસર રાખી નહિ. મોહનચંદ્રની સેવામાં તેણે કેટલીક રાતના અખંડ ઉજાગરા પણ કીધા, માંદગીને લીધે કદી કદી કંટાળો ઉત્પન્ન થાય તેવા શબ્દો સાંભળવા પડતા હતા, પણ જરાએ દુઃખ ઉત્પન્ન થાય તેવો શબ્દ તે બોલ્યો નહોતો.

# પ્રકરણ ૧૭ મું

## ખરી કસોટી

મોહનચંદ્રની શરીર પ્રકૃતિ હવે છેક બગડી ગઇ હતી. તેની માંદગીમાંથી બચવાની જરા જેટલી પણ આશા નહોતી. અગ્નિ સરખો ધીકતો તાવ તેના પ્રાણ લેવાને આવ્યો હતો, ને ખરેખર તે તાવે જ તના પ્રાણ લીધા.

નાગરની ન્યાતમાં આ કુલીન ગૃહસ્થની માંદગીના સમાચાર ફેલાયા, એટલે લોકોનાં ટોળે ટોળાં ખબર લેવાને આવવા લાગ્યાં. ખબર તો નામની જ હતી, પણ નકામી કુથળીઓ થતી હતી. નિંદાનું ધામ તે એ વેળાએ મોહનચંદ્રનું ઘર હતું. નિંદાખોર લલિતાબાઈ હતાં. તે જે કોઇ સગું કે વહાલું આવતું તેને મોંઢે દીકરા વહુનાં વગોણાં કરવાને બેસી જતી. પોતાના પતિની તબીયતની કશી ખરખબર રાખતી નહિ, છતાં કહેતી કે વહુઓ તો મને જંપવા દેતી નથી. લોકો આ એકતરફી નિંદા સાંભળીને વહુવારુઓની નિંદા કરતાં, ને તે નિંદા આખા શહેરમાં ફેલાવો પામી ગઇ હતી.

મોહનચંદ્રની આવી સખ્ત માંદગીમાં વળી ગંગાના પિતાનો કાગળ આવ્યો કે તેની પોતાની શરીરસુખાકારી બગડી ગઇ છે, માટે પુનાથી વડોદરા જનાર છે. આ વેળાએ તેણે ગંગાને, ઘણાં વરસ થયાં મળ્યો નહોતો તેથી મળવાને તેડાવી હતી. એક બાજુએ પિતાની આરોગ્યતાના માઠા સમાચાર, અને બીજી બાજુએ પિતાતુલ્ય સસરાની કપરી માંદગી, હવે ગંગાને શું કરવું તે સુઝયું નહિ. ત્રણ વર્ષ થયાં પોતાના પિતાને મળી નહોતી; ને તેમાં આવા સમાચાર સાંભળ્યા પછી એક ક્ષણ પણ એની વૃત્તિ હાથમાં રહી નહિ. પણ થોડીવાર વિચાર કરવાને માટે ઉભી રહી, એટલામાં કિશોર ત્યાં આવી પહોંચ્યો.

શરદ ઋતુનો વાદળી તાપ અતિ કઠિન હોય છે, ને તેવા તાપમાં ડાકટરને ત્યાં પ્રકૃતિના સમાચાર કહેવાને કિશોર ગયો હતો. તાપ પુષ્કળ તપતો હતો, ને કિશોર નાહ્યો પણ નહોતો ને જમ્યો પણ નહોતો. સવારનો ઉઠ્યો તે વેળા ચાહ તૈયાર હતી, પણ તે લેવી એને ગમી નહિ. ઉઠ્યો ત્યારથી એ દિગ્મૂઢ થઇ ગયો હતો. એની ખાત્રી થઇ હતી કે એના પિતા હવે થોડા સમયના છે તેથી મનમાં ને મનમાં ડસકાં ખાતો હતો. બપોરના તાપને લીધે એનો ગૌર વર્ણનો ચહેરો શ્યામતાથી લેવાઇ ગયો હતો. નિરાશાથી મોંપર કાળી વાદળી છવાઇ રહી. એનાથી બોલાવ્યા બોલાતું નહોતું, ને બીજે દિવસે હરેક કામ ઘણી ઝડપથી કરતો ત્યારે આજે એના શરીરમાં ઉઠવા બેસવાની શક્તિ સરખી હતી નહિ. ગંગા, કિશોરના મોંપર જે ફેરફાર થયો હતો તે સમજી ગઇ હતી, પણ આવા શોકમાં કિશોરને ઉભો રાખી પૂછવાની તેની હિંમત ચાલી નહિ. તે મનમાં મુંઝાયા કરતી હતી, ને તેવામાં તેના પિતાના સમાચાર જાણીને તો એને હૃદયકંપ થયો. એને પોતાનાં કરતાં પતિ પ્રિય હતો, ને પતિ કરતાં પતિપિતા પ્રિય હતા, પતિ કરતાં સ્વપિતા પ્રિય હતો, ને સ્વપિતા કરતાં પ્રાણપતિ વિશેષ પ્રિય હતો એટલે કોઇને પણ ઓછું પડે તે જોવાને એ ઇચ્છતી જ નહિ. પણ હવે એ કરે શું?

જેવો દૂરથી કિશોરને તાપમાં ધસ્યો આવતો જોયો, કે તરત જ પોતાના શયનગૃહમાંથી એક શરબતનો પ્યાલો લાવીને બારણાં નજીક ગંગા ઉભી રહી. કિશોર આવ્યો કે પેલો તૈયાર પ્યાલો તેના મોં આગળ ધર્યો.

"પ્રિય, તાપથી તમારૂં શરીર ધખી ગયું છે, ને મોંપર લૂ વરસે છે. જરા પી લેશો!" ગંગાએ પોતાની હંમેશની વિનયયુક્ત પ્રેમવાણીથી કહ્યું.

"એ શું છે?" કિશોરે પૂછ્યું.

"એ શરબત છે!"

"જરાક થોભ, મારા પિતાની તબીયત જોઇ આવું પછી એ લઇશ."

"તમારું મોઢું શ્યામ થઇ ગયું છે, ને તાપ તમારાથી ખમાતો નથી. જરાક હમણાંજ લેશો તો હરકત નથી. પિતાજી સારી પેઠે છે, વધારે કંઇ નથી."

"પ્રિયા ! હમણાં હવે શરબત પીવા ને પાવાનો વખત છે ? મારા પિતા હવે કદી જીવવાના નથી, હવે એની આશા જ નથી." આટલું બોલતામાં તો એક નાદાન છોકરા પેઠે તે રડવા લાગ્યો, અને તેની આંખમાંથી ઉનાં પાણીનો રેલો વહ્યો. ગંગા પણ ગળગળી થઇ ગઇ, તે પણ સાથે રડવા લાગી. એક પિતાના મરણના સમાચારથી જેટલી દિલગીરી થાય તેનાથી વધુ શોકથી કિશોર ગળગળો થયો હતો; અને તેમાં ગંગાએ વધારો કીધો, પણ થોડીવારમાં ગંગાએ આંખ લૂછી નાખી પૂછ્યું, "ડાકટર શું કહે છે ?"

"તે શું કહેવાનો હતો, આપણે જોઇએ છીએ કેની ? તાવ વધતો જાય છે ને હવે બે દહાડા કહાડવા મુસ્કેલ છે."

એ સાંભળતાં જ ગંગા સ્તબ્ધ થઇ ગઈ ! તેના પિતાના સમાચાર કહેવાની હિંમત જ નહિ ચાલી. પણ પછી લળીલળીને વાત કરતાં, બહુ ખેદથી પોતાના પિતાનો કાગળ કિશોરના હાથમાં મૂકયો. કિશો તે વાંચી ગયો અને ઘણો ગભરાયો, તે જાણતો હતો કે આખા ઘરમાં માત્ર ગંગા જ એકલી છે, ને જો તે ગઇ તો પછી તેનો પિતા એક દિવસ વેહેલો જ મરણ પામશે. હવે શું કરવું તેની એને સુઝ પડી નહિ. દિગ્મૂઢ થંઇ બંને જણ એકેકની સામાં ટગરટગર જોયા કરતાં હતાં.

"ગંગા, તારી જેમ મરજી હોય તેમ કર, હવે મારો ઇલાજ નથી, ને હું તને રોકી શકતો નથી. મારા પિતાના જેવો જ તારો પિતા છે. તું ત્રણ વરસ થયાં મળી નથી, ને જ્યારે તને મળવાને તેડી છે ત્યારે ખરે તે ઘણા આતુર હશે. જેમ તને યોગ્ય લાગે તેમ કરજે, મારા તરફની કશી હરકત નથી. એ તો નક્કી જ છે કે મારો પિતા બે દિવસ જીવવાનો નથી." કિશોરે કહ્યું ને કાગળ પાછો ગંગાને આપ્યો.

"હવે શું કરવું તે તમે જ જણાવો. મારી તો બુદ્ધિ મંદ થઇ ગઇ છે. મારે જવું કે નહિ જવું એ પ્રિય, તમારી મરજીપર છે."

"ખરું છે, પણ તું જાય તે મને પસંદ નથી."

"ને મને પણ જવું પસંદ નથી. પણ એક ઇલાજ છે કે મારા પિતાને પૂછાવી જોવું."

"મેં મારા મન સાથે તે બાબત નક્કી કીધું છે, પણ વચમાં એક મુશ્કેલી નડે છે, ને પ્રિયા, વ્હાલી ગંગા! મને તે કહેતાં શરમ આવે છે, ને તે વૃત્તાંત હવે તને નહિ કહેવાનો નક્કી ઠરાવ કીધો છે!!" ઘણું દયામણું મોડે કિશોરે કહ્યું. પણ એથી તો ગંગાને એટલું બધું લાગ્યું કે તે બોલવાને હિંમત કરી શકી નહિ. એક પળ તે વિચાર કરી ઉભી રહીને કિશોર સામા તાકી તાકીને જોવા લાગી, પણ પછી જરાક ગભરાટથી બોલી:

"શું મુશ્કેલી છે? મને કહેતાં શરમ? વહાલા કિશોર! આ ચરણરજ દાસી તમારી સેવા બજાવવાને તૈયાર છે, તમારા એક વેણ-પર પોતાનો જીવ બાંધેલો રાખે છે, તેને કેહેતાં શરમ અને લજ્જા? મેં શું તમારા પ્રત્યે મારી ઓછી પ્રીતિ જણાવી છે, મેં શું તમારો બોલ ઉથાપ્યો છે કે મારાપર અવિશ્વાસ? મને હવે જલદી કહો, નહિ તો મારાથી એ સહન થશે નહિ, એ મારા પ્રેમમાં હું ખામી ગણીશ. વલ્લભ કિશોર! તમે જાણો છો કે હું દુનિયામાં માત્ર તમોને જ જોઇને જીવું છું, તો મારા પ્રત્યે તમારી ઓછી મમતા હોય એ મારું કાળજું કેટલું કાંપે વારુ?"

"નહિ, નહિ! ગંગા! મને તારા પ્રેમને માટે પૂછવા જેવું છે જ નહિ. મને પૈસાની તંગી છે, ને શું વારંવાર હું તને જ પૈસાને માટે દમતો આવું? તેં અનેકવાર તારા પૈસા ને ઘરેણાં મારે સ્વાધીન કીધાં છે, તેં મારા કહેવા પહેલાં મારા ઘરની આબરૂ માટે તારા પૈસા ખરચ્યા છે, તો હવે મારે તને પૈસા માટે કહેવું એ શરમાવે તેવું નથી?"

"જરા પણ નહિ ! મારો પૈસો છે જ ક્યાં ? મારું ઘરેણું ગાંઠું છે જ ક્યાં ? પ્રિય કિશોર ! હજી સુધી તમે મારો પૈસો ને મારું ઘરેણું છે એમ માનો છો ? મારી છાતી એથી કેટલી રુંધાય છે તેથી તમો અજાણ છો, સ્વામીનાથ ! પૈસા માટે તો તમારે ફિકર છોડી જ દેવી. મારા પિતાને એક લંબાણ તાર મૂકીને તેમની પ્રકૃતિ માટે પૂછાવો. પછી જે યોગ્ય ભાસશે તેમ કરીશું." તરત તે બીજા ઓરડામાં ગઈ ને ત્યાંથી દાબડો અને સઘળી નાની જાપાનીસ પેટીઓ તે હાથમાં લઈને આવી ને કિશોરને સ્વાધીન કરી દીધી.

"બંગા ! એમ નહિ બને, મેં તને ઘણી વિપત્તિમાં નાખી છે, ને તારાં ઘણાં ઘરેણાં મારા અભ્યાસ પછાડી મેં લીધાં છે. આપણો સારો દહાડો આવે તેટલામાં નવી નવી વિપત્તિના મહાસાગરનાં મોજાંએ જોર ભેર મર્યાદા મૂકી દોડી આવે છે, પણ હવે તારાં ઘરેણાં હું નહિ લઈશ. એ અલંકાર તારા છે તે તારી પાસે રહેવા દે. હું કોઈ મિત્ર પાસેથી થોડાક રૂપિયા ઉછીના લાવીને હમણાં તાર મૂકાવી તારા પિતાની ખબર પૂછાવું છું."

"હું કહું છું કે પ્રિય ! મારું હૃદય બળી જાય તેવું અનિષ્ટ વચન ન બોલો ! તમે હજી ભિન્નભાવ રાખો છો ? પરાયા પૈસા એ નિશ્વાસિયા છે, ને એથી કેટલા દિવસ કામ સરશે ? આપણે હમણાં ને હમણાં પૈસાની જરૂર છે, ને તમારા મિત્ર પાસેથી લાવતાં વિલંબ થશે. આપણી આબરૂને ખાતર એકદમ પૈસાની ગોઠવણ કરવી જોઈએ. મારા અલંકારની તમારે લેશ પણ ચિંતા રાખવી નહિ. આપણું અવિચળપણું એ જ મને મોટી વાત છે. તમારી આરોગ્યતા છે, એથી મને તો પુષ્કળ ઘરેણાં ગાંઠાં મળશે ને તેટલું છતાં તે કૃપાળુ કેશવ ગરીબાઇમાં નાખી દેશે તો માત્ર સૌભાગ્ય ચૂડી, કીડિયાંસેર, ને સાદાં વસ્ત્ર સાથે તમારી સાથે આનંદથી ઘોર વનની પર્ણકુટીમાં સીતા પેરે રહીશ. હું તો કિશોરને વરી છું, કંઈ અલંકારને વરી નથી ! મને કિશોર પ્રિય

છે, અલંકાર નથી પ્રાણેશ, શું તમે એમ ધારો છો કે હું બીજી સ્ત્રીઓના જેવી છું, ને વસ્ત્રાલંકારને મોહીને રહી છું? મને માત્ર એક તમારો પ્રેમ, તમારી મીઠી નજર ને તમારું હસતું મુખડું એ જ જોઇયે છે, બીજું કંઈ નહિ!"

"તેં મને બોલતો બંધ કીધો છે ગંગા! પણ તારા અલંકારથી મારો પિતા બચવાનો નથી, ને ફોકટમાં તું ગરીબાઇમાં આવી પડીશ."

"તેની તમારે ફિકર રાખવી નહિ. હું ગરીબ થવાની જ નથી—શ્રીમંત છું ને તેવી સદા રહીશ. મને આવા સસરાજી હવે મળવાના નથી." આટલું બોલતાં ગંગાએ સજળ નેત્રે કિશોર સામું જોયું. કિશોરે પેટીમાંથી એક અગત્યનો દાગીનો લીધો ને તરત ગીરો મૂકીને કામ ચલાવ્યું. પૂને તાર મૂકયો, ને તેમાં સવિસ્તર હકીકત પૂછાવી. ત્યાંથી સંધ્યાકાળના જવાબ ફરી વળ્યો કે લેશ પણ ફિકર કરવા જેવી તબીયત નથી, ને ગંગાના પિતા બે કે ત્રણ દિવસમાં ગંગાને મળવા ...ંત આવશે એમ પણ જણાવ્યું હતું. ગંગાને ધીરજ આવી. કિશોરની ...પાસે જે પૈસા વધ્યા તેમાંથી તેણે થોડાક પૈસા ડાકટરને આપ્યા, તથા થોડાક પરચુરણ માગનારાઓને આપ્યા.

કેટલી સ્ત્રીઓ ગંગાના જેવો અપૂર્વ સદ્‌ગુણ બતાવી શકશે? શું તે સ્વપિતા કરતાં સ્વામિપિતાની કિંમત વધુ ગણશે, કે પોતાના અલંકાર કરતાં પતિની વિપત્તિ વિશેષ ગણશે?

કિશોર બહાર ગયો કે તરત મોહનચંદ્ર જાગી ઉઠ્યો ને "મા! મા!" એમ બૂમ મારી કે તરત ગંગા તેની પાસે દોડી ગઇ. ગંગા પાસે ગઇ કે તરત ડોસાએ પૂછ્યું, "કિશોર કયાં છે?"

"હમણાં જ બહાર ગયા છે; કંઇ કામ છે સસરાજી?"

"ના! પણ ડાકટરે શું કહ્યું?"

ગંગા ચૂપ રહી ને કશું બોલી નહિ.

"તું બોલ કે નહિ બોલ, પણ હવે મારા દહાડા ભરાઇ રહ્યા

છે. પણ મારું મોટું સુખ એ જ છે કે તું મારી પાસેની પાસે છે. બેહેન ! મા ! તું તો એક અલૌકિક મૂર્ત્તિ છે, તું જ સાક્ષાત્ અંબા છે; તું સદ્‌ગુણની મૂર્તિ છે ! મારી પાસે આવ, અને મારે માથે હાથ ફેરવ: ને ઈશ્વર પાસે એટલું જ માગ કે હું પરલોકમાં શાંતિને પામું." આટલું, બોલીને ગંગાનો હાથ પોતાને માથે મૂકયો, ને પોતે અંબા, કૃષ્ણ, રામ વગેરે દેવનાં નામની ધૂન લગાવી.

## પ્રકરણ ૧૮ મું

### મોતનું બિછાનું

મીનારાના ઘડિયાળમાં કડિંગ કડિંગ રાત્રિના નવ વાગ્યા. ગંગા, કિશોર, અને આખું કુટુંબ મોહનચંદ્રની આસપાસ ઘણી શાંતિથી બેઠું હતું. કશો પણ અવાજ આવતો નહોતો. કોઇપણ બોલતું નહિ. કિશોર નીચું માથું નમાવીને પડ્યો હતો. તેની કાંતિ ત્રણ ચાર દિવસમાં ઘણી ક્ષીણ થઇ ગઇ હતી. કેશવલાલ પણ ઘણો ખેદથી વ્યાકુલ થયો હતો. તુળજાગવરી મદનને લઇને બાજુએ સૂતી હતી. વેણીલાલ ને વેણીગવરી જુદા જુદા ખૂણામાં બેઠાં હતાં. કમળા અત્યંત શોકાતુર હતી, ને તે ઘડીએ ને પળે ડચકિયાં ખાયા કરતી હતી. શેઠાણી ડોસાને નીચે ઉતારવા માટે કહ્યા કરતાં હતાં ને રીત પ્રમાણે "હાથે તે સાથે" એમ કહીને પુણ્યદાન કરવાને માટે વચ્ચે વચ્ચે બડબડતાં હતાં. કુળગોર ગૌદાન અપાવવાનું કહેવા આવ્યો હતો. જો કે તેનું કહેવું કોઇ સાંભળતું નહોતું, ને તેની આ દક્ષિણા જવાથી તે આજના નવા વિચારને ધિક્કારતો હતો, ને સૌ છોકરાઓને કપૂત કહેવાને ચૂકતો નહોતો, તથાપિ તેના બોલવાને ટાપસી પૂરીને શેઠાણી ટેકો આપતાં હતાં. કોઇએ કંઇ જ સાંભળ્યું નહિ ત્યારે ગોરે ઉઠીને જવા માંડ્યું, પણ ઉઠતાં ઉઠતાં એટલું તો કહ્યું ખરું કે, "મરણ પામ્યા પછી પ્રાણીને મહા કઠિન વૈત્રવતી નદી તરવી

ડે છે, ને તે વેળાએ ગૌદાન કામ આવે છે. જો ગૌ નહિ હાથ લાગે તો મરનાર પ્રાણી પોતાના પુત્ર પરિવારને શાપો દે છે, ને તેથી નસંતાન થાય છે."

ગોરનો આ લવલવારો કોઇને પસંદ નહોતો. પણ ન્યાત જાતમાં મ્હારું કહેવાશે, લોકો અપકીર્તિ કરશે, એ ભયથી ગંગાએ કમળીની પાસે કિશોરને બોલાવ્યો, ને તેને સમજાવ્યો. પહેલાં તો કિશોરે કંઇપણ સાંભળવાને ના પાડી, પણ ક્ષણભર વિચાર કરીને "ઠીક છે" કહ્યું. પોતાની પાસેના રૂ. ૧૦૦ બહાર કાઢીને જણાવ્યું કે યોગ્ય માર્ગે આ ધર્માદામાં આપીશું. ગોરે તો પોતાનો લાગો જણાવ્યો, તેને પણ કોઇએ પત કીધો નહિ.

મોહનચંદ્રને હાથે સૌ રૂપિયા અડકાડવાને લલિતાએ આગ્રહ ધર્યો કે નકામી તકરાર થઈ પડશે તે હેતુથી તેમ કીધું. થોડી વાર વીતે ડોસાના ગળામાં ઘરેડો ચાલ્યો. સૌ કલ્પાંત કરવા લાગ્યાં. કમળાને આ સઘળા શોકકારક દેખાવથી ઘણું લાગી આવ્યું. તે તો ગાંડા જેવી આસપાસ રડવા લાગી. "મારા બાપા નહિ જીવે" એમ વારંવાર રડતી, બૂમ મારતી, આમથી તેમ દોડતી હતી. ગંગા વેહેતે આંસુએ પણ તેને ધીરજ આપતી હતી. સૌ રડવા લાગ્યાં ને ઘરમાં એક હૃદયભેદક દેખાવ થઇ રહ્યો. શેઠાણી જે આટલીવાર ધાડી છાતીનાં ને કઠિન હૃદયનાં થઇને બેઠાં હતાં તે વાળ પીંખવા લાગ્યાં ને હવે "મારું સૌભાગ્ય ગયું, મારો શણગાર ગયો." એમ બૂમ મારવા લાગ્યાં. બરાબર મધ્યરાત્રિ થઈ. સઘળે અંધકાર વ્યાપી રહ્યો હતો, તેવામાં મોહનચંદ્રે પોતાની ઝુંકતી આંખ ઉઘાડી, ને ઓંમે ઓંમે કરતાં એકવાર ગંગા ને કિશોર સામું જોયું ને તે જ પળે અતિ ઘણા સંતોષથી તેનો આમર આત્મા તે જગન્નિયંતા સમક્ષ પહોંચી ગયો. શ્વાસ બંધ પડ્યો, ને કિશોરે છાતીપર હાથ મુકયો તો સઘળું સૂનકાર જણાયું ને એક ચીસ સાથે બૂમ મારી કે "મારા પિતાજી ગયા!"

ઘરમાં રડારોળ થઇ રહી. શબના ઉપર જઇને કમળી પડી ને

બૂમ મારી કે "બાપુજી, બાપુજી, જરાક તો બોલો! તમારી વહાલી દીકરીને જરાક તો બોલાવો! એ બાપુજી, નહિ બોલવાના! હાય!" આમ બૂમ મારતી તે બિછાનાને વળગી પડી. સૌએ મળીને તેને દૂર ખસેડી, ગંગાની આંખમાંથી શ્રાવણ ને ભાદરવો વેહેવા લાગ્યો ને "દાદાજી દાદાજી ક્યાં ગયા! હેં બા! દાદાજી કેમ નથી બોલતા?" એમ જ્યાં મદને આક્રંદ કીધો કે પછી તો કોઇથી મૂગું રહેવાયું નહિ. શેઠાણીએ ઘર ગજાવી મૂક્યું.' જો કે જીવતાં તો મોહનચંદ્ર પ્રત્યેની તેની વર્તણુક બહુ ધિક્કારવા યોગ્ય હતી, પણ 'જીવતે ન જોયા તે મૂવા પંઠે રોયા' તેમ મહા ભયાનક શોક કરી મૂક્યો. તેણે માથામાં ધૂળ ઘાલી વા' તોડી નાખ્યા, અને એક નાદાન માફક ભોંયપર તરફડિયાં મારવા માંડ્યાં "હવે રામનાં રાજ ગયાં ને કુશનાં રાજ થયાં" એમ તે વિલાપ કરતી હતી. ઘરમાં ઘણો ગડબડાટ થઇ રહ્યો કે આસપાસના પડોસીઓ તથા ન્યાતિલાઓ આવી પહોંચ્યા. ઘરમાં પુષ્કળ સગાં ભરાઇ ગયાં, વેણીલાલ તો ગાંડા માફક "બાપુ, બાપુ" કરીને કોચની આસપાસ ફરતો હતો. કિશોરની અવસ્થા સૌથી માઠી હતી. તેનું હ્રદય મુંઝાઇ જતું હતું, ને તેને પોતાના વસ્ત્રનું પણ ભાન નહોતું.

ન્યાતિલા આવી પહોંચ્યા કે સ્મશાનસ્વારીની ગોઠવણ કરવાને ઉતાવળ કરવામાં આવી. કોચમાં જ મોહનચંદ્રનું મૃત્યુ થયું તેથી કેટલાક વાતો કરતા હતા. શેઠાણી જો કે રડતાં હતાં, તોપણ છેલ્લી ઘડીએ, એકદમ ઉઠીને, લોટ, ગોળ ને ઘીને મેળવીને અંતકાળનો લાડવો તૈયાર કરી લાવ્યાં, ને મોહનચંદ્રના કાન આગળ લઈ જઇને કહ્યું કે "તમે તમારું શોધી લેજો. આ વરસમાં જે ધર્મદાન થાય તે તમારે અંગે છે." આમ કહીને ઘીનો દીવો કીધો તથા અંતકાળિયા કાળમુખા બ્રાહ્મણને પેલો લાડવો, તેપર એક રૂપિયો મૂકીને આપ્યો.

મોહનચંદ્રને માળપરથી નીચે લઇ ગયા. ત્યાં લઇ જઇને શબને સ્નાન કરાવ્યું, તથા સફેદ પવિત્ર વસ્ત્રો પેહેરાવ્યાં. જે જોકે કેટલાક

ન્યાતિલાઓને ગમ્યાં નહિ, તોપણ કિશોરે તેમ કરવામાં અડચણ જોઈ નહિ. પછી રિવાજ પ્રમાણે છાણમાટીથી ભૂમિને પવિત્ર કરી શબને તે પર સુવાડ્યું. રામરામની ધૂન ચલાવી, જો કે આ પવિત્ર આત્માને તે સાથે લેશ પણ સંબંધ હતો નહિ. ન્યાતિલાઓએ વાંસ દોરડી લઈ આવીને કરકટી બાંધી, તેનાપર મોહનચંદ્રને સુવાડી ગુપ્તેશ્વરના પવિત્ર તીર્થે અગ્નિસંસ્કાર કરવાને લઇ ગયા. ઘરમાંથી કરકટીને કાઢી લઈ જતાં ઘરમાં જે કોલાહલ ને રડારોળ થઈ રહી તે એટલી બધી તો તીક્ષ્ણ હતી કે તે સાંભળી રહેવું દોહેલું હતું. સઘળા પુત્રો તથા બીજા સગાઓ સ્મશાને ગયા, ને ન્યાતની સ્ત્રીઓએ ઘરની સ્ત્રીઓની આસપાસ ફરી વળી એકેકને ધીરજ આપવા માંડી. શેઠાણી ને કમળી છાતીફાટ રડતાં હતાં; બીજાં બધાં રડતાં રહ્યાં પણ શેઠાણી ને કમળી શાંત થયાં નહિ. ગંગા ઘણી સમજુ હતી, તથાપિ તેની આંખો સુણીને લાલ હિંગળોક જેવી થઈ હતી. મોહનચંદ્ર નગરમાં સંભાવિત હતો તેથી પુષ્કળ લોક ભેગું થયું હતું, -અને તેના મરણને કારણે સર્વ શોકમાં પડ્યું હતું. જો કે વયે વૃદ્ધ હતો, ને પાછળ પરિવાર સારો હતો તોપણ તેના મરણનો ઘા સૌને બહુ લાગ્યો.

ગ સ્મશાનમાં શબને અગ્નિસંસ્કાર મોટા પુત્ર કેશવલાલે કીધો, ને બ્રટસ્ફોટ કરી તાપીમાં સૌ નાહી સ્વચ્છ થઈને મોહનચંદ્રને ઘેર થઈને પોતપોતાને ઘેર ગયા. પ્રાતઃકાળ થયો હતો, ને સૌ પોતપોતાને ધંધે લાગી ગયા હતા, પણ જે ઘરમાં આ મહાશોકકારક બનાવ બન્યો હતો તે ઘર તો ખાવા ધાતું હતું. પશુ પક્ષીઓ આનંદમાં કલ્લોલ કરતાં હતાં, આડોસી પાડોસીઓ પોતપોતાને ધંધે વળગી પડ્યાં હતાં ત્યારે મોહનચંદ્રનું ઘર એક શોકનું સ્થાન બન્યું હતું. ઘણા માણસો તેના પુત્રોને દિલાસો આપવા આવતા હતા. ઘણી સ્ત્રીઓ "સૌ ઠેકાણે એમ બને છે" એમ કહેતી હતી; પણ જે ઘરમાંથી એક રત્ન ઉપડી ગયું હતું તે ઘર તો અંધકારથી વ્યાપેલું હતું. પ્રાતઃકાળના સૂર્યનો પ્રકાશ સઘળે ઝળકી રહ્યો હતો, તથાપિ અહીં તો જ્યાં ત્યાં ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો,

કિશોર એક ખૂણે બેસીને પોતાના હવે પછીના ભવિષ્યને માટે વિચાર કરતો હતો. તેનું શરીર હમણાં તદ્દન નાકૌવતીમાં હતું. તેની ગૌરવર્ણ સુંદરી હમણાં રડી રડીને કૃશ થઇ ગઇ હતી. તેના મોંપરનું નૂર ઉડી ગયું હતું. તે હવે પોતાના પતિની ફિકરમાં પેઠી હતી. તે એમ ધારતી હતી કે જો આ શોક કાયમ રહેશે તો કિશોર બહુ નાકૌવત થઇ જશે. તે એકવડી કાઠીનો ને નાજુક હતો. ઘરમાં બીજા ભાઇઓ હતા, પણ કિશોરને જ ઘરની પીડા હતી; અને જો કે તે પીડા દૂર થાય તેમ હતું તથાપિ એ મનમાં ઘણો મુંઝાયા કરતો હતો.

ધીમે ધીમે ઘરમાંથી શોક ઓછો થયો. નિયમ જ છે કે ગમે તેવું કાળજગરું મરણ પામે છે, પણ જેવી લાગણી તેનું મરણ થવાનું સાંભળતી વેળાએ થાય છે તેવી લાગણી મરણ થયા પછી થતી નથી; અને મરણ થયા પછી જેવી લાગણી થાય છે તેવી લાગણી તે પછીના દિવસોમાં રહેતી નથી. દુઃખ આવી પડ્યા પછી માણસ રીઢું થાય છે તેની લાગણી નમ્ર થાય છે. ધીમે ધીમે મરણનું દુઃખ વિસરી જવામાં આવે છે, ને જે સ્નેહની સાંકળ બંધાયલી હોય છે તે ધીમે ધીમે તૂટી જાય છે. ગમે તેવું હોય છે તથાપિ સૌ અંતે વિસારે પડે છે ને

"दिनो गणंतां मास, वरशे आंतरियां;
सूरत भूली साहबा, नामे वीसरियां."

તેમ જતે દહાડે સૌ વિસરી જવાય છે. એમ હાલ થોડાક દિવસ પછી મોહનચંદ્રને ત્યાં પણ બન્યું.

---

## પ્રકરણ ૧૯ સું

### અવ્યવસ્થા

મોહનચંદ્રની મરણ ક્રિયા વીતી કે એક દિવસ સવારમાં ટપાલના સિપાઇએ લાવીને એક પત્ર કિશોરના હાથમાં આપ્યો. તેમાં એના ઉપરીએ તરત મુંબઇ આવવાને જણાવ્યાથી ઘણી ચટપટી થઇ.

ગંગાએ ઘણીક રીતે તેના ઉદ્વેગને શાંત પડ્યો, પરંતુ મનમાં જે સજ્જડ ફિકર પેઠી તેથી તે એકદમ શાંત થયો નહિ. ઘરની સઘળી સંભાળ તેને માથે આવી પડી હતી. આ બોજો જિંદગીની શરુઆતમાં તેને ઘણો ભારે થઇ પડ્યો. વડીલ બંધુ કેશવલાલનો પગાર ઘણો કમતી હતો, ને તેની સ્ત્રી તુળજાનો તેનાપર ઘણો સક્કો બાઝતો હતો તેથી ઘરમાં તે પૈ પણ અપવાને અખાડા કરતો હતો. કવચિત્ તે પાંચ પચીસ રૂપીયા મોકલતો હતો. એથી સઘળી પીડા કિશોરને હતી, ને તેને દુઃખે ચાર દિવસમાં એ બહુ દુબળો થઇ ગયો.

જે દિવસે પોતાના સિનોરનો પત્ર મુંબઇ આવવાનો આવ્યો તે જ દિવસે ગંગાના પિતાજી તેને મળવાને સૂરત આવ્યા. ગંગા પોતાના પૂજ્ય પિતાનાં દર્શન લેવાને ઘણી આકરી ને અધીરી થઇ ગઇ તેથી જેવા માણસે આવીને તેમના આવ્યાના સમાચાર કહ્યા તેવી જ તે દોડી. કેશા સાસુજીને તો તે ઘણું વસમું લાગ્યું, ને બડબડાટ ચલાવ્યો. તેણે કહ્યું કે "દોડી બાપને ભોંય નાખવા! જોની રંડાને કંઇ શરમ છે કે સાસરાના ઘરમાં કેમ વર્તવું! અમારાએ બાપ હતા પણ અમે તો એવાં ગાંડાં નહોતાં કાઢતાં." આવા આવા ઘણા અપશબ્દો કહ્યાથી ગંગાને લાગ્યું તો ઘણું પણ આ સમય બોલવાનો નથી, એમ ધારી મુંગી મુંગી ચાલી ગઇ. કિશોર પણ આગળ ધસ્યો, ને પોતાના વડીલને ઘરમાં લાવીને બેસાડ્યા.

"કેમ શરીરે તો આરોગ્ય છોની?" બિહારીલાલે પૂછ્યું.

"આપની કૃપાથી કુશળ છું. કંઇ પત્ર વગર એકદમ પધાર્યા? આપને ત્યાં તો સર્વ કુશળ છેની?"

"તમને તથા ગંગાને ઘણો વખત થયા મળ્યો નહોતો તેથી એકદમ ચાલ્યો આવ્યો છું. પાછા પૂને જવાનો વિચાર છે, કેમકે સોલાપુરના સબ જડજની જગ્યા ખાલી પડે છે તેપર સારો ચાન્સ છે, ને જો જગ્યાપર હોઇએ તો હક સંબંધી ધ્યાનમાં રહે."

આ વગેરે ઘણીક પ્રેમભરી વાતો થયા પછી બંને છૂટા પડ્યા. ગંગા પોતાના પિતાને પૂર્ણ પ્રેમથી મળી. બિહારીલાલે ગંગાને જણાવ્યું કે "કિશોરની તબીયત ઠીક રહેતી નથી, માટે પૂરતી સંભાળ રાખજે ને એને જરાપણ પૈસા સંબંધી પીડા ભોગવવા દેતી નહિ." એમ કહીને, રૂ. ૧૦૦૦ ની બૅંકનોટ આપી. બીજે દિવસે બિહારીલાલ તથા કિશોર મુંબઇ ગયા. ઘરમાં સઘળું અવ્યસ્થિત હતું. ઘર ખટલાની દુગ્ધામાં પડ્યાથી તેનું કામ ઓફીસમાં ઘણું ચઢી ગયું હતું. આ કામની ઉકેલ કરતાં એ શરીરે ઘણો નંખાઇ ગયો, પણ કશી દરકાર રાખી નહિ દર માસે પોતાના પગારમાંથી બચાવીને થોડા ઘણા પૈસા ઘર ખરચને માટે એ મોકલવાને ચૂકતો નહોતો. જો કે ગંગાએ ઘણી વેળાએ લખી જણાવ્યું હતું કે તમારે ઘરની જરા પણ ચિંતા રાખવી નહિ, તથાપિ એનાથી તો કરકસર કર્યા વગર રહેવાતું નહિ.

ઘર તો છેક જ બગડી ગયું. ગંગાની વૃત્તિ, ગમે તેવી સાસુ તરફ હતી, તો પણ પોતાના પ્રિય પાસે જવાને ઘણી આતુર હતી તે આતુર હોય તેમાં આશ્ચર્ય નથી. લલિતાબાઇને માથે જે ધાક હતે તે જતો રહ્યો તેથી તે વહુઆરૂઓને ઘણી પજવવા લાગી, તેમને હરકે ને ટરકે મહેણાં મારે, ગાળો ભાંડે, ને વાત કરતાં જે વસ્તુ હાથમાં આવી તે ફેંકે. વિધવાપણામાં જે શાંતિ રાખવી જોઇએ તેમાંનું એનામાં લેશ પણ નહોતી. એ તો પેલી કહેવત પેઠે "રાંડી કુંડી ને માથું મુંડી; હાથે પગે અળવી થઇ, પણ ધણીની ઓશિયાળ ગઈ!" તેમ દુઃખ પડ્યું, પણ સ્વતંત્ર, મસ્તાના ગોધા જેવી તે બની. તુળજા સામી તડાતડ ઉત્તર દેતી હતી, ને કમળી તથા વેણીગવરી મુંગે મોઢે સાંખી રહેતી હતી, પણ સૌ ઘણાં કંટાળી ગયાં હતાં. કિશોર ગંગા પાસેથી ઘરનો વૃત્તાંત જાણવાને હમેશાં લખતો, પણ "સૌ ઠીક છે, સમા પ્રમાણે" એ સિવાય બીજી કોઇપણ હકીકત તે લખી જણાવતી નહિં. પણ એક વખત ઘણીજ રીતે કંટાળવાથી આ પ્રમાણે પત્ર કિશોરપર લખ્યો:—

"નેત્રમણિ પ્રાણપ્રિય—આપના કુશળપત્ર સદા મળે છે, પણ સાંભળ્યા પ્રમાણે પ્રિયની આરોગ્યતા કુશળ નથી. તમારે ઘરની ચિંતા કાઢી નાખવી. ઘરમાં અરાજકતા—અવ્યવસ્થા છે. સાસુજીનો ત્રાસ હવે વેઠાતો નથી. પણ પ્રાણવલ્લભ, તેથી એમ મા ધારશો કે આ દાસી તમારી માતાનું પાદસેવન કરવે આળસ રાખે છે. આપે હમણાં રૂ ૩૦૦ ઘરના ખરચ માટે મોકલ્યા છે. હજી તો ગયાને માત્ર ૩૦ દિવસ થયા નથી તેટલામાં એ રકમ કયાંથી આવી તે મને સમજાતું નથી. દુઃખે તમે દુબળા થયા છો, તો શું આવી ફિકર હવે તમારે રાખવી જોઇએ? હે પ્રિય વલ્લભ! તમે મને જણાવશો કે હાલમાં આટલી બધી ફિકર કેમ પેઠી છે ને મેં શું તકસીર કીધી છે કે તમારા ...માં ભાગ લેવાને મને તેડાવતા નથી? તમારે કારણે મારું ઝરઝવેર ...ા તન મન સૌ આપવાને તત્પર છું. તમારા દુઃખના કંઇ પણ સમાચાર જાણું છું એટલે પ્રિય, મને અન્ન ઝેર સમાન લાગે છે, નિદ્રા આવતી નથી ને સર્વસ્વ ત્યાગ કરું છું. કૃપાનાથ! મને તમારા દુઃખનું કારણ જણાવશો. ઘરની સઘળી ફિકર તજી દેશો. મારા શિરપર તમે જે જોખમ મૂકયું છે તે મને સંભાળવા દેશો. હું ઘરની વ્યવસ્થા કરીશ. મારા પિતાજી અત્રે આવ્યા હતા ત્યારે મારા હાથમાં રૂ ૧૦૦૦ ની નોટ મૂકી ગયા છે—જે પૈસા મેં તમારા ચરણ નજીક મૂકયા છે. હું તેમાંથી સર્વ રીતે ખટલો ચલાવીશ. એ પૈસા તમારા જ જાણજો; ને હવે કદી પણ પૈસા મોકલવા શ્રમ ઉઠાવતા નહિ, તમે આવ્યા ત્યારે પગારમાંથી સતલડો લેવા કહ્યું હતું, પણ હવે તે લેતા નહિ, મને તેની કશી જરૂર નથી. આપ છો તો સર્વ છે; નિરંતર પ્રેમ ને પત્ર જારી રાખશો.

સુરત તા૦ ૧૦ મી ડીસેમ્બર ૧૮૭૭ — તમારી વાહાલી ગંગા."

આ પત્ર વાંચતાં કિશોરનું કુમળું કાળજું ઘણું ભરાઈ આવ્યું. તેટલામાં મોતીલાલ આવી પહોંચ્યો. તેને પોતાના મિત્રની વિપત્તિ માટે

બહુ લાગ્યું. બંને જણ રહ્યા. મોતીલાલે ખુલ્લું કહ્યું કે હવે આવી રીતનો જુલમ નહિ સંખાય, પણ હશે, નિરુપાય છીએ. કોઈ પણ રસ્તો લાવી ઘરમાં આનંદ વ્યાપે તેમ કરવું જોઇયે, એમ ઠરાવ કીધો.

ન છૂટકે ગંગાની સલાહ કિશોરે માન્ય રાખી. ઘરની સઘળી ખટપટમાંથી તે મોકળો થવાને તૈયાર થયો, પણ લલિતાએ કોઇને સુખે રોટલો ખાવા ન દીધો. "શું હું લોંડીના રોટલા ખાઇશ!" એવા ગુમાનમાં તેણે ગંગાનાં કરેલાં સઘળાં કામોને વગોવવા માંડ્યાં. કિશોર એક રવિવાર સુરત આવ્યો પણ જે કાચ ફૂટ્યો તે પાછો સંધાયો નહિ. મોહનચંદ્રનાં ઘરની અવ્યવસ્થા તે પાછી સુવ્યવસ્થા થવા પામી નહિ. કોઇપણ દિન એવો ઉગતો નહિ કે સુખે જંપીને રોટલો ખાધો હોય, સાસુ ને વહુને લડાઈ, ને દીકરીને લડાઇ, દેરાણી જેઠાણીને પણ લડાઇ, ને પછાડીથી ભાઈ ભાઇઓમાં પણ ઝગડો જાગ્યો. કેશવલાલે ઘણા વખત સુધી પોતાની મા... ઝોંસા ખાધા, ને તુળજાને ઘણી પજવવામાં આવી, પણ હવે તે ત... કંટાળી ગયો. ઘણા કઠોર શબ્દો તેણે પોતાની માતાને કહ્યા, ને જો તેમાં તેનો દોષ થોડો હતો પણ એથી ઘરમાં કંકાસ વધ્યો. તુળજા ઘણ... વઢતી, ને ગંગા વારતી, પણ હવે તે વારી રહી નહિ. કોઇ વખત તે શેઠાણી સાથે જોઇયે તેવું શબ્દયુદ્ધ થતું ને ઘરમાં રાંધ્યું ધાન ખાઇ વિના રહેતું હતું. કોઇ વખત શેઠાણી ભૂખ્યાં કડાકા ખેંચતાં તો કો... વખત તુળજા ને તે સાથે બીજાં બધાં કડાકા ખેંચતાં.

જે ઘરમાં રોજની વઢવાડ જાગે ત્યાં કદી પણ શાંતિ હોય નહિ વેણીગવરીપર લલિતાબાઈ પછાડીથી ઘણું હેત બતાવતાં. ને વેણિયાન મા બહુ લાડલડાવવા લાગી; તેથી તે પોતાની માનો કહ્યાગરો થયો. કદી મદી ગંગા પૈસાના સંબંધમાં વાત બોલતી તો એ ત્રણે ટોળે મળીને લડતાં. ગંગા ઘણી રડતી. તેનાથી એક પણ શબ્દ બોલાતો નહિ, પણ ઉલટી સૌ પાસે જઇને હાથે પગે પડતી. તે મનમાં ઘણી મુંઝાતી હતી; ને સૌ એક સંપ થઇને ઘરમાં આનંદ કરે તેવું કરવાને ઘણી

મહેનત કીધી, પણ વ્યર્થ. કોઇ સમજ્યું નહિ. કિશોરને એ વિશે ખબર કરવી એને ગમી નહિ, કેમકે તે એકતો પીડામાં હતો ને એ હકીકત જણાવવાથી તે વધારે દુઃખી થશે એમ એને લાગ્યું.

તુળજાને ઘણીક રીતે પજવવાથી કેશવલાલે પોતાના પિતાનું ઘર હંમેશને માટે તજ્યું ને જે ઘર હંમેશાં સુખ શાંતિમાં રહેવું જોઇયે તે ઘરમાં પૂરતી ફાટ પડી. હવે ગંગાની સાથે સાસુજીયે જોખરીયા લેવા માંડ્યા, તેથી તે ઘણી કંટાળી ત્રાસ પામી. ઘરની પીડાથી તે બહુ માંદી પડી, પણ કોઇએ જરા પણ બરદાસ્ત લીધી નહિ, બિચારી શ્રીમંત તેજુગુણી પિતાની એકની એક લાડકવાઇ દીકરી બે દિવસ સુધી પોતાના શયનગૃહમાં એકલી પડી રહી, પરંતુ ઘરનાં કોઇયે આવીને ખારું પાણી સરખું પૂછ્યું નહિ!!

# પ્રકરણ ૨૦ મું

## ગર્ભવતી ગંગા

રાત પછી દહાડો ને દહાડા પછી રાત જવા લાગી. ઘરમાંથી સ્વસ્થતા ગઇ, ને ઘણી ઘણી વિડંબના પડી. તેવામાં મુંબઇમાં કિશોરની તબીયત બગડી આવી ને ગંગા જવાને તત્પર થઇ. આ વેળાએ પણ સાસુ લડ્યા વિના રહી નહિ. તુળજા ને કેશવલાલ તો ઘરની સઘળી ફિકર તજીને બેઠાં હતાં. માની શીખામણથી વેણીલાલ પોતાના પિતાનાં વચનો વિસરી ગયો ને તે પણ પોતાની વડી ભાભીને હેરાન કરતો હતો. ઘરની પીડામાંથી ગંગા મોકળી થઇ તે માટે આનંદ પામી. તે મુંબઈ ગઇ, ને સૂરતમાં કમળા વગેરે સર્વે રહ્યાં, એટલે લલિતાબાઇએ પોતાની દીકરીપર ખાર કાઢવા માંડ્યો! 'લડો નહિ તો લડનારો આપો' તેમ તેને તો કંઈ નહિ તો કંઇ પણ નિમિત્ત જોઇતું હતું. પોતાની પ્રિય નણંદને એકલી મૂકીને ગંગાને જવું ગમ્યું તો નહિ, પણ તે નિરુપાય હતી. મુંબઇ આવ્યા

પછી મોતીલાલ રોજ ગંગાને મળવાને આવતો હતો, ને કમળાની શી ઇચ્છા છે તે જાણવાને ઘણો આતુર હતો. તે રોજ કમળીને પત્ર લખતો-ને તેમાં તેણે જોઈ લીધું હતું કે કમળીની સંપૂર્ણ ઇચ્છા નથી:-જો તેના બાઇની મરજી હોય તો કંઇ કરે-નહિ તો દુઃખે પાપે ગમે તેમ પણ પોતાની જિંદગી ગુજારશે. કિશોર પોતે એ લગ્ન માટે રાજી તો હતો તથાપિ લોકલાજથી વધુ ડરતો હતો; ને તેથી કંઇ પણ નિર્ણયપર તે આવ્યો નહોતો.

મુંબઈમાં સઘળા ખટલાથી દૂર હોવાને લીધે ગંગા સુખમાં રહી. ત્રણેક માહના રહીને તે સુરત આવી, તો ત્યાં 'ઘર દહાડો તેનો તે જ' હતો. પણ હમણાં એને ઘણા થોડા દિવસ સાસરામાં રહેવું હતું, તેથી સઘળું કામ સંભાળીને લીધું. થોડા દિવસમાં તેનું સીમંત હતું, તે પતું કે પોતાને પિયર ગઈ. કિશોરે પણ તેમ કરવાની સલાહ આપી હતી. ગંગાનો પિતા ઘણો લાયક તથા બ્રિટીશ સરકારમાં પંકાતો સત્તાવાળો હતો. ન્યાત જાતમાં તેમ બીજી બાબતમાં તેની પ્રતિષ્ઠા ઘણી સારી હતી. જાતિ શ્રમથી ને ખરે માર્ગે પૈસા પેદા કીધા હતા, તેટલું છતાં તેને કશો ગર્વ નહોતો. એક દીકરી ને દીકરો હતો, પરંતુ ગંગા તેને ઘણી વહાલી ને લાડકી હતી.

પોતાના પિતાને ઘેર આવ્યા પછી પણ કામગરી ગંગાથી નચિંતાઇએ બેસાયું નહિ. માબાપનો અથાગ પ્રેમ છતાં તે દરેક ધંધામાં આગળ પડતી હતી. તે ગર્ભવતી છે તેથી એનાં માતા પિતાને બહુ આનંદ આપ્યો. તેનામાં જરા જેટલી પણ સુસ્તી નહોતી, તેથી તેની ઉત્તમ કેળવણી ને મર્યાદાશીળ રીતભાતથી પિતા માતા ઘણાં આનંદ પામતાં હતાં. જેમ સાસરામાં કામ કરવે ચપળ હતી તેમ જ અત્રે પણ હતી. પિતા ઘેર પધારે તે પહેલાં તેમને માટેના સત્કારની સઘળી ગોઠવણ કરી મૂકતી હતી. એનો પિતા કવચિત્ કવચિત્ કહેતો કે, "બેહેન ! તું અહીં કામ કરવાને નથી આવી; જરા આરામ લે. આટલા બધા માણસો છે

...ાં તને કોણ કામ કરવા કહે છે?" પણ એનું કામગરું હાડ કઠિન ... નહિ તે તો પોતાના ભાઇ તથા પિતા વગેરેને માટે સઘળું તૈયાર ...ખતી. પોતાના ભાઇનાં છોકરાંઓ માટે કોલર, ઝભલાં વગેરે ભાત-...તનાં વસ્ત્રો તૈયાર કરતી તેથી સર્વને તેની તરફ ઘણો પ્રેમ છૂટતો હતો.

પોતાના ભાઇના દીકરાઓ બાળક હતા, ને તેઓ ઘણું તોફાન કરીને ...ો પોતાની ફોઇને સતાપતા, પણ તેથી એ કંટાળતી નહિ. ગંગાની મા કદી ...જવાઇ જતી, પણ ગંગા તેને પણ શાંત પાડતી, ખાવા પીવાને માટે નાનાં ...ળકો ગંગાની માની આસપાસ વીંટળાઇ વળતાં, ને તેથી ડોસી ઘણી ...ખડતી. પણ ગંગા કહેતી કે બાળકો તો એવાં જ હોય છે—ત્યારે તે ...તી ને બાળકોને ખાવાનું આપતી ને રમવા નસાડી મૂકતી હતી. સર્વ રીતે ...ારીલાલનું ઘર એક આનંદજનક રમકડા જેવા કુટુંબથી શોભતું ... એ ઘરમાં શોક, ભય, કે અમર્યાદા જેવું કશુંએ હતું નહિ. ગંગાની ... પોતાની દીકરી સમાન વહુને માન આપતી હતી ને તે કદી પણ ...તેને ઉંચે સ્વરે બોલાવતી નહિ. વહુ પણ જાતે મર્યાદાવાળી ને હસમુખી હતી ને તેથી ઘરમાં ટંટાનું નામ પણ જણાતું નહતું. કાં તો ગંગા સુલક્ષણી હતી તેથી કે કાંતો વહુ મર્યાદાવાળી હતી તેથી, ગમે તે કારણ હોય, પણ નણંદ ભોજાઇ વચ્ચે પણ ઘણો પ્યાર હતો. ગંગા ઘરમાં આવવાથી તેના ભાઇની વહુ ઘણો આનંદ પામી ને વારે ઘડીએ તે બંને આનંદમાં બેસી ગપાટા મારતાં હતાં. આનંદમાં વાતો સાથે કરતી, જમતી સાથે, ફરતી સાથે, વાંચતી સાથે, ગાતી સાથે ને ઘણી વેળાએ સૂતી પણ સાથે હતી. જેટલો વખત ગંગા પોતાના પિયરમાં રહી તેમાં એક દિવસ બંને ક્ષણવાર પણ જુદાં પડ્યાં નહિ એમ કહીએ તો ચાલી શકે.

પોતાના પૂજ્ય સસરાના મરણ પછી ગંગાના દિલમાં ફિકર ચિંતા પેઠી હતી, ને તેથી તેની કાંતિ શ્યામળી પડી ગઇ હતી તે હવે જતી રહી. પિયરમાં સર્વ પાંતીનું સુખ હતું, ને વળી પ્રેમની લહરો ચોમેર ઉડતી હતી તેથી ને તે સાથે ગર્ભવતી હતી તેથી તેની કાંતિ વધારે દીપી નીકળી.

તેના મુખનો રંગ ચંદ્ર પેરે પ્રકાશવા લાગ્યો. તેના પિતાએ જોઇતા ભાતભાતના અલંકાર ને વસ્ત્રો કરાવ્યાં, ને તે જ્યારે બહાર નીકળતી ત્યારે તેની મૂર્ત્તિ અનુપમ દેખાતી હતી. તેને વસ્ત્ર અલંકાર કરાવ્યાં તેથી તેની ભોજાઇ જરાપણ દુણાઇ નહિ, પણ ઉલટી તે સર્વમાં સહાયકા થતી હતી. આ ઘરમાં ગંગાને દુઃખ તો જરાપણ હતું નહિ, તોપણ કદીમદી એ ઉતરેલે મોઢે વાડીમાં એકાંત બેસતી ને નિઃશ્વાસ મૂકતી હતી. તેનું કારણ કિશોરનાં દર્શન ઘણાં દુર્લભ થઇ પડ્યાં તે હતું. પોતાના પતિ સિવાય બીજું તેને આવી વેળાએ કોણ અતિપ્રિય હોય વારુ ? ઘર તરફથી કોઈ સમયે કિશોર પત્ર પણ લખતો તો ત્યાંથી 'એ ભગવાનનાં એના એ જ' એવા સમાચાર ફરી વળતા હતા.

દશ માસ પૂર્ણ થતાં ગંગાએ એક ઘણી નાજુક પુત્રીને જન્મ આપ્યો. ઘણા હિંદુ કુટુંબમાં પુત્રીનો જન્મ શોકસ્થાન જેવો ગણાય છે. પા. ગંગાનાં માતા પિતા જરાપણ ખિન્ન થયાં નહિ, પણ મોટો આનંદ વર્તાવ્યો.

ગંગા પોતાને પિયર રહી હતી, તેવામાં આણી તરફ ઘણા બનાવો બની ગયા. મોતીલાલ ને કમળી વચ્ચે ઘણી મજબૂત નિર્મળ પ્રીતિ બાઝી. મોતીએ તેનું કોમળ હૃદય ફેરવ્યું, ને બંનેએ ફરી લગ્ન કરવું એવો નિશ્ચય કીધો. ન્યાતિલાનો ડર બંનેને હતો, ને તેથી શાસ્ત્ર શું કહે છે તેની શોધમાં મોતીલાલ પડ્યો. પણ ત્યાંથી કંઇ પણ કાંદો કાઢી આવ્યો નહિ. કમળીના ઉપરાચાપરી પત્રો આવતા હતા, ને તે વખત ખોવાને માટે ના પાડતી હતી. પણ અહિંયાં થોડીક હિંમત કમ હતી, ને તેનાં કારણો મજબૂત હતાં. જ્યાંસુધી કિશોર ખરા મનથી હા પાડે નહિ, ત્યાંસુધી કંઇપણ પગલું ભરવાને મોતીલાલ કબૂલ જ નહોતો. આ બાબતની ખબર મોતીનાં માતા પિતાને પડી, ને તેઓ ઘણાં ગભરાયાં. ન્યાતની એક ઓથાર જેવી, પણ પૈસાદારની દીકરી સાથે તેના લગ્નનું સાટું ઠોકી દેવાને તેઓ તૈયાર હતાં. પણ વખત છે ને આજકાલના છોકરાઓ માને નહિ તે ભયે મોતીલાલનો

ચાર જાણવાને લગ્ન કરવાને ખૂબ ટાંકયો. પણ એણે નાની હા પાડી
હિ. આ પંચાતીને લીધે તે સૂરત આવ્યો. કમળીને મળીને ઘેર જતાં
સ્તામાં તે પોલીસને હાથ પકડાયો. સૂરતમાં એ અરસામાં લાઇસન્સ
કસને લીધે હુલ્લડ થયું હતું. આ હુલ્લડમાં પોલીસની પકડાપકડી ઘણુા
રમાં ચાલી ને નગરના ઘણુા સારા સારા સંભાવિત ગૃહસ્થોના મનમાં
સ્કો પડયો હતો. તે ભયનો ભોગ મોતીલાલ થઇ પડયો. આ ખબર
મળીને પડતાં તેણે કિશોરને ઘણુા નમ્ર શબ્દોમાં વિનતિ કીધી કે
ના રક્ષણુ માટે પૂરતા ઉપાય લેવા. આ પત્રમાં જે પ્રેમભર્યાં શબ્દો
તેણે દર્શાવ્યા હતા તે ગુપ્ત રીતે એવું સૂચવતા હતા કે આ તેનો હવે
પછી થનારો પતિ છે. તેના સુખ વગર મને સુખ નથી. કિશોર સૂરત
આવ્યો ને બારીસ્ટર સાથે તેડતો આવ્યો. બ્રિટીશ ન્યાયની અવ્યવસ્થાનું
એ કેસમાં પૂરતું ચિત્ર જોવામાં આવ્યું હતું. સમય એવો હતો કે મોતી-
લાલને શિક્ષા થાત, પણ કોલેજીયનોએ તેની તરફથી ઘણી સારી મહે-
નત કીધાથી ઘણે ખરચે તેનો છૂટકો થયો.

## પ્રકરણ ૨૧ મું

### નંદનભુવન !

ઘર તરફથી કેટલીક સ્વસ્થતા થયા પછી કિશોર નોકરી કરતો હતો તે સાથે પોતાનો વિદ્યાભ્યાસ પણ કર્યો જતો હતો. ગંગાએ પુત્રીને જન્મ આપ્યા પછી તેના પિતાના પત્રથી કિશોર સાસરે ગયો, ને ઘણીક રીતે તેમને આનંદ આપ્યો. આ વેળાએ સસરા જમાઇએ વાતમાં, ન્યાતમાં બાળવિધવાઓ ઘણી છે તેનાં લગ્નો થાય તો કેમ એ પર પોતાનો સંવાદ ચલાવ્યો. બિહારીલાલે ઘણાક પ્રકારે સિદ્ધ કરી આપ્યું કે આર્ય ધર્મનું જે બંધન છે તે જોતાં સ્ત્રીનાં લગ્ન ફરીથી થાય જ નહિ, પણ જો સ્ત્રી રજસ્વલા થઇ નહિ હોય ને પતિ ગત થયો હોય, વૈધવ્ય

પાળવે તે બાઇ અશક્ત હોય, તો એક દયા ખાતર જ તેનાં લગ્ન થ તો ઠીક, જો કે રૂડાં તો નહિ જ. આ વાદવિવાદમાં બિહારીલાલે પો તરફથી એટલી બધી તો અચ્છી દલીલો આણી કે કિશોરની ગમે તેટ નિપુણતા છતાં તેનાથી કેટલીક બાબતના ઉત્તર દેવાયા નહિ, એટલું નહિ પરંતુ પુનર્લગ્નની તરફ જે એનું વલણ દૃઢતાથી વળેલું હતું તેમ ઉલટો એ પાછો હઠ્યો. એ નિરાશ થયો ને કમળીનાં લગ્ન માટે કરવું તે માટે મોટા વિચારમાં પડી ગયો.

એક અઠવાડિયું રહીને કિશોર પાછો મુંબઇ આવ્યો. એલ. એલ બી. ની પરીક્ષાને માટે એણે ખૂબ તનમનથી અભ્યાસ કીધો. સારા યોગે એ પરીક્ષામાં પસાર થયો ને સનદ મેળવી. હવે તેને હાઇ કોર્ટમાં કામ કરવાની સત્તા મળી. આ બીના ગંગાના જાણવામાં આવી તેથ તેને એટલો બધો આનંદ થયો કે પોતાની લાડકી દીકરીપરનો સ પ્રકારનો પ્રેમ ઉતારી પોતાના પિયુનું જ સ્મરણ કરવા લાગી. દહાડે ચઢતો હોવાથી હાઇકોર્ટમાં કામ કરવા માંડ્યા પછી બે ત્રણ મહિનામ એક વકીલ તરીકે એ સારો પંકાયો. પહેલે જ સપાટે રૂ. ૨૦૦ થી રૂ. ૩૦૦ દર મહીને મેળવવા લાગ્યો, અને આ પોતાની આવક સ્થાયી થશે એવી આશા ઉત્પન્ન થવાથી ગિરગામમાં એક સારો બંગલો ભાડે રાખ્યો. ટેબલ, ખુરશી, કોચ, છત્રીપલંગાદિ કેટલોક અગત્યનો સર્વે સામાન તેણે વસાવ્યો. ગંગાને પાંચ માસ થઇ ગયા હતા તેથી એનાં માતા પિતાએ સારા આડંબરથી વિદાય કીધી. વાણિયાઓની રીત પ્રમાણે ગંગાની દીકરીને સારા વસ્ત્રાલંકાર તથા પારણા સાથનું ઘોડીયું વગેરે વિદાય કરતી વેળાએ બિહારીલાલે આપ્યાં.

આજે પ્રાતઃકાળના સાત વાગે ગંગાએ પોતાના પ્રિયના નવા ઘરમાં પ્રવેશ કીધો. જેવી તેની ગાડી આવી પહોંચી કે તરત કેશવલાલ, જે આ વેળાએ મુંબઇમાં પોતાની નોકરીપર આવ્યો હતો તે સામો લેવાને ધસ્યો ને કિશોર પણ તેટલા જ પ્રેમથી સામો ગયો. ઉતરતાં

ગંગાએ જ્યેષ્ઠને ઘણા મોહક સ્મિત હાસ્યથી બોલાવ્યા, ને તેણે ગંગાની દીકરીને-જે એવી તો દેખાવડી હતી કે કોઇનું પણ તેને લેવાને મન દોડે તેને એકદમ હાથમાં લઇને ચુંબનથી ગભરાવી નાંખી. આ નાનું બાળક એક રમકડું હતું; ને તેની કાંતિ બેશક તેના શત્રુઓને પણ પ્રીતિ ઉત્પન્ન કરે તેવી હતી. નવા ઘરમાં પ્રવેશ કરતાં ગંગાને ઘણો આનંદ ઉપજ્યો. આખા ઘરમાં ફરીને સઘળી જગ્યા જોઇને ઘણો આનંદ પામી. પોતાને મનપસંદ સઘળી વ્યવસ્થા થઇ શકશે એમ લાગવાથી તે રાજી થઇ. જે જે સ્થળે કોચ ખુરશી ટેબલ સ્ટાન્ડ ગોઠવવામાં આવ્યા હતા, તે ગંગાને નહિ પસંદ પડવાથી કેટલીક ખોડખાપણ કાઢી ત્યારે હસતાં હસતાં કિશોરે કહ્યું કે "બેશક, હવે પછી સઘળી ઘરની વ્યવસ્થા યથાયોગ્ય થશે. જ્યાં તમો પધાર્યાં ત્યાં બાકી શું રહેશે ?"

કિશોરે ઘરમાં પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ચાકરનફરો રાખ્યા હતા. સઘળે ફરીને ગંગા ઘરના બીજા ભાગમાં ગઈ, ત્યાં નવા ચાકરોએ પોતાની લાયકીવાળી શેઠાણીને સારી રીતે નમન કીધું, જો કે તેથી ગંગાને કંઈ ગર્વ ચઢયો નહિ. રસોડું, સ્નાન કરવાની જગા, સૂવાનો ઓરડો તથા દીવાનખાનું વગેરે જોઇને તેને એમ ભાસ્યું કે આ સઘળી પોતાના વિચારને અનુકૂલ જગા છે. હિંદુ ઘરસંસારમાં ઘરની વ્યવસ્થા કરવાનું ઘણું કરીને પુરુષને માથે હોય છે. તે જેમ ઇચ્છે તેમ વ્યવસ્થા કરે, પણ સ્ત્રીઓ તો ઘરને કેમ શણુગારવું તે બાબત જરા પણ સમજે જ શેની ? ઘરમાં ગમે તેવી અવ્યવસ્થા ચાલે તોએ સઘળું ઠીકાઠીક. પણ ગંગા તો પોતાની જ મરજીને અનુકૂળ સઘળું કરતી, ને તે એવી તો સરસ રીતે કરતી કે ગમે તેવા પ્રેક્ષક પણ તેમાં બનતાં સૂધી ખોડખાંપણ કાઢી શકે નહિ.

સઘળે ફરી રહ્યા પછી નાની બાળકીએ તથા ગંગાએ સ્નાન કીધું, ને ભોજન કર્યા પછી કેશવલાલ ને કિશોર પોતપોતાને ધંધે ગયા. કિશોરનો વિચાર પોતાની માતુશ્રી વગેરે સઘળા કુટુંબને મુંબઈ તેડાવી

લેવાનો હતો, ને તેટલા માટે પોતાને જોઇએ તે પ્રમાણે મોટું ઘર લીધું હતું. આ બાબત સૂરત કાગળ લખ્યો કે લલિતા શેઠાણી ગુસ્સે થયાં; "શું હું તે રંડાના હાથ નીચે જઇને રહીશ ?" એમ ગુમાન આણીને ના પાડી. કમળીની મરજી ઘણીએ જવાની હતી, પણ તેનું બાપડીનું ચાલે શું ? વેણીલાલને માથે હોકો ટોકો રહ્યો નહિ તેથી તે સ્વચ્છંદી બન્યો હતો; ને પોતાની મા જેમ શીખવે તેમ જ વર્તતો હતો. કમળીએ ઘણીક વેળાએ પોતાની પ્રિય ભાભીને પોતાને મુંબઇ તેડાવી લેવાને પત્ર લખ્યો, પણ અફસોસ ! તે બિચારીના દુઃખનો અંત આવ્યો નહિ. જો તેમ એ કરત તો ઘરમાં મોટું રમખાણ થાત ને જે કજિયો અઘ પડ્યો હતો તે પાછો સજીવન થતાં સહુને દુઃખ ઉત્પન્ન થાત.

ગંગાને પોતાના નવા ઘરમાં દાખલ થવાને એક મહિનો વીતી ગયો છે. કિશોરલાલનું નવું ઘર આજે નંદનભુવન જેવું થયું છે. ઘરમાં સર્વ સ્થળે આનંદ વ્યાપી રહ્યો છે. દરેક સ્થળની ખૂબીઓ બદલાઇ ગઈ છે. ચાકરનફરો પોતાની શેઠાણીની આજ્ઞા પ્રમાણે ઘરની વ્યવસ્થા રાખે છે. કિશોર પોતે પણ પોતાના ધંધામાં સારી રીતે કમાય છે ને દંપતી સર્વ પ્રકારે સુખી છે. મોહનચંદ્રના ઘરમાં વડીલો ને તેમાં બીજાં બધાં કરતાં પેલાં કર્કશા સાસુજીનો ઘણો ભય હોવાથી ગંગાથી પોતાના આખા ઘરની જોઇયે તેવી વ્યવસ્થા થઈ નહિ, પણ અહિંયા તો એવા પ્રકારે ગોઠવણ કરવામાં આવી હતી કે કોઇ અંગ્રેજ સ્ત્રીપુરુષને પણ તે વ્યવસ્થા જોઇને ઇર્ષા આવે. ગંગા સર્વ સાફસૂફ ને ચોખ્ખું રાખવાને ઇચ્છતી હતી ને ઇશ્વરકૃપાએ તે માટેનાં સઘળાં સાધનો તેને મળ્યાં હતાં. પેહેલે તેણે પોતાના મનની સઘળી ધારણા મનમાં જ સમાવી હતી, પણ હવે સઘળી ઇચ્છા બર આણવાનો સારો સમય આવ્યો હતો.

સામાન્ય રીતે એક હિંદુનું ઘર એ તો જાણે, મ્લેચ્છખાનું જ કહો ! કોઇ પણ ઠેકાણે જરા જેટલી વ્યવસ્થા નહિ. ટેબલ હોય તો ખુરસીનું ઠેકાણું નહિ, ખુરસી ટેબલ બંને સારાં મળ્યાં તો દરેકપર દોઢ દોઢ મણ ધૂળ નહિ

રહે તો ભાગ્ય! ચાકરો બેકલાં, ને શેઠશેઠાણી કોઇના પણ હુકમને ગણે નહિ કરે, પણ પોતે જ ઘરના માલીક થઇ બેસે. શેઠને જો વાંચવા લખવાનો શોખ હોય તો શેઠાણી કાળા અક્ષરને કૂટી મારનારાં હોય, ને શેઠાણી હોંસીલાં હોય તો શેઠને કંઇ શોખ જ નહિ હોય—તેઓ જડભરત જેવા થઇને બેસે. બે ચાર પુસ્તકો ટેબલપર પડ્યાં હોય તો તેપર ધૂળના ઢગલા વળેલા હોય. આરસા હોય તો તેપર સત્તર પંદર ધાડુથી હોય, આંખને ઠંડક આપવાને ચિત્રો ટાંગ્યાં હોય તો તે એવાં બેડોળ રીતે ગોઠવ્યાં હોય, કે જોવાં ગમે નહિ. એમ એકનું ઠેકાણું હોય તો બીજાનાં ફાંફાં, એવી હિંદુ ઘરની હાલત હોય છે. પણ ગંગાના નવા ઘરની હાલત તદ્દન ઓર જ છે. ઘરમાં પાંચ મોટા ઓરડા ને ત્રણ નાની ઓરડીઓ છે. ત્રણ નાની ઓરડીમાં નહાવા, રાંધવા તથા ઘરનો સામાન મૂકવામાં આવતો હતો. શયનગૃહ ઘણું સારું શણગારેલું હતું, પણ તે કરતાં દીવાનખાનામાં વળી ઘણી સારી વ્યવસ્થા હતી. એક ઓરડામાં લાયબ્રેરી જેવું રાખ્યું હતું, ને તેમાં પોષાકાદિની વ્યવસ્થા થતી હતી. જમવા બેસવાને માટે ઘણો સારો ઓરડો હતો. ગંગાએ જેમ સૂરતમાં સસરાના વાડામાં બગીચો બનાવ્યો હતો, તેમ અત્રે પણ પોતાના શોખને અનુકૂળ યોજના કીધી હતી. નાનો સરખો બગીચો બે ઘડી મોજ આપે તેવો હતો. સંધ્યાકાળે પોતાની નાની બાળકીને લઇને તે જ્યારે ફરતી ત્યારે તેના આનંદનો પાર નહોતો. તેવામાં કિશોર આવતો કે તે વેહેલી વેહેલી દરવાજાપર સામી જતી હતી, ને પ્રેમથી તેનો હાથ પકડતી; થોડીવાર બગીચામાં ફરી બંને ઘરમાં જતાં હતાં. એક ઘણો સુંદર તોરો તે હંમેશાં પોતાના પ્રિયને માટે તૈયાર રાખતી તેની તે ભેટ આપતી, તે જોઈ આ વખતે કિશોર પોતાના આગલા દુઃખના દિવસ યાદ કરતો ને બન્ને સજલનેત્ર થતાં હતાં.

ઘરમાં પેસતાં જ કોઇને પણ આ નવા હિંદુ ઘરની નાજુકાઇ જણાતી હતી. બગીચામાં જો આપણે પ્રવેશ કરીશું તો એક ક્ષણભર

ત્યાંની રચનાથી દંગ થઇશું; દીવાનખાનામાંની યોગ્ય ગોઠવણથી આ
પામીશું; ને ઘેરની સ્વચ્છતાથી મોહિત થઇશું. કોઇ પણ સ્થળે તર
પોકળ પતરાજી ને મિથ્યાદોષનું દર્શન થશે નહિ. ખોટો દુમાક ક
હતો જ નહિ. માત્ર એક નાનકડા ઘરની શોભામાં તેની કરકસર
ઘણો વધારો થયો હતો. પોશાક માટેની ઇલાયદી જગ્યા હતી. આ
ઘરમાંથી તેમને જે જોઇયે તે તરત મળે તેવી ગોઠવણ હતી. શોધવા
દોડાદોડ કરવાની જરૂર જ નહિ. તેમ પુસ્તકો પણ બરાબર ગોઠવે
હતાં. ટેબલપર ખડિયો ને ખડિયાની એક બાજુએ કલમ ને બીજ
બાજુએ પેનસીલ ને ચાકુ રાખેલાં હતાં. લખવાના કાગળપત્રો, બ્લોટીં
તથા કાગળો ઉડી નહિ જાય તેનું વજન પણ તે નજીક જ હતું. જ્યાર
જોઇયે ત્યારે સર્વ વસ્તુ ક્ષણમાં પ્રાપ્ત થતી હતી, પણ જેમ સાધારણ
રીતે હિંદુ ઘરમાં બને તેમ ખોળાખોળ ને દોડાદોડ કરવી પડતી
નહિ, કે જાણે તે વસ્તુ ઘરમાં જ નથી એમ લાગતું નહિ. સાધા-
રણ રીતે જો કોઇ હિંદુના ઘરમાં કંઇ બોરીઆં શોધવાં હોય તો
ટેબલના બે ખાનામાં ખોળાખોળ થશે, એકાદ બે કબાટ ઉઘાડવા
પડશે, પાનદાનીમાં પણ જોશે ને છેલ્લે કોઇ જૂની પુરાણી પેટીમાં પણ
ખોળશે; સાથે આખા ઘરમાં ઉથલપાથલ થશે, તોપણ જોઇતી વસ્તુ
હાથ આવશે નહિ. જો કંઇ પુસ્તક જોઇશે તો કબાટ, ચોપડી મૂકવાનો
સ્ટેન્ડ, રદ્દી કાગળ નાખવાની ટોપલી ને છેલ્લે સર્વાળે કપડાંનું કબાટ
પણ ઉથલપાથલ કરશે! જો કદી ડાકટર આવ્યો ને પ્રીસ્ક્રિપશન લખ-
વાને કાગળ માગ્યો તો ચોબાજુએ બૂમાબૂમ ને દોડાદોડ ને ગભરાટ
થશે. કાગળ આવ્યો તો કલમનાં ઠેકાણાં નહિ ને કલમ મળી તો ખડિ-
યામાં શાહી સૂકાઇ ગયેલી, ને તેમાં પાણી નાખવાને માટે ત્રીજે માળેથી
વખતે ભોંયતળિયે આવવું પડે, ને તેટલા માટે ઘરના સઘળા માણસો
દોડધામમાં પડી જશે. પણ આપણી ગંગાના ઘરમાં તમને આવું કંઇ
જણાશે નહિ. ઘરની શોભા એથી ઘણીક રીતે જાય છે, અને તેથી જ

ગંગાને તેનો સઘળા પ્રકારે તિરસ્કાર હતો. ઘણા ઘરોમાં આવી રીતની અવ્યવસ્થાથી પુરુષો કંટાળે છે, પણ તેનો સુધારો થતો નથી. જો કે તેવો સુધારો કરવાને સઘળા ઇચ્છે છે ખરા ! પરંતુ વ્યવસ્થાનો ખ્યાલ પણ સંસારમાં નથી ને તેથી ત્યાં હમેશાં અવ્યવસ્થા જ રહે છે. ગંગાને પોતાને જે કેળવણી બચપણથી મળી હતી તે હિંદુ સંસારથી ઉલટી હતી. નાનપણથી ચોખવટ, સ્વચ્છતા, વ્યવસ્થા એ તેને ઘણી પ્રિય હતી.

આનંદમાં દોઢ વરસ વહી ગયું, તે જણાયું નહિ. ગંગાની પ્રિય દીકરી હમણાં બે વરસની થઇ હતી, ને તેણે કાલું કાલું બોલીને ઘરના ચાકરનફર સર્વનો પ્રેમ ખેંચી લીધો હતો. કિશોર ને ગંગા તો તેને જરાપણ વીલી મૂકતાં નહિ, ને તેની બરદાસ્તમાં એક દાસીને મૂકી હતી. ઘરમાં તારી (તે બાળકીનું એ નામ પડયું હતું) દોડા દોડ કરી મૂકતી ને પોતે ગમ્મત મેળવી ઘરનાં સઘળાંને ગમ્મત આપતી હતી. ગંગા સવાર સાંઝ તેને દરિયે ફરવા મોકલતી હતી, ને ઘેર આવ્યા પછી એટલી બધી તો તે ચંચળતા બતાવતી હતી કે બંને દંપતી તેનો કેડો મૂકતાં નહોતાં. રમકડાં સાથે તે રમત કરતી ને પછી જ્યારે તે ગંગા પાસે આવતી ને વિનોદી કાલું કાલું બોલીને તેનું મનોરંજન કરતી ત્યારે ચુંબનથી તારીને ગભરાવી મૂકતી હતી, ને તેવામાં તે રડતી તો તેના સૌન્દર્યનાં વખાણ કરી કંઇક ખાવાનું આપીને રંજન કરતી હતી. આ નાની બાળકી જાણે પોતાની માતાની તાદૃશ્ય છબી હોયની તેવી રૂપ ગુણથી ભરેલી હતી, તેનાથી ઘરમાં આનંદનો સાગર જ ઉભરાઇ જતો હતો. કિશોર બહારથી આવતો કે એકદમ દોડીને બાપુજીની ખબર પૂછતી, તેના હાથપર જતી ને પછી મીઠું મીઠું બોલીને હર્ષ ઉપજાવતી હતી.

રાત્રિના ત્રણે જણાં સાથે જમતાં ત્યારે જે આનંદ આ ઘરમાં વ્યાપી રહેતો તે કોઇની પણ ઇર્ષા ખેંચવાને બસ હતો. સામસામા પાટલા માંડીને જમતાં ને જેમ બીજા હિંદુના ઘરમાં સ્ત્રીનું પદ ઉતરતું ગણાય છે, તેમાંનું અત્રે કંઇ પણ જણાતું હતું નહિ. જમી રહ્યા પછી

પોતાના હાથની બનાવેલી પાનબીડી ગંગા કિશોરને આપી પછી દીવ નખાનામાં બેસતી. ત્યાં કોમળ સ્વરે એકાદ ઘણું સુંદર ઇશ્વરભજન કે પ્રીતિનું પદ ગંગા ગાતી ને તેથી ઘરમાં આનંદની લહેર ઉઠી રહેત હતી. બરાબર દશ વાગે શયનગૃહમાં શય્યાપર જતાં ને ત્યાં પૂર્ણપ્રેમથે વિલાસ ભોગવતાં હતાં. પરોઢિયામાં સૌથી પહેલી ગંગા ઉઠતી ને પોતાનુ કામ તે બરાબર બજાવતી હતી; જે કામ ચાકરો માટેનાં હતાં તે કામે તેમને સોંપી દેતી ને ચાકરો પણ ઘણી હોંસે શેઠાણીની આજ્ઞાને આધીન રહેતા હતા, કોઇ પણ ચાકર કદી બેદરકાર કે અસંતોષી થતો નહિ. કોઇ એક બીજા વચ્ચે વૈરભાવનું નામ નહોતું, ઘરનાં સર્વ માણસો શેઠ શેઠાણીપર પ્રીતિમય થઇ રેહેતાં. શેઠાણીને મન બધાં સરખાં હતાં. પહેલે ઘણા લાંબા કાળ સૂધી ગંગાને અભ્યાસ કરવાનો વખત મળ્યો નહોતો પણ હમણાં સર્વ પ્રકાનો અવકાશ હોવાથી પાછી તે વિદ્યાભ્યાસપર મંડી ને અંગ્રેજીનો સારો અભ્યાસ કીધો. વિદ્યાભ્યાસમાં કોઇ પણ પ્રકારની કશી પણ કચાસ રાખી નહિ, કવચિત્ બીજી સુજ્ઞ સ્ત્રીઓની મંડળીમાં તે સામેલ થતી ને તેઓ એની લાવણ્યમય સુંદરતા ને વિવેકપર વારી જતી હતી, પાડોસની દક્ષિણી સ્ત્રીઓ સાથે તેનો પરિચય થવાથી તેમનામાંની કેટલીકોને પોતાના જ્ઞાનનો લાભ આપી ઘણીક રીતે તેમને વિદ્યાભ્યાસ કરાવ્યો; ને તે જોઇને કિશોર બહુ રાજી થયો.

ઘરની જરા જેટલી પણ ચિંતા કિશોરને નહોતી ને તેના ઘરની આવી યોગ્ય વ્યવસ્થા જોઇને તેના સર્વ મિત્રો જ્યારે પ્રશંસા કરતા હતા, ત્યારે તે પોતાને સર્વ પ્રકારે સુખી માનતો હતો. તેની આવક કેટલેક દરજ્જે વધતી ગઇ, ને તેથી પોતાના પિતાનું સઘળું દેવું વાળી દીધું. અભ્યાસ પછાડી ગંગાનાં ઘરેણાં ગીરો મૂકયાં કે વેચી નાખ્યાં હતાં તે પાછાં વસાવ્યાં, ને પોતાની પેદાશમાંથી પોતાની માતાને નિયમિત સારી રકમ મોકલ્યો જતો હતો.

સર્વ પ્રકારે ત્યાં આનંદ વ્યાપી રહ્યો હતો. દુઃખનું નામ નહોતું–

કિશોરને આ ઘર સ્વર્ગસદન લાગતું હતું. ગંગાને આથી વિશેષ સુખની અભિલાષા નહોતી અને ખરે જ એમના સુખમાં કંઇ પણ ઉણું હતું નહિ. સ્વર્ગ જેને કહેવામાં આવે છે તે શું કંઇ બીજું હશે વારુ? એ જ સ્વર્ગ હતું. જ્યાં દુઃખ નહોય ત્યાં જ સ્વર્ગ છે! જે સદનમાં સદા હર્ષમાં કલ્લોલ કરનાર સુજ્ઞજનો વસે છે ત્યાં સ્વર્ગ શિવાય બીજું છે શું? સ્વર્ગમાં એથી શું વધારે છે?

## પ્રકરણ ૨૨ મું

## સુખનાં તો સ્વપ્નાં જ

કિશોરલાલ સ્વર્ગનું સુખ ભોગવતો હતો પણ સુખ પછી દુઃખને આવતાં વિલંબ લાગતો નથી. ઈશ્વરની પણ એવી ઇચ્છા જોવામાં આવે છે કે મનુષ્ય પ્રાણીને સર્વકાળ એક જ સ્થિતિમાં રાખવું નહિ.

ગંગા ને કિશોરની જોડી અનુપમ હતી ને એ લાવણ્યવતી તરુણીએ પોતાનો સંસાર એવો તો ઉત્તમ પ્રતિનો રાખ્યો કે ઘણી જલદીથી વાણિયાની ન્યાતમાં તે એક દૃષ્ટાંતરૂપ થઇ પડી. ઘર તો ગંગાનું, વ્યવસ્થા તો ગંગાના ઘરની, જ્ઞાન તો ગંગાનું, પત્ની તો ગંગા, વહુવારુ તો ગંગા ને સર્વ બાબતમાં ગંગા જ વાણિયા જ્ઞાતમાં એક અનુપમ સુંદરી તરીકે પૂજાતી હતી. કદીમદી કોઇ સ્થળે ગંગા જતી ને લોકોના જોવામાં આવતી હતી, તો તેઓ તરત આંગળીથી તેને બતાવતા હતા, તે એટલે સુધી હોંસથી કે બૈરાંઓ બધાં ગમે તે નિમિત્તે તેની સાથે વાતે વળગવાને તત્પર થતાં હતાં. લાડ, પોરવાડાદિ બીજી જ્ઞાતની સ્ત્રીઓ વખત બે વખત તેને મળવા જતી હતી, ને ત્યાં તેના ઘરની રીતિ, વૃત્તિ ને કૃતિ જોઇ પોતાને ત્યાં તે પ્રમાણે સુધારો કરવાને તત્પર તો થતી, પણ શરીરમાં કંઇ ગાડે ગાડાં આળસ સમાયલું તેથી ઘેર આવ્યાં કે જ્યાંના વિચાર ત્યાં જ રહેતા હતા. ગંગાનાં દાસ દાસીઓ જે વિવેકથી

વર્તતાં તે વિવેકને જોઇને પોતાના ઘરનાં દાસ દાસીઓને બધી રીતે તેવા કરવાનો વિચાર કરતી, પણ પ્રારંભથી જ બે કાયદા થયેલા ખોટા-ઓ શેઠાણી ને શેઠને પતજ થાના કરે, ને દાસીઓ તો શેઠાણીને માથાપર ચઢી નહિ બેસે તો ભલું.

હિંદુ સંસાર તે કંઇ સંસાર છે વારુ? મુંબઇની શેઠાણીઓ ઠીક જ છે. જ્ઞાનમાં તો મહારાજોનાં મંદિરે જવાનું જ શીખેલી, ને ઘરમાં રીતભાત એવી રાખેલી કે જ્યારે શેઠ ઘરમાં નહિ હોય ત્યારે બાર કલાક સુધી શેઠાણી બરાડા પાડે, પણ સેવકો સાંભળે જ શેના? ચાકરો ઘણી વેળાએ વિનય વગર ઘણી નફટાઇ બતાવે, ને સમયે શેઠાણીની સામા બેમર્યાદા થઇ ચાળા પણ પાડે; ને શેઠાણી વળી એવાં ભલાં માણસ કે વગર વિવેકે ચાકર માણસ સાથે ગપાટા મારે, અને તેઓ જોડે મર્યાદા રહિત બોલે, પછી હિંદુ શ્રીમંત કે રંક કોઇના પણ બૈરાંના ભાર વકર કેમ પડે?

આમાંનું કંઇ પણ ગંગાના ઘરમાં નહિ જોતી ત્યારે મોટા મોટા લોકના ઘરની સ્ત્રીઓ પણ ચકિત થતી હતી. ગંગાએ તો પોતાનાં દાસ દાસીઓ સાથે એવો તો દડપ ને રૂઆબ રાખ્યો હતો કે તેઓ એક શબ્દમાં હાજર થતાં હતાં, તેમ તેઓ પ્રત્યે એવી તો પ્રીતિ રાખતી હતી કે જરા પણ તેમને અગવડ પડવા દેતી નહિ. આજ કારણસર ગંગાના ઘરમાં સઘળું વ્યવસ્થિત હતું.

મુંબઇમાં રહેવા પછી સ્ત્રીકેળવણીમાં ગંગાએ ને કિશોરે ઘણો સારો ભાગ લીધો અને ઘણીક કન્યાશાળાઓને પોતાની મુલાકાતનો લાભ આપીને તેમને ઉત્તેજન આપ્યું. એટલું જ નહિ પણ ઘણીક સ્ત્રીઓ તેમના સમાગમથી કેળવાઇને હોશિયાર થઇ.

પરંતુ આ પ્રમાણે ઘણો કાળ નિભ્યું નહિ. ઇશ્વરને આ સુખી જોડાને જોઇને ઇર્ષા પેદા થઇ, ને તેથી જ તેણે એક પછી એક વિડંબનાઓ મોકલવા માંડી.

સૂરતમાં કમળીને નહિ પરવડવાથી અત્યાગ્રહથી માને સમજાવી ...ર બ્હેનને મુંબઇ બોલાવી લીધી.

કમળીને મુંબઇમાં આવ્યા પછી મોતીલાલનો ઘણો સમાગમ થયો, ...ણા પરિચયથી તેઓ દૃઢ મનનાં થયાં કે ગમે તેમ પણ પુનર્લગ્ન કરવાં. ... વાત ઘણી ચર્ચા; તેવામાં કિશોરની નાની બ્હેનનાં લગ્ન આવ્યાં. ...રી ન્યાતમાં આ વાત ચર્ચાતાં આ લગ્ન ટાંકણે તેમણે એક નવું ...માણુ ઉભું કરીને કિશોરને સતાવવાનો યત્ન કીધો. તેમાં વળી ...ર તથા ગંગા સુધરેલા વિચારનાં છે એમ ન્યાતમાં જણાવાથી ...ક ઠોલિયાઓ તેમની ઇર્ષા કરવા લાગ્યા, અને તેમાં બે ચાર સારા ...ો પણ સામેલ થઇ ગયા. ન્યાતમાં જથા જોરવાળાનું ઘણું ફાવે ...આત્મારામ ભૂખણના ઘરના છતાં પૈસેથી ઘસાઇ જવાને લીધે ઘણા ...ા તેમના શત્રુ થયા હતા. કંઇ નહિ તો કંઇ પણ કારણસર ન્યાતમાં ...ગાઓ સારા માણસને સતાવવાને ચૂકે તેવા નહિ હોવાથી તેવા ...કાએ આ વેળાએ પંચાત ભેગી મેળવવાનો વિચાર કીધો. જોગાનુ-...ગથી "ટાઇમ્સ ઓફ ઇંડિયા"માં પોતાને ખરે નામે કિશોરે મહારાજોનાં ...ુરાં આચરણોપર ઘણો સખ્ત હુમલો કરીને તેમનો કોપ ખેંચી લીધો. સૂરતના મહારાજોમાંના એકે, ન્યાતના બેચાર આગેવાનોને બોલાવી કિશોર પોતાની બ્હેન કમળીનાં પુનર્લગ્ન કરાવે છે, તે માટે ઘટતો બંદો-બસ્ત કરવાને ઉશ્કેર્યા. ન્યાતને તો આવું કારણ જોઇતું હતું એટલે ભેગા થયા ને આ બાબતનો ખુલાસો કરવાને પંચે ઠરાવ કીધો. ન્યાતના ઘણા સંભાવિત માણસો તો તેમાં સામેલ પણ થયા નહિ, પણ જેમને ચપાટ-ત્તાનું જોઇએ તેવા લુચ્ચાના સરદારોએ ધાંધલ મચાવી મૂકી. કિશોર-પર એક પત્ર લખ્યો, ને તે મુંબઇ ગયો એમ જણાતાં જ લલિતાબાઇએ ચોકળશ્રાદ્ધ કરવા માંડ્યું, ને દીકરાના નામનાં છાજીયાં લીધાં. તાબડ-તોબ સૂરતમાં આવીને કિશોર ન્યાતના જે ચારેક સારા માણસો હતા તેમને મળ્યો, ને જણાવ્યું કે આવાં પગલાં ભરવાં ઘણાં કઢંગા ને કાયદા

વિરુદ્ધ છે. પણ બીજા લડવૈયાઓ તો એકના બે થયા નહિ. ન્યાતમાં હા ને મારા મારીનું જોર ફાવે છે, પણ વાજબી દલીલો કદી ફાવતી નથી. પંચાત ભેગી કરવામાં આવી. ત્યાં કિશોરે આવીને ડહાપણથી જવાબ દીધો, કે ન્યાતથી કોઇ પણ માણસના ખાન કામો વચ્ચે અવાય તેમ નથી. ન્યાતનું કામ એટલું જ છે કે કે ખોટે રસ્તે વરતે તો તેને શિક્ષા કરવી, પણ માત્ર જે સાંભળેલી વ છે, ને ગામગપાટા છે તેપર અનુમાન બાંધીને કોઇપણ ગૃહસ્થને પીડ એ સારા ગૃહસ્થોને શોભતું નથી. આટલું બોલતાં તો લુચ્ચા માણસે મોટો પોકાર કરી મૂકયો, ને તેઓ એમ જ લઇ બેઠા કે અમોને નઠે માણસ કહીને ગાળો ભાંડી. એ તો એણે સઘળી ન્યાતનું જ અપમાં કર્યું, તેથી જ્યાંસૂધી એને શિક્ષા કરવામાં આવે નહિ ત્યાં સૂધી ને તો હાટકેશ્વર મહાદેવના દેવાલયમાં લાંઘણાં ઘાલીશું. એ વકીલ છે શું ડરાવશે કે ? આમ જોરપર આવેલા લુચ્ચાઓએ તેને ઘણો પજવ્યો ને પછી જ્યારે કાંઇ નહિ ફાવ્યું ત્યારે મારામારી કરવા ઉઠયા. કિશો આવો મામલો જોઇને ત્યાં ઉભું રહેવું યોગ્ય નથી એમ ધારીને પંચાત માંથી ચાલ્યો ગયો.

કિશોર ન્યાતના જુંગાઓથી ડરીને પંચાતમાંથી ચાલ્યો ગયો, પરંતુ આ લાગવગે ફાવી ગયેલા લુચ્ચાના સરદારોએ તેને છોડ્યો નહિ. બીજે દિવસે એકદમ તેનાપર માજીસ્ટ્રેટને ત્યાંથી સમન્સ લીધા ને કંઇ પણ ડર્યા વગર કિશોર સામો થયો. તેનાપર કામ ચાલવા માંડયું અને બે ચાર તે લુચ્ચાના સાથીઓએ આવીને કસમપર, હાડોહાડ જુઠી જુબાની આપી. બ્રિટિશ રાજ્ય ગમે તેવું ન્યાયી છે, છતાં તેમાં જે ગુંચવણો સમાયલી છે તેવી બીજે સ્થળે નથી, તેનો ન્યાય પવિત્ર ને સીધો હશે ખરો, પરંતુ જો ચાર લાગતા વળગતાએ સંપ કરીને આબાદ જુઠી સાક્ષી પૂરી તો પછી જોઇ લો તમાશો ! ખરેખરો નિરપરાધી એકદમ સપાટામાં આવી જાય. આ જ પ્રમાણેનો મામલો કિશોરના

માં બન્યો. કંઇ પણ 'પ્રાઇમાફેસી' નહિ છતાં માજીસ્ટ્રેટે પડેલી ...ીપરથી તોહોમત ઘડીને એકદમ એ કેસ સેશન કમીટ કીધો. ...જીસ્ટ્રેટ પણ અક્કલના ખાં પડેલા એટલે તેમણે એમ બતાવ્યું કે અમે મુંબઇના વકીલડાઓથી ડરીએ તેવા નથી.

ગંગા અને કિશોર ગમે તેટલાં ડાહ્યાં ને સમજુ હતાં, છતાં આવો ...હલો જોઇ ઘણાં ગભરાયાં. કેસ તો સાધારણ મારામારીનો હતો, ...ં તેઓ બીધાં. "કોરટ, સોરત ને ઓરત, એ ત્રણેનો વિશ્વાસ ...હે." તેથી પોતાની તરફથી સેશનમાં એક બારીસ્ટર કિશોરે બોલા-...યો, ને તેણે કેસનો પ્રારંભ કરતાં તેના ભાષણથી જ જજે કેસ કાઢી ...ક્યો. આટલું છતાં પણ જે ખરચ થયો તે માથે જ પડ્યો. ન્યાતના ...ગ...ઓ હાર્યા પછી પાછી પંચાત બોલાવી, પણ એકાદ બે સારા ...દમીઓ વચ્ચે પડ્યા ને એકદમ તે લુચ્ચાઓનો દંડ લીધો. કિશોર ...ાથે વાતચીત થતાં તેણે જણાવ્યું કે શાસ્ત્ર આજ્ઞાની બહાર તે એક ...ગલું પણ ભરે તેમ નથી ને ભરશે પણ નહિ. આ તેનો દૃઢ ઠરાવ જોઇ ...યાતના ધર્માંધ મનુષ્યો પણ તેનાપર ખુશ ખુશ થઇ ગયા.

આટલું થયા પછી પોતાની નાની બહેન મણિનાં લગ્ન કીધાં. આ ...ળાએ વરવાળાએ મહારાજને વરકન્યાનો હાથેવાળો મળતો હતો તે ...વેળાએ બોલાવવાનો આગ્રહ ધર્યો, પણ તે એકનો બે થયો નહિ. સર્વ રીતે સાંગોપાંગ વિવાહ સમારંભ પાર પડ્યો. આ લગ્ન પ્રસંગે ગંગાએ ઘણીક રીતની કઢંગી રીતો પોતાને ત્યાંથી કાઢી નાખી ને એક નવી જ પદ્ધતિથી લગ્નની રચના કીધી હતી.

---

## પ્રકરણ ૨૩ મું

## બીજી વિપત્તિ

પાછું સઘળું સ્વસ્થ થયું ને ગંગા કિશોર આનંદથી પોતાનો કાળ ગુજારવા લાગ્યાં. કશી પણ પાંતીની અત્રે હવે ન્યૂનતા નહોતી ને કિશોરની પ્રતિષ્ઠા ઘણી વધવા માંડી હતી. ગંગા ને કિશોર નિરંતર

વિનોદથી દિવસ ગાળતાં હતાં. એકપાસથી તારાગવરી ઘરમાં દોડાદો કરી મૂકતી હતી. સાંઝના કિશોર ઘેર આવે કે તારી દોડીને 'બાપુ બાપુજી' કહી ગળે વળગીને શોર બકોર કરી મૂકતી તેને માટે કિશે એક મનોરમ્ય મેના લાવ્યો હતો, તેને ને તારીને ઘણું હેત બાઃ હતું. કિશોર આવ્યાની પહેલી ખબર મેના તારીને આપતી હતી તેથી તારી દોડીને બારણા નજીક જતી હતી. ગંગા પોતાના પ્રિયપતિ આનંદ આપવામાં કશી મણા રાખતી નહોતી. કદી પણ આ સ્વર્ગ ભુવનમાં વિવાદ તો જણાતો જ નહિ, તો પછી કલેશ કે ટંટાનું નામ પણ ક્યાંથી હોય?

એક દિવસે કિશોર કોરટમાંથી સાંજનો આવ્યો, ને રાત્રિનું કરીને પોતાના બાગમાં વીણા લઇને બજાવતો હતો. સામે ગંગા બેઠ ઝીણા સુસ્વરે દયારામભાઇની ગરબી ગાતી હતી, ને તેની પ્રેમાળ વાણી સ્વરની ધૂનથી વીણાએ ખૂબ ઘટા છાઇ દીધી હતી. રાત્રિ ઘણી સું હતી, ને સઘળે શાંત હતું. આકાશના તારા શિવાય બીજું કશું અજવાળ જેવું નહોતું, ને જ્યાં આ લાવણ્યમય રૂપસુંદરી ને તેનો કંથ બેઠાં હતાં, ત્યાં પણ કોઇ જાતનું અજવાળું નહોતું. તારી પહેલે તો દોડાદોડ કરતી હતી, ઝાડનાં કુંડાંમાંથી ફૂલો ચૂંટતી હતી, અને કદી ઘરના પાછલા ભાગમાંથી એક દીવાનો પ્રકાશ જે પાસેના ઓટલાપર પડતો હતો ત્યાં જઇ પોતાની છાયા સાથે ખેલતી હતી, પણ અંતે તે થાકી ગઇ ને બાજુએ ઉંઘી ગઇ. ઘરની દાસીઓ ને રસોઇઆઓમાંથી કોઇ ખાતાં હતાં ને કોઇ પરવારી ગયાં હતાં, અને કોઇ ગપ્પાં મારતાં, તેનો ધીમો અવાજ કદી કદી ત્યાં સંભળાતો હતો, તેમ કોઇ પડોસમાં રહેનારા છોકરાઓ પોતાનો પાઠ તૈયાર કરવામાં રોકાયલા તેઓ કવિતા મોઢે કરતા તેનો સ્વર કદી મોટેથી તો કદી ધીમેથી સંભળાતો હતો; એ શિવાય બીજો કોઇ પણ જાતનો ત્યાં ઘોંઘાટ નહોતો. કિશોર પોતાની વીણા સુંદર રીતે બજાવતો હતો, ને ગંગાએ સંગીતથી એવી તો મિલાવટ કીધી

તી કે કોણુ સરસ છે એ કહેવાને, કોઇ પણ શક્તિમંત નથી. સર-સરસીમાં સૂર્યને પશ્ચિમમાં જવાને પાંચ કલાક વહી ગયા; પણ કોઇ શું હટયું નહિ. ખરેખર આવો સુંદર વિનોદ આપણા ઘરસંસારમાં ાય જ શાનો!

મોડી રાત્રિ થવાથી બને દંપતી ઉઠયાં, ને જેવાં શય્યાપર જાય તેવો અવાજ સંભળાયો, ‘ કિશોર ભાઇ છે?’ કિશોરે તે અવાજ ારખ્યો, કેમ કે તેની માસીના દીકરા રતનલાલનો હતો. તે એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરતો હતો, પણ જ્યારે આવતો ત્યારે હંમેશાં જણા-તો હતો. આજે તે વગર જણાવે એકદમ આવ્યો, તેથી ગંગા ને કિશોર એકદમ તેની પાસે ગયાં. કિશોરે એકદમ ચકિત થઇ પૂછ્યું, કોણ રતનલાલ કે?”

“હા ભાઇ,” તેણે જવાબ દીધો, ને તરત તે પાસે આવ્યો. “તમે ઇ વેણીભાઇને માટે સાંભળ્યું છે?”

“નારે, શું છે? હું ધારું છું કે વેણીલાલ હમણાં પોતાની ખુશીથી નવસારી ગયો છે, ત્યાંથી તે પાછો ફર્યો?”

“તે તો ગમે તેમ હોય, પણ મને ભરૂચથી તાર મળ્યો છે, ને તે તમારા નામનો છે; તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે વેણીલાલને હાલ કેદમાં મોકલવામાં આવ્યો છે.” આમ બોલીને તરત તે તારનો સંદેશો કિશોરના હાથમાં મૂકયો.

કિશોર તે પત્ર હાથમાં લઇ ઘરમાં ગયો, ને ગંગા ને રતનલાલ બન્ને વાતો કરતાં પૂઠે ગયાં. કેટલીક વાત કરવા પછી એમ માલમ પડયું કે રતનલાલ આજે હજી સુધી જમ્યો નથી, પણ કિશોરે તાર વાંચ્યો તેની હકીકત જાણવાને તરત તો ગંગા ત્યાં જ ઉભી રહી. તાર-પરથી કંઇ પણ સમજાતું નહોતું કે શું છે, પણ એથી કિશોર વળી નવી ચિંતામાં પડ્યો. દરેક જણ તાર વાંચતાં જુદાં જુદાં અનુમાન કરવા

લાગ્યાં. કોઇ કંઇ તો કોઇ કંઇ ધારણા બાંધી બેઠાં. કિશોરે ઠરાવ્યું કે કાલની ટ્રેનમાં ભરૂચ જવું. એટલામાં પોતાના કેસ હતા તે બીજા વકીલને આપી દેવાની તે ગોઠવણ કરવા લાગ્યો. રતનલાલ જમ્યો નહોતો તેથી ગંગાએ તેને કહ્યું, "દિયરજી, આવો રસોડામાં, હું હમણાં લાપસી તૈયાર કરું છું તે તમે જમી લો, પછી વાતો કરજો."

"ભાભી, તમે શું કામ શ્રમ લો છો? મને કશી જરૂર નથી; નહિ તો રસોઇયાને કહોની." પણ ગંગાએ ભટને આટલી મોડી રાત્રિના ઉઠાડવાનું ઠીક નહિ ધારી પોતે જ બોલી: "હું કરીશ તો શું થશે? મારા હાથ કંઇ એવા કુમળા નથી કે કરમાઈ જવાના છે. ભ તે ભટ, ઉંઘાકળો ભટ અત્યારે સારી કરશે નહિ." આટલું બોલતી તે રસોડામાં જઇને ઝટપટ કામે વળગી ગઈ. રતનલાલ પણ રસોડાના ઉંબરાપર જઇને બેઠો, ને ઘણીક નવીજૂની વાતોપર બન્ને વળગ્યાં. તેટલામાં લાપસી ને દૂધ તૈયાર થયું ને રતનલાલે જમી લીધું. તેના માટે પાસેના ઓરડામાં બિછાનું કીધું.

મળસકું થતાં કિશોર, ગંગા ને રતનલાલ જાગ્યાં ને જોઇતો સામાન બાંધીને રતનલાલને જોડે લઇને કિશોર ભરૂચ ગયો. ત્યાં જતાં તપાસ કીધી તો ઘણી વિડંબનાઓ જણાઇ. કોઇને ત્યાં ઉતરવાનું બરાબર ઠેકાણું નહિ ને મોસાળમાં કોઈ હતું નહિ. પછી એક થોડા જાણીતા સ્નેહીને ત્યાં ઉતારો કરવો ધારી બન્ને જણ ત્યાં ગયા. મુકામ કરીને જેલરને મળીને વેણીલાલને મળ્યા. તે રડવા લાગ્યો, પણ ઘણી ધીરજ આપીને પછી માજીસ્ટ્રેટને જામીનપર છોડવાને માટે અરજ કીધી. કેસમાં કંઇ દમ નહોતો. કોઇક ગૃહસ્થના ઘરમાં જુગાર રમાતો હતો, ને તેવામાં મારામારી થઇ, તેટલામાં વેણીલાલ રસ્તે જતાં તેમનો એક છે એમ ધારીને પોલીસવાળાએ પકડ્યો. આ હકીકત ધ્યાનમાં લીધી ને માજીસ્ટ્રેટે તેને જામીનપર છૂટો કીધો. કેસ ચલાવવા માટે બે ત્રણ સારા વકીલની ગોઠવણ કીધી.

આણી તરફ કિશોરના જવા પછી ગંગાએ, ઘરનું કામ પોતાને માથે પડયું તેથી તરત સઘળા તેના કેસો સંબંધી વ્યવસ્થા કીધી. એક નોકરની મારફત સઘળા કેસના કાગળો તેના મિત્રને મોકલાવી દીધા. તારીએ જાગતાં જ બાપુજીને હાંક મારી, પણ તેનો અવાજ નહિ આવવાથી તે રડવા લાગી, ને થોડીવારમાં કળીયાણુ કરી મૂક્યું. ગંગા ગમે તેવી ડાહી હતી તથાપિ પોતાના પતિના વિયોગથી ઘણી દિલગીર થઇ. તરત કમળા બેહેન આવ્યાં. કિશોરભાઇના જવાના સમાચાર જાણી તે દિલગીર થઇ, પણ પછી કામકાજ ન હોવાથી બન્ને જણી વાતે વળગી. કમળીનાપર જે સિતમ ગુજરેલો હતો તેથી તે ઘણી દિલગીર જણાતી હતી ને પંચાતના જુલમાટ પછી કદી પણ હસતી જણાઇ નહોતી. તે દહાડે દહાડે શરીરે અશક્ત જણાતી હતી. તેના તનમાં રોગ હોય તેના કરતાં મનની ચિંતાથી તે ઘણી પીડાતી હતી; જો કે ગંગા ને કિશોર તેને માટે ઘણી કાળજી રાખતાં હતાં તેટલું છતાં તેની તબીયત જરા પણ સુધરી નહોતી.

સૂનમૂઢ પેઠે થોડીવાર કમળી બેઠી, તેથી ગંગાને એમ લાગ્યું કે તેને મારી તરફથી કંઇ અવિવેક થયો હશે, ને તેટલા જ કારણથી તેણે પૂછ્યું:–"મોટી બેહેન, તમે આજ કેમ દિલગીર છો? કંઇ તમને મારી કે તમારા ભાઇની તરફથી ઓછું પડયું વારુ?"

"ગંગા ભાભી, તું એમ ના બોલ, શું મને અવિવેકી જાણે છે? તારા જેવી ભાભી તે કોને છે વારુ કે તેના અવિવેકથી મારે શોષવું પડે?" કમળીએ અચકાતાં કહ્યું.

"ત્યારે તમે કેમ આમ સૂનમૂઢ થઇને બેઠાં છો?" ગંગાએ પૂછ્યું, "કહો ન કહો, પણ મોટી બેહેન, તમોને કંઇ પણ થયું છે ખરું."

કમળીએ કંઈ પણ જવાબ દીધો નહિ. તે અબોલ રહી, પણ ગગાએ પાછું પૂછ્યું ને તેની આંખમાંથી ડબક દેતાં કે આંસુ ખરી પડ્યાં.

ગંગાને તેથી ઘણું લાગ્યું, પણ તેની હવે બોલવાની હિમ્મત ચાલી નહિ માત્ર દિલાસા માટે જ બોલી, "આમ હવે ગાંડાં ન કાઢો!!"

"બેશક ભાભી, હું ગાંડાં તો કાઢું છું, પણ તે નકામાં છે. હું મને નક્કી લાગે છે કે મારા દહાડા ભરાઈ ચૂકયા છે. તમને નથી લાગ કે મારી અવસ્થા ઘણી દયામણી છે?" રડતાં રડતાં કમળી બોલી.

"ખરેખર, લાગે છે. પણ ઉપાય શો?"

"ન્યાતવાળા જ મારા શત્રુ થયા છે ત્યાં હવે ઉપાય નથી જ."

"તમે સમજો છો ત્યારે હવે ભાંગી રકાબીનો શોક શા માટે કો છો? જો મારાથી બનત તો હું કંઇ પણ કરવાને ચૂકત નહિ."

"એ ખરું, પણ હવે મારું નસીબ નક્કી થઈ ચૂકયું છે!"

"શું નસીબ નક્કી થઈ ચૂકયું છે?"

"કે હવે મોતને શરણે જવું, ને જે અહિંયાં પ્રાપ્ત નથી તે જઇ પ્રભુ પાસથી જાચવું."

"નહિ, નહિ! તમે આમ નહિ બોલો. મોટી બેહેન! એ શું તમારા ભણ્યાગણ્યાનું સાર્થક્ય કે માત્ર ઝુરાઇને મરવું?"

"પણ હવે અહિંયાં શું સુખ છે કે વધારે જીવી તમારા જેવી મમતાળુ ભાભી ને ભાઇને પીડા આપવી? મારા માટે તમોને થોડું વેઠવું પડ્યું છે?" આટલું બોલતાં તો તે બેહોશ થઇ ગઇ ને ગંગાએ તેની આસનાવાસના નહિ કીધી હોત તો ખરે તે કયારે શુદ્ધિમાં આવત તે કંઇ પણ કહી શકાય તેમ નહોતું. જે દુઃખની પીડા તેનાપર પડી હતી તેથી તેનું અંતર તો કયારનું જ બળી ગયું હતું, માત્ર હવે આ ખાલી ખોખું રહ્યું હતું.

કમળી શુદ્ધિમાં આવ્યા પછી ઉઠીને બન્ને જણાં કામકાજે વળગ્યા

## પ્રકરણ ૨૪ મું
## વિપત્તિપર વિપત્તિ

કિશોરલાલ મુંબઈ છોડીને ભરૂચ તરફ ગયા પછી આણી તરફ ગંગાની શી અવસ્થા છે તેનાપર હવે આપણે લક્ષ આપીએ. ભરૂચમાં જતાં કિશોર તો પોતાના નાનાભાઇ વેણીલાલની તપાસમાં ગુંથાયો પરંતુ ગંગાપર ઉપરાચાપરી દૈવી મારો આવવા લાગ્યો. સુરતથી લલિતાબાઇની માંદગીનો ઘણો સખ્ત કાગળ આવ્યો. ઘર આંગણે કોઈ પણ ન હોવાથી ઉપરાચાપરી ગંગાને તેડાં આવ્યાં કે સાસુજી મરવા સૂતાં છે માટે જલદીથી સુરત આવો. અહિંયાં તારાગવરી શરીરે બરાબર ન્હાતી. કિશોરલાલ મુંબઇમાં નહોતો, ને તેથી કેમ કરવું તેના ગુંચવાડામાં તે પડી. સુરતમાં આ વેળાએ તુળજાગવરી હતી, પણ તેને ને લલિતાબાઇને તો ઘડી પણ બને નહિ. કમળી પણ મુંબઈ હતી, ને પાછલા પ્રકરણમાં આપણે જોઇ ગયા તેમ તે હવે પેહેલાંના જેવી આનંદી પણ ન્હાતી, માની માંદગીના સમાચાર જાણીને સુરતમાં જવાની તેની કંઇ પણ મરજી જણાઇ નહિ. હવે કરવું કેમ, એના વિચારમાં ગંગા પડી. સુરતમાં ડાક્ટરની પૂરતી ગોઠવણ કરે, ને સાસુજીની તબીયત સંભાળે તેવું કોઇ જ નહોતું. ગંગાએ છેહલે એવો જ વિચાર કીધો કે સાસુજીને મુંબઇ લાવી બરાબર દવા કરાવવી. પણ સાસુજીને સુરતથી લાવે કોણ? તુળજાગવરીને એકવાર પત્ર લખ્યો, પણ તેણે તો પૂરતા તિરસ્કારથી જવાબ વાળ્યો કે, હવે સાસુજી જીવે કે મરે તેમાં તેને કંઇ લાગતું વળગતું નથી.

અંતે કિશોરલાલના એક સ્નેહીને સુરત મોકલવાનો વિચાર કરી, તેમની સલાહ લીધી. એનું નામ હેમચંદ્ર હતું. કિશોરને તે વારંવાર મળવા આવતો હતો, ને ઘણી બાબતમાં તેઓ એક બીજાની સલાહ આપલે કરતા હતા. આ તરુણ ખરેખરો સમજુ ગૃહસ્થ હતો, ને તે પ્રતિષ્ઠિત ગણાતો હતો, તેથી ગંગાએ તેને બોલાવવામાં અડચણ જોઈ નહિ. બીજે

દિવસે હેમચંદ્રને એક ચિઠ્ઠી મોકલી પોતાને બંગલે બોલાવ્યો. હેમચં ચિઠ્ઠી વાંચી ઝટપટ આવ્યો ને ગંગાને મળ્યો.

"આપનું એક કામ પડયું છે," ગંગાએ કહ્યું. "તમે મારા દિયર છો, અને અમારા કુટુંબ પ્રત્યે ઘણી મમતા બતાવો છો, તેથી આટલી તસ્દી આપી છે. જો કોઈ બીજો હાજર હોત તો તમોને શ્ર આપત નહિ."

"હું પણ એમ જ જાણું છું કે તમો મારા વડીલ બંધુનાં પ છો એટલે અમારે માતા સ્વરૂપ છો. તમારા બીજા દિયરજી સાથે વા ચીત કરો તે પ્રમાણે મારી સાથે વાત કરશો તો હું મને ઘણો ભાગ્યવં ગણીશ. ભાભી સાહેબ, શી આજ્ઞા છે? જરા પણ શરમાયા વગર કહો!

"તમો સુરત જશો?"

"ઘણી ખુશી સાથે, તમારા બોલવાનો મારાથી કદી પણ અનાદ થશે નહિ. ત્યાં શું કામ છે?"

"અમારાં પૂજ્ય સાસુજી તાવ ને સંઘરણીથી ઘણી પીડા ભોગવે તેમને અત્રે લાવવાં છે. તેમની દવા અત્રે જ થાય તો ઠીક પડે એવો મારો વિચાર છે."

"એ બાબત તમે નિશ્ચિંત રહો. ગંગા ભાભી. કિશોરનાં માતુશ્ર તે મારાં જ માતુશ્રી છે, એમાં તમારે કંઈ પણ સંકોચ પામવાનું કારણ નથી." આટલું બોલીને હેમચંદ્ર તરત જ ઉઠીને પોતાને ઘેર ગયો, અને તે જ રાત્રિના સુરત જઈને ત્રીજે દિવસે સવારના લલિતાબાઈને તેડી લાવ્યો. ઘણીક રીતે પ્રથમ તો લલિતાબાઈએ ના કહી, અને ગંગા સુરત નહિ આવી તે માટે ઘણી ફફડી બબડી, પણ હેમચંદ્રે ઘણા ડહાપણથી તેમનું સમાધાન કીધું. આ વખતે લલિતાબાઈ સાથે વેણીલાલની ઘણી યાણી વેણીગવરી, નાની નણંદ મણીકોર, ને મસીઆઈ રતનલાલની ધણીયાણી નવી વહુ આદિ સઘળાં આવ્યાં હતાં. પણ તુળજાગવરી આવી નહિ. હેમચંદ્ર ગયો તે જ દિવસે તુળજાગવરીને ઘણું સમજાવાને

...ને આવવા ગંગાએ પત્ર લખ્યો હતો, પણ તે દુરાગ્રહી હોવાથી કોઇનું ...ણ માને તેવી નહોતી, ને તે નહિ આવી તેથી ગંગા ઘણી ગમગીન .... તુળજા પ્રત્યે ગંગાનો ઘણો ભાવ હતો. તેઓ અસલથી જ એક ...જાને ચહાતાં હતાં, ને આજે ઘણો સમય વીતી ગયો તેટલું છતાં ...ઓ મળ્યાં નહોતાં. વળી હમણાં પોતાના સાહેબ સાથે ગંગાના જ્યેષ્ઠ ...ણ મુંબઇમાં જ હતા. તેઓ માટુંગે હતા ને આ વેળાએ ખાવેપીવે ...ણી હેરાનગતી ભોગવવી પડતી હતી. તુળજાગવરી આવી હોત તો ...મને પણ સુખ થાત. પણ હાલ તરત એ બાબત એને વિચાર કરવાનો ...મય નહોતો. સાસુજી આવ્યાં તેમને ઘરમાં લાવી, તેમને માટે એક ...લાયદો ઓરડો તૈયાર રાખ્યો હતો, તેમાં ઉતારો આપ્યો; ને એક ...કર વધારે રાખીને તેમની હજુરમાં મૂકયો. વેણીગવરી, મણિ તથા ...નલાલની સ્ત્રી એઓને પણ ઘરમાં લાવીને ઉતાર્યાં ને તેમની સારી ...તે આગતાસ્વાગતા કીધી. વેણીગવરીને તથા રતનલાલની સ્ત્રીને એક ...ક દીકરી હતી, એટલે ઘરમાં તો વસ્તી વસ્તી થઇ રહી. તારી થોડો ...ખત તો એકલી જ ખેલ્યા કરતી હતી, પણ પછી જેમ બીજાં છોકરાં ...ટપટ ભેળાઈ જાય છે તેમ ત્રણે છોકરીઓ રમવા મંડી ગઇ. આજે ...તારીની તબીયત સારી હતી, તેથી તે પહેલાં વેણીગવરી પાસે ગઇ, ...ણ પછી ઝટ તે એને છોડીને બીજાં છોકરાં સાથે રમવાને દોડી. ...પોતાની મધુરી મધુરી વાણીનું છોકરાંઓનું બોલવું ઘરમાં ગમ્મતનું ...થળ થઇ પડચું હતું. તારીએ તો તોતડી વાણીમાં બીજાં છોકરાંઓને ...હ્યું કે "હું માલાં લમકલાં લાઉં" એમ કહી તે બીજા ઓરડામાં દોડી ...ને ત્યાંથી પોતાનાં લાકડાનાં રમકડાં તથા બીજા ખેલવાના પદાર્થો ...લાવી સઘળાં રમવાં બેઠાં.

તરત જ મોટા ભાઇ માટુંગાથી આવી પહોંચ્યા. આ સઘળા સાથમાં તેણે તુળજાગવરીને નહિ જોઇ એટલે ઘણો દિલગીર થયો, પણ નિરુપાય હતો એટલે કંઇ પણ બોલ્યો નહિ. તેણે પોતાની મા આગળ જઇને

સઘળી હકીકત પૂછી, ને પછી તરત જ ગંગા પાસે ગયો. તે અહીંયાં કયા ડાકટરની દવા લેવી તેના વિચારમાં હતી. તરત ત્યાં હેમચંદ્ર જેઠજી કેશવલાલભાઇ આવ્યા. ગંગા મર્યાદા માટે તેમની આગળ ઉ[illegible] રહી. હેમચંદ્રે જણાવ્યું કે ગોપાળ શિવરામ એ ઘણો સારો ડાકટર [illegible] ને યુરોપિયન બોલાવવો હોય તો ડા. બ્લેની દેશીઓમાં ઘણો પળોટાયલ[illegible] છે. પછી ડા. બ્લેનીને બોલાવવાનો ઠરાવ થયો. તેમણે આવીને રોગી[illegible] જીભ તપાસી ઔષધ આપ્યું. શેઠાણી તો કહેવા લાગ્યાં કે એ ઔષધ[illegible] દારૂનો ભેગ છે, માટે મારાથી નહિ લેવાય; પણ ગંગાના અતિ ઘણ[illegible] આગ્રહને લીધે તે પીવાની જરૂર પડી. સવાર, બપોર ને સાંઝે ત્ર[illegible] વખત ગંગા જ ઔષધ આપવાની ગોઠવણ કરતી હતી, તેમ જ ખા[illegible] પીવાની પણ યથાર્થ તજવીજ તે જ રાખતી હતી.

ત્રણેક દિવસ પછી કેશવલાલે આવીને જણાવ્યું કે સાહેબનો હુકમ થયો છે, કે પાછા અમદાવાદ ચાલો, માટે હવે મુંબઈ છોડવું પડ[illegible] તેથી તે ઘણો ખિન્ન થયલો જણાયો. તેનો ઉપાય નહોતો. નોકરી છો[illegible] દેવાય તેમ નહોતું. થોડા સમયમાં પગાર પણ વધવાની આશા હત[illegible] તેથી ગંગાની સલાહ લેવા આવ્યો. તે દીવાનખાનામાં ગમગીન બેઠેલ[illegible] હતો, તેને જોઇને ગંગા બોલી:–

"ભાઇજી, કેમ મોઢું ઉતરી ગયું છે ?"

"જુવોની આ સાહેબ હવે કનડવા બેઠો છે, તેણે ગઇ કાલે હુકમ કીધો છે કે બે દિવસમાં અમદાવાદ મુકામ કરવો. આજે શનિવા[illegible] તો થયો છે ને સોમવારે અમદાવાદમાં ઓફીસ કરવાનો હુકમ છે[illegible] અહિયાં માની માંદગી ઘણી કપરી છે. તેમને સારું થવાની જરા[illegible] પણ આશા નથી, કિશોરલાલ પણ નથી ને તમારે એકલાંને જ માથે સઘળી પીડા આવી પડી છે. હવે હું તે કેમ કરું ?"

"એમાં ગભરાવાનું કંઇ નથી. તમે બેલાશક જાઓ. સાસુજીની તમોએ જરાપણ ફિકર રાખવી નહિ. તેઓ મારાં મા જેવાં છે, એટલે

પૂરી બરદાસ્ત મારાથી થશે તેટલી કરીશ." ગંગાએ ખરા અંતરથી [illegible] દીધો.

"પણ લોકો મને શું કહેશે ? અધૂરામાં પૂરું પેલી પરેસાન પણ [illegible] નહિ !" પોતાની સ્ત્રીપર ગુસ્સે થઇને કેશવલાલ બોલ્યો.

"નહિ આવ્યાં તો થયું શું ? હું છું કેની ? સુરતમાં પણ કોઇ ઘરની [illegible]સ રાખનારું જોઇએ કેની ! તમે જઇને ભાભીજીને મોકલી દેજો એટલે [illegible]." એમ બોલી તેણે તેના ઉકળતા પિત્તાને શાંત કીધો.

ખરેખર આવું આજે કેટલા હિંદુ ઘરસંસારમાં જોવામાં આવે [illegible]ારુ ? દરેક ઘરમાં જોશો તો નણંદ ભોજાઇ, દેરાણી જેઠાણી, દીએર [illegible]જાઇ, ભાઇએ ભાઇ, સાસુ વહુ, બાપ દીકરો, સર્વમાં કલેશ જોવામાં [illegible]વે છે; એક બીજાની બેદિલી જણાય છે; અન્યોન્ય લડાઇ જાગે તે [illegible]ાને અધળા ખંતી હોય છે; અને એક બીજાનું ભુંડુ થાય તેમ કર[illegible] તત્પર [illegible]ાય છે.

પણ અહીં એક સદ્દગુણ મૂર્તિ એવી તો છે કે જ્યાં ત્યાં સુલેહ [illegible]ાનંદ વર્તે તેમ કરવાને મથે છે. સર્વેના સ્વભાવ તપાસી લે છે. [illegible]ા જગ્યાએ ગંગાને બદલે કોઇ તેવી બીજી સ્ત્રી હોત તો ખરેખર [illegible] લગાર રંજક મુકત અને સજ્જડ સળગત. કેશવલાલ જાતે તાતા [illegible]ભાવનો હતો, ઓફીસમાંથી જ સાહેબના ઓરડરથી ગુસ્સે થયો [illegible]તા, ને તેમાં પોતાની સ્ત્રી મુંબઇ નહિ આવી તે માટે ઘણો બબ્બો [illegible]તો, ને તેમાં જો જરાક સળગાવ્યું હોત તો સુરત જાત ત્યારે ઘરમાં [illegible]ધમાચકડી કરી મૂકત. પણ ગંગાના બોલવાથી જ તે શાંત થયો. તેનું બોલવું એવું તો મધુર ને પ્રિય હતું કે કેશવલાલનો રોષ નરમ પડ્યો.

થોડો વખત ગંગાના પ્રિય ભાષણપર વિચાર કીધા પછી, તે બોલ્યો-"ઠીક છે, હું આજે જાઉં છું, પણ તમે માજીની બરાબર બરદાસ્ત રાખજો. હું આજે સુરત જઇને તમારી જેઠાણીને મોકલી દઉં છું; એટલે તે તમને ઘણી સહાયકારક થઇ પડશે."

"ઘણું રૂડું. પણ ભાઈજી, જો ભાભીજીની તબીયત સારી હોય કે મુંબઈ આવવાને રાજી નહિ હોય તો આગ્રહ કરતા ન છો સુરત રહેતાં. અમે ક્યાં મુંબઈમાં ઓછાં છીએ. આ સઘળાં છે કેની ? એટલે માજીને કોઈ પાંતીની હરકત નડશે નહિ. ભાભી આવવાને રાજી હોય તો મોકલજો, ને તમને અડચણ પડતી હોય સાથે તેડતા જજો. પણ તેમને કંઈ પણ વધુ કહેતા નહિ."

કેશવલાલ તો આ ભાષણ સાંભળી દંગ થઈ ગયો. ગંગાના ગુ પ્રશંસા કરવા જતો હતો, તેટલામાં સાસુજી બૂમ મારે છે, એમ અ વેણીગવરીએ કહ્યું ને પોતાનાં જ વખાણ પોતાના જ મોંપર ળવાને ગંગાને જે અપ્રેમ હતો તે અણગમાની તક આવી નહિ. રાત્રિના કેશવલાલ પોતાની માતાને મળી સુરત ગયો.

## પ્રકરણ ૨૫ મું

## સાસુ સેવા

આ સમયે ગંગાના ઘરમાં નાનાં મોટાં નવ માણસો હતાં, પણ લલિ બાઈની ચાકરી કરનાર કોઈ નહોતું. મુંબઈની સહેલ સટ જોવામાં અને મઝા કરવામાં વહુઓ મંડેલી હતી. સઘળી પીડા બા ગંગાને માથે જ હતી. ડાકટરની મરજી પ્રમાણે અખંડ રાતદહાડો ગ પોતાની સાસુ પાસે બેસતી હતી, ને ઔષધ કે પાણી વગેરે તે આપતી હતી. જો કે સાસુજીનો કટકટીઓ સ્વભાવ કંઈ મટ્યો નહોતે તથાપિ એ તો ખરા તન મનથી ચાકરી કરતી હતી. કિશોરની ગે હાજરીમાં હેમચંદ્ર વળી પોતાના કૉલેજના વખતમાંથી પરવારતો તેને ઘેર આવીને બેસતો હતો. થોડા દિવસમાં તે વેણીગવરી, કમળ મણીકોર તથા રતનલાલની નવી વહુ સાથે સહવાસમાં આવ્યો અ ત્યાર બાદ તે સર્વમાં મળી જઈને લલિતાબાઈની ચાકરીમાં એક પુ પ્રમાણે રોકાતો હતો. રાત ને દહાડો ગંગા સાસુસેવામાં રોકાતી તેટ

. ઘરનો સઘળો બોજો તેના માથાપર હતો, તે કામ કરવામાં પણ
તી નહિ. બીજાં સઘળાં તો માત્ર શેઠાઇપર આવેલાં હતાં એટલે
ાસ્થાનો બોજો તેના જ માથાપર હતો. હેમચંદ્રના કહેવાથી જણાયું
અત્યાર સુધીમાં ત્રણસો રૂપિયા તો માત્ર દવામાં જ ખરચાયા હતા.
ોલાલની નાની દીકરી માટે ચાકર નફર રાખવાનું તથા તેમને માટે
ાં લત્તાં સીવડાવવાનું કામ પણ એને જ કરવું પડતું હતું, આટલી
: છતાં તે કદી પણ કંટાળતી નહિ. તે સઘળાંનાં મોં આગળ હાજ-
હાજર હતી. સાસુજીને માટે તો કમળી, નવી વહુ, મણીકાર ને
ાગવરી એ સૌ નામનાં જ જાણવાં. એ સઘળાં તો મુંબઇની રચના
ાને તત્પર થઇ રહ્યાં હતાં. બારણે ફેરીઆઓ આવે ને 'ચીનૉઇ
ડી' બૂમ મારે કે વેણીગવરી બૂમ મારે, ને 'ભરવાનો સામાન'
ી કે મણીકાર બૂમ મારે. ઉપરાઉપરી સામાન ખરીદે, ને પછી
ા પૈસા અપાવવા ગંગા ભાભી પાસે આવે. અલબત્તા, ગંગા ઘણી
ાણવાળી ને ડાહી હતી, પણ આવા ઉડાઉ ખરચો તેનાથી પૂરા
નહિ. તોપણ સઘળાંને વીશ વીશ રૂપિયા આપ્યા ને તેથી
. માટે સહુ રાજી થઇ ગયાં.

ઘરમાં સઘળાંની સેવા ચાકરીમાં તારાગવરીને તો વિસરી જ
ામાં આવી હતી. તે બાપડી પોતાનાં રમકડાં લઇને એકાદ ખૂણામાં
ભરાઇને રમતી હતી, ને કદી એકલી જ બેસીને ખડખડાટ હસી પડીને
સર્વને વિસ્મય પમાડતી હતી. કદી વેણીગવરીની દીકરી ને નવી વહુની
દીકરી સાથે તે ખેલતી ને પછી છોકરાંઓ માંહોમાંહે લડતાં ને રાવ
ખાવાને સઘળાં ગંગા પાસે આવતાં હતાં. એક કલાક રમતાં નહિ
તેટલામાં દશવાર લડતાં, પંદર ફરીયાદનાં કારણ લાવતાં, ને વીશવાર
રીસાઇને 'જા તારી ઇત્તા' કરી દૂર થતાં ને તેટલી જ વારમાં પાછાં
ભેગાં થતાં હતાં. આ બાળવિનોદ ઘણો મનોરંજક લાગતો હતો. તેમના
કજીયાનાં મૂળ કંઇ પણ કારણ વગરનાં હતાં. કોઇવાર રમવાનો પોપટ

નહિ આપ્યો તેને માટે, ને કોઇવાર ચૂલો લઇ લીધો તે માટે લડ-
ગંગા પાસે સઘળાં છોકરાં લડતાં આવતાં ત્યારે તેમને ખાવા વગેરે
આપી પતાવીને કાઢતી હતી. પાછાં સઘળું એક ક્ષણમાં વિસરી જ
રમવા બેસતાં ને બીજી ક્ષણમાં લડાલડી ને ઝડાઝડી કરતાં હતાં.

આજે સવારના રવિવાર હોવાથી શેઠાણીને ઉઠાડીને ગંગા
નહવડાવ્યાં. સઘળી વહુઓ તો માત્ર ઠીઠી ઠાઠા જ કરવાને બેસતી, પ
સાસુનું શરીર આરોગ્ય રહે તેટલા માટે કાળજી તો માત્ર ગંગા
રાખતી. હજી સાસુજી મરવાને સૂતાં હતાં તેટલું છતાં જરા પણ
પ્રકૃતિનાં થયાં નહોતાં. સ્નાન કીધા પછી પાછાં પોતાના સુવ
ઓરડામાં આવી સૂતાં, ને ગંગા ઘરકામમાં રોકાઇ તેટલામાં પ
પીવાને માટે "ગંગા, ઓ ગંગા" એમ ત્રણ ચાર વાર સાસુજીએ
મારી, તે દૂરના ઓરડામાં હોવાથી ગંગાએ સાંભળી નહિ, એટલે ગં
પર સાસુજી કોપ્યાં.

"હું રાંડ મરવા પડી છું તેની પીડા પારકીજણીને શું પડી છે ?
કે જીવું તેની કોને દરકાર છે ? કયારની બૂમ મારું છું પણ કો
જવાબ દે છે ? હમણાં એના કુમળા માટીને કંઈ થયું હોત તો
બરદાસ્ત રાખતે કે ?" આમ સાસુજી બડબડાટ કરતાં હતાં તેટલ
ગંગા આવી પહોંચી. "શું છે સાસુજી ?" એમ પૂછતાં જ જોઇ
સાસુજીનો કોપ ?

"સાસુજીની મોકાણ છે, બીજું શું હોય ?" સાસુએ જવાબ વાળ્યો

"તમોને જે જોઇતું હોય તે લાવી આપું, તમે જરા પણ સંતા
કરતાં નહિ." ગંગાએ ઉત્તર વાળ્યો.

"બાવા, હું તો હવે આ ઘરથી ધરાઇ ગઇ છું, મારે તારા ઘરમ
રહેવું નથી. આ આજથી આ ઘરમાં રહે તેને માથે આખા મુંબઇ શહેર
પાપ. મારી ગંગા મા, મારા ગંગા બાપ. મને તું આજ ને આજ સુર
મોકલી દે તો તને પગે લાગું. હું જ રાંડ હૈયાફુટી કે તારા ટુકડા ખાવ

વી! મારા મારીનું ઘર મેં ફોકટમાં જ છોડયું. મેં જાણ્યું કે સુરત તાં મુંબઇમાં વધુ સુખ મળશે, પણ "ઘરનાં ઉઠયાં વનમાં ગયાં તો માં લાગી લાહે" તેમ જ્યાં જઇએ ત્યાં નસીબ તો તેનું તે જ કેની! ત્યાં રાંડ રામજણી સુરતમાં સંતાપે ને અહીંયાં તારો સંતાપ!"

"સાસુજી માફ કરજો! મારાથી કંઇ તમને ગુસ્સે થવાનું કારણ થયું હોય તો મને કહોની, તમારે જોઇએ શું?"

"તારી ને મારી મોંકાણ જોઇએ છે. મને આજે ને આજે તું સુરત કલ. કયારની પાણી પાણી કરીને બૂમ મારું છું, આ ગળું તો સૂકાઇ ય છે, પણ સાંભળે છે કોણ? સૌ પોતપોતાનું સંભાળે છે. પારકી-ીને મારી શી પીડા છે? પોતાની મા માંદી હોય તો જરા પણ ખસે કે?"

"સાસુજી, તમે એમ ન બોલો. હું શું તમારી સેવા કરવામાં કંઇ ચુ કચાસ રાખું છું? હું તમારા મોં આગળ રહું છું, ને હવે તમે મને ષ દો છો એ ઠીક નહિ. તમારા દીકરા આવે એટલે પછી સુરત જો, પણ મારે માથે શું કામ દોષ મૂકો છો? ઘરમાં શું થાય છે તેની રભાળ પણ મારે માથે છે, તે તમે જાણો છો? જરાક હમણાં જ તમારી સેથી ખસી તેમાં આટલી બધી વાત બને, એ ઠીક નહિ!" ગંગાએ ાંખમાં આંસુ લાવતાં કહ્યું.

"બેસ બેસ, બહુ ડાહી છે તે જાણું છું. તું પણ પેલી તુળજાની જ ભણાવેલી કેની?"

"તમે કહેવા યોગ્ય છો ને હું સાંભળું છું. બાકી જે રીતે મારી માની ચાકરી કરું તે જ રીતે તમારી કરું છું—હશે, લ્યો આ પાણી." આમ કહીને તરત ઠંડું બરફ નાંખેલું પાણી આપ્યું. તે પાણી પીતાં લલિતાબાઇના દાંત કળી પડ્યા કે પાછો બડબડાટ ચાલ્યો, પણ ગંગાએ તેપર કશું લક્ષ આપ્યું નાહ.

કેટલી વહુ આવી સાસુનાં મેહેણાં ટોણાં સાંભળવા છતાં ખરા પ્રેમથી તેની ચાકરી કરશે? કોઇક જ.

* * *

સંધ્યાકાળે ગંગાના ઘરના પાછલા ભાગમાં એક આશરે પંદ
વરસનો છોકરો ફરતો હતો. આ છોકરો ઘણી વેળાએ મોતીલાલ તરફથ
કાગળ પત્રો આપવાને આવતો હતો. એકવાર તેણે ઘરમાં આવી
કમળીને એક પત્ર આપ્યો હતો, પણ તેનો જવાબ દેવાને કમળી તૈય
નહોતી. તે સદાની જ હવે કુંજરી થઇ હતી, તેના ગાલપરની લા
જતી રહી હતી. તેનું હસવું નાસી ગયું હતું, તેનું ભીતર બળીને ખા
થયું હતું અને તે બાપડીનું હરતું ફરવું હવે તદન ભાગ્યા પગનું હતું
તેથી તે કોઇને પણ જવાબ આપવાને ના પાડતી હતી.

લલિતાબાઇ અને ગંગા વચ્ચે વાતચીત થયા પછી કમળી બાગ
એક ભાગમાં બેઠી હતી. તેની સાથે કોઈ નહોતું. તે એકલી જ નીચી મું
ઘાલીને બેઠી હતી. તેના મનમાં ઘણાક તર્કવિતર્ક થયા કરતા હત
જોનારને તરત જણાતું હતું કે તેના ગાલપર ઉષ્ણપાણીનાં બિંદુ
હમણાં જ ઠરી ગયાં છે.

બાગમાં ફરતો એ છોકરો, જેવી કમળીને જોઇ તેવો તેની પા
આવ્યો. નજીક આવ્યા પછી પોતાનું મોં હસતું રાખીને પોતાની તર
કમળાનું ધ્યાન ખેંચવાનો તેણે પૂરતો પ્રયત્ન કીધો, પણ તે વ્યર્થ.

અંતે ઘડી બે ઘડી જેટલો વખત ઉભો રહીને તે બોલ્યો, કેમ
તેનું જે કામ હતું તે છુપું હતું.

"કમળા બેહેન !" તે છોકરો બોલ્યો.

"શું છે ? હવે મને સંતાપવાનું કશું કારણ નથી." ઉંચે જોયા વગ
કમળાએ જવાબ દીધો.

"આ તમારે માટે પત્રિકા છે," એમ કહીને તે છોકરે હાથમાં
ચિઠ્ઠી આપી. "ઘણી જરૂરની ચિઠ્ઠી છે, એનો જવાબ તાકીદે જોઇએ
ચાર લીટી પણ નથી. તરત વાંચી જવાબ મોકલાવજો." હાથમાં કાગ
લઈ કમળીએ તે વાંચ્યો.

દીધી "હું તમોને મળીશ," કાગળમાં લખ્યું હતું. "પ્રાણવલ્લભે! પ્રિય સમભળી! રે મારી ભવિષ્યની—મને ક્ષણભર મળશે? મળજે."

હાયનો એક નિઃશ્વાસ કમળીએ ઘણા જોરથી મૂક્યો. તે બોલી, "જો હવે એ લઘુતા ખોટી જ!" એમ બોલીને તે ધીમે ધીમે લથડતી આખડતી ઘરમાં ગઈ ને કાગળ ફાડી નાખ્યો.

---

## પ્રકરણ ૨૬ મું

## લલિતાનું મૃત્યુ

લલિતાબાઇનો મંદવાડ ધીમે ધીમે વધવા માંડ્યો, ને જ્યારે કિશોરલાલ ભરૂચથી પાછો ફર્યો, ત્યારે તેની તબીયત તદન હાલબેહાલ હતી. કિશોર આવતાંને વાર પોતાની માતાના સુવાના ઓરડામાં ગયો ને તેનો ચહેરો જોતાં જ તેની ખાત્રી થઇ કે હવે માજી ઘણા દિવસનાં પરોણાં છે. કિશોરના ઘેર આવવાથી ગંગા ઘણો હર્ષ પામી, તથાપિ તે કંઇ પોતાના પ્રાણનાથની પછાડી દોડીને બીજાં કામમાં ખલેલ પાડે એવી ગાંડી ઘેલી થઇ નહિ. પોતાનું સઘળું કામ તે યથાસ્થિત ચલાવતી હતી; એટલું જ નહિ પણ કિશોરના ઘેર આવ્યા પછી પોતાનાં પૂજ્ય સાસુની સેવામાં વધારે તન દેવા લાગી. આપરથી એવું માનવાનું કારણ નથી કે તે પહેલાં ઓછા મનથી સેવા કરતી હતી.

વૈદ્યોએ લલિતાબાઇની તદન આશા મૂકી ને ઔષધ આપવું પણ બંધ પાડ્યું. કેશવલાલ પોતાના સાહેબ જોડે અમદાવાદ ગયો ખરો, પરંતુ તેનું મન ત્યાં ટક્યું નહિ. સુરતમાં ગયો ત્યારે સહજ ધાંધલધુંધલ કીધી, પણ એવા તેના તોફાનથી ડરી જાય તેવી તુળજાગવરી નહોતી. તે જો કે હસમુખી હતી, તો પણ સાસુના દુઃખે સ્હોરાયલી ને સુકાયલી જેવી દિસતી હતી, કદીમદી બહુ તીક્ષ્ણ કટાક્ષ મારવામાં નિપુણ હતી. કેશવલાલે ઘણું કહ્યું ત્યારે ટપ દેતી કે બોલી જે "માને માટે એટલું બધું લાગતું હતું તો તમે જ કાં આવ્યા?" આ શબ્દો વજ્ર-

બાજુ ચેઠ કેશવલાલના મનમાં વાગ્યા, ને અમદાવાદ જઇને બે માસ રજા લઇ તે પાછો મુંબઇ આવ્યો.

એક દિવસે સંધ્યાકાળે લલિતાએ પોતાનાં પુત્ર પુત્રી તથા વહુવારૂ સર્વને પોતાની પાસે બોલાવ્યાં, ને જણાવ્યું કે "હું જલદી મરણ પામવાની છું, માટે મને પાછી સુરત લઇ જાઓ કે અશ્વિનીકુમારને કાંઠે પામું." તે બહુ દયા ઉપજે તેવે હલકે સ્વરે બોલી, ને તેનું વેળાનું બોલવું એવું તો કરુણામય હતું કે સૌની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. ઘણાં ઘરડાંનાં મનમાં એવો વેહેમ હોય છે કે તીર્થને કાંઠે મરણ થાય, ને ત્યાં અગ્નિદાહ કરવામાં આવે તો તેથી તેના આત્માનું શ્રેય થાય છે. સુરતનો ગુપ્તેશ્વરનો કાંઠો ઘણો પવિત્ર ગણાય છે, ને તાપી નદી તે સૂર્યની પુત્રી છે. તેના સમક્ષ બળવું એ કંઇક મોટા ભાગ્યની વાત ગણવામાં આવે છે. એ કાંઠાના પવિત્રપણા માટે એવું કહેવામાં આવે છે કે ત્યાં જે પ્રાણીને અગ્નિસંસ્કાર કરવામાં આવે છે તેનું એક હાડકું બળ્યા વગર રહેતું નથી. બાળ્યા પછી ફૂલ પડે છે, તેવાં ફૂલ પણ કવચિત્ ત્યાં રહે છે. તાપી નદીનો કાંઠો ગંગા-યમુના જેવો પવિત્ર ગણાય છે, ને તેથી સુરતમાં મરવાનું લલિતાએ વધારે પસંદ કીધું.

કિશોરે કહ્યું, "મા, અહિંયાંથી તને પાછી સુરત લઇ જવી એ ઘણું મુશ્કેલ છે, માટે અહીંઆ જ રહે તો ઘણું સારૂં. આપણે હોશિયાર ડાકટરની દવા કરીશું."

"ભાઇ, અમથાં વેવલાં મૂકી દે," ડોસીએ પાંચ કકડે એક વાકય પૂરું કીધું. એટલામાં તો શ્વાસ બહુ ચઢી આવ્યો ને બે મીનીટ બોલી શકી નહિ. પછી પાછી શુદ્ધિપર આવી ને તે બોલીઃ "હવે મારું આવરદા આવી ચૂકયું છે. મને ખાત્રી થઇ છે કે હું ભાગ્યે અઠવાડિયું કહાડીશ, તો પછી વૈદ ને ડાકટરને પૈસા ખવડાવવા શા કામના? આવરદાએ ઉપાય છે, તો હવે આવરદાની દોરી તૂટવાપર આવી છે

ાં ફોકટનાં ફાંફાં શા માટે ભાઇ, મારવાં જોઇયે? હવે તો શ્રીજીબાવાનું
જન કરી લેવાનું રહ્યું છે. હવે કંઇ પણ વિચાર વગર મને મારે
રત લઇ જાઓ.” તુરત ડોસીને પુષ્કળ હાંફ ચઢી આવી ને બોલતી
ટકી પડી; પણ પળ પછી પાછું બોલવું શરુ કીધું. “ભાઇ, મારા
ાગ્યનો પાર નથી, ને મને મરવાનું જરા પણ દુઃખ નથી. ત્રણ ત્રણ
કરાની ખાંધે ચઢીને જવું, દીકરાના દીકરા જોવા, સકુળની વહુઓ
ારી ચાકરી કરે એ કંઇ જેવું તેવું નસીબ છે કે? દીકરી ગંગા!
ારી પાસે આવ. મને માફ કર, મારાથી જે જે કંઇ બોલાયું ચલાયું
ય તે માફ કરજે. તારા જેવી સકુળની સદ્ગુણી વહુ મને મળી છે,
 મારું ધન્યભાગ્ય છે. ભાઇઓ, જેવી મારી ચાકરી એણે કીધી છે
વી કોઇએ કીધી નથી. મેં ગમે તેટલા તરફોડા કીધા હશે, ગમે
ટલી ગાળો ભાંડી હશે, ગમે તેટલો ગુસ્સો કીધો હશે પણ એ એક
દ સરખો પણ બોલી નથી. રડ નહિ, ગંગા, હું તને મારી કમળી
ભી જાઉં છું, તેની બરદાસ્ત, તેની તપાસ તારે રાખવાની છે. એને
રા પણ વીલી મૂકતી નહિ. હમણાં હમણાં એની હાલત બગડી ગઇ
, પણ તારી બ્હેન માફક ગણીને તેની બરદાસ્ત કરજે.”

લલિતાએ આટલું બોલીને આંખો મીંચી દીધી ને સૌને તેના
બ્દો કાળજામાં લાગ્યા. તરત જ સૌએ સુરત જવાની તૈયારી કીધી. સુરત
ગયા પછી પડશાળમાં જ ડોસીનો ખાટલો ઢાળ્યો. ત્યાં આવતાં તો વધારે
શરીર બગડ્યું ને ઘરેડો ચાલ્યો. કેશવલાલે આવીને કિશોરને કહ્યું. “હવે
માજી ઘડી પળનાં છે, બહુ ભાગ્યશાળી કે, સઘળાં આવી પહોંચ્યાં છે,
પુણ્યદાન કરાવવું હોય તે કરાવી લો.” સૌની મરજી સાચવવાને કિશોરે તે
માન્ય કીધું. આસપાસનાં સગાં સંબંધી પણ આવી પહોંચ્યાં હતાં. ગંગાપાન,
જમનાપાન, રમણ રેતી ને ચરણામૃત વગેરે પવિત્ર મનાતી વસ્તુઓ લલિ-
તાના મુખમાં મૂકીને પોતાની શક્તિ પ્રમાણે પુણ્યદાન કરાવ્યું. કમળી ‘ઓ
મા, ઓ મા,’ એવા કોમળ સ્વરે લલિતાની નજીક આવીને આક્રંદ કરવા

લાગી, ને તે બોલી, "હાય હાય, હવે મારો તો કોઇ વાલી વારસ જ નથી, મારું શું થશે? ઓ મા, તારા પહેલાં હું કાં ન મુઇ, મારા દહાડા હવે કેમ જશે?" આમ આક્રંદ કરતી જોઇ ગંગા તેને દૂર લઇ જઇને દિલાસો આપવા લાગી. સઘળાં જ રડતાં હતાં. કિશોરલાલ રાત ને દિવસ તેની આસપાસ બેસી રહેતો હતો. કેશવલાલે ડોસીને પૂછ્યું કે "તારી કંઇ પણ ઇચ્છા છે? હોય તો તે કહેજે." તેણે ગૌદાન કરાવવાનું કહ્યું ને તરત એક સવત્સા ગાયનું દાન કરાવ્યું, સઘળાંઓ આસપાસ બેસીને તેમની તબીયત સાચવતાં હતાં. ડોસીથી કંઇ પણ ખવાતું નહોતું ને સાબુ ચોખાની કાંજી પાવામાં આવતી તે પણ પચતી નહિ.

આ પ્રમાણે ત્રણ દિવસ ને ત્રણ રાત્રિ વીતી ગયાં. ચોથા દિવસના પ્રભાતમાં સહજ કિશોરની આંખ મળી છે, તેવામાં કેશવલાલે બૂમ મારી, "ભાઇ, ભાઇ ઉઠોની, આપણાં માતુશ્રીની તબીયત જુઓ." તરત હાંફળો ફાંફળો કિશોર ઉઠયો ને જેવો જોવા જાય છે તો માત્ર છેલ્લાં ડચકીયાં ખાતી પોતાની માતાને જોઇ. બૈરાંઓએ આસપાસ કોલાહોલ જેવું કરી મૂકયું, અને એક પળમાં લલિતાબાઇ આ દુનિયામાંથી પોતાનો આત્મા ઉડાવી ચાલતાં થયાં. હાથ, પગ ને આખું શરીર ઠંડાગાર થઇ ગયાં. થોડીવારે દેહના પંચતત્ત્વના બંધારણમાંથી ચાર તત્ત્વ ઉડી ગયાં ને માત્ર પૃથ્વીનો ભાગ પડ્યો રહ્યો.

ઘરમાં રડારોળ થઇ રહી, તેમાં કમળીનો આક્રંદ ખમાય તેવો નહોતો. તે સર્વથી વધારે તીક્ષ્ણ લાગણીથી રડતી હતી. તેણે પોતાના કેસ તોડી નાખ્યા, માથું કૂટી નાખ્યું, ને છાતીમાંથી રક્ત કાઢ્યું. "હવેથી હું કોને આશરે રહીશ? રે માજી! તેં કંઈ મારો વિચાર કીધો? હાય હાય! મારે માથે પરમેશ્વરે વૈધવ્ય દુઃખ આપ્યું તે હું ખમી શકી, પણ હું હવે કોને આસરે જઇશ? રે માવડી, મને તારી સાથે કેમ્યું નહિ તેડી લીધી? મને એકલવાઇ મૂકતાં તને વિચાર નહિ થયો? રે! મારું શું થશે?" એવા તેના શબ્દોએ તેના ભાઇઓની ધીરજ મૂકાવી

. વેણીલાલ પણ આવી પહોંચ્યો હતો ને તે પોતાની માના આ ચાર જાણતાં જ દિગ્મૂઢ જેવો બની રહ્યો હતો. કેશવલાલ ફિક- જ ગુંથાઇ ગયો, કેમકે અત્યાર સૂધી તેને ઘરની ફિકર નહોતી, ને કે કિશોરને માથે સઘળું હતું, તો પણ હવે કેમ થશે, સહુ સંપ ીને રહેશે નહિ, તેની ફિકર તેને પડી. વેણીલાલને કેદખાનામાં પણ નહોતું તેવું દુઃખ આ વખતે ઉત્પન્ન થયું.

ચૈતન્ય રહિત શબને છાણ માટીથી જમીનપર ચોકો કરીને સૂવાડ્યા ી પ્રાણપોક મૂકીને સર્વે ઘરમાંથી બહાર નીકળ્યાં. ન્યાતીલાં ને સગાં- ાલાંઓ આવી પહોંચ્યાં. પછી કરકટી બાંધી શ્મશાન લઇ ગયા. ાલ કેશવલાલે આગ મૂકીને પોતાનું પુત્ર તરીકેનું ઋણ અદા કીધું. ને સ્નાન કરી પાછા ઘેર આવ્યા; તો પણ કમળીનું કકલાણ શમ્યું હોતું. કિશોર ને કેશવલાલે ઘણી સમજાવી તેને શાંત પાડી. દશા, અગિયારમું, બારમું વગેરે ક્રિયા કરીને કેશવલાલ તુળજાને તેડીને પોતાની કરીપર ગયો. વેણીલાલને સુરતની અદાલતમાં નોકરી અપાવી તેથી સુરત રહ્યો, ને ગંગા, કમળી ને કિશોરલાલ પાછાં મુંબઇ આવ્યાં, થી નાની દીકરી પોતાને સાસરે ગઈ.

**********

## પ્રકરણ ૨૭ મું

## એ શું થયું?

લલિતાબાઇના મરણને ઘણો લાંબો સમય વીતી ગયો છે. કમળી ઘરમાં આવીને રહી છે, પણ તેની તબીયત સારી થવાને બદલે વધારે વધારે બગડતી જાય છે. તેનાં મોંપર તેજ હવે રહ્યું નથી ને તે ખરેખરી તરુણાવસ્થામાં બુઢ્ઢી ડોસી જેવી જણાય છે, ઘરમાં કામકાજ કરે છે, ને પોતાની ભાભીને કશી પાંતીએ ઇજા આવવા દેતી નથી, પણ તેના કામમાં કંઇપણ ઢંગધડો હોતો નથી. મોતીલાલ ઘણો વખત થયાં કિશોરને ત્યાં આવતો બંધ થઇ ગયો છે. કંઇ તેને પોતાને અપમાન

થયું હોય તે કારણથી નહિ, પણ એ ઘરમાં જ્યારે જ્યારે રહે છે ત્યારે ત્યારે એને જવું જ ગમતું નથી. તે પોતાના હિજરાયા કરે છે. તેની જીભ બંધ થઇ ગઇ છે, ને પોતાના ધં ચિત્ત લાગતું નથી. કિશોરલાલ કદી કદી તેને મળવા જાય છે, ત્યારે જીભના ટેરવાપર કેટલાક શબ્દો આવે છે, ને કિશોર તે સાંભળ તત્પર જણાય છે, પરંતુ નીકળેલા શબ્દો હોઠમાં જ સમાઇ જાય જો કે કિશોરલાલ આ સઘળું જાણતો હતો, પણ તેનાથી તે બાબત કંઇ પણ થાય તેવું ન હોવાથી તે મુંગોજ રહેતો હતો.

કમળીના સુખ માટે કિશોર તથા ગંગાને ઘણી કાળજી હ પણ ઇલાજ શો? કમળી ડાહી ને સમજુ હતી, ભણેલી ને સાથે ગણે હતી, ગંભીર ને વિવેકી હતી, પણ જ્યારે હૈયાના ભીતરમાં અગ્નિ સ છે ત્યારે તેને છાંટવાની શકિત અલ્પ સામર્થ્યના મનુષ્ય પ્રાણીમાં હો નથી, તો એક અબળાનું શું ગજું? તેણે પોતાનો વખત ગાળવાને મ એક કન્યાશાળામાં ઉપરીપદ લીધું, પરંતુ ત્યાં પણ ગોઠ્યું નહિ, તેથી માસમાં કંટાળીને નોકરી છોડી દીધી. હાલમાં તે ઘરના એકાદ ખૂણ ભરાઇને વખત બેવખત રડવાનાં ડચકીયાં ખાતી જણાય છે, ને તેને ઘણું સમજાવે છે, પણ તેના હૃદયમાં કંઇ જ ઉતરતું નથી. ત શરીરશક્તિ એવી તો નિર્ગત થઇ છે કે સર્વે કોઇના લક્ષમાં આ કે તે હવે બચવાની નથી.

એક દિવસે પ્રભાતના ગંગા ને કિશોરલાલ બંને વાતે વળગ્યાં છે ને કમળાની સ્થિતિ સંબંધી વાતચીત કરે છે. ગંગાએ જણાવ્યું કે "મોટી બેહેન ઘણાં ગળી ગયાં છે, ને તેમના શરીરમાં માત્ર હાડકાં ચામડી જ રહ્યાં છે. પતિવ્રત પાળવું એ દુર્ઘટ છે, પણ દેશાચાલનો ઉચ્છે શી રીતે થાય! ગઇ કાલે મેં મોતીલાલને આપણી વાડી તરફ જત જોયો'તો, તે પણ સરડાઈ ગયો છે, ને મને લાગ્યું કે જો એ બંનેનાં લગ્ન નહિ થાય તો બેશક એકનું તો શું પણ બંનેનાં મરણ નીપજશે

દીધો ઇલાજ થવો જોઇએ." "પણ શું ઇલાજ કરીએ?" કિશોરલાલે સમા અને કહ્યું કે, "મેં આઠેક દિવસપર મોતીલાલને કહ્યું કે, રમાં શરીરનું જતન નહિ રાખો, તો થોડા દિવસમાં મરણ પામશો, જો શી મરજી છે તે જણાવો. તમારે ખાતર કંઇપણ સંકટ રાખને હું તૈયાર છું.' આનો કંઇપણ જવાબ તેણે દીધો નહિ. થયુંનર્લગ્નની વાત કાઢી, ત્યારે તો તે વાત તેને ગમી નહિ. મને વાતમાં વાતમાં જણાવ્યું કે 'જેટલું વૈધવ્ય પાળવું ને એક પતિવ્રત પાળવું આપણા આર્યશાસ્ત્રમાં ઉત્તમ છે તેટલું પુનર્લગ્ન કરવું ઉત્તમ નથી. પુનર્લગ્ન એ સદ્ગતિનો ને સ્ત્રીના સતીપણાનો ઉત્તમ માર્ગ તો નથી જ! પતિવ્રતમાં જેટલું પારલૌકિક સુખ સમાયલું છે તેટલું તે તજવામાં નથી. જેમનાથી શિયળ નહિ સચવાય તે ભલે પુનર્લગ્ન કરે, પણ તે સારું તો નહિ જ.' પુનર્લગ્ન કેટલે દરજ્જે સારાં છે તે માટે કહેતાં તે બોલ્યો, લૂટ એ જાતે ખરાબ છે. પણ એક માણસ ખૂન કરે ને પછી લૂટ કરે તેના કરતાં એકલી લૂટ કરે તો તે ભલી, પણ તે પરથી લૂટ સારી ઠરતી નથી. પુનર્લગ્ન એ ઉત્તમ તો નહિ જ. પણ વ્યભિચાર, ગર્ભપાતાદિક હડહડતાં પાપો કરે તેના કરતાં પુનર્લગ્ન વધારે સારાં, તેટલો જ મારો મત છે.' આવા તેના વિચારપરથી હવે કંઈ તેની મરજી જણાતી નથી. પણ મેં ગઇ રાત્રિના નિશ્ચય કીધો છે કે મોતીલાલને હું સમજાવીશ, ને કમળી બેહેનને તું સમજાવ, અને એ બંને સુખી થતાં હોય તો આપણાપર જે જે સંકટ પડે તે સહન કરીશું."

આટલી વાત થાય છે કે તરત રામા ઘાટીએ આવીને કહ્યું કે "હજી આજે કમળી બેહેન કેમ ઉઠયાં નથી?" દંપતી એકદમ ઉઠીને તેના ઓરડા તરફ ગયાં. બારણાં ઠોકયાં, પણ કોઇએ ઉત્તર દીધો નહિ, તેથી ગંગા ઘણી ગભરાઇ, ને તરત બારણાંનાં સ્ક્રુ કઢાવીને અંદર જાય છે, તેવામાં એક ભયંકર દેખાવ નજરે પડ્યો, કમળી બેફામ અવસ્થામાં પડેલી હતી, ને તેનો આત્મા તેનો ત્યાગ કરી ગયો હતો. આ દેખાવ

જોતાં જ ગંગાને એકદમ મૂર્છા આવી ગઇ ને તે કમળીની પડોસમાં ધબ દેતી કે પડી, પણ તે પડે છે તેટલામાં જ એક બીજા માણુસે આવીને કહ્યું કે, "ગઈ રાત્રિએ મોતીલાલે આત્મહત્યા કીધી છે, ને સવારમાં તેનું શબ કાઢયું છે."

કિશોરલાલ ગમે તેટલો ધીર મનનો હતો. પણ આ બે સમાચાર અકસ્માત્ બનતાં તેનું મન સ્વાધીન રહ્યું નહિ. એકદમ રડી પડ્યો, ને તેના તેવા આક્રંદથી આસપાસનાં દક્ષિણી ને ગુજરાતી પડોસીઓ આવી પહોંચ્યાં. સઘળાં આ બનાવ જોઇને ઘણાં ગમગીન થયાં, ને કમળી બહેનની લાયકીનાં વખાણ થવા લાગ્યાં. ગંગા જ્યારે શુદ્ધિપર આવી ત્યારે તેના રડવાનો તો કશો પણ પાર ન રહ્યો. "ઓ મોટી બેહેન, અરે મારાપર આટલો બધો કોપ? હજી સાસુજીને મુઆને વર્ષ દહાડો તો હમણાં થયો છે, તેટલામાં તમે મને બદનામ કીધી! હાય! હાય! હું લોકોને શું મોઢું બતાવીશ? લોકો મને શું કહેશે? ન્યાતજાતમાં શું કહેવાશે? ભાઇજી શું ધારશે? અરે મેં શું તમને ઓછું પાડયું કે મને આમ છેહ દીધો!! લોકો કહેશે કે મેં કંઇપણ કહ્યું હશે, પણ ઓ બેહેન, તમે આમ મને કાં ટવળાવી વારુ? ઉઠો, રે જરા તો બોલો! ગંગા ભાભી કહીને હવે મને કોમળ સ્વરે કોણ બોલાવશે? મારી દીનમુદ્રા જોઇને હવે મને કોણ પૂછશે કે તમને શું થયું છે? મારી માની જણી બેહેનની કોણ ગરજ સારશે? હાય હાય, હવે હું એકલવાઈ થઇ રહી!" વગેરે વિધ વિધ ભાતે વિલાપ કરીને અશ્રુની નદી વેહેતી કીધી. તેનું રડવું કેમે કર્યું સમાય નહિ. તે કમળીના ગુણનું રુદનરાગમાં ગાન જ કરવા મંડી પડી. તેની સભ્યતા ને હેત પ્રીતની પ્રશંસા કરતાં તે વધારે વધારે રડવા લાગી. પડોસીઓએ ઘણીએ સમજાવી; ને એમાં ઇલાજ નથી, ઈશ્વર આગળ કોઇનું ચાલતું નથી, મૃત્યુની બૂટી નથી વગેરે ઘણીક રીતે દલીલોથી છાની રહેવા માટે તેને કહેવા છતાં તેનું હૈડું સમાયું નહિ, પોતાની વ્હાલી દીકરી તરફ પણ તેણે કંઇ નજર કીધી નહિ.

કિશોરલાલ તો એવો સ્તબ્ધ થયો હતો કે પેહેલાં જે રડ્યો તે જ રડ્યો, પછી તેનાથી નહિ બોલાય ને નહિ રડાય, ગળે કાચલી બંધાઇ ગઇ ત્યાં સુધી તેના શરીરમાં શોષ પડ્યો. આ વખતે કોઇ પણ તેને દિલાસો આપનાર નહોતું—ને જે હતો તે માત્ર રતનલાલ હતો. પણ તેનાં ગાત્ર તો આ વર્ત્તમાન સાંભળતાં પૂરાં જ ગળી ગયાં હતાં. ઘરનાં ચાકરનફર સર્વે રડવા લાગ્યાં, કેમકે કમળીએ કોઇ દિવસે કોઇ પણ ચાકરને તુંકારો કીધો નહોતો, કોઇને અપમાન આપ્યું નહોતું, તેમ સઘળા પ્રત્યે પુષ્કળ વહાલ બતાવ્યું હતું, સૌ તેને ચહાતા હતા ને સૌને તે ચહાતી હતી.

લગભગ આ રડારોળમાં બે કલાક વીતી ગયા. સ્ત્રીમાં માત્ર ગંગા હતી, એટલે બીજાં દૂરનાં સગાંને તેડાવી મંગાવ્યાં, ત્યાં સુધી તે જ માત્ર રડતી હતી—એક આંખમાંથી શ્રાવણ ને બીજીમાંથી ભાદરવો વેહે તેમ રડતી—વેહેતી આંખે તે રડતી હતી. મોતીલાલના ઘરમાં તો અત્યંત કલ્પાંત થઇ રહ્યો હતો, તેની પ્રકૃતિ બગડતી જાણી, તેનાં માબાપ મુંબાઇ આવ્યાં હતાં, તેથી આ બનાવ જોયો એટલે તેમના કલ્પાંતનું તો પૂછવું જ શું? મોતીલાલ સૌથી વધારે લાડવાયો હતો, ને તેની માતાએ તેની તબીયત માટે અનેક બાધા આખડીઓ લીધી હતી. તેની મરજી નહિ જોઇ, પાછળથી કોઇએ પણ તેને પરણવા માટે આગ્રહ તો શું, પણ કહેવું સરખુંએ મૂકી દીધું. તેમાં આ અકસ્માત્ બનાવથી તેમનાં કાળજડાં ચીંધાઇ ગયાં. તે વૃદ્ધ ડોસા ડોસીના આક્રંદ, અશ્રુપાત ને વિલાપ જોઇને દરેક જણનાં હૃદય ફાટી જતાં હતાં.

કિશોરલાલને ઘેર તેનાં સગાંવાહાલાં આવ્યાં ને કમળીને ઉચકી લાવી કરકટીપર સુવાડીને સ્મશાન લઇ ગયાં. મોતીલાલના શબને પણ ત્યાં જ લાવવામાં આવ્યું હતું. સ્મશાનિયા સર્વને આ અકસ્માત્ બનાવથી, કિશોર ને મોતીલાલના પિતાપર પડેલા દુઃખથી ઘણું લાગી આવ્યું હતું. સમય કેવો બન્યો! એક જ દિવસે, એક બાજુએ એક જ વખતે, એક જ સ્થળે, બે જુદી જુદી જ્ઞાતનાં છતાં એક બીજાને એક

બીજા માટે બાળવામાં આવ્યાં. સઘળા શોક કરતા ઘેર આવ્યા. કિશોરના મિત્રોએ તેને ઘણો દિલાસો આપ્યો, પણ તેની પોતાની બહેન પ્રત્યે અગાધ પ્રીતિને લીધે તે કેટલાક દિવસ સુધી શાંત થયો નહિ. દશ દહાડામાં તો ગંગાનું મુખડું કરમાઇ ગયું ને તેની કાંતિ ઘણી ક્ષીણ થઇ ગઇ. આવી તેની સ્થિતિ જાણીને તેનો બાપ તેને મળવાને આવ્યો; ને બંને જણને પોતા સાથે પૂને લઇ જવાનો આગ્રહ કીધો, પણ તે કોઇએ માન્ય કીધું નહિ. તે ચાર પાંચ દિવસ રહ્યો ને પછી ઘણો દિલાસો દઇ પાછો ગયો.

કમળીના મૃત્યુ પછી એકાદ માસે સવારના તે જ રામા ઘાટીએ કિશોરના હાથમાં એક પાકીટ લાવીને મૂક્યું, ને જણાવ્યું કે તે કમળી બહેનના ટેબલપર બીડેલું પડેલું હતું. એ પાકીટમાંથી બે પત્રો બીડેલા મળ્યા, તેમાં શું હતું ?

## પ્રકરણ ૨૮ મું

### બે પત્રો !

એ પત્રોમાં શું હતું ? કિશોરલાલે પહેલે તે પત્ર તપાસ્યો, પણ એ ઉપરથી તે કંઇપણ અનુમાન બાંધી શક્યો નહિ. કમળીનું ને સાથે લાગું મોતીલાલનું મૃત્યુ ઘણું સંશય ભરેલું હતું, અને કંઇ પણ શોધ ખોળ કરતાં પત્તો હાથ લાગે, એવું કિશોર ધારતો હતો, પણ જ્યારે કશો જ પત્તો હાથ લાગ્યો નહિ, અને કોઇપણ રીતે આ ગુ[illegible] મૃત્યુની બાતમી મળે તેવું જણાયું નહિ ત્યારે તે નિરાશ થઇને બેઠો. આ પાકીટમાંથી કંઇપણ ખુલાસો મળશે એવું ધારીને એણે તે ફોડયું. તેમાંથી બે જુદા જુદા પત્રો મળ્યા, એક કમળીનો લખેલો હતો, [illegible] બીજો મોતીલાલનો લખેલો હતો. મોતીલાલનો પત્ર નીચે પ્રમાણે હતોઃ

"કમળા—આપણા મેળાપને તથા આપણો પત્ર વ્યવહાર બંધ થયાં ઘણો કાળ વીતી ગયો છે. તો હવે આ મારો છેલ્લો પત્ર, જે

તમારી તરફ મોકલું છું તે, તમો કંઇપણ રોષે ન ભરાતાં સ્વીકારશો—એટલા જ માટે કે જેને તમે ભાઇ પ્રમાણે ગણ્યો છે તે તમારો ભાઇ હવે આ દુનિયાનાં દર્શન ઝાઝો કાળ કરવાને રાજી નથી.

'ખરી પ્રીતિ—સ્નેહ એ મનુષ્ય જિંદગીમાં પૂર્ણ વિશ્રાંતિનું કારણ છે, પણ જે મોટા મોટા દુઃખદાયક પર્વતો આપણા વચ્ચે પડેલા છે, તે ઉલ્લંઘીને આ સુખાનુભવના આનંદભવનમાં જઇ શકિયે એમ બનવું બહુ વિકટ છે. એક વખત એવો હતો કે, હું તમારી સાથે ને તમે મારી સાથે લગ્ન કરવાને આતુર હતાં. હવે તે વાત નહિ બને તેવી હોવાથી આપણ બંનેએ વેગળી મૂકી દીધી છે. પણ જે સુખની મેં આશા રાખી હતી તે નહિ મળે, અને પછી જીવવું! એ જીવવું કેવું અળખામણું છે, તે અનુભવીથી અજાણ્યું નથી. આપણે જાણીએ છીએ કે, કોઇ ચિરંજીવ નથી, તો પછી મોત જે સઘળી જંજાળમાંથી છૂટકો લાવનાર છે તેની હજુર ઉભા રહેવું, એના જેવું સુખદાયી બીજું શું હશે?

જ્યારે આપણે અન્યોન્ય દૃષ્ટિએ પડ્યાં ત્યારે એવી શંકા કદી જ ઉત્પન્ન થઇ હશે કે, હવે પછી શોકાગ્નિમાં નિરંતર જલ્યા કરીશું! પણ જે પરમાત્માએ સદા જ ઉપકારદૃષ્ટિએ સર્વની સામા જોયું છે, તેની એવી જ ઇચ્છા જણાય છે કે, કંઇ પણ કારણ વગર સદા જ ધુંધવાતા લીલા લાકડામાં આપણને નાખી મૂકવાં!! અગરજો, એ આપણને આ દૃષ્ટિથી માલમ નથી પડતું કે કયા કારણ ને ગુન્હા-માટે હશે, તથાપિ તે ન્યાયવંત પિતાએ કશું ખોટું કામ તો માથે લીધું જ નહિ હોય. ઘણા બનાવોમાં એવું બને છે કે, પ્રથમ થોડું દુઃખ થાય છે તે પૂર્વના મોટા દુઃખના નાશ માટે જ છે. આ બધું તુર્તાતુર્ત આપણને જણાતું નથી, પણ એવાં અદૃશ્ય કારણો માનવાને તો કારણ મળે છે ખરું. એ કારણો જોતાં જે જે વિઘ્ન આપણી

વચ્ચે આવે છે—નડે છે—પડે છે—સહેવાય છે—તે સર્વ મોકલવામાં તે ઈશ્વરનો અદૃશ્ય હાથ છે—કે જેનાં ડહાપણ, દીર્ઘદૃષ્ટિ અને જ્ઞાનનો કશો પાર નથી—ને પોતાના ઉત્પન્ન કરેલા પ્રાણીઓના સુખપર જેની સદા નજર છે.

"શાંતિ ! એ જો કદી સર્વ દુઃખોનો નાશ કરવાવાળી હોય તો તે શાંતિ હવે મારામાંથી જતી રહી છે અને નિરાશ થયા પછી કોઈ પણ પ્રકારની શાંતિ રહે ખરી ? ધારતી જ નહિ કે તે રહેશે. જે સુખ-શાંતિ હવે દુનિયા કદી પણ આપી શકવાની નથી—ને જે તે દુનિયાયે છીનવી પણ લીધી નથી તો તે પુનઃ પ્રાપ્ત કરવા માટે વલખાં મારવાં એ વ્યર્થ જ છે. જ્યારે નસીબનું ચક્ર અવળું ફરે છે, ત્યારે પૃથ્વીમાંથી છીનવી લેવાયલું સુખ પાછું મળતું નથી. હવે તો માત્ર મારે તારું સુખ તપાસવાનું છે—અને જે સદ્ગુણ, આનંદ, જ્ઞાન અને ધર્માસ્થા મારે લીધે તારા હૃદયમાંથી નાશ પામી છે, ને તારા હૃદયમાં કોઈ બીજાની—કહેવા દે કે—તારા બંધુની મૂર્તિ કોતરાઈ રહી છે, તે જતી રહે ને તારા સદ્ગુણો—એનો જો પ્રે[illegible] તેને આપનાર થઈ પડું તો કેવું રૂડું ?—તારા હૃદયમાં પૂર્વની ધર્માસ્થા દૃઢ થાય તે માટે મારી આશા મોટી છે. પણ રે હૃદય હવે તું શા માટે રડે છે ? હવે તો બેશક તારી પ્રીતિને મ[illegible] મરવું જ પડશે.

"તારો મોતી હજી મુવો નથી, તેથી આશ્ચર્ય પામતી નહિ ! પણ કદાચિ[illegible] પ્રભુની એવી જ ઇચ્છા હશે કે આપણ બન્નેનો અંત એક જ ક્ષ[illegible] આણવા, બન્નેને સાથે અગ્નિદાહ દેવો, ને તેથી હું મૃત્યુને પામ[illegible] નહિ હોઉં ! ! તારો પત્ર વાંચું છું ને હાથ ધ્રૂજે છે, હૃદય કંપે [illegible] પણ મારી સ્નેહાળ ! હવે આપણે એક બીજાનાં સ્નેહી હાલ નથ[illegible] એવી આશાથી જ સઘળા પૂર્વના વિચારોનો નાશ કરીને સ્વસ્[illegible] થઈ બેસું છું—જો કે એ વિચાર કરતાં મારાં નેત્રોનો ધોધવો બં[illegible]

પડતો નથી. બેશક, તું જે મમતા બતાવે છે તે ક્રૂર સિંહ કરતાં વધારે ઘાતકી છે. અંતઃકરણ ક્રૂરતા સામાં ધસશે, પણ મમતા સામાં બચાવ કરવાને તે કોઇ પણ બચાવની ઢાલ રાખતું નથી. હવે કદી હું હૈયાત રહું તો બળીશ–જળીશ–રોઇશ–મરીશ–ગવાઇશ–હીણાઇશ–વીણાઇશ–ચુંથાઇશ–વજ્ર જેવું કાળજું ફાટશે તે સહીશ–પણ તને દુઃખ નહિ થવા દઉં! હે સાક્ષાત્ કમળે, તારા મોતીચંદ્રને માટે તને કંઇ છે? તને શું? ના ના પણ તું તેવા ક્રૂર હૃદયની નથી. તું હૃદયશૂન્ય થઇ પડી છે–હૈયાસૂની થઇ છે!

'મારી કમળા, તું શું હવે એમ ધારે છે કે તે સર્વ શક્તિમાન્ આપણને ખરા સુખથી રહેવા દેવા રાજી છે? નથી જ. પણ આપણી રક્ષા ને ઘટસ્ફોટ થયા પછી, જે અલૌકિક ધામ પ્રાપ્ત થવાનું છે ને જે માટે આપણે સર્વે અજાણ્યાં છીએ, પરંતુ આટલું સાચું છે કે ત્યાં કંઇ છે, ને જે મેળવવા માટે સર્વ મથન કરે છે, તો ત્યાં વિશેષ દિવ્ય સ્થાન મળશે; ને ત્યાં પાછાં આપણે સાથે મળીશું નહિ?

'હું તારો વખત ફોકટમાં ગુમાવતો નથી. તે પરમ કૃપાળુ પ્રભુના ચરણ સમીપ જવાને હવે હું તત્પર થયો છું ને જે સુખ મને અહિયાં મળ્યું નથી તે ત્યાં મેળવવા મથીશ. બેશક તે મને મળશે જ. મારા જ્ઞાનતંતુઓની સમીપમાં તેણે દેખાવ આપ્યો છે, ને તે હવે ઘણાં ઉતાવળાં પગલાં ભરીને મારું આદરાતિથ્ય કરવા તત્પર છે. હવે માત્ર તું સુખી રહે, એ જ આશીર્વાદ માટે ખોટી છું.

'હે પ્રભુ, સચરાચર નિવાસી પ્રભુ, મારી કમળાપર કૃપાદષ્ટિ રાખજે, ને મૃત્યુ ટાણે તેને પૂર્ણ વિશ્રાંતિ આપી તેના અમર નિષ્કલંક આત્માને તારી સમક્ષ રાખજે.

'અને હશે–ઓ–ઓ–હવે–રામ રામ, મારી કમળી! મારી બહેન! મારી સ્નેહી! તે પરમાત્માને નામે, તારા પાતિવ્રત્યને પ્રભાવે ને સઘળી પવિત્ર વસ્તુના પ્રસાદે તને રામ રામ! છેલ્લી ક્ષણ સુધી હું તને

ભૂલતો નથી ને તું પણ મને ભૂલતી નહિ! આ ક્ષણ જાય છે તે બસ-હવે આપણે મળવાનાં નથી-પણ મળીશું-બીજી દુનિયામાં ફરીથી મળીશું-રામ રામ!"

મોતીલાલના મૃત્યુ પહેલાં થોડા કલાક આગમ જ આ પત્ર તેણે કમળા પ્રત્યે લખ્યો હતો. એક ચાકરને તુર્તાતુર્ત આપવાને તાકીદ કરવાથી તે કિશોરલાલને ઘેર આવ્યો. સારે નસીબે કમળી બારણામાં ઉભી હતી, તેને તે પત્ર આપીને ચાકર ચાલ્યો ગયો. ધ્રૂજતે હાથે ને કંપતે હૃદયે કમળીએ તે પત્ર હાથમાં લઇ પોતાના ઓરડામાં જઇ વાંચ્યો. તે ઘણું રડી ને શું કરવું તે સૂઝે નહિ. ધ્રૂજતાં ધ્રૂજતાં તે ઉઠી ને નીચેનો પત્ર મોતીલાલને મોકલાવાને માટે લખી કાઢયો, ને પાકીટમાં તેનો પોતાનો પત્ર પણ સાથે બીડ્યોઃ—

"અહો મોતી! મારા રક્ષક! નેત્ર! અફસોસ! તું હવે ગયો! પત્ર વાંચતાં નેત્રોમાંથી જે ઊના ઊના પાણીનો ધોધવો વહેવા માંડ્યો છે, તે હવે ભાગ્યે ખળાશે. મારું હૃદય ચૂર્ણ થયું છે, તે છે કે નહિ માટે જ મને શંકા છે; ને મારા હાથ થરથર ધ્રૂજે છે કે હું એમ લખું કે, મારું જેનાપર જીવન હતું તે સદાને માટે-આ ક્ષણ ભંગુર માયિક સુખ તજીને ગયો ને જેને માટે હવે હું કંઇ જ સાંભળવાની નથી, તેમને સદાની સુવાડીને ગયો!

"રે હવે હું શું કરું? જે દૈવે મને ત્રાસદાયક દુઃખ દીધું છે-તે દુઃખમાં મા એક ડાહ્યા, વિદ્વાન્ અને સદ્ગુણસંપન્ન સાથીને તેડીને વધા કીધો છે! આ જગતમાં તેની તુલનાએ કોણ છે? રે! રે! મા જેવું દુઃખી પ્રાણી આ ભૂમિમાં કોણ હશે? મારો આનંદ સદાનો જ ગયો છે, મારું અંતઃકરણ તો બહેર મારી ગયું છે, મારી જ્ઞાનેંદ્રિયો જતી રહી છે, તેમાં જે મેં વાંચ્યું તે શું છે તે સમજા તેવું નથી. હવે એ બધી વાતો-પત્રો-મને કંઈ સુખ આપવાન નથી, ને કંઇ સંપત્તિવાન્ કરવાનાં નથી; તેમ જ જે પત્રો મને

દિલાસો આપતા હતા, તે પત્રો હવે કદી પણ મને મળવાના નથી કે નજરે જોવાની પણ નથી.

પણ હવે મારે શા માટે રડણાં રડવાં જોઇએ? ધર્મ ને મારા પાતિવ્રત્યના પ્રભાવથી હું અટકી રહી છું—વિશુદ્ધિ મારો પળવાર ત્યાગ કરતી નથી; ને તમે જાણો છો કે, મારા મનમાં મહાઘોર યુદ્ધ ચાલ્યું હતું, પણ સંસારનાં અનેક કુટુંબ બંધનોએ મને ને તમોને અટકાવ્યાં, ને તેમ કરવાની જ્યારે પ્રભુની ઇચ્છા છે ત્યારે પછી તેની સામા આપણે યુદ્ધ કરવું, તે શું વિના કારણનું નથી?

કંઇપણ અનર્થ ન થયો હોય તો હવે કંઇપણ પ્રભુ કરાવે નહિ. પણ જ્યારે મારો ઉત્તમોત્તમ અને વધારે અમૂલ્ય હીરો પ્રયાણ કરે છે ત્યારે હું પણ છેલ્લા રામ રામ કરવામાં પાછી હટીશ નહિ. જે સદા જ હૃદયમાં ચોંટી બેસનારો છે, જે સદા જ શોકસાગરમાં નાંખનારો છે, તેના પછી જીવીને શું કરવું છે? જીવવામાં સુખ નથી તો મરવું શું ભુંડું છે? જેણે મારા પ્રત્યે પ્રેમ અને મમતા બતાવી છે તેનો બદલો હું તે શો આપી શકીશ? તેની કશી શક્તિ મારામાં નથી.

અને ત્યારે મારા પણ છેલ્લા રામ રામ! પૂજ્ય પવિત્ર અને મનુષ્યોમાં અતિ શ્રેષ્ઠ ભાઇ, રામ રામ! હવે શું આપણે પરમાત્મા હજુર પાછાં ભેગાં થઇશું? મને પૂર્ણ વિશ્વાસ છે કે થઇશું! પરંતુ તે સમય નહિ આવે ત્યાંસુધી એક ઘણી નમ્ર વિનતિ ધ્યાનમાં લઈ તારી કમળીના રામ રામ સ્વીકારજે! હે પ્રેમી જીવ, ધર્માસ્થાને લીધે પ્રેમનો બદલો ન વાળી શકનાર અભાગી અબળાના છેલ્લા રામ રામ!　　　　　　　　　　　　　　　કમળી.”

આ પત્ર લખ્યા પછી કમળીએ પોતા પાસે પડેલું આરસેનિક લીધું, પણ તે લેવાનો સમય આવે તેટલામાં જ તેનું હૃદય સ્તબ્ધ થઇ બંધ પડવાથી તેનો પાત્ર આત્મા નિરાશાના દુઃખથી નીકળી ગયો, જે પછી મોતીલાલના આત્માએ પણ પ્રયાણ કીધું.

આ પત્ર વાંચી ખરેખરું કારણ, આ બંનેના મૃત્યુમાં શું હતું તે જોવામાં આવ્યું. કિશોર ઘણો દિલગીર થયો, કેમકે કમળી ને મોતીલાલ બંને એને પ્રાણથી અધિક હતાં. તેણે ડોકું નીચે નાખી દીધું, પણ એટલામાં ગંગા આવી, તેને સાવધ કરી હાથમાંના પત્રો વાંચ્યા. તે ઘણી દિલગીર થઈ, અને પોતાની મોટી બહેનને માટે ઘણો જ વિલાપ કર્યો.

## પ્રકરણ ૨૯ મું

### તારી

સંસારમાં અનેક પ્રકારની દુગ્ધા છે, ને તેમાં પડતો ઉપરાચાપરી મારો સહન થાય તેવો કવચિત્ જ હોય છે. સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ. અસ્તનો ઉદય અને ઉદયનો અસ્ત. દુનિયાની ઘ-માળા ફર્યા જ કરે છે. નાયિકા ગંગા એક અતિ ઉત્તમ સુંદરી છે–તેના સદ્‌ગુણોનું વર્ણન કોણ કરી શકે તેમ છે? તે પ્રેમમાં પૂરી છે, નીતિમાં દૃઢ છે, વિવેકમાં ચતુર છે, મર્યાદામાં મહાદેવી છે, ગૃહકાર્યમાં ગુણવતી છે, કિશોરલાલ ને ગંગાનું જોડું ઘણું સુખી ને લોકોને ઈર્ષા આપે તેવું છે, પણ તેમનાપર પડતી વિડંબનાઓ નહિ સહન થવાથી બંને જણાં ઘણાં હીજરાઈ ગયાં છે. કોઈપણ તનનું સાથી દિલાસો આપવા જોગ પાસે નથી, ને શોક–ફિકરથી બંને જણાં શરીરે નબળાં થઈ પડ્યાં છે. તેમાં કર્મધર્મ જોગે સૌથી નાની બહેન મણીપર પણ કમનસીબ દૈવે કોપ કીધો, તેથી તે હમણાં વિધવાવસ્થામાં કિશોરના ઘરમાં આવી છે. તેનાં સાસરિયાં ઘણાં કપાતર નીકળ્યાં હતાં, ને તેના ધણીના મરણ પછી તો બાપડીને ઘણી સંતાપવા લાગ્યાં. અનેક પ્રકારનાં મહેણાં ટુંણાં મારતાં હતાં. "એ તો કપગલાંની આવી તે રાંડે મારા દીકરાને ખાધો." "એ તો ચપ્પટ પગલાંની છે તે ચપ્પટ કરશે;" "રાંડો ભણી ગણીને હવે તાયફાનો ધંધો કરનારીઓ છે તેને ધણીનું મોઢું કેમ ગમે, ને પરમેશ્વર પણ તેવું જ કરે તો!" એમ ભાતભાતનાં ને વિવિધનાં મેહેણાં ઓઠાં ને

દામડાં સાસુ ને નણંદ મારતી હતી, તે આ બાપડીથી સહેવાયાં નહિ, ને તે હકીકત કિશોરના જાણવામાં આવતાં પોતા પાસે તેડાવી લીધી. તેણે કોઇપણ રીતે પોતાની નાની બહેનને સુખ આપવામાં કસર રાખી નહિ, ને ગંગાએ તો એવો જ જાણે નિયમ લીધો હોયની કે મણી બહેનને પૂછવા વગર પગલું ભરવું નહિ—તેમ વર્તતી હતી. મણીએ ઘણી સારી રીતે વિદ્યાભ્યાસ કીધો હતો, તેથી તે બારે પહોર ને બત્રીસે ઘડી ભણવા ગણવામાં તથા "ભગવદ્ગીતા"નો પાઠ કરવા તથા સતીગીતાદિ વાંચવામાં પોતાનો કાળ ગાળતી હતી.

તુળજાગવરી ને કેશવલાલ અમદાવાદમાં હતાં. વેણીલાલ સૂરતમાં નોકરી કરતો હતો. કુટુંબનું કામ યથાયોગ્ય વ્યવસ્થામાં ચાલતું હતું ને સઘળે સુખશાંતિ હતી. ત્રણે ભાઇઓને અન્યોન્ય સારો બનાવ હતો ને હવે ત્રણે વહુવારુને પણ સારી રીતે બનતું હતું. લલિતાબાઇના મુઆ પછી વેણીગવરી ને વેણીલાલ સુધરી ગયાં હતાં. તેઓ ગંગા તથા કિશોરલાલની ઘણી આમન્યા રાખતાં, એટલું જ નહિ પણ કેશવલાલ તથા તુળજાગવરી પણ તેમના તરફ ઘણી મમતાથી વર્તતાં હતાં. ક્વચિત્ ગંગા–કિશોર ને ક્વચિત્ વેણીલાલ, કેશવલાલ પરસ્પર મળવા આવતાં જતાં હતાં. કિશોરલાલનો વખત ધીમે ધીમે સારી રીતે જવા લાગ્યો. વખત વીતતો ગયો, તેમ તેમ શોક–દુઃખ ઓછાં થવા માંડ્યાં. કમળાના મરણથી ગંગા–કિશોરને બીજા કરતાં ઘણું લાગ્યું, પણ તે ધીમે ધીમે ઓછું થયું. પાછો કોરટનો ધંધો અચ્છી રીતે ચલાવવા લાગ્યો, ને હાઇકોર્ટમાં ઉપરાચાપરી કેસો કિશોરને મળવા લાગ્યા, ને તે સઘળામાં એની પ્રતિષ્ઠા ઘણી વધી. પાંચ પૈસા તેણે પેદા કરી લીધા, ને જે ઘરમાં એ રહેતો હતો, તે ઘર પોતાની મિલકત થાત, પણ ગંગાએ તેમ કરવાને ના પાડવાથી તેણે સારી રીતે પૈસા એકઠા કીધા. સર્વે વાતે કુટુંબ પાછું સુખી અવસ્થામાં હતું.

તારાગવરી હમણાં પાંચ વરસની છે. તે ઘરમાં દોડાદોડ કરી મૂકે છે, ને વાડામાં, આગલા બગીચામાં કે ફુવારા નજીક પોતાની મેળે એકલી આવજાવ કરવાને શક્તિમતી છે. તેનું કાલું કાલું બોલવું તથા નાની નાની કવિતાઓનું મોઢે કરવું, ને ગાવું ને રમવું એ સઘળાથી ગંગા—કિશોર ઘણા આનંદમાં દિવસ નિર્ગમન કરતાં હતાં. તારી ઘણી ચાલાક હતી. તે ચંચળ તેમ જ સઘળું ધ્યાનમાં રાખી શકે તેવી હતી, તે સાથે ઉછાંછળી નહિ પણ ઠંડી હતી. પોતાની પ્યારી મેના સાથે તે ઘણી ગમ્મત કરતી હતી, ને જો તારી બહાર હવા ખાવા ગઈ હોય તો મેના ઘરમાં બૂમાબૂમ પાડી મૂકતી હતી. આ રીતે કિશોરલાલનું ઘર પાછું આનંદભવન થઇ રહ્યું હતું.

પણ એટલામાં એક ઘણો ભયંકર બનાવ પાછો કુટુંબમાં બન્યો. ગંગા કદીપણ આળસુ નહોતી અથવા તે કદીપણ દિવસની નિદ્રા લેતી નહોતી. સદા જ તે ઉદ્યોગી હતી. તે પોતાનું સઘળું ઘરકામ ચોક્કસ રાખતી હતી. વૈશાખ માસમાં એક દિવસે ઘણો ઉકળાટ થવાથી તે સહજ ઉંઘમાં પડી હતી. ચાકરો કામકાજમાં ગુંથાયા હતા; ને તારી બગીચામાં રમતી હતી.

ગંગા અર્ધો કલાક ઉંઘી નહિ ઉંઘી, તેવામાં જાગ્રત થઇને તારીને નહિ જોવાથી ગાભરી ગાભરી બૂમ પાડવા લાગી. 'તારી, તારી' એમ ઘણી બૂમ પાડી, પણ તારીએ કશો પણ જવાબ દીધો નહિ. તરત તેણે બહાર આવીને ચાકરોને પૂછ્યું કે, "તારી કયાં છે?" તેમણે કહ્યું કે ઘરમાં જ છે, પણ ઘરમાં ઘણીએ શોધી છતાં તારી દેખાઇ નહિ. તારી ગઇ કયાં, એ સવાલ થતાં જ સઘળા ચાકરો કામકાજ પડતું મૂકી દોડ્યા, પણ આસપાસનાં ઘરોમાં કે રસ્તાપર અથવા કોઇપણ ખૂણે ચામાં તારી નહોતી. ગંગા ઘણી અધીરી બની ગઇ, એટલું જ નહિ પણ ઘણી ગભરાઈ, ને ઘરના સઘળા ઓરડાઓમાં તે ફરી વળી ને "તારી" ઘણી પોકારી, પણ કોઇપણ સ્થળથી તારીનો જવાબ મળ્યો નહિ.

એટલામાં તરત જ મેનાનું પાંજરું જે બગીચાના ઓટલાપર હતું તે ખુલ્લું રહી ગયાથી મેના પાંજરામાંથી બહાર નીકળી ને વાડીમાંના ફુવારા પાસે જઇને ઘણી બૂમો મારવા લાગી, તે ઉડે, દોડે, પાંજરા-પર બેસે, હોજ તરફ જાય, એમ કળાહોળ કરી મૂક્યું. પહેલે તો ગભરાટમાં કોઇની નજર તેના તરફ પડી નહિ. ગંગાને કશું સૂઝે જ નહિ. ઘરમાં ચાકરો શિવાય બીજો કોઇ પુરુષ નહોતો. ઘણો વખત થયો એટલે ગંગાથી ધીરજ રખાઇ નહિ તેથી તે રડી પડી. ઘરમાં ગભરાટ થવાથી ને ગંગાને રડતી સાંભળી પડોસમાંનાં બૈરાં છોકરાંઓ દોડી આવ્યાં. તેવામાં મેનાના આક્રંદ તરફ સર્વની નજર ગઇ, ને હોજ તરફ દોડ્યાં, તો તારી તેમાં શબવત્ પડેલી જણાઇ. ઘરનો ભટ હોજમાં કૂદી પડ્યો, ને હાથમાં એક રમકડું—એક મૂર્ત્તિ—એક કુદરતે ઘડેલી પૂતળી લઇને ભટ પાણીમાંથી બહાર આવ્યો. તારીના ગુલાબી ગાલ, હસતો ચહેરો, હરણી જેવી નિર્મળ આંખ, દાડમબીજ જેવા દાંત, ને પાકા ટીંડોરા જેવા હોઠ જોઇને સર્વે પહેલે તો ખુશી થયાં, પણ જેવાં પાસે જઇને જોય છે તેવું એક કાષ્ઠનું પૂતળું જોવામાં આવ્યું! ગંગાએ કારમી ચીસ નાંખી, ને તરત મૂર્છા ખાઇને પડી.

મળેલા લોકો ને ચાકરોએ હવે તારી તરફ કશી પણ કાળજી બતાવી નહિ, કેમકે તેમાં હવે કંઇજ હતું જ નહિ—પણ ગંગાને મૂર્છામાંથી સાવધ કરવાને મંડ્યા, તેના મોંપર પાણી છાંટ્યું ને વાયુ ઢોળવા માંડ્યા. થોડાક ઉપચાર પછી તે શુદ્ધિમાં આવી. પોતાના ખોળામાં તારીને [illegible]ઇને તે અત્યંત વિલાપ કરવા લાગી. તે તારીને ચુંબન લેવા લાગી [illegible] રડવાને મંડી પડી. “મારી બાપુડી,” “મારી લાડકી,” “મારી હરણી” [illegible] રીતે ઘણો વિલાપ કીધો, ને પોતાના ખોળામાં જ પોતાની વહાલી [illegible]રીને લઇને તે અડગ બેસી રહી, તરત ડાકટરને બોલાવવામાં [illegible]ાવ્યો, પણ જ્યાં ખાલી પૂતળું પડેલું છે—જ્યાં કાષ્ઠવત્ શરીર થઈ [illegible]ડેલું છે ત્યાં તે શો ઉપાય કરે? ગંગાનો આ વેળાનો વિલાપ, આક્રંદ

અને અશ્રુનું પડવું એવું તો કારી હતું કે, કોઇનું પણ હૃદય ભેદાઇ ગયા વિના રહે નહિ. ગંગા પોતાના ખોળામાંથી તારીને કેમે કરી મૂકે નહિ. પણ અંતે રસોઇયાએ તેના ખોળામાંથી ખેંચી લીધી ને ઘરમાં લઇ ગયો. પછી રીત પ્રમાણે એ મનોમોહક રમકડાંને જમીનપર લાંબું છટ સુવાર્યું. અહા! શી કુદરતે ઘડેલી આરસની પૂતળી! નાજુક રમકડું! જાણે તેના ગાલ હસતા જ રહી ગયા છે! તે ગૌરી! સુંદર પૂતળી! જાણે હમણાં બોલશે એમ આંખ મીચીને પડેલી છે!

આમ રડારોળ ચાલે છે તેવામાં કિશોર આવી પહોંચ્યો. ગંગાને અત્યંત અશ્રુપાત કરતી જોઇ તે સ્તબ્ધ થઇ ગયો. તેનાથી બોલાય નહિ, ચલાય નહિ, ને શું થયું ને શું છે તેટલું પૂછવાની પણ શક્તિ ન રહી. તે કેટલોક વખત તો બારણામાં સ્તંભ માફક ઉભો રહ્યો, પણ જ્યારે તેની નજર તરીના ભોંયપર પડેલા શબ તરફ પડી, ત્યારે "શું મારી તારી ગઇ, હાય!" એવો ઘણો ઉંડો નિઃશ્વાસ મૂકતો તે પાસેના બાંક ઉપર પડ્યો, પહેલે ગંગા ઘણું રડી, પણ પછી તેનાથી નહિ બોલાયું કે રડાયું. કિશોર ઘણો સમજુ, જ્ઞાની ને વિવેકી છતાં એટલું તો રડ્યો કે તેના કોર્ટના બીજા વકીલ મિત્રો તેને ધીરજ આપી શકવે અશક્ત બન્યા. તારીપર કિશોરનો અત્યંત પ્રેમ હતો, ને તે એવું તો હાલતું ચાલતું રમકડું હતું કે, કોઇને પણ મોહ ઉપજાવ્યા વિના રહે નહિ.

તારી કે જેને જરાપણ ઇજા થતી તો કિશોર ટળવળતો હતો, જેનો મોહક શબ્દ સાંભળી કિશોરને આનંદ થતો તે ત્રિભુવનમાં સમાય નહિ તેવો હતો, તેજ તારીને તેના પિતાએ ધ્રૂજતે હાથે-'અરે હજી જીવ તો નહિ રહ્યો હોય, બોલશે તો નહિ' એવો સંશય છતાં સ્મશ ભેળી કીધી, તે કહેવાની હવે કંઇ જરૂર છે ખરી?

* * * *

ઘરમાં એક કોચપર કિશોર પડેલો છે, ને બીજી તરફ ગંગા બેઠી છે. આજે કોઇ એમ કહેનાર નથી, કે "બાપુજી તમે શું લાવ્યા?" "મને ચલી અપાવોની," "મેના, મેના હવે તું સૂઇ જા," એવો શો

શબ્દ સંભળાતો નથી. કોઇ આવીને એવી ફરીયાદ કરતું નથી કે "મને રામો ખાવાનું નથી આપતો." કે નથી એવો ગીતનો નાદ સંભળાતો કે "રૂપાળી પોળીઓ મને શીખવો." માત્ર ઓરડામાં એક ઝાંખો દીવો બળતો હતો, ને એકેક ખૂણે આ શોકગ્રસ્ત દંપતી દુ:ખસાગરમાં ડૂબતાં અશ્રુપાત કરતાં હતાં. તારીને માટે મણીએ વાળ પીંખી નાખ્યા, ને રામાએ ઘણો કલ્પાંત કીધો, પણ આ બન્નેએ તેવું કંઇ જ કીધું નહિ. તેમના અંતરના ઉંડામાં ઉંડા ભાગમાં જે કારી ઘા વાગ્યો, તે કદી રુઝાવા પામ્યો જ નહિ. મેનાએ આ વેળાએ જે કલ્લાબકોર કરી મૂક્યો, તેનું તો કહેવું જ શું! તે ઘરના ખૂણે ખૂણામાં ઉડે ને બૂમો મારે ને તેના આક્રંદ સાથે માથું ભોંય સાથે અફાળે! એવો તે પક્ષીનો પોકાર જોઇને તથા "ઓ તારી, ઓ તારી," એ સાંભળીને કોઇનું પણ હૃદય ભેદાયા વગર રહે તેમ નહોતું.

તારી કેમ હોજમાં પડી ગઇ? તે બગીચામાં ફરતી ફરતી પોતાના હાથમાંની સ્ટીમર પાણીમાં તરાવાને ગઇ. થોડીવાર આમ તેમ ફેરવ્યા પછી સ્ટીમરમાં પાણી ભરાયું ને તે હોજને તળીયે બેઠી. તારી તે લેવાને હોજની પાળપર ટીંગાઇ ને ઉથલી પડી. હોજ ઉંડો હતો એટલે એ બાળકનું શું ગજું? તે બૂડતાં બૂડતાં રડી, પણ અગાડી ઓટલાપર કોઈ હતું નહિ, એટલે સાંભળે પણ કોણ?

---

## પ્રકરણ ૩૦ મું

### ગંગા

મનુષ્ય પ્રાણીની વર્તણુકનું બંધારણ એવા વિચિત્ર પ્રકારનું છે કે, તે જેમ જેમ સુખ માટે શ્રમ કરે છે તેમ તેમ દુ:ખ હાજરાહજુર આવી ઉભું રહે છે!! કાં તો સુખની કીમત સમજવાને દુ:ખ મોકલવામાં આવે છે, અથવા તો ઈશ્વરને ભૂલી નહિ જાય તે માટે તેને પ્રેરણા કરવામાં આવે છે. ગમે તેમ હોય, તોપણ દુ:ખ તે અંતે દુ:ખ જ—તે

સુખ નહિ—આનંદ નહિ—મૌજ નહિ–પણ દુઃખ દુઃખ ને દુઃખ ! તથાપિ ગમે તેવું દુઃખ હોય છે તે સમયે વિસારે પડે છે. પ્રાણપતિ સ્વામીના મૃત્યુ ટાણે તેની વહાલામાં વહાલી સ્ત્રી પોતાના કેશ ચૂંટે છે, શૃંગારનો ત્યાગ કરે છે, માથામાં રક્ષા ઘાલે છે, શરીર લોહીલુહાણ કરી મૂકે છે ને છેલ્લે સતીપણાને પણ પામે છે ! પોતાની પ્રેમવતી સુલક્ષણી સ્ત્રીના મરણથી પુરુષ અશ્રાંત કલ્પાંત કરે છે; તે ગઇ એટલે સર્વ સંસાર ધૂળ થયો, એમ માની વૈરાગ્ય પ્રાપ્ત થાય છે ! એકનો એક રળતો ખપતો લોકપ્રસિદ્ધ પુત્ર, વળી તે સાથે કાજગરો ને માબાપને શ્વાસપ્રાણ સમાન હોય તેના મરણ વખતે માતપિતા પોતાનું મોત હાથે કરીને માગી લે છે, ને જીવવું ઝેર સમાન ગણે છે. પણ જેમ જેમ વખત વીતતો જાય છે તેમ તેમ સઘળી વાત વીસરી જવામાં આવે છે. આ મનુષ્યસ્વભાવ જ છે. એ શા, કેવા હેતુથી પ્રભુએ ઘડેલો છે, તેમાં લાભ છે કે અલાભ, તેનો નિર્ણય કોણ કરી શકશે ?

ગંગા ને કિશોરલાલને તારાગવરીના મરણનો ઘણો કારી ઘા લાગ્યો; કેમકે તેમની તે એકની એક લાડકી દીકરી હતી; ઘણો સમય શોક કીધો; પણ વખત ગયો તેમ તે ઓછો થતો ગયો. કિશોરનું મન ઘણો સમય અસ્વસ્થ રહેતું હતું. હવે સંધ્યાકાળે એ ઘરમાં કંઇ જ કકળાણ જેવું હતું નહિ, તેમ કોઇ સંધ્યાકાળે હવા ખાવા જનાર પણ નહિ હતું, સુંદર સ્વર પણ સંભળાતો નહોતો, ને ગંગા પાસે જઇને એમ પણ કોઇ કહેનાર નહોતું કે, 'બાપુજી ક્યારે આવશે !' સઘળું સૂનકાર જેવું હતું.

ગંગાએ તારીનાં સઘળાં રમકડાં ને વાસણકુસણ ભાંગી તોડીને ફેંકી દીધાં, કે જેમ બને તેમ તે ઓછી યાદ આવે. છતાં તેના હૈયામાંથી કદી પણ તારી વિસરતી નથી. તેની સામાં જ તે સદા રમ્યા કરતી હોય તેમ જણાતું. તેમાં જ્યારે તેનાં વસ્ત્રો તથા રમકડાં જોતી હતી ત્યારે અત્યંત કલ્પાંત કરતી હતી. ગંગાની તબીયત અત્યંત શોકને

લીધે બગડતી ગઇ, ને તે શાણી સદ્દગુણી સુંદરીને માટે કિશોરને ઘણી ફિકર થઇ પડી. હવા ફેરફાર કરવાને બીજી જગ્યાએ લઇ જવાને કિશોર ઘણો ઇંતેઝાર હતો, પરંતુ તેને કંઇ પણ રુચતું નહોતું. ચોમાસું ઉતર્યાં પછી માથેરાન તેને લઇ જવામાં આવી. અત્રેનાં હવા પાણી માફક આવ્યાં ને કુદરતના દેખાવો ઘણા રમણીય થઈ પડ્યા. તે જોવા ને અવલોકન કરવામાં ઘણો ખરો શોક ઓછો થતો ગયો. મણી પણ સઘળો સાથે હતી, ને તે પોતાની ભાભીની સંભાળમાં પૂરતી કાળજી રાખતી હતી. માથેરાનથી પાછા ફર્યાં પછી ઘરની વ્યવસ્થા જેમ હતી તેમ ચાલવા લાગી. પણ જે મન એકવાર ચૂર્ણ થઇ ગયું હતું, તે શું શાંત થવા પામ્યું હતું ?

કિશોર તો પાછો સ્વસ્થ થઇને પોતાના કામકાજમાં મંડ્યો, પણ તેવામાં ગંગા પાછી માંદી પડી. કિશોરને પોતાને ધંધે લાગવાનું ચિત્ત ચોંટયું નહિ, તે સઘળો જ વખત ગંગા પાસે બેસી રહેતો હતો. નિપુણમાં નિપુણ ડાકટરોનું ઔષધ જારી કીધું, પણ કેટલોક વખત કશો આરામ થયો નહિ. ગંગાએ ઘણા આગ્રહપૂર્વક જણાવ્યું કે, હવે ધંધે લાગવામાં હરકત નથી, પણ કિશોરને ઘર બહાર પગ મૂકવાને હિમત જ થતી નહિ. ઘણા ઉપચારે ગંગાને આરામ થયો ખરો, પણ તે જોઇએ તેવી હોશિયાર થઇ નહિ.

"હું ધારું છું કે હવે મારું શરીર સારું છે." ગંગાએ એક પ્રભાતમાં કિશોરને કહ્યું.

"હા દેખીતું તો તેમ છે ખરું, પણ તારી મનની આરોગ્યતા સુધરી નથી ત્યાં સુધી કદી પણ મારાથી બહાર જવાય તેમ નથી." કિશોરે જવાબ વાળ્યો.

"પણ તમે તમારું કોર્ટનું કામ કરશો તો કશી હરકત નથી. ધીમે ધીમે શરીર શક્તિ પણ આવશે, ને મન પણ સુધરશે. તમે મારા માટે ચિંતા ન રાખો. જુઓની મારે માટે ભાઇજી તથા ભાભીજી પણ

આવ્યાં છે, ને આજે દીયરજી અને તેમનાં ધણીયાણી આવશે. તે સઘળાં છે, એટલે કશી હરકત નથી. મને આનંદ પણ મળશે ને તમને હરકત પણ નડશે નહિ. હમણાં તમારું મોઢું સદા જ કરમાયલું જોઉં છું, ને તેનું કારણ એ જ કે પૈસાની તાણ છે; પણ વળી તે માટે તમે ફિકર કીધી ? આ જે છે તે કોનું છે ? કાલે કામપર મંડશો તો પૈસા જ પૈસા !"

બેશક આવી માંદગીમાં પણ ગંગાની કાળજી જોઇને કિશોરને ઘણું લાગી આવે, તેમાં આશ્ચર્ય શું છે ? કેશવલાલ ને તુળજાગવરી તથા બીજાં પણ કુટુંબનાં સર્વ માણસો આવી પહોંચ્યાં હતાં; એટલે પછી કિશોરને કામપર જવાને હરકત નહોતી. ગંગાની છાતીમાં ઘણું દુઃખ થતું હતું, ને તે જ્યારે થતું ત્યારે નહિ ખમાય તેવું હતું. પણ જ્યારે તે પાછી શુદ્ધિમાં આવતી ત્યારે ઘરકામની સઘળી સંભાળ રાખતી હતી. કોઇને કંઇપણ ઓછું પડે નહિ, પોતાને માટે કોઈ પણ દુઃખી થાય નહિ તે માટે પૂરતી કાળજી રાખતી હતી. સૌને રાજી રાખવાને તે ઘણી ખંતીલી હતી. ચાકરોને પણ ઘણો શ્રમ પડે નહિ તે પણ તપાસતી હતી. ઘરમાં શું છે ને શું નથી, તેપર નજર રાખતી હતી.

આવી વિનયવંત સદ્‌ગુણી ગંગાના મંદવાડમાં, જેમને તે પ્રેમથી બોલાવે છે તેઓ તેની બરદાસ્ત કરવામાં કશી પણ બેકાળજી રાખે ખરાં કે ? નહિ જ. કેમકે એવું કોઇ જ નહોતું કે જેનાપર ગંગાએ વહાલ બતાવ્યું નહિ હોય, ને એવું પણ કોઈ નહિ હોય કે જે એના ઉપકારમાં ચંપાયલું નહિ હોય. પડોસના મિત્રો પણ તેના ઋણુદાર હતા, કેમકે દરેક બારીક પ્રસંગે સઘળાંની એ બરદાસ્ત લેતી હતી, તેથી તે સઘળાં તો રાત્રિના બાર વાગ્યા સૂધી બેસી રહેતાં હતાં. જો કે ગંગાને પીડા ઘણી થતી હતી ને થાન પાકવાથી તેની અનિવાર્ય વેદનાથી એ પીડાતી હતી, તથાપિ જ્યારે કોઇપણ મિત્રના ઘરનાં મળવા આવે ત્યારે બહુ જ પ્રેમાળ વદનથી તેમનો આદરસત્કાર કરતી હતી; તેની ખૂબસૂરતી આ માંદગીમાં ઘણી ઝળકતી હતી; તેના વિનયે સર્વને

વશ કીધાં હતાં; તેના લાવણ્યે સૌને મોહ ઉપજાવ્યો હતો ને તેના સદ્ગુણે સર્વને આંજી નાખ્યાં હતાં. તેની ધીરજની તો એ માંદગી કસોટી હતી. આ વેળા તેનાં વહાલ-મમતાનો તો નમૂનો હતો; તેની કાળજી માટે તો કશું બોલાય તેમ જ નથી. ગંગા જ્યારે જ્યારે વેદનાથી પીડિત થઇને, તે સહન ન થવાથી અશ્રુપાત કરતી, ત્યારે ત્યારે દાસીઓ તથા ચાકરો પણ રડતાં હતાં. જો કે કોઇપણ ચાકર નફરથી પાસે આવી શકાતું નહિ, પણ ખૂણેખાંચરે આંસુ પાડતા જણાતા હતા. આટલી બધી મમતા ઘણા જ થોડા કુટુંબમાં ચાકરોને હોય છે. કદી આ અશ્રુ નાખતા ચાકરપર ગંગાની નજર પડતી તો પાસે બોલાવી ઘણી ધીરજ આપતી, ને કહેતી કે-"કેમ, હું જ એક માંદી પડી છું કે ? ગામમાં હજારો જણ માંદાં પડે છે, ને તે સારાં થાય છે. તેમાં છે શું ? ભાઇ રડ ના ! કાલે હું સારી પણ થઇશ." એમ દિલાસો આપી તેને શોક કરતો અટકાવતી હતી. વખતે કિશોર એકલો બેઠો હોય ને તે સજળ નેત્રનો થતો તો પછી એ ઘણી ઘાડી ધીરજ ધરીને ગમે તેવી વેદના છતાં બેઠી થઇ ધીરજ આપતી હતી. તેનાં અશ્રુને લૂછી નાખતી, ને કહેતી કે, "કદી ધારો કે ઇશ્વરેચ્છાથી મારું મોત થયું-એ સૌભાગ્ય મારા નસીબમાં કયાંથી-તો ધીરજ વગર તમારો ઇલાજ જ શો છે ? આમ પોચું ને ઢીલું હૃદય કરવામાં ઉલટી હાંસી થશે. પણ મને સંપૂર્ણ આશા છે કે, ત્રણ ચાર દિવસથી હું વધારે પીડા ભોગવવાની નથી." આમ ધીરજ આપી સર્વ પ્રકારે તેને એવો તો શાંત પાડતી કે, કંઇપણ બોલવાનું રહેતું જ નહિ.

અને ગરીબ રામો ! તે બાર વરસ થયાં કિશોરની નોકરીમાં હતો, નિમકહલાલ નોકર ! જ્યારથી ગંગા માંદી પડી ત્યારથી તેણે તો અન્ન પાણી તજ્યાં હોય તેમ જ જણાતું હતું. તે શરીરથી નખાઇ ગયો. ડાકટરને ત્યાં પણ તે, ઔષધ તૈયાર કરવામાં પણ તે જ, બરફ કે મેવો લાવવામાં તે તૈયાર. એ કયારે ઉંઘતો હતો તે પણ કોઇ જાણતું

ન હોતું. 'રામા' કરીને બૂમ મારી કે 'જી સાહેબ' એમ જવાબ દેતો કે આવીને ઉભો રહેતો હતો. તારીપર તેની ઘણી મમતા હતી, ને તે અકસ્માત્ મરણ પામી ત્યારથી તે છેક જ શરીરે ઘોળો પુણી જેવો થઇ ગયો હતો; તો જો કે કામકાજ કરતો હતો, પણ તારીના મુવા પછી ઘણો બેદરકાર થઇ ગયો. તેનું પારણું ને રમકડાં જે બે ત્રણેક પાસે રાખી મૂક્યાં હતાં તે જોતો ને રડતો ને કલ્પાંત કરતો, ને તે એટલે સૂધી કે વખતે કિશોર ગંગા તેને ધમકાવતાં હતાં. કદી ખાતો ને કદી નકોરડો ખેંચી કાઢતો હતો; અને જ્યારે ગંગા એકલી પડતી ત્યારે કશો જવાબ નહિ દેતાં જારબેજાર રડતો હતો. ગંગાની માંદગી ઘણો લાંબો સમય પહોંચી, પણ રામાએ કંટાળો બતાવ્યો નહિ, કે કદીપણ કામ કરવામાં વિલંબ કીધો નહિ.

સાત માસની માંદગી ભોગવ્યા પછી ગંગા સારી થઈ, પણ કિશોરલાલને શરીર ને પૈસા બંને તરફથી હેરાનગતિ થઇ. વકીલોને તો પોતાના અસીલોનું ઘણું તપાસવાનું હોય છે, ને તેમાં વારંવાર પડતા વિક્ષેપથી એના ઘણાખરા ગ્રાહકો બીજા વકીલ પાસે ચાલ્યા ગયા. જે કામ હાથમાં લીધાં હતાં તે બરાબર સચવાતાં નહિ ને મન'ધ્યાન અપાતું નહિ. એકાદ બે જૂના કામમાં બરાબર લક્ષ નહિ અપાયું તેથી બીજાં નવાં કામો આવતાં વિલંબ થયો. આટલું છતાં એ બાબતનું એને કશું દુઃખ થયું નહિ; કેમકે ગંગા માંદગીમાંથી ઉઠી તે એને મોટો અઢળક લાભ થયો હતો. આ માંદગી કંઇ જેવી તેવી નહોતી, ને તેથી પોતે ઇશ્વરનો ઉપકાર માન્યો.

ડાકટરોએ તરત જ સલાહ આપી કે ગંગાએ પાછું હવા ફેર કરવા જવું. જો કે નવા ખરચમાં ઉતરવાને ગંગા નારાજ હતી, પણ કિશોર કંઇપણ ધ્યાનમાં નહિ લેતાં એકદમ માથેરાન જવાને તૈયાર થયો. પાસે પૈસા નહોતા, પણ જે કંઇ પ્રોમીસરી નોટો હતી તે વેચી નાખી તથા કેટલુંક જવાહીર પણ વેચી નાખ્યું. તેઓ જવાને તૈયાર

હતાં તેટલામાં ગંગાનો પિતા તેની ત્રીજીવાર ખબર લેવાને આવ્યો હતો, ને તેણે એક હજારની નોટ ગંગાને વાપરવાને આપી. આ નોટો ગંગાએ તરત કિશોરના હાથમાં મૂકી દીધી ને કેટલોક સામાન વેચતો અટકાવ્યો. ઘરમાં ઘણા નોકરો હતા તેમાંથી ત્રણેકને રજા આપી. જો કે તેઓ વગર પગારે રહેવાને ખુશી હતા, પણ કિશોરને તેમ કરવું ગમ્યું નહિ. હાલમાં જ્યારે પૈસાની તાણ હતી ત્યારે દમામ રાખવો, એ તેમને યોગ્ય લાગ્યું નહિ. માત્ર રામો, એક દાસી ને ભટને જ જોડે લીધાં. જે દિવસે ગંગા ને કિશોર જવાને નીકળ્યાં, તે દિવસે ઘરમાં પાડપડોસી ભરાઇ ગયાં હતાં. સઘળાની આંખમાં આંસુ આવી રહ્યાં. ગંગા પણ સજળ નેત્રે સર્વને જોતી હતી; તે બોલવાને હિંમત કરી શકી નહિ, પણ સાન કરીને પોતાના ચાકરોને બોલાવી કેટલુંક ઇનામ આપવા માંડયું, પણ કોઇપણ ચાકરે તે લેવાને હાથ લંબાવ્યો નહિ. સૌ રડવા લાગ્યાં. "અમને શું તમે આવીને પાછાં નહિ બોલાવો?" એમ દરેક જણ પૂછવા લાગ્યાં. સઘળાને દિલાસો આપ્યો. વેણીગવરી સુરત જવાને રાજી નહોતી, મણીને જરા પણ ગમતું નહોતું, તુળજાગવરી પણ મંદમંદ રડવા લાગી. આમ ઘરમાં એક શોકકારક દેખાવ થઇ પડ્યો હતો; જો કે માથેરાન કંઇ આઘી જગ્યા નહોતી, તોપણ ગંગાને છોડીને જવાને કોઇને પણ ગમ્યું નહિ.

અંતે સર્વ મળી ભેટી, જાણે કે નમસ્કાર કરી, સર્વનો ઉપકાર માની ગંગા ગાડીમાં બેઠી ને પોતાની પડોસી દક્ષિણ મૈત્રિણી કે એમના—ધણીના—મિત્રની ધણિયાણી સર્વેને સરખા વહાલથી મળી તેણે અગાડી ચાલવા માંડયું. સઘળાંઓ તે ગઇ ત્યાં સૂધી તેની ગાડીને જોઇ રહ્યાં. 'આવજો, વહેલાં આવજો, કાગળ લખજો,' એવા શબ્દો સંભળાયા ત્યાં સૂધી સૌને જવાબ દીધો. સઘળા સ્નેહીઓએ જ્યાં સૂધી રજ ઉડતી દેખાઇ ત્યાં સૂધી નજર કીધી, ને પછી આપણી પડોસમાંથી એક અમૂલ્ય રત્ન ગયું એમ બોલતાં શોક ભરેલે ચહેરે સઘળાં વિખરાઇ ગયાં.

વેણીગવરી અને તુળજાગવરી બંને પાછાં સુરત ગયાં ને તેઓ પોતાની ખટપટમાં પડ્યાં. અહીં ગંગાને માથેરાન માફક આવ્યું નહિ. ડાકટરોએ તેની તબીયત માટે ઘણો ભય બતાવ્યો ને એમ જ જણાવ્યું કે બેહતર છે કે તેમણે પૂના જઇને રહેવું. તે પ્રમાણે તત્કાળ કરવામાં આવ્યું. કિશોરે પૂનામાં વકીલાત કરવાની સનંદ લીધી હતી, એટલે એને કશી અડચણ પડી નહિ. પૂના શહેર માફક આવ્યું ને ત્યાં ગંગાની તબીયત સુધરી. સહજમાં તે પૂરતી આરોગ્ય થઇ.

---

## પ્રકરણ ૩૧ મું

### કરમાયલું કુસુમ

મૂળામુઠા નદીના સંગમ આગળ એક સુંદર બંગલામાં કિશોરલાલ ને ગુણવંતી ગંગા આવીને રહ્યાં છે. પગ નીચેથી મૂળામુઠા વહી જાય છે. ઉપર એક ઘણો રમણીય બગીચો છે, અત્રે વસ્યાને ત્રણ મહિના પૂરા થઈ ગયા છે, ને ચોથો માસ ચાલૂ છે. ઘણો લાંબો સમય થયાં ગંગા માંદી પડી હતી, પણ પૂનામાં આવીને વસવા પછી તેની શરીર આરોગ્યતા ઘણી જલદીથી સુધરી ગઇ છે, જેવી સુધરવાની કદી પણ આશા રાખવામાં આવી નહોતી. બંગલો, ગંગાએ પોતાની રસિકતાને યોગ્ય લીધો હતો. જ્યારે તેઓ અત્રે દાખલ થયાં ત્યારે બગીચાની હાલત ઘણી કંગાલ હતી; પણ જેમ જેમ ગંગાની શરીર શક્તિ સુધરતી ગઇ, તેમ તેમ વધારે સારી રીતે તેણે પોતાના રસને યોગ્ય બગીચાને બનાવ્યો.

પ્રભાતનો પહોર હતો ને સૂર્યનારાયણ ક્ષિતિજના ઉપર હજી ધીમે ધીમે નીકળતો હતો. ચલિયાં ચકચક કરી રહ્યાં હતાં. પનઘટપર ભક્તિમાન્ આસ્તિક સ્રીપુરુષો સ્નાન કરીને દેહ પવિત્ર કરતાં હતાં ને ઉદ્યોગી પુરુષો ઉદ્યોગે વળગ્યા હતા. ઉદ્યોગી ગંગા તે વેળાએ પોતાના નદી તટના બગીચામાં કામે વળગેલી હતી. તે હાથમાં પાણી સિંચવાનું વાસણ લઇને આમ તેમ ફરીને કુમળાં વૃક્ષોને પાણી સિંચતી હતી. એક બાજુએ

બગીચાનો માળી પોતે કામે વળગેલો હતો, બીજી બાજુએ એક ખુરસી-પર કિશોરલાલ અંગ્રેજી રોજીંદું પત્ર વાંચતો હતો, ત્રીજી બાજુએથી ઓવારાપરના લોકોના ગડબડાટનો અવાજ આવતો હતો. સામેપાર કુદરતની ખૂબી છવાઇ રહી હતી. કિનારાપર ઝાડોની હારની હાર એવી લાગી રહી હતી કે, કોઇ કોઇ સ્થળે સૂર્યનાં કિરણોનો પ્રવેશ થવો પણ મુશ્કેલ થઇ પડતો હતો. ત્યાં એક કાગડાનું જૂથ ભેગું થઇને દોડાદોડ કરી મૂકતું હતું. તેપર કિશોર દૃષ્ટિ લગાવીને વિચાર કરતો હતો કે, મનુષ્ય પ્રાણી કહે છે કે કાગડાનું આયુષ્ય મનુષ્યની સાત પેઢી જેટલું લાંબું હોય છે તે શું સાચું? કોની પાસે તેની સાબીતી છે? ગંગા મોહિની ભરેલે ચહેરે વૃક્ષોને સીધાં કરી, પાણી સિંચી પોતાના પ્રિયને જોતી હતી, ને પાછી પોતાના કામમાં વળગી પડતી હતી. બાગના કયારડાઓમાં અહીં આવ્યા પહેલાં માળીએ એક બટમોગરો રોપ્યો હતો, તેનું ગંગાએ જાતે જ જતન કીધું ને તેપર તે બહુ વહાલ રાખતી હતી. બાગને ચાર ભાગમાં વહેંચી નાખ્યો હતો, ને વચોવચ એક નાનો ફુવારો કીધો હતો. સમ-ચોરસ કયારડાઓમાં એકમાં સીસાની પાળ, બીજામાં નળિયાં, ત્રીજામાં ઇંટ ને ચોથામાં કાચની પાળો બાંધી, તેમાં વળી નાની કયારડીઓ કીધી હતી. આ વખતે આમાંની એક કયારડીમાં પાણી સિંચતી તે પોતાના વહાલા બટમોગરાને પાણી સિંચવા આવી; પણ કમનસીબે તે છોડવો તદ્દન કરમાઇને મૃત્યુ પથારીએ આવી પડ્યો હતો! આવો દેખાવ જોઇ તે એકદમ ગભરાઇ ને પોતાના મનમાં જ કંઇ અનેક તર્ક વિતર્કો આવ્યા તેથી તે ઠરી ગઇ! તત્ક્ષણે ડાબા હાથમાંનું પાણી સિંચ-વાનું વાસણ જમીનને, અને જમણા હાથની ટચલી આંગળી ગંગાના હોઠપર એકદમ જઇને અથડાઇ ને તે મનમાં બોલીઃ "રે મારો પ્રિય મોગરો ગયો; હાય! એ શું બન્યું!" આટલું બોલતાં તો તે જડભરત માફક ઠરી ગઇ; તેનાથી નહિ હલાય, નહિ ચલાય, નહિ બોલવાની શુદ્ધિ રહી, ને તે એકદમ ઘણી ગભરાટમાં પડી ગઇ!

બેશક દુઃખ શોકનો સમય ક્યારે આવવાનો છે તે કોઇ જાણી શકતું નથી! અને તેમાં કેટલોક સમય તો એવો આવી પડે છે કે જાણે તે આપણને આવી પડનારા ભયથી ચેતાવે છે. ઘણીકવાર આપણે પોતે ચેતતા નથી, પણ ઈશ્વર આપણને કંઇ ગેબી સૂચના—ભવિષ્યવાણી જણાવે છે કે 'ચેતજે માનવી, તારી પાછળનું ભય અણીપર આવી પડચું છે.' પણ મનુષ્ય ચેતતો નથી. ગર્વમાં ઘેલો બનીને પોતાને અમરતા મળેલી માને છે. ગંગા કંઇ આવી અભિમાની નહોતી, તેની ઈશ્વરપર પૂર્ણ આસ્થા હતી, તેના હૃદયમાં સદા જ તે જગત્પિતાનું સ્મરણ થયા કરતું હતું. તે છતાં પોતાના વહાલા મોગરાને ચુંથાયલો જોઇ, કંઇક નવીન જ ભય તેના મનમાં ઉપજી આવ્યો. તે ઘણી ગળગળી થઇ, ને તટસ્થ ઉભી ને ઉભી જ રહી, ને શું થશે એ ભયથી ગભરાઇ ગઇ!

તરત કિશોરલાલની તેનાપર નજર પડી. પહેલે તો પોતાની પ્રિયાની ઉભી રહેવાની લઢણ, તેની મુદ્રા, તેનો હાથ, તેનો પોશાક, તેનું ગોરાપણું, તેનું તેડાપણું, તેનું ગૌરવ ને નરમાસ, તે સઘળાપર સૂર્યનાં ઝાંખાં કિરણો પડતાં હતાં તેપર એકે સામટું તેનું લક્ષ ગયું, ને હોઠપર રહી ગયેલી આંગળી, ને દિગ્મૂઢપણું એ જાણે ઉર્વશી, પોતાના પ્રિયતમ પુરૂરવા રાજાનો વિચાર કરતી હોયની તેમ વિચારમાં આજે ગૂમ થયેલી ગંગા છે એવું બતાવતું હોય તેમ તેને ભાસ્યું. ક્ષણવાર તે ટગર ટગર જોઇ રહ્યો. ગંગા હાલતી પણ નથી ને ચાલતી પણ નથી, એ જોઇ તે વિસ્મય પામ્યો; પણ મનમાં વિચાર્યું કે તે કાંઇક મોટી ગભરામણમાં પડી છે; એટલે ઉઠીને તેની પાસે ગયો, ને પૂંઠથી જઇને ધીમેથી ખભાપર હાથ મૂકયો, કે ચમકતાંની સાથે ગંગાથી અકસ્માત્ બોલાઇ જવાયું, "હાય હાય, મારું વહાલું ફૂલ કરમાઇ ગયું."

"એ શું પ્રિય ગંગા? કયું તારું કુસુમ કરમાઇ ગયું?" કિશોરલાલે સ્મિત હસિતવદનથી પૂછયું.

"કોણ, પ્રિય ?" પુંઠ ફેરવીને ભોંયે પડેલા વાસણુ સાથે અથડાઇ તેથી તે લથડિયું ખાતી, એકદમ ગળગળી થઇને, પોતાના પ્રિયના ખભા- પર બન્ને હાથનાં આંગળાંની આંટી ભેરવી, ખભાપૂર હાથ નાખી, ટીંગાઇ જઇને શોકવદને આંખમાં આંસુ લાવતી વળગી પડી ને બોલી.

"કેમ, ગંગા, પાછાં માંદા પડવું છે કે ? પ્રિયા ! જો યાદ રાખ, તારી તબીયત ઠેકાણે આણુવાને ઘણી મહેનત પડી છે, ને હવે તારે હસી રમીને વખત ગાળવો જોઇએ. પણુ આમ શોકસંતાપ કરીને ગાળવાનો નથી. શું કામ તારે સવારના પહોરમાં આટલો બધો શ્રમ ઉઠાવવો જોઇયે ? તું થાકીને લોથ થઇ ગઇ છે, ને તારી અશક્તિને લીધે જ તારાથી આમ ગળગળાં થઈ જવાય છે."

"નહિ, નહિ પ્રિય," કિશોરને ગંગાએ પોતાનો શોક દર્શાવતાં ઘણી જ નમ્ર વાણીથી કહ્યું–"તમે જાણો છો કે મને કામ કર્યા વિના ચાલતું નથી, ને હું હોંશથી કામકાજ કરું છું. પણુ એમ નહિ ધારતા કે તેથી હુ કંટાળું છું. મને કામ કરવાની હોંશ જ છે, ને મને તે કર્યા વગર ગમતું નથી, પણુ તેથી જ મને કંઇ દુઃખ થયું છે એમ નહિ ધારશો. આજે કંઇપણુ માઠો બનાવ ઘણો જલદીથી બનનાર હોય તેવી મારા મનમાં લાગણી થાય છે. તેમ માનવાનું કારણુ એ જ કે આ મારો વહાલો મોગરો કરમાઇ ગયો."

"છટ ! વેહેમી થઇ ? એવું શું કારણુ છે કે તું હવે ગભરાય છે ? હોય નાશવંત પદાર્થપર પ્રીતિ રાખવાનું કારણુ નથી. જે ખીલ્યું તે ખરશે, ને જન્મ્યું તે મરશે જ. તેમાં શોક સંતાપ શાનો ને કેવો ? એવો વહેમ ન લાવ. વહેમથી ને વહેમથી જ તું અડધી માંદી પડી છે."

"મને જરા પણુ વહેમ છે જ નહિ, ને મારા માથાપર તમે નકામો આરોપ મૂકો છો. પ્રાણુપ્રિય ! મને તમે કોઇ પણુ દિવસે વહેમી જોઇ છે ખરી ? સામાન્ય લોકોમાં ચાલતા વહેમને મેં ધિક્કાર્યા છે, હું તેવા વહેમ રાખનારને સુધારું છું, તેમનાં ગન કેળવીને સારાં બનાવું છું.

પણ પ્રાણનાથ, જે કંઇ હું હમણાં તમોને કહું છું તે કંઇ એમ નથી કે માત્ર વહેમથી ઉત્પન્ન થયેલું પરિણામ હોય. માત્ર કંઇ અદૃશ્ય ઇશ્વરી ભવિષ્યકથન થયું હોય, તેમ મનના કોઇ ખૂણામાં એવી લાગણી ઉત્પન્ન થઇ આવી છે કે મારે માથે જે હવે પછી અરિષ્ટ આવવાનું છે, તેનું પ્રારંભ ચિહ્ન તે આ મારા મોગરાનું કરમાઇ જવું છે અને શું તમો એક દિવસ નહોતા કહેતા કે ઇશ્વર કોઇક શક્તિને એવી રીતે પ્રેરે છે કે જે ક્વચિત્ ભવિષ્યનું રુડું ભુંડું ચિહ્ન દર્શાવે છે? અને જે કંઇ અસર શરીરના તે છૂપા ભાગમાં થાય છે તે શક્તિનું જોર, યોગ કે કોઈ બીજાને યોગે, જ્યાં મનુષ્યની મનઃશક્તિ પહોંચી શકતી નથી, ત્યાં મુખત્વે કરીને ઉત્પન્ન કરે છે?" એક ઘણા જ ઉત્તમ પ્રતિના યોગની તકરાર ગંગાએ આણી, ને કિશોર વિસ્મય પામ્યો.

"ચલ, ચલ, એવી ખોટી તકરારો નહિ કર. તારે તે માત્ર તારું શરીર સુધારવાનું છે, કંઇ યોગ ને બોગની તકરારો કરવાની નથી. એ તો હોય, ફૂલ ઘણું સારું હતું ને તે કરમાઇ ગયું. બીજું વાવજે, ને તે આબાદ થશે."

"એમ નહિ બને!" કોઇ અજબ જેવા તોરથી ગંગા આઘી ખસીને બોલી, તે "વહાલું, ને પ્યારું તે પ્યારું! એકવાર વહાલું ગણ્યું તે નહિ હોય તો પછી જીવાય નહિ, તો બીજીવાર વહાલું કોણ કરે? મને મારા આવા ફૂલ વગર નહિ ચાલે; પણ હવે હું કદી પણ મોગરો વાવીશ નહિ, અને ઉછેરીશ પણ નહિ. આજથી મોગરો મને વહાલો નથી. અરે નહિ, પણ તેનું નામ નિશાન દઇશ નહિ, એ મારા પ્રેમની સીમા છે."

"બહુ સારું, હવે ચાહનો સમય થયો છે, તો ચાલ આપણે એ બાબતપર કોઈ બીજે પ્રસંગે તકરાર કરીશું. પણ ખોટા વહેમ મનમાં રાખતી નહિ. એમ કરવાથી વળી શરીર વધારે બગડશે."

ગંગા ઘણી દિલગીરીમાં જ લીન થયેલી કિશોર સાથે ઘરમાં ચાલી,

તથાપિ તેના મનમાં જે ઉદ્વેગ, ભય, અનુકંપ ને શોક વ્યાપ્યો હતો તે મટ્યો નહિ. ઘરમાં જઇને ચાહ પીતાં પીતાં કિશોરે તેના મનને ધીરજ દીધી ને કહ્યું કે, "સહજ બાબતપરથી મનમાં એવા તર્કવિતર્ક ઉઠાવવા, એ કોઇ પણ દિવસે ખરા પડતા નથી. ઘણી વેળાએ એમ પણ બને છે કે, ખરાબ વિચાર આવ્યા પછી સારાં કામો–પરિણામો આવે છે. તેમ જે કારણથી શોક કરવાનું કારણ મળતું હોય, તે કારણ સારામાટે પણ હોય. નરસું થાય તે સારાને માટે હોય છે, એવું તમે જાણતાં નથી કે શું?"

"હા જાણું છું, પણ એવું કેટલી વેળા બને છે? ભાગ્યે હજારમાં એકાદ વેળા, ને તે પણ સંજોગાસંજોગના કારણથી જ." ગંગાએ જણાવ્યું કે, "એવા અનેક પ્રસંગો મને યાદ છે કે મનને ક્ષોભ પમાડે તેવું કામ થયા પછી કદી પણ આત્માને સ્થિરતા ને નિશ્ચિતતા મળતી નથી, તે સદા જ વેદના ભોગવતો ને ભોગવતો રહે છે; જો કે આત્માને કંઇ લાગતું વળગતું નથી, એમ ઘણા જ્ઞાની જનોનું કહેવું પણ થયેલું છે."

"બેશક, જે અમર છે તેને કંઈ લાગે વળગે નહિ. જે કંઈ સુખ દુઃખ ઉત્પન્ન થાય છે તે તો માત્ર આ નાશવંત દેહનો ભાવ છે. તારે યાદ રાખવું કે, આત્માને એ કંઈ વસ્તુતઃ વળગતું જ નથી, ને તેને કંઇ થતું પણ નથી." કિશોરે જૂદી જ તકરાર આણી.

"ત્યારે મનમાં થાય છે તે શું?"

"કંઇ જ નહિ, માત્ર મિથ્યા કલ્પનાનો માની લીધેલો દોષ."

વાત બંધ પડી, તથાપિ ગંગાનું હૃદય રડતું બંધ પડ્યું નહિ.

## પ્રકરણ ૩૨ મું

## વિપત્તિનું સાક્ષાત્ સ્વરૂપ

આપણી પાછલી વાર્ત્તાને એક વરસ વીતી ગયું છે અને પૂનામાં રહેવાને દોઢ વર્ષ થઈ ગયું છે. કિશોરલાલ ને ગંગા બંને પૂનાનાં વાસી થયાં છે, ને તેઓ જે એકાંત સ્થળે રહેતાં હતાં, ત્યાંની આસપાસની

વસ્તીમાં ઘણાં માનીતાં થઇ પડ્યાં છે. જો કે કોર્ટમાં જોઇયે તેટલાં કામો, કમનસીબથી કિશોરને મળતાં નહોતાં, ને વખતોવખત પૈસાની તાણ પડતી હતી, પણ મણી ને ગંગા ઘરસંસાર બરાબર નિભાવી લેતાં. ઘરમાં જોઇતી વસ્તુ વગર વખતે અટકી બેસવાનો સમય આવતો હતો, તથાપિ આ કુટુંબ ઘણીક રીતે સુખી હતું. કિશોરનો રહેવાનો મુકામ હતો, તે સ્થળ ગામથી સાધારણ રીતે ઘણું દૂર હતું, ને ત્યાં ઘણા થોડા મિત્રો કિશોરને મળવા જતા હતા, તેથી તેમની સ્થિતિ સંબંધી ઘણું થોડું જાણવામાં આવતું હતું. વખતે મહિનાના મહિના સુધી કોર્ટનું એકે કામ મળતું નહિ ને પૂનામાં દક્ષિણીઓનું જોર જબરું હોવાથી કોઇને ફાવવા દેતા નહિ. કિશોર ઘણો હોંશિયાર છતાં પણ તેનું ફાવ્યું નહિ, ત્યારે બીજાના કંઇ પણ આશરા લાગે જ ક્યાંથી? તેટલું છતાં તેની હોંશિયારીથી તેના મિત્રો ઘણા થયા હતા, જેઓ એક રીતે નહિ તો બીજી રીતે કદી કદી રળાવી આપતા. અરજીઓ તથા ખતપત્રો કરવામાં કિશોર હોંશિયાર હતો ને તેથી જ ગુજરાન જેટલું મળી આવતું હતું. પૈસાની તાણ ઘણી હોવાથી માત્ર બંગલા શિવાય બીજો કશો દબદબો રાખ્યો નહોતો. માત્ર મુંબઇથી લઇ ગયેલા વફાદાર રામા શિવાય બીજું કોઇ ચાકર માણસ નહોતું; ને તેથી ઘણી વેળાએ હેરાન-ગતિ થઇ પડતી. આવા વખતમાં ગંગા ગર્ભવતી થઇ, ને જો કે પ્રસવ તો સાંગોપાંગ ઉતર્યો, તથાપિ બાળક તો તરત જ મરણ પામ્યું. આવી કઠિન વેળામાં રસોઇ આદિ ઘણું ખરું સઘળું કામ બાપડી મણીને કરવું પડતું હતું. તે સદા જ કામમાં ને કામમાં જ રોકાયલી રહેતી; છતાં ભાઇ–ભાભીને કંઇ પણ અડચણ પડે નહિ તેને માટે તપાસ રાખતી. ઘરમાં કિશોર આવે કે તેને માટે ચાહ તૈયાર રાખતી. કદી પૈસાની તાણ હોય તો તે તપાસી લેતી. ગંગાને ઓસડિયાં પણ કરી આપતી ને વખતે રામો બીજા કામમાં રોકાયો હોય તો દીવો ગ્લાસ પણ જાતે કરી લેતી હતી. ગંગાની સુવાવડ સાંગોપાંગ ઉતર્યા પછી તે

રસોડામાં રસોઇ કરવા આવતી, તોપણ તેને મણિ કરવા દેતી નહિ, ને પોતે જ સઘળું કામ ઉઠાવી લેતી હતી.

ગંગા જ્યારે માત્ર પરવારતી ત્યારે પોતાના નાના બગીચામાં તેણે એક નાનું રાજ્ય સ્થાપ્યું હોય તેમ વર્તતી હતી. મણી, રામો ને પોતાની મહેનતથી બગીચો તો એવો સુંદર બનાવ્યો હતો કે, કોઇ પણ દક્ષિણી મિત્ર જોઇને છક થઇ જતો. તેની સુંદર રસિકતા ઉંચા પ્રકારની હતી, તેની ગોઠવણ મોહક હતી, છતાં તેનો ખરચ જાતિશ્રમ શિવાય બીજો કંઇ નહોતો. ઘણા જણા બગીચાની નકલ કરી જતા હતા. કરમાયલા મોગરાના ફૂલની વાત તે હજી વિસરી ગઇ નહોતી અને જ્યારે સાંભરતી ત્યારે સંતાપ કરતી હતી. સાંઝ સહવાર બગીચામાં ફરીને આનંદમાં ખેલતી હતી. સઘળાં આવ્યા પછી વચ્ચેના મંડપમાં બેસતાં ને ત્યાં મણી, જે હારમોનિયમ વગાડતાં શીખી હતી, તે વગાડી સૌનું મનોરંજન કરતી, ને ગંગા કોમળ સ્વરે ગાતી ત્યારે આસપાસના ઝુંપડામાં રહેનારાંઓ બગીચા આગળ આવીને એકચિત્તે સાંભળતાં હતાં. આ બંગલાની આસપાસ સંભાવિત ગૃહસ્થો કરતાં, વધારે આબરુદાર ખેડુતો રહેતા હતા, ને તેઓ પ્રપંચી કાવાદાવાવાળા ગૃહસ્થો કરતાં વધારે નિખાલસ ને પ્રામાણિક હતા. તેમનાં મન ગંગાએ હરી લીધાં હતાં. સઘળાં બપોર બપોરનાં તેના બગીચામાં આવીને પોતાની શેઠાણી તરીકે ગંગાને માન આપતાં. ગંગાપર માત્ર તે એકલાઓનો જ પ્યાર નહોતો, પણ પશુ પક્ષી ને બીજાં જનાવર પણ તેનાં ઔદાર્ય, બુદ્ધિ અને મમતાળુ પ્રેમી સ્વભાવથી વશ થઇ ગયાં હતાં. ગંગા જ્યાં બેસતી તેની આસપાસ ચોમાસામાં મોર ઢેલ ગેલ કરતાં નજરે પડતાં; ને ગાયો, જ્યારે ગંગા ગાતી ત્યારે ચાલી આવીને સ્વસ્થ થઇને ઉભી રહેતી હતી. બીજાં પશુ પક્ષી આસપાસ વિંટળાઇ વળતાં. જ્યારે તે બગીચામાંથી ઉઠીને જતી ત્યારે નિરાશા ભરેલા વદને તે સઘળાં ઉડી જતાં હતાં. ખેડુતોનાં બૈરાં સવાર સાંઝ આવતાં ત્યારે પોતાની આ પૂજ્ય શેઠાણીના

આદરસત્કારથી આનંદ પામતાં હતાં; ને જો તેમનાં ખેતરોમાં કંઇ પહેલી સરસ વસ્તુ ઉત્પન્ન થતી તો તે ગંગા શેઠાણી માટે પહેલી લાવતાં; જો કંઇ નવીન પદાર્થ આવ્યો હોય તો તે બતાવવા દોડ્યાં દોડ્યાં આવતાં; જો કંઇ વિપત્તિ પડી હોય તો તે જણાવવા પણ ચાલ્યાં આવતાં; કોઇ બચ્ચું માંદુંસાજું પડતું, કંઇ નજરબજર લાગતી તો તે માટે તેની સલાહ લેતાં. ગંગા તેમનાં બચ્ચાં માટે તથા તેમને પોતાને માટે ઔષધ પણ આપતી, ને સારી સલાહ આપતી; જો કદી એકાદા ગરીબ કુટુંબપર કોઇપણ ઈશ્વરી કોપ થયલો હોય તો તેઓ એના મોં આગળ આવી પોતાનાં દુઃખ રડતાં હતાં. ગંગા સૌને સારી સલાહ આપી, તેમનો દુઃખમાંથી કેમ છૂટકો કરવો તેની યુક્તિ બતાવતી હતી. શાંત શબ્દોમાં ગભરાયલા મનને તે ધીરજ દેતી; બની શકે તેટલી મદદ કરતી, સારી સલાહથી તે બાપડાઓના કુટુંબમાં સારું થાય તેમ કરતી. ગરીબોનાં ઝુંપડાંમાં જઇને તેમને ધૈર્ય દેતી અને અહર્નિશ તે ગરીબ નિર્દોષો તેને આશીર્વાદ દેતાં હતાં; માંહોમાંહે લડતાં તો એવી સારી રીતે તેમનું સમાધાન કરતી હતી કે બંને જણ સમાન રીતે સંતોષ પામે. કોઇ બચ્ચું માંદુ પડોને એના બંગલા લગણ આવવાને અશક્ત હોય તો તેના ઝુંપડાંમાં જઇને દવા દારુ કરતી, આથી તે એ પરામાં સૌથી વધારે માનીતી થઇ પડી હતી.

આવાં કારણોથી ગંગાની તબીયત પણ ઘણી સુધરી ગઇ હતી; કેમકે એકલાં ઝૂરી મરવા કરતાં તેનો સમય ગમ્મતમાં ઘણો જતો. ખરેખર ગમ્મતથી મન વધારે તનદુરસ્ત રહે છે. તેમ જ એવાં કાર્યોથી કિશોરનો હાથ તંગીમાં છતાં કેટલીક રીતની મદદ આ પ્રમાણે મળી આવતી હતી. મણી જ્યારે રસોડાનું સઘળું કામ કરતી ત્યારે એ કદી મદી શાક તરકારી તૈયાર કરી આપતી, તે સિવાય એ સદા જ પરોપકારના કામમાં મચતી હતી.

પણ અફસોસ! ઈશ્વરને જાણે સારું ગમતું જ નહિ હોય, તેમ તેની

ઘણી ખરી રીતભાત જણાય છે. ઘણી વેળાએ ઇશ્વરી ન્યાય ઉલટો સુલટો દેખાય છે, એટલે 'ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ઘેર કુશળ' તેમ બને છે. ઘણાં સદ્‌ગુણી માણસો દુઃખી જણાય છે, ને દુર્ગુણી માણસો અમન ચમન કરે છે. કદાપિ આ ઈશ્વરી ન્યાય ગમે તેવો સાચો હોય તો પણ દુનિયાના માણસો એમાં ઇશ્વરને દોષયુક્ત કરે છે, ને તેટલું છતાં આમ તો ચાલૂ જ છેઃ–કે જે ઘરપર એકવાર સૂર્ય અસ્ત થયો, તેપર પાછો તે ઉદિત થવા પામતો નથી; ને જે ફૂલ એકવાર કરમાયું તે ફૂલ પાછું ખીલતું નથી; ગુમ થયેલો દીવો પાછો પ્રકટ થતો નથી, તેમ જ જ્યાં દૈવનો કોપ થયેલો હોય ત્યાં તરત શાંતિ પથરાતી નથી. દુનિયામાં દુઃખ જ છે. દુઃખ વગરની દુનિયા નથી ને દુનિયામાં દુઃખ શિવાય બીજું કંઇયે નથી. દુર્ભાગીને દુઃખ પડે છે ત્યારે આપણે તેના દુઃખમાં ઓછાપણું કરી શકતા નથી, પણ તે પછી શ્રીમાન્ હોય કે ક્રૂર હોય તથાપિ માત્ર દયાલાગણીથી જોઇને જ આપણે બેસી રહીએ છીએ; કેમકે આપણો બીજો ઉપાય નથી. કદી તેમની આંખોમાં જરા દુઃખનું પાણી ભરાય ત્યારે આપણી આંખો ભીંજાશે, ને જાણે આપણા પોતાપર દુઃખ પડયું હોય તેવી લાગણી થશે, ત્યારે આપણે ઘણું તો ઈશ્વિર પાસથી એ જ માંગીશું કે તેનું દુઃખ આપણને આપે, ને આપણું સુખ પ્રભુ તેને આપે; પણ એવું કંઈ કરવાની શક્તિ ન હોવાથી આપણે માત્ર વિચાર કરીને જ બેસી રહીશું. એ ઇશ્વિરન્યાયમાં ખુમી કે ખામી ગમે તે હોય, પરંતુ આપણો ઉપાય શો?

કિશોર ને ગંગાપર, તેમના અનેક સદ્‌ગુણો છતાં ઈશ્વિરી કોપ ઉતર્યો, તેનાં શાં કારણો હશે તે પ્રભુ જાણે, આપણને કંઇ માલમ નથી. તે બાપડાં કુટુંબસુખમાં ગમે તેમ નિર્વાહ કરતાં હતાં, તે દુષ્ટ દૈવથી દેખી ખમાયું નહિ. શિયાળો શરુ થયો ને કમનસીબ ખાંસી કિશોરને લાગુ થઇ. ખાંસી ઘણા જોરમાં ઉપડેલી હતી, પણ કિશોરે તેની કંઇ પણ દરકાર રાખી નહિ. પહેલે દવા કરવી જારી કીધી, ને મુંબઇથી

હોંશિયાર ડાકટરોની સલાહ પૂછી દવા કીધી, પણ કશી ટિક્કી લાગી નહિ. મુંબઇ આવીને ડાકટરોને રોગ બતાવ્યો, રોગ અસાધ્ય હતો; તેમાં ખાંસી સાથે છાતીમાં કળતર થવા માંડયું, એટલે ફિકર વધી. ગંગાને આ હકીકત કહેવાની કશી પણ હિંમત ચાલી નહિ. ઘણા દિવસ સૂધી મન ઘોટાળામાં પડયું કે શું કરવું, પણ અંતે ધાડી છાતી કરીને આ હકીકત કહી ગંગાને તોપના ગોળા પેઠે પેટમાં ધાસ્કો પડ્યો, ને તત્કાળ પેલું મોગરાનું કરમાયલું ફૂલ યાદ આવ્યું. કેટલોક વખત સૂધી તો તે સૂનમૂઢ થઈ ગઇ, પણ પછી એક ખરેખરી સદ્‌ગુણી સ્ત્રીની પેઠે ધાડી છાતી કરીને પોતાના પ્રિયના દરદનો ઉપાય કરવા માંડ્યો. ડાકરોનાં ઔષધ જારી જ હતાં, ને તેઓ હવા ફેર કરવાને કહેતા, પણ કંઇ ઇલાજ નહોતો. પૈસા બિલકુલ નહોતા; હવે જે કંઇ રહ્યું હતું તે ગંગાનું ઘરેણું હતું. થોડુંક ઘરેણું વેચી નાંખ્યું, ને ત્યાં ને ત્યાં રહી ઔષધ જારી રાખ્યું. ઘણા વિદ્વાન્ ડાકટરો ને વૈદ્યોએ અનેક ઉપાય કીધા, ને થોડોક તબીયતમાં ફેરફાર પડ્યો, પણ તેથી કંઇ ખરેખરી તબીયતની હાલત સુધરી નહોતી. એનું શરીર ગળાતું ગયું ને શક્તિનો ભંગ થતો ગયો. ગંગાએ પૈસા ખરચવામાં કશી કમીના રાખી નહિ, ને જ્યારે કંઇ નહિ ચાલ્યું ત્યારે ઉછીના પૈસા પણ તે લાવી શકી; પણ પોતાના પતિને માટે તેણે પૈસાની કશી પણ દરકાર કીધી નહિ. પોતાના પિતાજીને પત્ર લખ્યો ને ત્યાંથી જોઇતી મદદ આવી પહોંચી, પણ તેટલાથી કંઇ પૂરું થયું નહિ, ને પછી પિતાજી પાસથી પૈસા માગવા કરતાં કોઇક મિત્ર પાસેથી ઉછીના પૈસા લેવા ધારી બેચાર મિત્રોને પત્ર લખ્યા, પણ કોઇનો પ્રતિઉત્તર ફરી વળ્યો નહિ. એના જ્યેષ્ઠ ને દીએર કંઇ એવી સારી સ્થિતિમાં નહોતા કે, ઝાઝી મદદ કરી શકે, તે છતાં કેશવલાલ ને વેણીલાલે પુષ્કળ પત્રો લખીને સુરત આવવાને વિનતિ કીધી. પણ સુરત જઇને કરવું શું ? જેમણે ઉંચી સ્થિતિમાં નિવાસ કીધેલો, તેમને સ્વદેશમાં નબળી સ્થિતિમાં જઇને રહેવું યોગ્ય લાગ્યું નહિ. આમ ધારીને જ એક પછી એક

એમ ઉપરા ઉપરી ગંગાએ પોતાના શણગાર વેચવા માંડ્યા. કિશોર પૂછતો, તો તે કહેતી કે, "તમો આરોગ્ય થયા કે, મને એ શણગાર મળતાં શી વાર છે?"

ગુણવંતી ગંગાએ એકલે હાથે પોતાના ધણીના દુઃખમાં ભાગ લેવા માંડ્યો. તે સઘળા પ્રકારે પોતાના ધણીને કંઇ પણ ઉણું પડે નહિ તેની સંભાળ લેતી હતી. તે જાણતી હતી કે, તેનો સૌભાગ્યનો શણગાર ગયા પછી આકાશ કદી પણ નિર્મળ થવાનું નથી; છતાં જે પૈસા ખરચાતા હતા તે માટે ઘણી કાળજી રાખતી હતી, પણ તે કદી પણ કિશોરને એ કાળજી માટે જાણવા દેતી નહિ. જ્યારે એ ઘણી ગભરાતી ત્યારે એકાંતમાં જઇને રડતી ને જો આંખો સૂજી જતી તો તે છૂપાવવા માટે અનેક પ્રકારે આંખને ચોળતી હતી, ને તેથી ખરું કારણ બહાર આવવા પામતું નહિ, તેટલું છતાં આ વિડંબના કિશોર પારખી કાઢતો. પણ તે શું કરે? ઘણો મુંઝાતો હતો, પણ તરતને માટે દમ મારીને બેસી રહેતો હતો. તેમ જ ગંગા કદી પણ પોતાનો શોકભરેલો ચહેરો બતાવતી નહોતી, પણ સદા જ હસતું મોઢું રાખતી હતી. કિશોર તેનું ખુશી ભરેલું મોઢું જોઇને પોતે પણ મન મારીને ખુશી દેખાતો હતો, ને ગંગા સુખી છે એવું ધારી પોતે સુખી થશે એમ માનતો હતો. આટલું છતાં ગંગાના મનના ઉંડાણમાં જે શોકદુઃખે જડ ઘાલી હતી, તેથી તે દહાડે દહાડે સૂકાઇ જતી હતી ને તેના મોંપર જે તેજસ્વીપણું હતું, તે જતું રહી મોઢું લુખ્ખું પડી ગયું હતું. તે જે કંઇ બોલતી, તે ભાંગેલું તૂટેલું હતું; કંઇ કામ કરતી તે ગમે તેમ થઇ જતું હતું; યાદદાસ્ત શક્તિ ઘણી મંદ પડી હતી; પોશાક પહેરવામાં જથરપથરપણું આગળ પડતું હતું; ઉદાસીનતા મોંપર આચ્છાદાયલી હતી ને તે સાથે ચિત્ત ગભરાયલું રહેતું હતું.

## પ્રકરણ ૩૩ મું
### શોકસદન

દહાડા પછી રાત ને રાત પછી દહાડો ને દિવસ પછી મહિના ને મહિના પછી વર્ષ એમ કાળ વીતતો ગયો, પણ કિશોરની તબીયતમાં કંઇપણ ફેરફાર થયો નહિ. ડાકટરોએ ખુલ્લેખુલ્લું જણાવી દીધું કે, હવે એ ઘણો લાંબો વખત કાઢશે નહિ, પણ ગંગાએ ધીરજ છોડી નહિ. અંગ્રેજી ડાકટરો મૂકીને દેશી વૈદ્યોનાં ઔષધો જારી કીધાં. પૈસાની તાણ ઘણી જ પડી, ને સઘળાં ઘરેણાં વેચાઇ ગયાં. હવે કંઇ પણ રહ્યું હોય તો તે માત્ર સૌભાગ્યનો શણગાર હતો, તે પણ છૂપી રીતે વેચવા માંડ્યો, આવી ફિકર છતાં કિશોરના મંદવાડમાં ગંગા જ તેની માવજત કરવામાં રોકાઇ રહેતી હતી. મણી તેની સહાયતામાં રહેતી, પણ ઘરના કામકાજનો બોજો તેને માથે હતો. ઘરનું કામકાજ કરવામાં મણીને ઘણી મુસીબત પડતી હતી, પણ પોતાના ભાઇ પ્રત્યેના અપૂર્વ પ્યારને લીધે તે સઘળું ઉપાડી લેતી ને કદી ગંગા કામકાજ માટે આવતી તો તેને ના પાડતી, ને ઉલટી વખતે ઠપકો દેતી કે, તમે ભાઇને મૂકીને કેમ આવ્યાં? કિશોરને માટે ખાવા પીવાની પૂરતી તજવીજ રાખતી અને કોઇ વાતે તેના દિલમાં માઠો વિચાર નહિ આવે, તેવી ફિકર તે બાપડી રાખતી હતી. આવી ઘરની હાલતમાં રામો ઘાટી પણ પગાર માગતો નહિ, ને જે બંગલો હતો તે ગંગાના બાપના એક મિત્રનો હતો એટલે ત્યાંથી પણ ભાડાની માગણી આવતી નહોતી. રામાને પોતાનાં શેઠ શેઠાણી પ્રત્યે એટલી બધી મમતા હતી કે, પહેલાના પગારના એકઠા કરેલા પૈસા ગંગાના હાથમાં મૂકયા, ને ગંગાએ ઘણી આનાકાની કીધી, ત્યારે પોતાને ઘણું દુઃખ લાગશે એમ જણાવ્યું. જ્યારે તેને બોલાવે ત્યારે તે ઉમંગથી હાજર થતો; કહ્યું કામ ચડપ દેતોકે કરતો; જ્યારે પૈસા નહિ હોય ને કંઇ વસ્તુ લાવવાની હોય ત્યારે પોતે જ પૈસા કાઢતો; તેમ એકવાર રામાએ પોતાનો

રૂપાનો કંદોરો ગીરો મૂકીને જોઇતી ચીજ આણી આપી! ધન્ય છે માયાળુ અને નિમકહલાલ ચાકર, તને પણ!!

ગંગાની સ્થિતિ આવી દુઃખદ અવસ્થામાં બહુ જાણવાજોગ હતી. તે પળે પળે ઉનાં ઉનાં પાણી નેત્રમાંથી ખેરવતી હતી, તેનું હૃદય સદા જ કંપાયમાન થતું હતું, તેના મુખમાંથી સદા જ દીર્ઘ નિઃશ્વાસ નીકળ્યા કરતો હતો. કિશોરનું સુકું મુખ જોઇને તે મ્લાનવદનની થઇ જતી ને જ્યારે કિશોર પ્રેમથી ઓષ્ઠપાન કરવા જતો ત્યારે તે ગળગળી થઇ જતી હતી. તેનું શરીર સર્વ વાતે કૃશ થયું હતું, ને દુબળાપણામાં તેના મુખમાંથી દયાર્દ્ર, અને ખેદના ઉદ્દગારો સહિત જે ધીમો સ્વર નીકળતો, તેથી કોઇનું પણ હૃદય ભેદાતું હતું. તે દુઃખમાં દટાઇ ગઈ હતી, તેટલું છતાં પણ વિનોદવચન બોલીને કિશોરની આરોગ્યતામાં ખલલ પડવા દેતી નહિ. આવી દુઃખદ અવસ્થામાં ઝાઝા દહાડા કઢાય તેમ ન હોવાથી મણી ને ગંગા ઘણાં મુંઝાયાં. પણ સારે નસીબે કિશોર–ગંગાને કેટલાક અંગ્રેજ સ્ત્રી પુરુષો સાથે ને કેટલાક દક્ષિણીઓ સાથે મિત્રાચારી થઇ હતી, તેમાંના એક દક્ષિણીએ સરદારોની કેટલીક છોકરીઓને હારમોનિયમ શીખવવાનું મણીને કામ સોંપ્યું. એક અંગ્રેજ મિત્રે પૈસાની મદદ આપવા માગી, પણ એમ મદદ લેવાને ઘણી શરમ લાગી ત્યારે આ ઉપાય શોધી કાઢ્યો. એક સરદારના ઘરમાં દશ કન્યાઓ ભેગી થાય ને તેમને હારમોનિયમ વગાડતાં શીખવવામાં આવે ને ત્યાંથી દર માસે રૂ. ૫૦ ની પ્રાપ્તિ થાય. પહેલે એક આબરુદાર કુટુંબની સ્ત્રીને આ પ્રમાણે બીજે સ્થળે શીખવવા જવું તે ગમ્યું નહિ. તેથી શું કરવું તે માટે ઘણાં મુંઝાર્યાં, પણ નાણાંની તંગીને લીધે મનમાં વિચાર કીધો કે, એ શિવાય બીજો રસ્તો નથી. નક્કી વિચાર કરી આખરે કિશોરને એ વાત જણાવી. એ સાંભળતાં કિશોરને જરા ખાવાનું પણ ગમ્યું નહિ. તેણે ગંગાની સામું જોયું, તો તેનાં નેત્ર આ પહેલી વાર જ જળથી ભરેલાં તેણે જોયાં. કિશોરનાં

નેત્રો ભરાઇ આવ્યાં ને તેના બંને ગાલપર પાણીના રેલા ચાલ્યા. તે બોલ્યો, "ગંગા, તારાં સઘળાં ઘરેણાં ગયાં, તે છતાં હું તને દુઃખમાંથી મુક્ત કરી શકયો નહિ. હું કેવો પાપી કે તને સંતાપવાને જ મેં જાણે ઈશ્વર પાસે માનતા માની હોય! હવે જો કંઇપણ ઉપાય નહિ હોય તો તને ગમે તેમ કર." ગંગા આ બોલો સાંભળીને ઘણી ગભરાઇ, ને તેનું રડવું સમ્યું નહિ, તોપણ ધાડી છાતી કરી તેણે કહ્યું, "મારું હતું શું ને ગયું શું? મેં તમારે માટે કંઇપણ કીધું નથી. જે તમારું હતું તેજ ખરચાયું છે, ને જો તમો આરોગ્ય થશો તો સઘળું પાછું મળશે. એ બાબતમાં આપે કશી ચિંતા રાખવી નહિ. પ્રિય કિશોર, તમારી સારી સ્થિતિ એજ મારાં સુખનું કારણ–સાધન ને મૂળ છે, તો પછી મને વધારે શું જોઇયે વારુ?" આ બોલો સાંભળી કિશોરે એક ઘણો ઉંડો નિઃશ્વાસ મૂકયો. કેમકે જે મણીને પોતાની સુખી અવસ્થામાં સર્વ પ્રકારનું સુખ આપેલું, તે મણી બહેન રસોઇખાનામાં રહે, એટલું જ નહિ, પણ તેના પૈસા, તે પોતાના સુખને માટે ઉપયોગમાં આણે, આ ઘણું વસમું હતું, પણ ઉપાય શો? તે ખૂમ રહ્યો, ને પછી ગંગાને કહ્યું: "તું ડાહી છે, તને કહેવા યોગ્ય કશું નથી, તને ગમે તેમ કર." આમ કહીને તેણે આંખ મીંચી. ગંગાએ પોતાનું રડવું દાબી દીધું; કેમકે તેમ કરવાથી કિશોરપર માઠી અસર થવાનો ઘણો મોટો ભય હતો.

મણી! હાય! તે બાપડીના દુઃખનો પાર નહોતો, તે નાનપણથી દુઃખી હતી, તેવામાં તેનાં લગ્ન ઘણે સારે ઠેકાણે થયાં; એનો કુલીન ધણી સારો વિદ્યાભ્યાસી હતો પણ એ બિચારી વયે આવી સંસારનો લાહાવો લેવા તૈયાર થાય, તે પહેલાં તે સ્વર્ગે સિધાર્યો. એની સાસુ ને નણંદ ઘણાં કલાંઠ હતાં. તેમણે એનાપર ઘણો જુલમ ગુજાર્યો, ને અનેક પ્રકારે, નીચ માણસ નહિ કહે તેવાં વચનો કહી, ઘરમાંથી કાઢી ત્યારે કિશોરલાલ પાસે એ રહી. ત્યાં પણ દુઃખનો ડુંગર ફરી વળ્યો, હવે તેના માથાપર ઘણો મોટો બોજો હતો. સવારમાં વહેલી ઉઠી તે

ઘરનું મુખ્ય સઘળું કામ કરતી હતી; પોતાને તથા ચાકર માટે રસોઇ કરી, ભાઇને માટે જે જોઇતું તે કરી આપીને, જમી જમાડી અગિયાર વાગતાં સરદારોની કન્યાઓને શીખવવા જતી. ત્યાંથી ચાર વાગતાં પાછી આવી પોતાના કામમાં જ મચતી. સાંઝના પણ તેને નસીબે કામ ચોંટેલું ને ચોંટેલું જ હતું. રાત્રિના તે મોડી સુઇ વહેલી ઉઠતી. એથી નિરાંતે ઉંઘ પણ તેનાથી લેવાતી નહિ! ચિંતામાં ને ચિંતામાંજ તે ઝબકીને જાગતી હતી. ગંગા તો કિશોરની પડોસમાં જ માથું નાંખી પડી રહેતી. કદી મણીબહેન ત્યાં બેસતી તો જ ગંગા રસોડામાં કામ-કાજે જતી. ઘણી બરદાસ્ત છતાં કિશોરની માંદગી સારી થઇ નહિ; તે તો દિનપ્રતિદિન વધતી ગઇ. વળી તેવામાં ઈશ્વરી કોપ વધ્યો. મણીને અગાધ શ્રમને લીધે ખાંસી થઈ. 'લડાઇનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી' એ કહેવત પ્રમાણે મણીને આ કરપીણુ ખાંસી વળગી. થોડા દિવસ તો તેણે ઉપરચોટીઆ ઉપાયો કીધા, પણ પછી તો ખાંસી-માંથી લોહી પડવા માંડ્યું. હવે કંઇપણ ઉપાય તાકીદે કરવાનું કિશોરે કહ્યું ને બીજા ડાકટરોએ આ ઘરમાં આવવા માંડ્યું. કોઇપણ ઉપાય આબાદ લાગે નહિ. આઠ દિવસ સારું થાય તો આઠ દિવસ વળી વધારે જોરમાં રોગ ઉભરાઇ આવે. આમ કરતાં તાવ લાગુ પડ્યો, ને પોતાના કામમાં તે છેક જ નિર્ગત થઇ પડી. બિછાનામાંથી ઉઠવાની પણ શક્તિ જતી રહી. હવે ગંગાને પોતાની સામા ઘણો વિકરાલ દુઃખનો ડુંગર દેખાયો. તેનાપર પ્રભુ જાણે સાક્ષાત્ કોપ્યો હોય તેમજ થઇ પડ્યું. એક બાજુથી કિશોરનો મંદવાડ ને બીજી બાજુથી મણીનો રોગ ચાલુ થયો, એટલે તે ચોગરદમથી ગભરાઇ; ખૂણે ખૂણે તે રડવા લાગી. પોતાના હીન ભાગ્ય માટે પ્રભુ પ્રાર્થના કરવા લાગી; ને સમયે સમયે બોલતી કે, "હે ઈશ્વર! મેં શું તારો મોટો અપરાધ કીધો છે કે, આમ વિના પ્રયોજને દુઃખ દે છે? હું તુજની દીન દાસી છું, રાંકડી છું, જો કોઇપણ અપરાધ હોય તો ક્ષમા કર. ઓ ગરીબનિવાજ, કૃપાસિંધુ, દીના-

નાથ, તારા નામનું સાર્થક્ય કરી આ વેળા દુઃખમાંથી ઉગારી મને તારે શરણે રાખ." આ તેની પ્રાર્થના–દીનવાણીની કરુણોત્પાદક પ્રાર્થના ઈશ્વરે રંચ જેટલી પણ સાંભળી નહિ. તે એકલી અટુલી કાવરી બાવરી જ્યાં ત્યાં ફરતી હતી અને સમયે સમયે તેના ચિત્તની શુદ્ધિ પણ ઉડેલી જણાતી હતી. માત્ર રામા શિવાય તેની પાસે બીજું કોઇ નથી. ગંગાનાં ડચકીયાં સાંભળીને રડેલી આંખ જોઇ કિશોર ને મણી ઘણા મુઝાંતાં હતાં; પૈસાની તાણ તો પહેલાંથી જ જારી હતી, તેમાં હવેનું દુઃખ તો તે સહન કરી શકી નહિ. તેટલું છતાં ઘાડી છાતી કરી પોતાના કોમળ હૃદયપર જય મેળવ્યો. પણ કોમળ હૃદયવાળાપર તે કેટલી અસર કરે? થોડીવાર નીરાંત રહે, પણ ઘડી પછી 'એ ભગવાન્ એના એ જ' તેમ જ પહેલાં પેઠે રડવું પડે. ગંગાએ ઘણા દુઃખથી ત્રાસ પામી આખરે ઠરાવ કીધો કે, હવે તો પિતાજીને પત્ર લખવો ને સુરત જવું. પોતાની પાસનાં બાકી સાકીનાં સઘળાં નાનાં મોટાં ઘરેણાં વેચી નાખવાનું ઠરાવ્યું ને સુરતમાં સઘળી હકીકતનો કાગળ લખ્યો. ઘરેણાં વેચવા આપતાં તેનું મન જરા પણ મુંઝાયું નહિ, પણ જે માણસને તે વેચવા આપ્યાં તે રઝો. રતનલાલ સુરતથી સૌને તેડવા આવ્યો, એટલે ગંગાને ધીરજ આવી. રતનલાલે ધીરજ ધરીને કિશોરની હકીકત સાંભળી લીધી. ગંગાએ આક્રંદ કરતાં સર્વ હકીકત જણાવી. તે બોલતી બોલતી મૂર્છાંગત થઇ પડી ને રતનલાલ વધારે ગભરાગો. તેની માવજત કરી ધીરજ આપી, બીજા ઓરડામાં ગંગાને મૂકી કિશોર પાસે તે ગયો ને ત્યાં જઇ જોય છે તો સૂકો રહેરાયલો, બદલાઇ ગયલો ચેહેરો, ને હાડકાં ને ચામડીવાળું અસ્થિમાત્ર એવું કિશોરનું શરીર જોયું. તેની આંખો ફરકતી હતી, એટલું જ બસ–તેનામાં બોલવાની દેખીતી કંઇક શક્તિ હતી, છતાં એક બાજુએ બિછાનાપર પડેલો હતો ને પાસે દવા પડેલી હતી તે લેવાને પણ તે અશક્ત હતો. બીજી બાજુએ મણી પડેલી તે પણ છેક જ બદલાઇ ગઇ હતી. તેનો સુંદર ચેહેરો છેક જ બીહામણો

થઇ ગયો હતો; કેમકે લોહી ને માંસ ઉડી ગયાં હતાં. તાવથી કરીને તેનાં હાડકાં ભાંગી ગયાં હતાં ને કંઇ પણ ખવાતું નહોતું, તેથી બોલવાની પણ શુદ્ધિ જોઇએ તેવી નહોતી. રતનલાલના મનમાં આ બંને ભાઈ બહેનની જરા પણ આશા જણાઇ નહિ. તેણે મનમાં જ કહ્યું કે "હવે કિશોર આપણો નથી."

ચાર દિવસ રહી સઘળા પ્રકારની ગોઠવણ કરીને ગંગા, કિશોર ને મણિ, રતનલાલ સાથે સુરત આવ્યાં. રતનલાલ પોતે જ અચ્છો ડાકટર હતો, તેથી તેણે ઔષધ જારી કીધાં, અને પોતાની સહાયતામાં ઘણા સારા ડાકટરોને રાખ્યા. સઘળા પ્રકારના કહેલા ઉપાયો કરવામાં મણા રાખી નહિ, પણ જ્યાં મોતના દૂતો આવ્યા હોય ત્યાં કોઇ શું કરે ? આવરદાએ ઉપાયો કરવામાં આવે છે, બાકી સૌ વેવલાં છે. ગમે તેટલા ઉપાય કરો, પણ જ્યાં આયુષ્યરેષા તૂટી ત્યાં શું કરશો ? તે વખતે તો ધનવંતરિ કાં નહિ આવે, પણ જેનું આયુષ્ય ઘટ્યું, તેનાપર તેનો પણ ઉપાય નથી ચાલતો.

કિશોરની માંદગી ક્ષય રોગની હતી ને તે થવાનું કારણ ચિંતા ને અગાધ શ્રમ હતો. મણિની માંદગીનું પણ તે જ કારણ ગણવામાં આવતું હતું. ડાકટરોએ મણિને માટે મોટો શ્રમ લીધો, પણ જેમ જેમ ઔષધ આપવામાં આવતું, તેમ તેમ માંદગી વધવા માંડી. તેના અંગમાં સઘળે રોગ ભરાઇ ગયો. ચેહેરો એટલો બધો બદલાઇ ગયો હતો કે, કોઇ એક બે વાર જોયેલો માણસ તો શું, પણ પાંચ પચાસવાર જોયલો માણસ પણ તેને જોઇને પીછાણી શકે નહિ. વધારે ચિંતા તો મણિને પોતાના ભાઇ કિશોરની હતી. ઘડી ને પળે કિશોરની તબીયત માટે તે પૂછતી ને તેને મળવા જવા કહેતી, પણ અશક્તિથી ઉઠાતું નહિ. ધીમે ધીમે એના અંગમાં ઘણા જોરમાં કળતર થવા માંડી, ને તે દરદ છેલ્લી રાત્રિના વધી પડ્યું. ક્યાં દરદ થતું ને કેવા પ્રકારનું થતું, તે જણાવવાને એ અશક્ત હતી. બીજે દિવસે સાંઝના તે વધારે

નબળી થઇ ગઇ. તેના ડોળા ફાટી ગયા, તેની બોલવાની શુદ્ધિ જતી રહી. માત્ર તે કંઇપણ બોલતી તો "કિશોરભાઇ!" એ શિવાય બીજું કંઇપણ બોલી શકતી નહિ. ઘણી મહેનતે કાંજી પાઇ, ને તે કઠાવતિયે તેણે પીધી. ગંગા તો કિશોરની પાસે બેઠેલી હતી, તે ત્યાંથી ખસી શકી નહિ, કેમકે તેની પણ તબીયત સારી નહોતી. રતનલાલ, વેણીલાલ ને કેશવલાલ, તુળજાગવરી ને વેણીગવરી સઘળાં બહેન પાસે બેઠાં હતાં. સૌ તેની તરફ જોઇ રહ્યાં હતાં. સૌની આંખો સજળ થઇ ગઇ હતી. સૌના મોંથી મણિના ગુણનું ગાન થતું હતું. છેલ્લી ઘડીએ ગંગા ઘડીએ ને પળે ફેરા મારી જતી હતી ને તે ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતી હતી. "મણિ બહેન, કંઇ કહેવું છે?" એમ તે નીચી વળીને ધીમેથી પૂછતી, તો મણિ "કંઇ નહિ" એટલો જ જવાબ દેતી. વળી તે ઘડીમાં સાવધ થઇને ગંગાને પૂછતી કે "કિશોરભાઇને કેમ છે?" તેનો જવાબ સાંભળી તે ગુમ થઇ જતી હતી. ઘડીમાં તે ઝંપાઇ જતી ને ઘડીમાં તે જાગૃત થતી હતી. પેટમાં જે દુખાવો થતો તેથી વખતે તેનાથી બૂમ પડાઇ જતી હતી. મધરાત્રિ થતાં પેટમાંનો દુખાવો મટ્યો, ને તે જ પળથી તે વધારે ટાઢી પડતી ગઇ. તેનાં તરફડીયાં નરમ પડ્યાં, તેના હૃદયમાં તેજસ્વી મહાપિતાનું અનુપમ અલૌકિક રાજ્ય દેખાયું, એટલે તે સ્થિર થઇ પડી. હવે માત્ર શ્વાસોચ્છ્વાસ ચાલતો હતો અને રાત્રિની પૂર્ણાહુતિને સમયે, જ્યારે અરુણ પોતાની દિવ્ય શક્તિ જણાવતો હતો, ને રાત્રિનું ઘોર અંધારું ખૂણાખોચરામાંથી નાસતું ફરતું હતું, ઘુવડ આદિ પક્ષીઓ સંતાઇ જતાં, ને અર્ધા ઉંઘતા ને અર્ધા જાગતા પહેરેગીરો 'ખેર આપીયત' પોકારવા પોતાના ઉપરીને ત્યાં જતા હતા, પક્ષીઓની ચીંચીં ચાંચાં શરુ થઇ હતી, ને માદાઓ પોતાનાં બચ્ચાંને લઇને ઉડતી હતી, દેવાલયોમાં ઘંટાનાદ ને શંખનાદો ચાલુ થયા હતા ને ઉદ્યમી પુરુષો ઉદ્યમે વળગ્યા હતા, કોઇ કોઇ ઘરમાં ઉજમાળાં સ્ત્રી પુરુષો ઉઠીને દાતણ પાણી કરવાને વળગ્યાં હતાં; તેમ જ જે ઘરમાં મરણ

થયું હોય તેની યાદદાસ્તમાં રડવાનું જારી કરીને ઓઓ મોં વાળતી હતી, તે વેળાએ, કિશોરની વહાલી બહેન મણિ, આ ક્ષણભંગુર દુનિયામાંથી પોતાની સ્વારી ઉઠાવીને પરમ પ્રભુ પરમાત્મા પાસે દોડી ગઇ !!

ગંગા તરત દોડી આવી ને મણિના દીલપર પડી ને અત્યંત કલ્પાંત કીધો, કેમકે આજ પાંચ છ વરસ થયાં સગ્ગી બહેન કરતાં પણ બંને સાથે હતાં, બંને સાથે બેસતાં, સાથે ઉઠતાં, સઘળું જ સાથે કામ કરતાં હતાં. ઘરમાં કે બહાર, ગામમાં કે શહેરમાં, સગામાં કે વહાલામાં તેઓ જોડે ને જોડે જ જતાં, ને સુખ દુઃખમાં પણ સાથે જ હતાં. તે બંને વચ્ચે હંમેશનો આ વિયોગ તે નહિ ખમાય તેવો હતો. રતનલાલ ને વેણીલાલ તો ગાંડા જેવા થઇ ગયા ને મણિબાના સદ્‌ગુણ સંભારી ઝીણે સાદે કલ્પાંત કરવા લાગ્યા. કેશવલાલે આવીને રડતી આંખે સૌને છાના રાખ્યા ને રખેને કિશોર જાણે ને તેને કંઇ વધારે થાય, તે માટે સૌને બીજા ઓરડામાં લઇ જવામાં આવ્યા.

હવે કંઇ અત્રે મણિની પાછળની વ્યવસ્થા સાથે કામ નથી. વાર્તાના મુખ્ય નાયક જે સ્થિતિમાં પડ્યો છે તેનાં ચરિત્રો તપાસી જઇયે. આ ધીરોદાત્ત નાયક બહુ વિરલો હતો, ને નાયિકાનું વર્ણન તો થાય તેમ નથી જ. પોતાના શયનગૃહમાં પડ્યો પડ્યો કિશોરલાલ ઘડીએ ઘડીએ મણિ બહેનની ખબર પૂછતો હતો ને ગંગા ધીરેથી હકીકત કહેતી હતી. મણિને મળવાને કિશોરની ઘણી મરજી હતી, પણ વૈદ્યોએ અટકાવ્યો હતો. જ્યારે મણિ મરણ પામી ત્યારે સુજેલી આંખે ધસ્કા ખાતી ખાતી, ધ્રુજતે ને અશક્ત પગલે ગંગા કિશોરના ઓરડામાં આવી. કિશોરે મણિની ખબર પૂછી. રડતાં રડતાં ને ધ્રુજતાં ધ્રુજતાં ગંગાએ સઘળી હકીકત કહી. કિશોર ધ્રૂજ્યો, ને તેની આંખમાંથી નવધાર આંસુ વહ્યાં, અને એ જ પળે તેનું મોત પણ પાસે આવી ઉભું રહ્યું. તે છેલ્લી ઘડીએ બોલ્યો, "વહાલી ગંગા, તું રડ ના ! હવે હું પણ થોડા સમયનો છું. મારો ને તારો વિયોગ ઇશ્વરે નિર્માણ કીધો છે ને તે

થશે જ. મણિબ્હેન મારા માટે મુઈ છે. મારા માટે તેણે અગાધ શ્રમ લીધો છે, ને તે શ્રમમાં તેનું અકાળ મૃત્યુ થયું! હાય! હવે મારાથી કેમ રહેવાશે? બેશક મણિ ઘણી શાણી ને ડાહી હતી, તેણે મને આ દુનિયામાં દુઃખ પડવા દીધું નથી ને તેથી જ પેલી દુનિયામાં મારા માટે જગ્યા રાખવા ગઈ છે. હું તેને હવે જોઉં છું ને તે મને બોલાવે છે. હવે હું જઈશ. ગંગા, વહાલી ગંગા! તું એકલી પ્રભુભજન કરી આયુષ્ય ગાળજે. આપણે ફરીથી મળીશું જ. તું શાણી થઈને મારે માટે વિલપતી નહિ. શું તને જ વિપત્તિ પડવાની છે? તારાથી બીજાં ઘણાં દુઃખી છે, માટે ધીરી થજે. ઘરને સંભાળજે. પણ હું તને શું કહું? તું સર્વ રીતે શાણી છે, એટલે મારો શોક મૂકી દઈ મારા કુટુંબને સુખી રાખવા મથજે.” આટલું બોલતાં બોલતાં તેનાં નેત્રોમાંથી મોટો ધોધવો વહ્યો; પણ ગંગાનાં તો ગાત્ર એટલાં શિથિલ થઈ પડ્યાં કે તેનાથી કંઈ જ બોલાયું નહિ. કેટલીકવાર તે અબોલી સૂનમૂઢ માફક જોઈ રહી. પછી તેના અશ્રુમાંથી મોટો રેલનો પ્રવાહ વહેવા લાગ્યો, તે પાલવડેથી લૂછી તે બોલી, “પ્રાણેશ! હું તમારી અર્ધાંગના તમારી સાથે ને સાથે છું. તમોને લગી જવા દઈશ નહિ. તમો હવે ચિંતામુક્ત થાઓ. ઈશ્વર જે ધારે છે તે જ કરે છે; ત્યાં આપણો ઉપાય નથી. ધૈર્ય ધરો. તમે કલ્પાંત ન કરો. જે શોક ને દુઃખમાં મારે પડવાનું છે, તે હું કેમે કરી ખમી શકું તેમ નથી. મારી એટલી જ ઈચ્છા છે કે, હું તમારી સાથે આવું.”

“ના, કૃશાંગી! રે શાણી ગંગા! મારી વહાલી! તું હવે રુદન ન કર! તેં મારે માટે બહુ કીધું છે, ને હજી પણ મારે માટે તું શ્રમિત થાય છે? હજી પણ કલ્પાંત કરે છે? તું તે એક તું જ છે. મેં તને કદી-પણ સુખ આપ્યું નથી, પણ તું મારે માટે, મારા ઘર માટે ઘેલી થઈ ગઈ છે. તેં એક મને જ જોયો છે; અને હવે શું રડે છે? કાં? એથી અર્થ શો સરવાનો છે? મનુષ્યને માથે દુઃખ તો નિર્માણ કીધું છે, તે ભોગવવું પડશે જ. વહાલી ગંગા! બસ હવે તું શોકમુક્ત થા ને મારા

છેલ્લા શબ્દપર ધ્યાન આપ." આટલું બોલતાં તે ઘણો શ્રમિત થઈ ગયો. તેના કપાળપર પ્રસ્વેદનાં બિંદુ બંધાયાં. ઉપરાચાપરી ખાંસી આવવા માંડી. ગંગા તેના સામું જોઇ શકી નહિ. કિશોરે તેને પોતા સમીપ હાથ પકડી તેડી ને તેને માથે હાથ ફેરવ્યો, તો તે તદ્દન શીતળ થઇ હતી. તેની છાતી અત્યંત ધડકતી હતી, તેના હાથપગે જાણે વંટ આવતા હોય તેમ થતું હતું. એક પ્રેમનું ચુંબન કરી પછી પાછો કિશોર બોલ્યો:—"બસ, ઘણું થયું! ગંગા! પ્રિયા! શું તું મારી આ એક આજ્ઞા, મારા અંતકાળની આજ્ઞા નહિ માને? નેત્ર લૂછી નાંખ, ને મારી સામું જો. તેં શું કોઈ દિવસ મારી આજ્ઞાનો ભંગ કીધો છે કે આજે કરે છે! તારો શ્યામતા પામેલો ચહેરો હવે હું નથી જોઇ શકતો. તારું મ્લાન વદન હવે મારાથી નહિ જોવાય. ધીરી થા, ને ઇશ્વરનું ચિંતન કર. હું હવે જાઇશ. મળજે." પણ વાસ્તવિક રીતે આ સઘળા શબ્દમાંનો એક પણ શબ્દ ગંગાએ સાંભળ્યો નહોતો. તે ચિત્તશૂન્ય થઈ પડેલી હતી. પણ કિશોરના આ છેલ્લા શબ્દોએ તેને ચમકાવી. તે નેત્રમાં અશ્રુ લૂછવાને શક્તિમતી થઇ નહિ, ને કંઇ પણ બોલવાનો પ્રયત્ન કરે તેટલામાં તો કિશોરલાલના મોઢાપર મોતની લહરો છવાઈ ગયેલી તેણે જોઈ, કિશોરે માત્ર એક ધીમું ડચકિયું લીધું, તેનાં નેત્રો જોતજોતામાં બંધ થઇ પડ્યાં, શ્વાસ ઘણો ધીમો પડ્યો, તેનું સુકોમળ વદન એકદમ નિસ્તેજ થઇ ગયું, ને તે ઇશ્વરધામમાં જતો જણાયો. અરેરે, હવે બિચારી ગંગાનું શું થશે! હાય, તે બિચારી તો આ બનાવ જોઈ, "હે નાથ! હે કિશોરલાલ! તમો મને મૂકીને ગયા? ના, ના, હું તમારી સાથે આવું છું!" એમ બોલતી મૂર્છા ખાઈ પડી અને તે સદાની જ પડી!

* * *

અહીં અમારી વાર્ત્તા સંપૂર્ણ થાય છે. હિંદુ સંસારના નવીન નવીન પ્રકારોના બનાવોનું અત્રે દર્શન કરાવવામાં બને તેટલો શ્રમ લીધો છે,

ને ગુજરાતના એક નામીચા કુટુંબનો સંપૂર્ણ ઇતિહાસ આપ્યો છે. આ ઇતિહાસ બોધક ને મોહક છે.

ગુજરાતી હિંદુનો સંસાર ઘણો બગડેલો ને કથળેલો કહેવાય છે. તેમાં અનેક પ્રકારનાં દૂષણો જણાવ્યાં છે. એ દૂષણો કંઈ આપણા પોતામાં જ છે એમ નથી, પણ તે સર્વત્ર વ્યાપક છે. જો સંસારમાં સઘળું સારું હોય તો પછી કંઇ ઊણું રહે નહિ, પણ તેવું કોઇ પણ સ્થળે સામટું સમાયલું હોય છે, એમ માનવાનું કારણ કવચિત્ જ મળે છે; પરંતુ જો સુલક્ષણી વહુવારુ હોય કે સુલક્ષણી સાસુ નણંદ હોય તો પછી સંસાર સ્વર્ગાનંદજનક થઇ પડે છે. ઘણાં ઘરોમાં આજ ને કાલ સુખનો સૂર્ય અસ્ત થયો છે, તે કદી પણ પાછો ઉગતો જ નથી. કેમકે વેપાર ધંધાથી, ન્યાત જાતથી કે બીજાં કારણોથી કુટુંબ ઘણું કરીને અવ્યવસ્થિત ક્લેશ કંકાસ ને તોફાનમાં ઘેરાયલું હોય છે. એકાદું જો કુટુંબમાં રુડું નીવડી આવે છે તો તેના માથાપર સઘળો બોજો પડે છે; પણ તેવાં સુલક્ષણાંઓ પોતાનાં માતા પિતા અને સાસુ સસરા પ્રત્યેનાં તેમનાં કર્તવ્યકર્મોને અનુસરીને કેમ ચાલે છે, તેને માટે આ વાર્તાની નાયિકા ગંગા તથા તેના પતિનો દાખલો શોધ્યો મળવો મુશ્કેલ છે. કિશોરે સુખમાં કે દુઃખમાં કદી પણ પોતાનાં માતા પિતાનું અપમાન કર્યું નથી, પણ વિપત્તિ વેઠી, જે જે પડયું તે સહન કીધું છે.

અને નાયિકા ગંગા? એ તો હિંદુ સંસારના ગૃહરાજમાં એક નમૂનો છે. તેના જેવી વહુવારુઓ આપણાં કુટુંબોમાં સારું નામ મેળવે. જો કુટુંબને એક રાજ્ય ગણવામાં આવે તો તેવું રાજ્ય ચલાવવામાં ગંગાથી વધુ સારી વહુવારુ મળવી મુશ્કેલ છે. તેણે માત્ર પતિ ને પતિ જ જોયો છે. પતિનું પ્રિય તે પોતાનું પ્રિય ને પતિનું જેમાં સુખ તેમાં પોતાનું સુખ માન્યું છે. અનેક પ્રકારની વિપત્તિ પડી, દવ્યે હેરાન થઈ, સાસુનાં વજ્રબાણ જેવાં મહેણાં ટોણાં સાંખ્યાં, પણ કદી પણ ઊંચે સ્વરે તે બોલી નથી; નહિ ઘટતાં વચનો સાંભળવાં પડ્યાં તોપણ પ્રતિવચન

કહ્યું નથી; સસરાના કુટુંબમાં જ તે મચી રહી ને તેના જ હિતમાં તે ખપી ને સ્વર્ગે ગઇ. પિતા પૈસાદાર હતો ને "પિયેરપનોતી" છતાં ગર્વ કે મત્સરનું વચન કાઢ્યું નથી. એ જ પત્ની તે ખરી! એજ કુળવધૂ ને એ જ શુભ સ્ત્રી!! એવી પત્ની મળે તેને રત્ન કરતાં પણ મોંઘા પદાર્થની પ્રાપ્તિ થઇ છે એમ સમજવું. હવે આપણે નાયિકા ગંગાની અવસ્થા માટે જાણવું અવશ્યનું છે.

* * * *

પ્રભાતનો પહોર હતો. એક બાજુએ તાપી નદીના ઘાટપર તીર્થ સ્નાન કરનારાઓ ન્હાતા હતા, કોઇ કોઇ વસ્ત્ર ધોતા હતા, કેટલાકો નાક પકડી ઇશ્વર પ્રાર્થના કરતા હતા ને કોઇ સ્ત્રીઓ પાણી ભરી જતી હતી. ખેતરોમાં જતા બળદોની ઘંટાના નાદ સંભળાતા ને પાણીનો કોશ ચાલુ થઇને રેંટમાળામાંથી ચું ચું અવાજ નીકળતો હતો. વખત સવારના આઠનો થયો હતો. આ વેળાએ અશ્વિનીકુમારના ગુપ્તેશ્વરના ઓવારા નજીક એક વૃદ્ધ ડોસો, લેવાયલે મોઢે ઉભો હતો; તેણે સ્નાન કીધું હતું, પણ દૂર જે શ્મશાનમાં મડદાં બળતાં હતાં, તે તરફ તેની નજર લાગી રહી હતી. ઘણીવાર તે તરફ જોયા પછી તેણે ઉંડો નિઃશ્વાસ મૂકયો, ને ઘાટપરના પગથિયાપર ચઢ્યો. અહીં તેને તેના બે મિત્રો મળ્યા, જેઓ કંઇપણ આદરસત્કારનો વ્યવહાર કીધા વગર તેની પૂઠે ચાલતા થયા; ડોસાનું મોઢું લેવાયલું હતું, તેણે માથે સફેદ ફાળિયું નાખ્યું હતું તથા વસ્ત્ર ભીનું હતું, તે પરથી સાફ જણાતું હતું કે તે કોઇ શ્મશાનિયો—ડાઘુ—હતો.

ઘાટપરથી રસ્તામાં ચાલતા બીજા ઘણાક ન્યાતિલા શ્મશાનિયા તેની સાથે સામેલ થઇ ગયા. જે દૈવીકોપ એ વૃદ્ધ ડોસાપર એકદમ ઉતર્યો હતો તેથી નાગરી ન્યાતમાં ઘણો શોક વ્યાપેલો હતો. સઘળા જ શૂન્યમૂઢ માફક ચાલતા હતા, કોઇ કંઇપણ બોલતું નહોતું, ડોસાની આંખમાંથી આંસુની ધારા વહી જતી હતી, ને તેના પાછળ તેનો એકનો એક દીકરો કંપતો કંપતો ચાલતો હતો.

થોડેક ચાલ્યા પછી તે ડોસાના એક મિત્રે કહ્યું: "બિહારીલાલ, હવે શોક કરવો વ્યર્થ છે. ગંગા તમારી હોત તો તમને મળ્યા વગર ચાલી જાત? ખરેખર એના જેવી ભાગ્યશાળી સ્ત્રી આ સૃષ્ટિમાં—આ કળિકાળમાં મળવી મુશ્કેલ છે. સત્યયુગમાં સ્ત્રીઓ સતી થતી ને બળી મરતી એમ કહે છે, પણ આ કળિકાળમાં તેનાથી વિશેષ પ્રતાપી સ્ત્રીઓ છે. કિશોરલાલની પૂઠે ગંગા બહેન સતી થઇ, એ વૃત્તાંતે તો આખા શહેરને ખળભળાવી મૂક્યું છે. જેવો કિશોરલાલ પડ્યો તે સાથે જ એ મૂર્ચ્છા ખાઇને પડી ને તે જ ક્ષણે તેનો આત્મા ચાલ્યો ગયો, ને પોતાના પતિ સાથે આજે તે જગત્પિતાની હજૂર વિરાજે છે. સતી તે શું, કંઇ કહેવામાં છે કે? પતિ મૂવો તે પૂઠે ચિતા ખડકવી ને તેમાં બળી મરવું તે સતીપણું દુનિયા દૃષ્ટિનું છે; પણ ખરું સતીપણું તો આ જ! એમના પ્રેમનો મહિમા અલૌકિક ગણાશે. એનું નામ તો "યાવચ્ચંદ્ર-દિવાકરૌ" સૂધી રહેશે, ને તમારા જેવાને પેટે આવું રત્ન, એ કંઇ જેવી તેવી વાત નથી."

"ભાઇ, મને એના મરણ માટે દુઃખ લાગતું નથી;" રડતાં રડતાં બિહારીલાલે કહ્યું. "પણ હાય! એ છેલ્લું મારી સાથે બોલી હોત તો બસ હતું. એનું મરણ તો કંઇ દૈવી જ છે; ને કિશોરલાલ નાગરી ન્યાતનું નાક હતો."

"બેશક, એમાં શક શો છે?" બીજા મિત્રે કહ્યું. "કિશોર પડ્યો તે સાથે ગંગા પણ પડી. ખરા પ્રેમની એ જ નિશાની છે. પ્રેમનું જે લક્ષણ છે, તે કહી બતાવાય તેવું નથી, પણ સમય પરત્વે દેખાઇ આવે છે. મોહનચંદ્રના ઘરપર જે કોપ ઉતર્યો છે તેવો કોઇને ત્યાં ઉતર્યો નહિ હોય. એક દિવસમાં ત્રણ મૃત્યુ! ઇશ્વરની લીલા અજબ છે; એટલે તેને દોષ કેમ દેવાય? એ ઘણું ખોટું થયું છે! પણ ઇશ્વરપર વિશ્વાસ રાખીને બેસવું જોઇએ. હવે તમારે તો આ પુત્રરત્નને સંભાળવાનું છે! અને ગુણવંતી ગંગાના સ્મરણ માટે કંઈ કરવાનું છે."

“એના સ્મરણાર્થે શું કરવું યોગ્ય છે?” પહેલા મિત્રે કહ્યું: “તેનું નામ, તેનું કામ, ને તેનું સતીપણું એ ત્રણે એકયથી ત્રિપુટી માફક એવાં સુદૃઢ મળેલાં છે કે તે આ નગરીમાં તો શું પણ કોઇપણ સ્થળે કીર્તિવંત રહેશે. વૈધવ્ય અવસ્થામાં શ્વેતવસ્ત્ર પહેરીને ગંગા બીજાં હજાર વર્ષનું આયુષ્ય ભોગવત, તેના કરતાં આ એનું મરણ વધારે કાળ સ્મરણ કરાવશે. રુડી સ્ત્રીને ગંગાનું નિર્મળ નામ આનંદ આપશે, ભૂંડી સ્ત્રી એના કર્તવ્યનું શિક્ષણ લઇ સુધરશે.”

“ખરેખર તેમ જ છે, એનાથી વધારે સતીત્વ દર્શાવનારી સ્ત્રી મળશે નહિ.” સર્વે શ્મશાનિયા એકે અવાજે બોલ્યા, ને નવધાર આંસુએ રડ્યા. ગંગાના પિતાને પોતાની કુળવંતી દીકરીના મરણનો જે અપાર શોક વ્યાપ્યો હતો, તે નરમ પાડવાને કારણ મળી આવ્યું. છેલ્લે સર્વેએ કહ્યું કે:—

“कुळवंती गंगा जेवी
सद्‌गुणी सुंदरीओ
हिंदु संसारनुं भूषण छे!”

समाप्त

# પરિશિષ્ટ

## મોહનચન્દ્રના કુળનો ઇતિહાસ*

નવું પ્રકરણ શરૂ કરીએ તે પહેલાં, હવે મોહનચન્દ્રના કુળનો ઇતિહાસ વાંચનારને જણાવવો જોઇએ. માણસની મોટાઇ કેટલેક દરજ્જે તેના કુળપરંપરાના ઇતિહાસ ઉપર આધાર રાખે છે. ઘણા દાખલા એવા જોવામાં આવ્યા છે કે, ઉમદા અમીરી ગુણ ધરાવનારા અને બુદ્ધિના ચળકાટવાળા વીરપુરુષો ઘણે કાળે–લગભગ ત્રણસેં ત્રણસેં વર્ષે પણ એક જ કુળમાંથી ઉત્પન્ન થયા છે મોહનચન્દ્રનું કુળ આ જ પ્રમાણેનું હતું. તેઓ જગતમાં સાખ ને આંટ માટે જાણીતા થયલા આત્મારામ ભૂખણના કુળના હતા.

સત્તરમી સદીની શરૂઆતમાં, પશ્ચિમના પરાક્રમી પુરુષોએ આ દેશમાં વેપાર નિમિત્તે આવવા માંડયું. તેણે સુરતને પોતાનું મુખ્ય સ્થળ કરી એવી તો સારી સ્થિતિમાં આણ્યું કે, હજી સૂધી તેની તરફ ઘણા વિદ્વાન્ ને શોધક નરો ઘણા માનથી જોય છે. સુરતમાં ઘણા ઘણા પ્રકારના વેપાર ધંધા એ સમયે ચાલતા હતા. તે અરસામાં સરાફી પેઢીઓ ઘણીક સ્થપાઈ હતી; ઘણી ધીકતી હતી. અંગ્રેજોને માલ મતા આપવામાં વૈશ્ય ન્યાતના એક આત્મારામે, ઇ. સ. ૧૬૪૦ માં આગળ પડી પ્રથમ સારી આંટ મેળવી. એ વખતે અંગ્રેજોને ખાનદાન ને કુળવાન્ નરો ઉપર ઘણો ભાવ હતો. કેટલાક અંગ્રેજો, જેઓ હલકા ને નોકરી માટે ઇસ્ટ ઇંડિયા કંપની સાથે આવેલા, તેઓ જે લુચ્ચાઈ દાંગાઇથી અને લાંચ રુશવતથી નાણાં મેળવતા અને તે પોતાની પાસે રાખે તો પ્રસંગ પડવે પકડાઈ જાય, એ ભયથી આ સરાફી પેઢીમાં જમે કરાવતા ને જ્યારે વિલાયત જતા, ત્યારે કેટલીક રકમ બક્ષિન્દા આપી, નાણાં લઈ પોતાને દેશ સિધારતા હતા. વંશપરંપરાથી, અને સાફ ઘાનતના હોવાથી, અંગ્રેજોમાં પ્રથમ આત્મારામની સાખ ઘણી વધી. એ પેઢી પડી ભાંગી ત્યાં સુધી તેની સાખ તેવી જ હતી. ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે બાકસને અજીરે લડાઇ થતી હતી. તે લડાઇમાં ઘણા અંગ્રેજો મરણ પામતા અને તેમનાં ઘણાં નાણાં આત્મારામ ભૂખણની પેઢીમાં

* આ પ્રકરણ ત્રીજા પ્રકરણ પછી વાંચવું.

જમે રહેતાં હતાં; અને કેટલાંક વર્ષ સુધી કોઇ પણ વાલીવારસ તે નાણાં લેવાને આવતો નહિ, પણ સો વર્ષે તે નાણાં લેવાને તેનો કોઈ વારસ આવે તો તેને દોકડે પૈસે હીસાબ કરીને એ જ પેઢી નાણાં આપવામાં આખા હિંદુસ્થાનમાં પંકાઇ હતી. લોકોમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે, "રળતાં તો રોટલો મળે, ઉંચો નીચો હાથ પડે તો જ પોટલો દેખે!" પણ આત્મારામ ભૂખણની બાબતમાં એથી ઉલટું જ બન્યું હતું. તેઓએ તો જાતિશ્રમ, પ્રમાણિકપણું, સાહુકારી આંટથી પોતાનો દહાડો ફેરવી નાંખ્યો હતો.

દહાડે દહાડે આત્મારામ ભૂખણની પેઢી ઘણી પંકાતી ગઈ. તેનો પૈસો સુમાર વગરનો કહેવાતો ગયો. અંગ્રેજ લોકોનું જોઇને ફ્રેન્ચોએ પણ પોતાનો સરાફ કરવાને તેને માંગણી કીધી. પણ બંનો જગોએ પોતાથી પહોંચી વળાશે નહિ, એ ભયે તે આગળ પડતાં અટક્યો. એમ કહેવાય છે કે આત્મારામના એક દીકરા દુર્લભદાસને કેટલીક લાંચ ફ્રેન્ચોએ આપી ને અંગ્રેજ તરફથી ખસીને પોતા તરફ લેવાને ઘણું કર્યું, અને ઇ. સ. ૧૬૪૯ માં અંગ્રેજોની આંટ જતી હતી, ત્યારે તેમને નાણાં ન ધીરવાને સમજાવ્યા છતાં, વગર વ્યાજે એક માસ સુધી એક લાખની રકમ આત્મારામ ભૂખણની પેઢીએ કંપનીને ધીરી હતી, એમ દંતકથા છે. અંગ્રેજની કોઠીપર તો લોકો તગાદો કરતા બેઠા હતા અને જો એક દિવસ નાણાં મોડાં મળ્યાં હોત તો, અંગ્રેજોની કોઠીની રેવડી દાણાદાણ થાત અને આજે તેઓ કોણ જાણે ક્યાં અટવાઇ ગયા હોત.

આ ધીરધારથી અંગ્રેજોમાં એ પેઢીનું માન વધ્યું, અને તે વખતના કોઠીના ઉપરી કર્નલ સ્મિમસને વિલાયત લખી વાળ્યું. જેથી કંપનીના ડીરેકટરોએ એ પેઢીને માટે બે સુનાના પોપટ બક્ષિસ મોકલાવ્યા, અને ઉપકારનો પત્ર લખ્યો.

આત્મારામનો કાળ ઈ. સ. ૧૬૫૬ માં થયો. તે પેઢીપર, વંશમાં જે વડો હતો તે બેઠો. તેની રીતભાત જોઇએ તેવી રૂડી ન હતી. તેણે પોતાના ખાનદાનની આબરૂની દરકાર ઘણી થોડી રાખવા માંડી અને સુરતના હાકેમનો ગુસ્સો કંઇક કારણસર પોતા ઉપર ખેંચી લીધો. હાકેમે ગુસ્સામાં એકદમ તેને પકડી લાવવાનો હુકમ કીધો. સાયંકાળના છ કલાકનો અમલ હતો, તેટલામાં નવાબના કેટલાક માણસો તેના ઘરની આસપાસ ફરી વળ્યા. ગમે તેવો હોશિયાર છતાં જાતે વાણિયાભાઈ, તેથી બીકણ બિલાડી માફક છાપરે છાપરે કુદીને એક

પાડોશીના ઘરમાં જઈને સંતાઇ બેઠા. બૈરાં છોકરાંઓ ઘરમાં તો એટલાં ગભરાયાં કે કોઇથી બોલાય સરખું નહિ. પણ દુર્લભદાસની ધણિયાણી જાતે સીફાબહાદુર હતી, તેણે બારણે આવીને બૂમ માસ્તાં બાંડીયા તુરકમીરઝાંઓને અટકાવ્યા. પૂછ્યું કે "છે શું?" એકાદ મિયાં સાહેબે એલફેલ બોલી પોતાની જાત જણાવી, પણ જમાદાર સમજુક હતો, તેણે સૌને વારીને બાઈને ખુલાસો કીધો કે, "ખુદા-વંદે, અબીકા અબી દુર્લભદાસકું પકડકર લાનેકા હુકમ દિયા હૈ, ઓર હમેરી રજાનુ આવે, હમ સબ ઉસકો માન દેકર લે જાયગા. દુસરી ગડબડ કુચબી નહિ હૈ!" ગુલાબ શેઠાણીએ પોતાના ધણીપર આવેલી આફત જોઇને જમાદારને ઘરમાં બોલાવી બસો સોના મ્હોરની ભરેલી થેલી હાથમાં સેરવી દીધી અને કહ્યું કે, "જમાદાર સાબ! જાકર નબાબસાબકું બોલો કે 'ઓ બનિયા તો ગામકું ગયા હૈ,' કલ આયગા તબ આપકી હજુરમાં આકર ખડા રહેગા." જમાદાર ચાલ્યો ગયો. બીજે દિવસે બે હજાર સોના મ્હોરથી ભરેલો રૂપાનો થાળો લઇને શેઠ સવા-રના પહોરમાં નવાબ સાહેબની હજુરમાં ગયા; અને નવાબ સાહેબના પગ આગળ ભેટ મૂકી નમ્રતાથી કહ્યું કે, "હુ આપનું બચ્ચું છું! ગમે મારો કે ઉગારો!" નવાબને રહેમ છૂટી અને તેનો ગુન્હો માફ કરી શાલ પાઘડીનો શિરપાવ આપીને ઘેર મોકલ્યો.

હમેશા મોટાના ઘરનાં બૈરાંઓ ઘણું કરીને એદી, વાતુડાં, ધર્માંધ અને હલકાં લોક સાથે વાર્તાવિલાસ કરનારાં હોય છે. પણ આત્મારામ ભૂખણને ત્યાં જે સ્ત્રીઓ હતી, તે વિવેકી અને સદ્ગુણી તે વખતમાં ગણાતી હતી. તેઓ પોતપોતાનું કામ જાતે જ કરતી અને મર્યાદા, કુળલજ્જા, શિયળતા જાળવવામાં સારી રીતે વખણાતી ને પ્રસંગે પ્રસંગે પોતાના પતિઓને સારી રીતે સલાહ આપતી હતી. એ કુળ માટે નવાબનો એવો હુકમ હતો કે, જો પુરુષ આફતાબ-ગીરી લે તો લેવા દેવી અને તે હુકમ મેળવવાનું માન પણ ગુલાબબાઇને જ ઘટતું હતું. છચોક નવાબ સાહેબ સાથે વાત કરવાની હિંમત ગુલાબબાઇએ ઘણી વખત કીધી હતી, અને નવાબ તેની બહાદુરીનાં ઘણાં વખાણ કરતો હતો. હાલનાં મુડદાલ જેવાં અને માંદકાંકલાં, જાણે પગ મૂકે તો હમણાં પડી જશે, એવી સ્થિતિનાં બૈરાં તે વખતે વાણિયામાં ભાગ્યે જ હશે.

## સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇનાં

# રચેલાં પુસ્તકો

### શિવાજીની સૂરતની લૂટ

આ ઐતિહાસિક વાર્તા "ગંગા–એક ગૂર્જર વાર્તા" એ નામની નવલકથાની પહેલી ત્રણ આવૃત્તિઓમાં ગ્રન્થકર્તાએ છપાવી હતી. નવી ચોથી આવૃત્તિમાંથી તે છુટી પાડી તેનું જુદું જ પુસ્તક છપાવેલું છે. પ્રસ્તુત વાર્તાનો સંબંધ "ગંગા"ની વાર્તા સાથે થોડો છે. તેના એક પાત્ર મોહનચન્દ્ર જે આત્મારામ ભૂખણવાળાના કુટુંબમાં જન્મ્યા હતા તેના કુળનો ઇતિહાસ જાણવા માટે એક આડકથા તરીકે આ વાર્તા છાપવામાં આવી છે. એમાં પ્રાચીન સુરત શહેરની નવાબોના વખતમાં કેવી જાહોજલાલી હતી, મુગલ સત્તાનું જોર કેટલું હતું, અંગ્રેજોએ કોઠી ઘાલી વેપાર કેમ ચાલુ કીધો હતો, અને મરાઠા સરદાર શિવાજીએ ઔરંગઝેબ સામે લડવાને પૈસાની તાણ પડવાથી તેના એક ખંડીયા નવાબનું માલેતુજાર શહેર સુરતમાં કેવી લૂટ ચલાવી અનર્ગલ ધન પ્રાપ્ત કર્યું હતું, તે વખતે સુરતી લોકોએ કેવી બહાદુરી બતાવી હતી, તથા તે વખતે એક પ્રેમનો અદ્દ્ભુત કીસ્સો કેવી રીતે બન્યો હતો, સુરતનો પ્રાચીન ઇતિહાસ–એ વગેરે અનેક બાબતો એમાં રસ ભરી ભાષામાં વર્ણવવામાં આવી છે. "ગંગા"ના પુસ્તક વાંચનારાઓએ તે અવશ્ય વાંચવા જેવી છે, અને ગુજરાતના દરેક અને ખાસ કરીને સુરતના પ્રત્યેક વતનીએ આ વાર્તા વાંચવી જોઇએ એવું અમારૂં માનવું છે.

કીંમત રૂ. ૧–૪–૦ ટ. ખ. જુદું.

## સવિતાસુંદરી (સામાજિક વાર્તા)

આ વાર્તા ગ્રન્થકર્તાની એક સામાજિક સુંદર વાર્તા છે. એમાં ઘરડા વરને નાની બાળકી પરણાવવાથી કેવા ઢેડફજેતા થાય છે તેનું બહુ સુંદર અને હાસ્ય રસિક વર્ણન કરાયલું છે. ભાષા સુંદર અને જોરદાર છે. એક સ્ત્રી ન્યાતિના કુરીવાજો તોડી પાડવામાં કેવી ફતેહમંદ નીવડે છે તેનો સુન્દર ચિતાર આ પુસ્તકમાં છે. વાર્તા નાની રમુજી અને સદુપદેશવાળી છે. કીંમત રૂ. ૦–૪–૦.

## ટીપૂ સુલતાન–ભાગ ૧ લો

આ પુસ્તકમાં મહિસુરના છેલ્લા મુસલમાન રાજા ટીપૂના રાજ-કારભારનો ખ્યાલ આપવામાં આવ્યો છે. એમાં અંગ્રેજ લેખકોએ ટીપૂને જેવો ક્રૂર અને ખરાબ રાજકર્તા ચીતર્યો છે તેવો ચીતરવામાં આવ્યો નથી. વાર્તા ચિત્તાકર્ષક છે. નવી આવૃત્તિ કીંમત રૂ. ૧–૦–૦

## ટીપૂ સુલતાન–ભાગ ૨ જો

ગ્રન્થકર્તાની આ અપૂર્ણ રહેલી વાર્તા પૂરી કરી છપાવવામાં આવશે.

## રાસેલાસની કથા

આમાં મિસરના રાજપુત્રની તત્વજ્ઞાનવાળી કથા છે. ડા. જૉન-સનનો અંગ્રેજી ભાષામાં આ ગ્રન્થ ઘણો વખણાયલો છે. એમાં ઇજીપ્તના પીરામીડો વગેરેનાં સુંદર જાણવા જોગ વર્ણનો છે, અને તે ઉપરથી મનુ-ષ્યને થતો તત્વબોધ આપેલો છે, વાર્તા અદ્ભુત છે. કીંમત ૧–૦–૦.

## દીનાર્બસ

આ વાર્તાનું પુસ્તક **રાસેલાસની** કથાનું અનુસંધાન છે, તે પણ રસપૂર્ણ અને દીલપઝીર છે. કીંમત રૂ. ૦–૧૦–૦

## બાળકોનો આનંદ

ભાગ ૧ લો, ભાગ ૨ જો; દરેકના ૦–૧૨–૦

નાના બાળકો માટે આના જેવું સચિત્ર અને મનોરમ, નિર્દોષ અને શુદ્ધ સરળ ગુજરાતી ભાષામાં લખાયલું એકકે પુસ્તક નથી, એમ કહીએ તો ચાલે. ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયેલું છે.

## ચારૂચર્યા અથવા શુભાચાર

આ ગ્રંથ જો કે નાનોશો છે પણ વધારે ઉપયોગી છે. એમાં ૧૦૧ દાખલાઓ છે. અર્ધામાં વાક્યમાં નીતિનો એક સિદ્ધાંત અને બીજા અર્ધામાં ભાગવત, રામાયણ, મહાભારત અને પુરાણો વગેરેમાંથી અનુકૂળ ઉદાહરણો આપેલાં છે. આ પુસ્તક લઇને માબાપો પોતાના છોકરાઓને જ્ઞાન આપે તો તેઓ વ્યવહાર કુશળ અને ધાર્મિક થાય. ઇનામ આપવા માટે આ ગ્રંથ ઉત્તમ છે. કિંમત રૂ. ૦–૨–૬

## ઔરંગઝેબ

મોગલાઇનો થતો અસ્ત અને દક્ષ્ખણમાં મરાઠા અને ઉત્તર હિંદના શીખ રાજ્યની સ્થાપનાનો વાર્તારૂપે મનોરંજક ઇતિહાસ.

કીંમત રૂ. ૧–૪–૦

## મહારાણી વિકટોરીયાનું જીવનચરિત્ર

આ રાજતેજોમયિ ઇંગ્લાંડની મરહુમ મહારાણીનું સુંદર બોધદાયક ચરિત્ર છે. તે મુંબઈ ઇલાકાના તથા ગાયકવાડના સરકારી કેળવણી ખાતાએ ઇનામ તથા લાયબ્રેરીમાં રાખવા માટે મંજુર કરેલું છે.

કીંમત રૂ. ૧–૮–૦

## દિલ્હીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો આરંભ

ભરતખંડમાં હિંદુ રાજ્યનો કેમ નાશ થયો તે દર્શાવનારી આ એક અનુપમ ઐતિહાસિક નવલકથા છે. એમાં પૃથુરાજ ચૌહાણ તથા ઉદે-પુરના રાણા સમરસિંહની વીરતાનું અદ્દભુત દર્શન કરાવવામાં આવ્યું છે, અને કેવા દગા ફટકાથી શાહબુદ્દિન ઘોરીએ પૃથુરાજનો પરાજય કીધો તેનું ને તે કાળની નીતિ રીતિ દર્શાવનારૂં યુદ્ધ વર્ણન આપવામાં આવ્યું છે. આ પુસ્તક માટે સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ અને પ્રોફેસર હોડી-વાળાએ સારા અભિપ્રાયો દર્શાવ્યા છે. કીંમત રૂ. ૨–૦–૦.

# હિંદ અને બ્રિટાનિયા

અને

# રાજભક્તિ વિડમ્બન

[બે રાજકીય ચિત્રો]

આ અપૂર્વ રાજકીય કાદંબરી પ્રથમ પ્રકટ થઈ ત્યારે તેના ઉપર ઈંગ્લડાંનાં ધૌરિંધર પત્રો "ધી ટાઇમ્સ," "સ્ટાન્ડર્ડ," "સેન્ટ જેમ્સીસ ગેઝેટ," "ટેલીગ્રાફ," "સ્કોટસ્મેન," "ધી ક્વીન," "સેટરેડ રિવ્યુ" તથા રશીયાનું "નોવોવરમીયા," "મોસ્કો ગેઝેટ," અને ફ્રાંસનું "ટેમ્પ્સ," અને અમેરિકાના "નોર્થ અમેરિકન રિવ્યુ," વગેરેએ ટીકા કરી હતી. અને હિંદુસ્તાનના એકેએક પત્રે તપાસ લીધી હતી.

આ ચોથી આવૃત્તિમાં કર્તાની છેલ્લી ઇચ્છા મુજબ સુધારો વધારો કરેલો છે અને ગુજરાતી ભાષામાં સૌથી પહેલું જ લખાયલું ભાણ [દશ પ્રકારના નાટકોમાંથી એક] પણ આ સાથે આપવામાં આવ્યું છે. તેનું નામ **રાજભક્તિ** વિડમ્બન છે. એમાં રાજદ્રોહીજનોનું સરસ ચિત્ર આપેલું છે. જ્ઞાન સાથે ગમ્મત આપનારો માર્મિક ભાષામાં લખાયલો, વ્યંગોથી ભરપુર આ ગ્રંથ છે. એમાં કોંગ્રેસની સ્થાપના પહેલાના વખતનો ચિતાર આપેલો છે.

ત્રીજી આવૃત્તિ કરતાં આમાં ટીકા વગેરે પુષ્કળ છે. વળી ગ્રન્થ-કર્તાની એક સુન્દર અપ્રકટ છબી અને હિંદ અને બ્રિટાનિયાના લખેલા પાનાના હસ્તાક્ષરના નમુના, લોર્ડ રિપન ધી જસ્ટની છબી વગેરે ઘણી વસ્તુઓ આપેલી છે.

કિંમત રૂ. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું.

## શ્રીપંચદશી

વેદાંત જ્ઞાનનો આ ગ્રન્થ પૂજ્યપાદ ભગવાન્ શ્રીમત્ શંકરાચાર્યની ગાદીપર વિરાજનાર વિદ્યારણ્ય સ્વામીનો રચેલો છે. એનાપર વિસ્તાર સહિત **ચન્દ્રકાંત** નામનું વિવરણ સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ લખેલું છે, જે એવી તો સરળતાથી આપવામાં આવ્યું છે કે, સાધારણમાં સાધારણ વેદાંતનો જિજ્ઞાસુ પણ વેદાંત જેવા ગહનમાં ગહન વિષયની અંદર અતિ સરળતાથી પ્રવેશ કરી શકે. [૧] પ્રથમ ઉત્થાનિકા આપવામાં આવેલી છે, [૨] પછી મૂળ શ્લોક, [૩] પછી શબ્દાર્થ અને [૪] તેની નીચે વિસ્તારવાળું **ચન્દ્રકાંત** વિવરણ આપવામાં આવ્યું છે. જિજ્ઞાસુને સમજવાને સરળ થઇ પડે તેટલા માટે સ્થળે સ્થળે દૃષ્ટાંતોથી અને સંવાદોથી સિદ્ધાંતો સિદ્ધ કરેલા છે. આ પ્રકારની કોઇ પણ જાતની ટીકા ગુજરાતી ભાષાના કોઇ પણ ગ્રન્થમાં થઇ નથી. આ ગ્રન્થ બીજીવાર સુધારી વધારીને છાપવામાં આવ્યો છે. સુપર રોયલ ઓક્ટેવો પૃષ્ઠ ૫૦૦; પાકાં પૂઠાં અને ઉત્તમ કાગળપર છાપેલું છે. કિંમત રૂ. ૬–૦–૦

## વિદુરનીતિ

શ્રીમહાભારતમાં લડાઈ પહેલાં મહાત્મા વિદુરે અંધરાજા ધૃતરાષ્ટ્રને જે ઉપદેશ આપ્યો છે તેનો આ ગ્રન્થમાં સમાવેશ કરેલો છે. નીતિશાસ્ત્રનું તત્ત્વ એમાં સુંદર રીતે સમજાવેલું છે. ભાષાંતર સરળ અને સુબોધક છે અને તેની ચાર આવૃત્તિઓ થઈ છે, એ તેની લોકપ્રિયતા દર્શાવે છે. કિંમત ૦–૬–૦.

विदुरनीति–મૂળ સંસ્કૃતમાં અને વિષમપદની ટીપ્પણ સહિત.
કિંમત ૦–૬–૦

## સરળ કાદંબરી (સચિત્ર)

બાણભટ્ટની લાંબી લચક વાર્તાનો ટુંકો સરળ ભાષામાં સાર. આ પુસ્તક વાંચ્યા પછી મોટું પુસ્તક વાંચવાની જરાએ જરૂર રહેતી નથી. છપાય છે. કિંમત રૂા. ૧–૮–૦

## શ્રીવાલ્મીકિ રામાયણ (રામગીતા સહિત)

રામાયણના સાતે કાણ્ડોનું શબ્દે શબ્દ અને શ્લોકે શ્લોકનું સુંદર સરળ હૃદયંગમ આ ભાષાંતર છે. મૂળ રામાયણ સાથે સરખાવવા માટે સુગમ પડે તે સારૂં શ્લોકના આંકડા, અને કેટલેક સ્થળે ટીપ્પણુ પણ આપવામાં આવ્યું છે. વિદ્વત્તા ભરેલી પ્રસ્તાવના પણ લખવામાં આવી છે. વળી સુંદર કળાવાળાં ચિત્રો પણ છાપેલાં છે. આદિકવિ વાલ્મીકિ વિરચિત શ્રીરામચંદ્ર પ્રભુનું સંપૂર્ણ ચરિત્ર આમાં છે. મહાકવિએ વર્ણવેલાં સર્વ પ્રકરણો જુદાં પાડ્યાં છે, જેથી પ્રત્યેક વિષય સહજમાં જણાઈ આવે છે. નવી આવૃત્તિમાં શ્રીરામગીતા તથા શ્રીરામચંદ્રજીની લીલાઓનું તિથિ અને વર્ષપત્રક ખાસ નવાં ઉમેરવામાં આવ્યાં છે. ભાષાંતર રસ લાલિત્યથી ભરપૂર છે; નીતિ સ્તુતિના શ્લોકો સ્થળે સ્થળે આપવામાં આવ્યા છે ને શ્લોકેશ્લોકનું ભાષાંતર છતાં રસમય કરી વાંચકવૃન્દનો રસ વધતો જાય તેમ કરવામાં કશી પણ કચાશ રાખી નથી. રંગીત ને હાફટોન પુષ્કળ ચિત્રો સાથે, મજબુત બાંધણીમાં બાંધેલું છે. કીંમત રૂ. ૮–૦–૦.

श्रीवाल्मीकि रामायण–આ પુસ્તક સંસ્કૃત ભાષામાં છે. ત્રણ સુંદર ટીકાઓ સહિત, જૂદા જૂદા કાણ્ડોમાં, અને ચિત્ર સાથે, ઉત્તમ કાગળ ઉપર છાપેલું છે. કીંમત રૂ. ૩૧–૦–૦

**યમસ્મૃતિ**–આ ગ્રન્થ નાનો પણ અતિ ઉપયોગી ધર્મશાસ્ત્રનો ગ્રન્થ છે. છપાય છે.

## રાજતરંગિણિ અથવા કાશ્મીરનો ઈતિહાસ

(પ્રાચીન) કવિ કલ્હણ કૃત પ્રથમ ભાગ. મળતો નથી

## શુક્રનીતિ

આ ગ્રન્થ રાજકાજ અને સામાન્ય વ્યવહારમાં ઘણો ઉપયોગી મણાયો છે. એ નીતિશાસ્ત્રવેત્તા શુક્રાચાર્યનો રચેલો છે. યૂરોપી અને હિન્દી વિદ્વાનોએ તેનાં ભારે વખાણ કર્યાં છે. મૂળ અને ભાષાંતર સાથે આપેલાં છે. રાજ અને વ્યવહારનીતિ સમજવા માટે રાજા રજવાડાઓ અને ઠાકોરો તથા જમીનદારો અને શ્રીમંતો માટે આ એક માર્ગદર્શક પુસ્તક છે. સામાન્ય વ્યવહાર સમજવા માટે સર્વને એક સરખો ઉપયોગી આ ગ્રન્થ છે. થોડીજ નકલો શીલકમાં રહી છે.

કીંમત રૂ. ૨–૦–૦

## શોધખોળ કરી સંપાદન કરેલા ગ્રન્થો

| | | | |
|---|---|---|---|
| બૃહત્કાવ્યદોહન–ભાગ | ૧ લો | (૧૦૦૦ પાનાં) | ૪–૦–૦ |
| ,, ,, | ૨ જો | ... ... | ૩–૦–૦ |
| ,, ,, | ૩ જો, ૪ થો, ૫ મો, ૬ ઠો ખપી ગયા. | | |
| ,, ,, | ૭ મો | ... ... | ૩–૦–૦ |
| ,, ,, | ૮ મો | ... ... | ૩–૦–૦ |

### નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ

આદિ ગૂર્જર કવિનાં રચેલાં ૧૫૦૦ પદોનો આમાં સંગ્રહ કરાયલો છે. જીવનચરિત્ર સહિત કેટલાંક નાનાં મોટાં કાવ્યો પણ છે.

કીંમત ૩–૦–૦.

કૃષ્ણચરિત્ર–(કવિ ગિરધર કૃત) છપાય છે.

## પદબંધ ભાગવત

કવિ પ્રેમાનંદકૃત દશમ સ્કંધના ૫૩ અધ્યાયો અને શેષ ભાગ તેના એક શિષ્ય સુંદર મેવાડાએ પૂરો કરેલો છે; બાકીના ૧૧ સ્કંધ કવિ વલ્લભકૃત, અને ભાગવતની શ્રીમદ્ વલ્લભાચાર્યે રચેલી સુબોધિની

ટીકાનુસાર પ્રકરણોની યોજના અને દરેક અધ્યાયનો સાર—એ કવિ દયારામનાં રચેલાં છે. આ રીતે ગુજરાતના ચાર સુંદર કવિઓની પ્રસાદી આ ગ્રન્થમાં છે. સુંદર રાગ રાગણીમાં ગ્રન્થ રચાયલો છે. જેનો ભાગવતના ગદ્ય ભાષાંતરોમાં પ્રવેશ થઈ શકતો નહિ હોય તેવાઓ માટે આ ગ્રન્થ તો પુષ્કળ ઉપયોગી છે. તેમાં પણ સ્ત્રીઓને માટે આ ગ્રન્થ જેવો સરળ અને ઉપયોગી છે તેવો બીજો કોઇ ગ્રન્થ નથી.

કીંમત રૂ. ૭—૦—૦.

## ઈ. સૂ. દેશાઈ અને શ્યામજી વાલજી શાસ્ત્રીકૃત ગ્રંથો

### કથા સરિત્સાગર

(ભાગ ૧ લો, ૨ જી આવૃત્તિ) કીં. રૂ. ૩—૦—૦.
(ભાગ ૨ જો ,, ) કીં. રૂ. ૩—૦—૦.

આ ગ્રન્થમાં ઘણી સુંદર વાર્તાઓ છે. અંગ્રેજીમાં તેનું ભાષાંતર થયું છે અને તેની સટીક આવૃત્તિના રૂ. ૫૦૦) પડે છે. તેજ પુસ્તકના ગુજરાતી ભાષાંતરના માત્ર રૂ. ૬) છે. આ ગ્રન્થ વાંચવા માંડો તો પૂરો કર્યો શિવાય મૂકવાનું ગમશે નહિ.

## ઈ. સૂ. દેશાઈ અને પ્રાણજીવન હરિહર શાસ્ત્રીકૃત ગ્રંથો

### કામંદક નીતિસાર

આ પણ નીતિશાસ્ત્ર ઉપર એક ઉપયોગી ગ્રન્થ છે. એ કામંદક નામના બુદ્ધિશાળી બુદ્ધ સાધુનો રચેલો છે. એની ખ્યાતિ ચીન, સીઆમ અને પરદેશોમાં ઘણી છે. આ ગ્રન્થની બીજી આવૃત્તિ સુધારેલી વધારેલી છે, અને ઘણી સુંદર બનાવવામાં આવી છે. કીંમત રૂ. ૨—૦—૦

મળવાનું ઠેકાણું:—**"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ.**

સાસુન બિલ્ડીંગ્સ, સર્કલ, કોટ, મુંબઈ.

# ઇચ્છારામ સૂર્યરામ દેશાઇના
# રચેલાં પુસ્તકો

| | |
|---|---|
| શિવાજીની સુરતની લૂટ .... | ૧–૮–૦ |
| હિંદ ઉપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ | ૨–૦–૦ |
| સવિતાસુંદરી | ૦–૪–૦ |
| ચારૂચર્યા અથવા શુભાચાર | ૦–૨–૬ |
| ઔરંગજેબ | ૧–૪–૦ |
| મહારાણી વિક્ટોરીયાનું જીવનચરિત્ર | ૧–૮–૦ |
| શુક્રનીતિ મૂળ સહિત ભાષાંતર | ૧–૮–૦ |
| વાલ્મીકિ રામાયણ | ૬–૦–૦ |
| હિન્દ અને બ્રિટાનીયા | ૨–૦–૦ |

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ,
સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ–૧.